## ઓળખ્યા એમના અહોભાગ્ય

# વાત્સલ્યમૂર્તિ સદ્ગુરુઓ



# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનનું
# પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ કમળ દર્શાવ્યા છે. શ્રી ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલા ભગવત્સ્વરૂપના સોળ વિલક્ષણ ચિહ્નો છે :

જમણા ચરણકમળમાં નવ ચિહ્નો :

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે,

**અષ્ટકોણ** ઉત્તર - દક્ષિણ - પૂર્વ-પશ્ચિમ - અગ્નિ - ઈશાન નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્ કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે,

**ઊર્ધ્વરેખા** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે,

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે,

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય પતાકા છે,

**વજ્ર** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

**જાંબુફળ** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય-સુખરૂપી રસનું સૂચક છે,

**જવ** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વ-રૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો :

**મીન** સામા પ્રવાહે વહી ઉદ્ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે,

**ત્રિકોણ** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે,

**ધનુષ** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે,

**ગોપદ** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે,

**વ્યોમ** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે,

**અર્ધચંદ્ર** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.

**કળશ** ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણ-તાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલાં ભગવત્સ્વરૂપનાં મંગલમય ચિહ્નોને દ્રષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ સેવા-પ્રવૃત્તિઓ સદૈવ કરતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

॥ श्रीं स्वामिनारायणो विजयतेतराम् ॥

## : ઓળખ્યા એમના અહોભાગ્ય :

# વાત્સલ્યમૂર્તિ સદ્‌ગુરુઓ

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૯

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
અમદાવાદ ૩૮૦ ૦૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

## સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

### સંશોધન – લેખન – સંકલન કર્તા

### પ્રકાશન સમિતિ

| | |
|---|---|
| નારાયણભાઈ ઠક્કર | હીરાભાઈ પટેલ |
| લાભચંદ્રભાઈ આદેશરા | બાબુભાઈ વડોદરીઆ |
| રામકૃષ્ણભાઈ સોમૈયા | કાન્તિભાઈ ગાંધી |
| બિપિનભાઈ સ્વદાસ | જિતેન્દ્રભાઈ વ્યાસ |


© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ)

આવૃત્તિ પહેલી
પ્રત ૨૦૦૦

સંવત ૨૦૪૪ કારતક સુદ ૧૧
ઈ.સ. ૧૯૮૭, બીજી નવેમ્બર

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
'શ્રી સ્વામિનારાયણ જ્ઞાનભવન'
૧ સર્વમંગલ સોસાયટી
નારણપુરા, અમદાવાદ ૩૮૦૦૧૩

મુદ્રક :
પરેશ કાંતિલાલ ગાંધી
સર્વોદય પ્રેસ
ટે: ઘ. ૪૦૩૦૪૦ ઓ. ૩૯૪૩૪૨
લેન નં. ૧૧, બં. નં. ૨૨૨
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ–૫૪



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

## છેલ્લું કર્તવ્ય શું ?


મહારાજના અનાદિ મુક્તે વર્તમાન ધરાવી દારૂ, માટી, ચોરી, અવેરીને હરામ કરાવ્યાં ત્યારે મનુષ્ય થયા કહેવાય. આ અવરભાવના વર્તમાન થયા. મનુષ્ય થયા પછી તન, મન, ધન અને અનેક જન્મનાં કર્મ – તે સર્વે શ્રીજીમહારાજને અર્પણ કરાવે છે ત્યારે મહારાજ કૃપા કરી આપણા ચૈતન્યને પોતાના સ્વરૂપમાં આકર્ષણ કરી રાખે છે. આ પરભાવના વર્તમાન ધાર્યા કહેવાય. હવે નિરંતર પ્રતિલોમ વૃત્તિએ મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન કરવું. એમ ધ્યાન કરતાં કરતાં ઉપશમ થાય ને દેહ ભૂલી જવાય ત્યારે આત્મા કારણ – મહાકારણથી નોખો પડી પુરુષોત્તમરૂપ થાય છે ને મૂર્તિના સુખનો અનુભવ કરે છે. આ સ્થિતિનો લક્ષ્યાર્થ ન થાય ત્યાં સુધી શ્રીહરિજીની આજ્ઞાનું અણીશુદ્ધ પાલન કરી, તેલધારાવૃત્તિએ મૂર્તિમાં રહી સર્વ ક્રિયા કરવાનો અભ્યાસ કર્યા કરવો એ જ છેલ્લું કર્તવ્ય.

—સદ્‌ગુરુ સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજી

# અર્પણ

અનંતકોટિ મુક્તાના સ્વામી
અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા
**શ્રી સ્વામિનારાયણ ભગવાનના**
ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજવનારા,
એ દિવ્ય સ્વરૂપનું સર્વોપરીપણું
સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ
મુક્તાની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ
કરાવનારા – આ રીતે સમગ્ર સત્સંગ
પર મહદ્ ઉપકાર કરનારા

પરમ કૃપાળુ
**અનાદિ મુક્તરાજ પ. પૂ.**
**શ્રી અબજીબાપાશ્રીના**
ચરણકમળોમાં સાદર
સમર્પિત.



રહસ્યજ્ઞાન પ્રદાતા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન એક એવી ગ્રંથ-શ્રેણી પ્રકાશિત – સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાંચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચ-તર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિના સાધન બની ન રહેતાં, માનવીય આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે. સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્યસુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા તે માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે અને પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવું પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું છે.

માનવજાતના સાચા આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષ માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવનને સતત ઊર્ધ્વ

બનાવી આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના **'વચનામૃતમ્'** તથા **'શિક્ષાપત્રી'**માં તત્ત્વજ્ઞાનનું જે ઊંડાણ છે તે અનન્ય છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ વિદ્વાન સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા ઉત્તમ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

આ ગ્રંથોમાં સાચી સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો – પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો ને જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાત્રી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ સિદ્ધાંતો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીના પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્ય ભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીના પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના આ કાર્યમાં શ્રીજી-કૃપા ભળે એ જ અભ્યર્થના.

સં.૨૦૪૪ કા. સુદ ૧૧ **નારાયણભાઈ ઠક્કર**

૧૯૮૭, બીજી નવેમ્બર પ્રમુખ

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

# નિવેદન

અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી કહેતા કે બગાસું ખાતાં મોંમાં સાકરનો ગાંગડો મૂકે તેમ શ્રીજીમહારાજની કૃપા જીવ ઉપર ઉતરી છે! શ્રીહરિજીની એવી પરમ કૃપાના એક ભાગરૂપે જ મુક્તો આ પૃથ્વી ઉપર પધારી અનંત જીવોને સુખિયા કરતા રહ્યા છે. સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા સદ્‌ગુરુશ્રી વૃન્દાવનદાસજી સ્વામીનું આ પૃથ્વી ઉપરનું વિચરણ પણ એવું જ કલ્યાણકારી હતું. એવા એ સદ્‌ગુરુ-ઓની દિવ્ય જીવનગાથા અત્રે રજૂ કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

સર્વોપરી પુરુષોત્તમ નારાયણનું પ્રાગટ્ય ને વિચરણ જેમ અનંત જીવોના કલ્યાણને માટે જ હોય છે, તેમ તેમના મુક્તો–સંતવિભૂતિઓ પણ કેવળ પુરુષોત્તમરૂપ હોવાથી તેમનું જીવનદર્શન પણ અનંત જીવોને કલ્યાણનો રાહ દેખાડે છે અને પ્રેરણાપીયૂષ પાઈને શ્રીહરિજીના સ્વરૂપમાં જોડે છે.

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી સં. ૧૮૩૭ થી સં. ૧૮૮૬ સુધી આ પૃથ્વી ઉપર વિચર્યા ત્યારે અસાધારણ પ્રતિભાવાળા સંતમુક્તાત્માઓને પણ સાથે લઈ આવી, એમના થકી અનંત જીવોને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી સુખિયા કર્યા હતા. તે જ રીતે એ પછીના સમયમાં પણ શ્રીહરિજી આવા અદ્‌ભુત ઐશ્વર્યયુક્ત મુક્તોને આ પૃથ્વી ઉપર મોકલતા રહ્યા છે. શ્રીહરિજીની સાથે પધારેલા મુક્તોનાં જીવન-ચરિત્રો જેમ પ્રેરણાદાયી ને કલ્યાણકારી છે, તેમ જ તે પછીના સમયમાં શ્રીહરિની ઈચ્છાથી પ્રગટ થયેલા મુક્તોના જીવન-પ્રસંગો પણ જીવોને મોક્ષમાર્ગમાં સીમાસ્તંભો જેવા હોઈ તે

પણ આલેખાતા રહે એ આવશ્યક છે. વસ્તુતઃ આવા મુક્તોનું વિચરણ એ મહાપ્રભુજીનું જીવોને પરમ વરદાન છે. તેથી તેમના જીવનચરિત્રો દ્વારા મુમુક્ષુઓને સમય–સમય મુજબની પ્રેરણા સતત તાજી ને તાજી રહ્યા કરે છે.

જેમ મૂર્તિના સુખમાં સતત નાવીન્ય જણાયા કરે છે, તેમ મહારાજ જે જે સંતો–મુક્તોને આ લોકમાં મોકલે છે તેમના જીવન પણ નવીનતાથી ભરપૂર હોય છે. દરેક મુક્તોના જીવનમાં શ્રીહરિજીના સુખની એકસૂત્રતા છતાં સમાસ અર્થે વિવિધ કલ્યાણકારી અંગ ને આગવી વિશિષ્ટતા જોવા મળે છે. આનાથી અનંત જીવોને સમાસ થાય છે, બળ મળે છે, પ્રેરણા મળે છે ને શ્રીહરિજીનો યોગ થાય છે.

આવી જ રીતે સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા સ.ગુ.શ્રી વૃન્દાવનદાસજી સ્વામીના જીવન પણ અનંત જીવોને પ્રેરણારૂપ રહ્યા છે, તેમની દિવ્ય સ્મૃતિ પણ અનેકને શ્રીહરિજી તરફ જોડતી રહી છે. બંને સદ્‌ગુરુશ્રીના જીવનમાં સર્વ સમાસ અર્થે કેવી કેવી વિવિધતા છતાં કેવું અલૌકિક સામ્ય હતું, તે તો જેમણે જોયું છે, જાણ્યું છે, તેમણે અનુભવ્યું છે. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી અને સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામીના જીવનમાં જેમ વિવિધતા – સામ્યતા જણાતા તેમ આ બંને સદ્‌ગુરુઓના જીવન પણ તેવી જ દિવ્ય સ્મૃતિ નાદશ્ય કરાવતા રહ્યા છે.

કચ્છમાં પ્રગટ થઈ સમગ્ર સત્સંગમાં વિચરેલા અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી સાથે બંને સદ્‌ગુરુઓના જીવન ઓતપ્રોત અને અનુરૂપ હોઈ મુમુક્ષુઓને શ્રીહરિજીના દિવ્ય સ્વરૂપમાં રસબસ ભીંજાવી દેતા.

શ્રીહરિજીના તુલ્ય કોઈ સ્વરૂપ નથી અને એ સ્વરૂપમાં એમની કૃપાથી રોમેરોમ એકતા કેળવી, રસબસભાવે રહી

સુખરૂપ થઈ જવું એ જ આત્યંતિક કલ્યાણ છે અને એ જ છેલ્લો મુદ્દો છે. એ વાત બંને સદ્‌ગુરુઓના પ્રત્યક્ષ દર્શનમાં અને નિત્યજીવનમાં સહેજે જણાઈ આવતી, જેનાથી આબાલવૃદ્ધ સૌ કોઈને તેમના પ્રતિ દિવ્ય આકર્ષણ થઈ જતું.

બંને સદ્‌ગુરુઓએ અનેક જીવોને શ્રીહરિજીમાં જોડયા તે જ રીતે વાત્સલ્યથી સત્સંગની સતત માવજત કરી તેનું સંવર્ધન કર્યું, મંદિરો-દેવસેવા કરી-કરાવી, અનેકના હૈયે હૈયે શ્રીહરિજી સ્થાપી આત્યંતિક કલ્યાણનો ધ્વજ લહેરાવી દીધો. ભાવી પેઢીઓના માર્ગદર્શન માટે વચનામૃત ઉપરની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા, અબજીબાપાશ્રીની વાતો વગેરે છપાવી કલ્યાણનું સદાવ્રત વહેતું મૂક્યું છે. આ પુસ્તકમાં તેનું યથાસ્થાને વર્ણન કર્યું છે.

આ બંને સદ્‌ગુરુઓને જેમણે ઓળખ્યા તે સૌના અહોભાગ્ય થયાં; આ જીવનચરિત્ર વાંચી જે જે મુમુક્ષુઓ તેમના જીવનમાંથી પ્રેરણા લઈ શ્રીહરિજીમાં જોડાશે તે સૌના પણ અહોભાગ્ય થશે. આ રીતે બંને સદ્‌ગુરુઓના જીવનચરિત્રનું આ લઘુ પુસ્તક છપાવી મુમુક્ષુઓને જીવનપાથેય પૂરું પાડવાનો આ નમ્ર પ્રયાસ છે. આ પ્રયાસમાં સેવારૂપ થયેલા સૌ કોઈ ઉપર શ્રીહરિજીની સતત કૃપા વરસી રહો એ જ અભ્યર્થના.

સં. ૨૦૪૪ કા. સુદ ૧૧
અમદાવાદ

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

## અનુક્રમણિકા


| | |
|---|---|
| છેલ્લું કર્તવ્ય શું ? | ૫ |
| અર્પણ | ૬ |
| સંપાદકીય વિશેષ | ૭ |
| નિવેદન | ૯ |


### ખંડ ૧

**અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ઇશ્વરચરણદાસજી સ્વામીની જીવન ઝરમર**


| | |
|---|---|
| ૧. દિવ્ય યાત્રા | ૩ |
| ૨. કલ્યાણ ગંગોત્રી | ૧૧ |
| ૩. શ્રીહરિસેવામાં સમર્પણ | ૨૨ |
| ૪. બ્રહ્મરસના ભોગી | ૨૮ |
| ૫. સત્સંગમાં ઓતપ્રોત | ૫૩ |
| ૬. સર્વહિતાવહ જ્ઞાનયાત્રા | ૮૪ |
| ૭. સત્સંગસુધારણા ને સાહિત્યસેવા | ૧૪૭ |
| ૮. વિશેષ આધ્યાત્મિક પ્રકાશનસેવા | ૧૯૧ |
| ૯. અંતિમ મંદવાડ ને અઢળક કૃપા | ૨૦૧ |
| ૧૦. પ્રેરક પ્રસંગો | ૨૧૩ |
| ૧૧. સદ્‌ગુરુશ્રીની વિલક્ષણતા | ૨૨૯ |
| ૧૨. સદ્‌ગુરુશ્રીને દિવ્ય શ્રદ્ધાંજલિ | ૨૪૦ |

## ખંડ ૨


### અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામીનું જીવનદર્શન


| | | |
|---|---|---|
| ૧. | સંતકૃપા અનિવાર્ય... | ૨૪૭ |
| ૨. | साध्नोति इति साधुः | ૨૫૬ |
| ૩. | સંત સામર્થ્ય | ૨૫૯ |
| ૪. | પરમ સુખ તરફ મુમુક્ષુઓ | ૨૬૨ |
| ૫. | સંત સાંનિધ્યના લાભ | ૨૭૧ |
| ૬. | અનાદિ મુક્ત કેવા હોય? | ૨૮૨ |
| ૭. | "પારસથી પારસ કેમ થવાય?" | ૨૯૫ |
| ૮. | દિવ્ય ખજાનાનું દાન | ૩૦૪ |
| ૯. | અંતિમ દર્શન અને કૃપાવર્ષા | ૩૧૧ |
| ૧૦. | ઉપદેશામૃત | ૩૧૮ |


❋

# શુદ્ધિપત્રક

| પાન | લીંટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૬ | લગ્યા | લાગ્યા |
| ૮ | ૬ | દિનજનસ્તોડજલિમ્ | દિનજનસ્તતોડજલિમ્ |
| ૧૦ | ૨૩ | દિવ્યાંજલીઓ | દિવ્યાંજલિઓ |
| ૧૭ | ૧ | ૧૯૪૨ | ૧૯૨૪ |
| ૧૯ | ૩ | પ્રતિવ્રતા | પતિવ્રતા |
| ૨૩ | ૬ | સદ્દગુરુજીના | સદ્દગુરુશ્રીના |
| ૩૭ | ૨૨ | ગોપાનંદ | ગોપાળાનંદ |
| ૩૯ | ૨૭ | ભક્તાચિંતામણી | ભક્તાચિંતામણિ |
| ૬૮ | ૪ | ઉઠીને | ઊઠીને |
| ૭૧ | ૧૧ | સહીત | સહિત |
| ૭૯ | ૨૪ | તેમલે | તેમણે |
| ૯૮ | ૨૭ | ઉભા | ઊભા |
| ૧૦૯ | ૨૪ | પિયુષ | પીયૂષ |
| ૧૪૬ | ૨ | અપ્રતીમ | અપ્રતિમ |
| ૧૪૮ | ૨૨ | વ્યાજબી | વાજબી |
| ૧૫૨ | | પત્થર | પથ્થર |
| ૧૬૯ | ૨ | અભ્યાસુને | અભ્યાસીને |
| ૧૯૨ | ૨૫ | ટાઈમમાં | ટાઈપમાં |
| ૨૩૭ | ૧૯ | નશી | નથી |
| ૨૭૬ | ૮ | આજની; | આજની. |
| ૨૭૮ | ૯ | કોશ | કોરા |



અનાદિ મુક્ત સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

# અનાદિ મુક્તરાજ

# સદ્‌ગુરુ

# શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીની

## જીવન-ઝરમર

# ૧. દિવ્ય યાત્રા

વિક્રમ સંવત ૧૯૯૮ના આસો વદ અમાસ – દિવાળી – ને ઈ. સ. ૧૯૪૨ના નવેમ્બરની આઠમી તારીખ, રવિવારની રાત છે. અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાં આવેલા શ્રી સ્વામિનારાયણ ભગવાનના હરિમંદિરમાં હરિભક્તો ઊભરાય છે. સૌ કોઈના મુખ ઉપર શોક અને ચિંતા વરતાઈ આવે છે. અગણિત જીવોને શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ અદ્‌ભુત સ્વરૂપને વિષે જોડી દેનારા ગુરુવર્ય – સદ્‌ગુરુશ્રી – માંદગી અંગીકાર કરી પોઢ્યા છે. હેત – રુચિવાળા સૌ હરિભક્તો સદ્‌ગુરુશ્રી પાસે આવી ગયા છે. કચ્છ, કાઠિયાવાડ, મુંબઈ, મહારાષ્ટ્ર, મદ્રાસ, કલકત્તા, કરાંચી, ઝરિયા – ગામેગામ ને ઠામેઠામના હરિભક્તો સદ્‌ગુરુશ્રીના અંતિમ દર્શને આવ્યા છે. સદ્‌ગુરુની સેવામાં જેમણે રાત - દિવસ જોયા નથી કે થાક – ઉજાગરા ગણ્યા નથી તેવા સદ્‌ગુરુશ્રીના શિષ્યો ખડે પગે વીંટાઈને ઊભેલા છે.

દિવાળીની અંધારી રાત્રિના અંધકારને લોકો દીવા પ્રગટાવી દૂર કરવા મથી રહ્યા છે, ત્યારે માયાના પ્રગાઢ અંધકારના આવરણને ભેદવાની જેમની ગતિ છે તેવા સદ્‌ગુરુશ્રી આત્યંતિક કલ્યાણના અગણિત દીવાઓ પ્રગટાવી શાંતિ ને સ્વસ્થતાથી મહાપથારીએ દર્શન દે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સ્વરૂપ થઈને એ મૂર્તિમાં રસબસ – પરિપૂર્ણપણે – રહેતા રહેતા જ સર્વ ક્રિયાઓ કરવી – એ જીવનમંત્ર જેમણે અનેક મુમુક્ષુઓને ભણાવ્યો હતો તે જીવનમંત્ર સદ્‌ગુરુશ્રીએ પોતે પોતાના જીવનમાં ચરિતાર્થ કરી બતાવેલો છે, તેથી એંશી એંશી વર્ષની અથાક અને અવિરત કર્તવ્યનિષ્ઠ જીવન-

લીલાને અંતે હવે ભૌતિક દેહના દર્શન બંધ કરવાની તૈયારીની ઘડી આવી પહોંચી છે.

સદ્‌ગુરુશ્રીની નાડી ધીરે ધીરે બંધ પડવા લાગી છે. પાણીની ઝારીની નળી વડે પોતે બે ઘૂંટડા પાણી પીધું. સૌ હરિભક્તો કીર્તન-ધૂન સાથે કુંકુમ-પુષ્પથી સદ્‌ગુરુશ્રીની છેલ્લી પૂજા કરવા લગ્યા છે. શ્વાસ ધીરો પડવા લાગ્યો છે. શિષ્યો સદ્‌ગુરુશ્રીને જમીન ઉપર નીચે લઈ રહ્યા છે, ત્યાંતો તડતડાટ અવાજ સાથે પ્રકાશના અગણિત તણખા સદ્‌ગુરુશ્રીના દેહ ઉપર ખરવા લાગ્યા. હાજર રહેલા સૌ કોઈ સ્તબ્ધ બની જોઈ રહ્યા. સદ્‌ગુરુશ્રીના સેવકોને થયું કે સદ્‌ગુરુશ્રી દાઝયા તો નહીં હોય ને? તરત સદ્‌ગુરુશ્રીના શરીર ઉપર હાથ ફેરવવા લાગ્યા, કપડાં તપાસવા લાગ્યા! કોઈ જિજ્ઞાસુ ઊંચે છત તરફ જોવા લાગ્યા, નથી કોઈ બત્તી કે નથી કોઈ સ્વીચ! એ તો દિવ્ય મહાતેજની પુષ્પવર્ષા હતી! 'સ્વામિનારાયણ' ધૂનનો પ્રણવનાદ ગુંજી રહ્યો હતો, સદ્‌ગુરુશ્રીએ પોતાની દિવ્ય મનુષ્ય લીલા સંકેલી લીધી હતી. રાતના સવા અગિયાર વાગ્યા હતા.

પોતાના સર્વ શિષ્યોને પિતૃવત્ વાત્સલ્ય અને માતૃવત્ હૂંફ આપી, આ લોક અને પરલોક બંનેનું યોગક્ષેમ વહન કર્યું છે, અને સૌ કોઈને સાવ પોતીકા લાગ્યા છે–એવા સદ્‌ગુરુશ્રી અત્યારે મનુષ્યલીલા સંકેલી લઈ ચિરઃશાંતિમાં પોઢ્યા છે. સદ્‌ગુરુશ્રીએ સૌ ઉપર કરેલા મહદ ઉપકારની સ્મૃતિ સૌ કોઈની આંખોમાંથી આંસુ રૂપે દેખાઈ રહી છે. અદ્રશ્ય થયા છતાંય દિવ્યરૂપે સદાય "છે, છે ને છે જ!" એવો અનુભવ સૌ કોઈના અંતરમાં થઈ રહ્યો છે. આંખોમાં આંસુના રેલા ચાલી રહ્યા હોવા છતાં અંતર સૂના નથી, અંતરે અંતરે સદ્‌ગુરુશ્રી ડોકાઈ રહ્યા છે! 'સ્વામિનારાયણ' ધૂનનો નાદ અત્ર, તત્ર, સર્વત્ર ગુંજી રહ્યો છે. સદ્‌ગુરુશ્રીના સાંનિધ્યમાત્રથી

સૌને ઘાટ-સંકલ્પ સમી જતા ને દિવ્ય શાંતિ અનુભવાતી, તેવી જ દિવ્યશાંતિ સદ્‌ગુરુશ્રીની ચિરવિદાય વખતે પણ વાતાવરણમાં પ્રસરી રહી હતી.

ધીરે ધીરે સૌ નિ:સ્તબ્ધતામાંથી બહાર આવવા લાગ્યા. દર્શન કરી ઘરે જતા રહેલા અને બહારગામ વસેલા સૌ હેતરુચિવાળા હરિભક્તોને તાબડતોબ આ સમાચાર પહોંચાડવામાં આવ્યા. કોઈ રેલગાડીમાં તો કોઇ માલગાડીમાં, કોઈ ખટારામાં કે કોઈ મોટરમાં – જે કોઇ વાહન મળ્યું તે મેળવીને હરિભક્તો આવવા લાગ્યા. ભાવભીના હૈયા ને ગમગીન ચહેરાવાળા હરિભક્તોથી મંદિરની આજુબાજુનો વિસ્તાર ઊભરાઈ રહ્યો.

સદ્‌ગુરુશ્રીના પાર્થિવ દેહને સ્નાન કરાવી, સદ્‌ગુરુશ્રી જે રીતે હંમેશ ધોતી, ગાતડી બાંધીને ખેસ ને પાઘ પહેરતા તે રીતે વસ્ત્રો ધરાવ્યા, ને અંતિમ યાત્રા માટે તૈયાર કરાવેલી કાષ્ઠની પાલખીમાં પધરાવ્યા. હરિભક્તો અંતિમ પૂજા કરવા ઉતાવળા થયા. કુંકુમ, હારતોરા, ફૂલ, અક્ષત, ચંદન, અબીલગુલાલ, અગરબત્તીથી પૂજા થવા લાગી. ચંદન-કુંકુમના ચાંદલા કરી હારતોરા-પુષ્પો ચડાવી આરતી ઉતારવા માંડયા. ધીરે ધીરે કરતા સદ્‌ગુરુશ્રીનું સમગ્ર સ્વરૂપ ફૂલથી ઢંકાઈ ગયું, પાલખીની થાંભલીઓ ઉપર હારતોરા ચડતા ચડતા કળશ સુધી પહોંચી ગયા. શ્રી સ્વામિનારાયણ ભગવાનના અદ્‌ભુત સુખની મસ્તીનો અમલ ને કેફ જે મુખ ઉપર સદાય વિલસી રહ્યો હતો તેવું સદ્‌ગુરુશ્રીનું પ્રભાવશાળી ને મહાપ્રતાપી મુખારવિંદ જ ફક્ત દેખાય તેટલા ફૂલથી સદ્‌ગુરુશ્રી ઢંકાયા છે. કાર્યકર્તાઓ ઉતાવળા થાય છે પણ પ્રેમી હરિભક્તો પાલખી નીકળવા જ દેતા નથી. અંતે સદ્‌ગુરુશ્રીના જોડીદાર સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામીના વચન, વિશ્વાસ ને આશ્વાસનને લક્ષમાં લઈને સવારના સાડા નવ વાગ્યે 'શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય!' 'શ્રી

સ્વામિનારાયણ ભગવાનની જય !' 'સદ્‌ગુરુશ્રીની જય !'ના જયનાદો સાથે સદ્‌ગુરુશ્રીની અંતિમ યાત્રા શરૂ થઈ શકી.

સૌથી આગળ ધીમો ઘંટનાદ થાય છે. તેની પાછળ ગુલાલ ઉડાડનારાઓ ગુલાલથી આકાશને છાઈ દે છે. તેની પાછળ શોકમાં ગરકાવ હરિભક્તો ચાલી રહ્યા છે. તે પછી ઓચ્છવિયા આઠ-દસ મંડળો શોકમગ્ન ભાવમાં કીર્તનો અને 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતાં ચાલી રહ્યા છે. તે પછી બંને બાજુએ ચાલતા એવા મશાલધારીઓ છે. તેમની પાછળ હરિભક્તો તથા સંતના મંડળ ચાલે છે. સૌને સદ્‌ગુરુશ્રીની પાલખી ઉપાડવાની તત્પરતા છે, તેમાં ને તેમાં એક બીજાની સાથે થોડા થોડા અથડાઈ જતા ચાલ્યા આવે છે. ફૂલોથી ગરકાવ અને મોટી ને ઊંચી પાલખીમાં પ્રસન્ન અને શાંત મુદ્રા ધારણ કરી બિરાજેલા સદ્‌ગુરુશ્રીના સૌ અંતિમ દર્શન કરતા જાય છે. પાછળ પાછળ સંતોના મંડળ ચાલે છે. સૌથી છેલ્લે અનાજનું ભરેલું ગાડું ચાલે છે, જેમાંથી ગરીબોને અનાજ અપાતું આવે છે.

ઓચ્છવિયા મંડળ શ્રીજીવિરહના કીર્તનો ગાઈ રહ્યા છે. પદે–પદે ને વેણે–વેણે સૌ કોઈના હૈયા વલોવાઈ જાય છે. નેણે આંસુની ધારા વહી રહી છે, કંઠ રુંધાઈ જાય છે, અંતર વિરહે વ્યથિત થઈ જાય છે. વળી પાછા 'સદ્‌ગુરુશ્રી અખંડ રહો !'ના જયનાદો સાંત્વન પમાડે છે.

સ્મશાનયાત્રામાં ઠેરઠેર માણસો હાથ જોડી દર્શન કરવા આવે છે, પાલખી ઊભી રખાવી દર્શન કરે છે, ફૂલમાળા ચડાવે છે, કોઈ પૈસા મૂકે છે. મકાનોના બારી-બારણે કે છજા-ઝરૂખામાં ઊભા રહી લોકો પુષ્પ-ચંદન ને અક્ષતથી વધાવી વંદન કરે છે. સુશોભિત પાલખીમાં બિરાજેલ સદ્‌ગુરુ-શ્રીના દર્શનમાત્રથી સૌ કોઈને એમ જ થઈ જાય છે કે કોઈ મહાપુરુષે દેહત્યાગ કર્યો છે. સંવત ૧૯૯૯ના કારતક સુદ

૧, નવા વર્ષની સવાર છે. એકબીજાને મળવા કે દેવદર્શને જતા-આવતા મનુષ્યો સદ્‌ગુરુશ્રીની પાલખીના દર્શનથી સ્તબ્ધ થઈ જાય છે ને સહેજે હાથ જોડી આદરપૂર્વક દર્શન કરે છે. મહાપ્રતાપી સદ્‌ગુરુશ્રીના દર્શન અને તેમને અનુરૂપ ભવ્ય સ્મશાનયાત્રાથી સૌ કોઈ પ્રભાવિત થઈ જાય છે.

સરસપુર મંદિરથી સદ્‌ગુરુશ્રીની સ્મશાનયાત્રાની શરૂઆત થઈ, તે વખતે તે અડધો કિલોમીટર લાંબી હતી, પણ જેમ જેમ ને આગળ વધતી ગઈ તેમ તેમ તેમાં હરિભક્તો ઉમેરાતાં જ ગયાં, ને છેલ્લે એક કિલોમીટરથી પણ લાંબી સ્મશાન-યાત્રા બની ગઈ. આમ સરસપુરથી નીકળીને કાળુપુરનો પુલ વટાવી સાકર બજારમાં થઈ, પાંચ કૂવા દરવાજામાંથી રીચી રોડ (હાલના ગાંધી રોડ) ઉપર થઈ, માણેકચોકમાં સ્મશાન-યાત્રા પહોંચી. ત્યાંથી રતનપોળમાં થઈને શ્રી સ્વામિનારાયણ મંદિર કાળુપુર, (નરનારાયણદેવના મોટા મંદિર)ના ચોકઠામાં પહોંચી. મંદિરમાંથી શ્રી ઠાકોરજીના પ્રસાદીના હાર આવ્યા ને સદ્‌ગુરુશ્રીને પહેરાવ્યા. આમ મંદિરમાં પ્રતિમાસ્વરૂપે પ્રત્યક્ષ બિરાજતા શ્રીહરિજીએ જાણે પોતાના લાડીલા મુક્તની પાર્થિવયાત્રાને અંતિમ વિદાય આપી! સ્મશાનયાત્રા ઘીકાંટાના રસ્તે થઈ, દિલ્હી દરવાજા થઈ, દૂધેશ્વર સાબરમતી નદીના કાંઠે પહોંચી ત્યારે બપોરના સાડા બાર વાગી ગયા હતા.

ચંદનના કાષ્ઠની ચિતા ઉપર સદ્‌ગુરુશ્રીના ભૌતિક દેહને પધરાવ્યો. સૌ હરિભક્તો અંતિમ દર્શન કરી દંડવત્ કરવા લાગ્યા. અત્યાર સુધી મહાપરાણે જાળવી રાખેલી ધીરજના બંધ તૂટી પડ્યા. હાજર રહેલા સૌ કોઈ ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યા. સૌ કોઈના આપ્તતમ સદ્‌ગુરુશ્રીની અંતિમ ઘડી વસમી થઈ. સૌ અંતિમ સ્તુતિ કરે છે :

ભવસંભવભીતિભેદનં, સુખસંપત્કરુણાનિકેતનમ્;
વ્રતદાનતપ: ક્રિયાફલં, સહજાનંદ ગુરું ભજે સદા.

કરુણામય ચારુ લોચનં, શરણાયાતજનાર્તિમોચનમ્;
પતિતોધ્ધરણાયતત્પરં, સહજાનંદ ગુરું ભજે સદા.
શરણાગતપાપપર્વતં, ગણયિત્વાનતદીયસદ્‌ગુણમ્;
આણુમપ્યતુલંહિમન્યતે, સહજાનંદ ગુરું ભજે સદા.
ભગવન્! કૃપયા ત્વયા કૃતં, જનતાયામુપકારમીદશમ્;
ક્ષમતે પ્રતિકર્તુંમત્ર કઃ કુરુતે દીનજનસ્તોઽજલિમ્.

સદ્‌ગુરુશ્રીનો દિવ્ય અંતિમ અગ્નિસંસ્કાર નિહાળતા નિહાળતા સૌ હરિભક્તો સદ્‌ગુરુશ્રીના પરમ ઉપકારો અને દિવ્ય કલ્યાણકારી ગુણોને સંભારવા લાગ્યા.

આ એ સદ્‌ગુરુશ્રી હતા જેમણે અગણિત મુમુક્ષુઓને શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી મહિમા યથાર્થપણે અને નિધડકપણે સમજાવ્યો હતો.

આ એ સદ્‌ગુરુશ્રી હતા જેમણે અસંખ્ય મુમુક્ષુઓને શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સાથે તદ્રૂપ થઈ, રસબસભાવે ઓતપ્રોત થઈ, એ મૂર્તિનું સુખ ભોગવવારૂપી અનાદિ મુક્તની સ્થિતિ સમજાવી હતી.

આ એ સદ્‌ગુરુશ્રી હતા જેમણે અનેક મુમુક્ષુઓને શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાનો સ્પર્શ કરાવી, તે સૌને છતે દેહે જ આત્યંતિક કલ્યાણની પ્રતીતિ કરાવી હતી.

આ એ સદ્‌ગુરુશ્રી હતા જેમણે પોતાના મહાન ગુરુ સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીની અંતિમ ભલામણ – 'અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી અનંત જીવોને શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિષે જોડવાને માટે શ્રીજીમહારાજના મોકલ્યા આવ્યા છે, તેમનો લાભ લેવો', એ બરાબર લક્ષમાં રાખી અનંત મુમુક્ષુઓને તેઓશ્રીએ અનાદિ મુક્તરાજ અબજી-બાપાશ્રીની ઓળખાણ કરાવી અલભ્ય લાભ અપાવ્યો હતો.

આ એ સદ્‌ગુરુશ્રી હતા જેમને શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં બધાં (૨૭૩) વચનામૃતો જિહ્‌વાગ્રે હતા, તે છતાં

તે દરેક વચનામૃતનું જેમ છે તેમ રહસ્યજ્ઞાન અબજીબાપાશ્રી પાસે બરાબર સમજી, પ્રશ્નોત્તર રૂપે પંદર પંદર વર્ષની અથાક જહેમત બાદ અબજીબાપાશ્રી કૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા પ્રસિદ્ધ કરી. આમ વચનામૃતોમાં સમાયેલું ગૂઢ રહસ્ય સરળ-રીતે સૌ કોઈ મુમુક્ષુ સમજી શકે એવી સ્પષ્ટ ભાષામાં ઉપલબ્ધ થયું.

આ એ સદ્‌ગુરુશ્રી હતા જેમણે અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીની અનુભવવાણી ઝીલી લઈ, અગણિત મુમુક્ષુ-ઓના પરમહિત માટે 'બાપાશ્રીની વાતો' તરીકે પ્રસિદ્ધ કરાવી.

આ એ સદ્‌ગુરુશ્રી હતા કે જેમની વાણીમાં એવી દિવ્ય ચમત્કૃતિ અને છટા હતી કે સાંભળનાર સૌ મુગ્ધ થઈ જતા ને જ્ઞાનના જળધોધમાં ખેંચાઈ જતા, અને એ ઉપદેશ સાંભળી 'સત્સંગમાં સત્સંગ ઓળખી નવો જન્મ પામ્યા' હોય તેવો અનુભવ કરતા.

આ એ સદ્‌ગુરુશ્રી હતા કે જેમને ત્યાગ-વૈરાગ્ય જગત ઉપરના નિર્વેદના કારણે (અને એથી નકારાત્મક) ન હતો, પણ પોતે શ્રીહરિ મૂર્તિના જ સુખના કેફમાં હતા તેથી બીજે ક્યાંય સારપ કુદરતી જ ન હોવાથી જ્ઞાનેયુક્ત હતો.

આ એ સદ્‌ગુરુશ્રી હતા કે જેઓ પંચ વર્તમાનના યથાર્થ પાલન ઉપર બહુ જ ભાર મૂકતા; કોઈનામાં જાણે અજાણ્યે શિથિલતા હોય તો બળ આપી પ્રાયશ્ચિત કરાવીને દૂર કરતા. આ બાબતમાં તેઓશ્રી હંમેશ ચોક્કસ રહેતા.

આ એ સદ્‌ગુરુશ્રી હતા કે જેઓ પ્રખર સિદ્ધાંતનિષ્ઠ હતા મંદિરની (દેવની) મિલકત એ આચાર્યશ્રીની અંગત મિલકત નથી પણ દેવની મિલકત છે અને આચાર્ય મહારાજશ્રી એ ટ્રસ્ટના ટ્રસ્ટી છે, એ સિદ્ધાંતના અમલીકરણ માટે સદ્‌ગુરુશ્રીએ સખત સંઘર્ષ સહન કરી, એ સિદ્ધાંતનો સર્વ સત્સંગના હિતમાં શાંતિમય સ્વીકાર કરાવરાવ્યો.

આ એ સદ્‌ગુરુશ્રી હતા કે જેઓ સદૈવ મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવી રહેલા હતા, અને એથી એમને કોઈના પાસેથી કોઈપણ પ્રકારની અપેક્ષા ન હતી કે ન હતી એમને કોઈ આકાંક્ષા, તે છતાં કેવળ અનેક જીવોના પરમ કલ્યાણને અર્થે કરુણાથી પ્રેરાઈને પોતે સમગ્ર જીવન દરમિયાન સતત કાર્યરત રહ્યા હતા, ને તેથી સ્થિતપ્રજ્ઞથી ય વિશેષ જીવનદર્શન બતાવ્યું છે.

આ એ સદ્‌ગુરુશ્રી હતા કે જેમને જીવોને શ્રીહરિજીના પરમ અદભુત સ્વરૂપમાં જોડવારૂપી જ એકમાત્ર રુચિ હતી, તે છતાં આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત મુમુક્ષુ શરણે આવી પ્રાર્થના કરે તો પોતે દ્રવી જતા ને આશીર્વાદ સંકલ્પમાત્રથી તેને સુખિયો કરી મૂકતા.

આ એ સદ્‌ગુરુશ્રી હતા કે જેઓ પોતે જ્ઞાનગુણભંડાર તથા સતત ક્રિયાશીલ હતા, તે છતાં સદૈવ હળવા ફૂલ થઈને વિચરતા. મૂર્તિના આનંદની મસ્તી તેમના રોમ રોમમાં વિલસતી હતી. મહા ઐશ્વર્યસંપન્ન અને વચનસિદ્ધ છતાં બાલસુલભ સરળ સ્વભાવે સદા વર્તતા.

આ એ સદ્‌ગુરુશ્રી હતા કે જેમને દેહભાવ લવલેશ ન હતો. તેઓશ્રી દેહથી રહિત વર્તતા હતા, એવો અનુભવ થતા મોટા મોટા વૈદ્ય-ડૉકટરો પણ આશ્ચર્યમુગ્ધ થઈ જતા.

આવા સદ્‌ગુરુશ્રીના સમાગમનો લાભ મળ્યો, એમનો રાજીપો મળ્યો – તે પોતાનું પરમ સૌભાગ્ય માનતા સર્વ હરિભક્તો સદ્‌ગુરુશ્રીના ભવ્ય જીવનને સંભારી દિવ્યાંજલીઓ અર્પી રહ્યા.

આવો ! આપણે પણ આવા સમર્થ અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રીના જીવનના પરમ પાવનકારી પ્રસંગો નિહાળીએ.

## ૨. કલ્યાણ ગંગોત્રી

ભગવાનની કરુણા અપાર છે. મનુષ્યના ભરણપોષણ માટે ભગવાને સૂર્ય-ચંદ્ર, ધન-ધાન્ય-વનસ્પતિ, ધરતી-આકાશની રચના કરી, તો તે સાથે ભગવાને મનુષ્યમાં એક એવી વૃત્તિ મૂકી કે જેથી તે સતત વધુ ને વધુ સુખ મેળવવા પ્રવૃત્ત થાય. ભગવાનની અપાર કરુણાનો જ આ એક અંશ છે. એ વૃત્તિને આધારે મનુષ્યની સુખની ખોજ શરૂ થાય છે. આ ખોજની સામે ભગવાન વધુમાં વધુ સુખ જેમાં રહેલું છે તેવું પોતાનું સ્વરૂપ પણ ઓળખાવે છે. પરમ સુખમય ભગવત્સ્વરૂપની ઓળખાણ એ ભગવત્કૃપાનો જ ભાગ છે.

આ જગતના જીવો પરમ સુખમય પોતાના સ્વરૂપને જાણી શકે તેવી કરુણા કરી પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી આ પૃથ્વી ઉપર પધાર્યા. સાથે પોતાના અક્ષરધામથી મુક્તોને પણ લાવ્યા. એ મુક્તોએ એ મહાપ્રભુજીને જેવા છે તેવા મુમુક્ષુઓને ઓળખાવ્યા. ભગવત્ ભક્તિ-તપ વગેરેથી જીવ જેમ જેમ ધોવાઈ શુદ્ધ થતા જાય તેમ તેમ આ સ્વરૂપની ઓળખાણ થતી જાય. આથી શ્રી-હરિજીએ પોતાના મુક્તોને આ લોકમાં મોકલવાનું ચાલુ રાખ્યું, જે પણ એ મહાપ્રભુજીની પરમ કરુણા જ !

સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનાદિ મહામુક્ત હતા, અને અનેક જીવોનાં આત્યંતિક કલ્યાણ અર્થે જ શ્રીહરિની ઈચ્છાથી પ્રગટ થયા હતા.

અમદાવાદ શહેરથી જેતલપુર જતા, નેશનલ હાઈવે ઉપર, અમદાવાદથી દસ-બાર કિલોમીટરના અંતરે અસલાલી

નામનું ગામ આવેલું છે. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીની ચરણરજથી આ ગામ ઘણીવાર અંકિત થયેલું છે. અમદાવાદ-જેતલપુર જતા-આવતા ઘણીવાર શ્રીહરિજી અસલાલી પધારતા. સંવત ૧૮૮૨ના ચૈત્ર સુદ બીજને દિવસે શ્રીહરિજી સંતહરિભક્તોના મંડળે સહિત અમદાવાદથી અસલાલી પધાર્યા હતા. ગામની બહાર ઉત્તર દિશા તરફ આવેલા આંબાવાડિયામાં મોટો મંચ બાંધેલો હતો ત્યાં શ્રીહરિજી બિરાજ્યા. ગામના હરિભક્તો વેણીભાઇ, લાલભાઈ, કાળીદાસભાઈ, ગોપાલભાઈ, ખુશાલભાઈ, ભગાભાઈ આદિએ ચંદન-કુંકુમ-હાર-તોરાથી શ્રીહરિજીની પૂજા કરી. તે વખતે સભા થઈ અને શ્રીહરિજીએ જે વાત કરી તે અસલાલીના વચનામૃત તરીકે સંગ્રહિત થઈ છે. શ્રીજીએ કહ્યું :

" ભગવાનને ભજીને જે બ્રહ્માંડની ઉત્પત્તિના સામર્થ્યને ઈચ્છે તે ભક્તને સામર્થ્યાર્થી કહીએ ને કનિષ્ઠ કહીએ. અને જે કેવળ આત્મારૂપ થઇને ભગવાનને ભજે તે તો કૈવલ્યાર્થી જાણવો ને તે ભક્ત તો મધ્યમ છે. અને ત્રીજો જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ તેની નિરંતર અનન્યપણે કરીને સેવાને વિષે નિષ્ઠા રાખે તે ભગવત્ નિષ્ઠાર્થી જાણવો ને એ ભક્ત અતિ શ્રેષ્ઠ છે ને અતિ ઉત્તમ છે."

ચકોર જેમ એક નજરે ચંદ્રમાને જોઈ રહે છે તે રીતે સૌ હરિભક્તો શ્રીહરિજીના મુખકમળ નીરખી રહ્યા છે ને શ્રીહરિજીની પરમ પાવનકારી વાણીને અંતરતમના ઊંડાણમાં સંગ્રહી રહ્યા છે. એ સભામાં તે ગામના પૂંજાભાઇ પટેલ નામના અમીન કુટુંબના લેઉઆ પાટીદાર પણ બેઠા છે. તેમને શ્રીહરિજીની ભગવત્ નિષ્ઠાર્થી થવાની વાત અંતરમાં જડાઇ જાય છે. શ્રીહરિજી તો ત્યાર પછી જેતલપુર પધારી જાય છે, પણ એ દિવ્ય સ્વરૂપ પૂંજાભાઇના અંતરમાંથી ખસતું નથી.

શ્રીજીકૃપામાં આવી ગયેલા પૂંજાભાઈને અમથાભાઈ, ડુંગરભાઈ, હરિભાઈ નામના ત્રણ દીકરા છે. એમાં અમથાભાઈને સત્સંગનો એવો તો રંગ ચડી ગયો છે કે ગામમાં સૌ કોઈ એમને 'અમથાભગત' કહીને જ બોલાવે છે. એક તરફ અમદાવાદમાં મોટું મંદિર અને નરનારાયણદેશની ગાદીનું સ્થાન, બીજી તરફ શ્રીજીમહારાજની રમણભૂમિ જેતલપુર. અમથાભાઈ બંને તીર્થસ્થાનોનો લાભ લે. તેમાં યે ખાસ તો જંગમ તીર્થસમા ધ.ધુ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, સદ્‌ગુરુવર્ય મહાનુભાવાનંદ સ્વામી, વાસુદેવાનંદ સ્વામી, ધ્રુવાનંદ સ્વામી, લોકનાથાનંદ સ્વામી, પ્રસાદાનંદજી સ્વામી વગેરે જેતલપુર-અમદાવાદ જતા-આવતા અસલાલી પધારે ત્યારે અમથાભાઈ સેવાનો અલભ્ય લાભ લે. પોતાના સ્નેહી ને ઇષ્ટજનને કહે પણ ખરા કે ઘેર બેઠા ગંગા આવી છે, જંઈનો વેપાર ને લાખોનો લાભ, ન ભૂતો ન ભવિષ્યતિ, આ લાભ લેવાનું ચૂકશો મા. સેવાભાવી સ્વભાવ ને વિનય વિવેકશીલ વર્તનથી સૌ તેમના ઉપર રાજી રહેતા.

અમથાભાઈના પત્ની જીબાબા પણ તપસ્વી અને ભગવત્-પરાયણ હતા. નિત્ય શ્રીજીમૂર્તિના અનુસંધાને સહિત ગામના શ્રીજીપ્રસાદીભૂત તળાવમાં સ્નાન કરી પ્રસાદીના સ્થાનોમાં દર્શન કરે, સમૈયા-ઉત્સવ વખતે અમદાવાદ-જેતલપુર દર્શને જાય. સેવા ને ભક્તિનું એવું રૂડું અંગ કે હરિભક્તો-સંતોની સેવા મળે તો ઓછા ઓછા થઈ જાય.

અમથાભાઈના ઘરનો વ્યવહાર અતિ દુર્બળ હતો. પોતાની કોઈ જમીન ન હતી, પણ ભાગે સાંગે જમીન રાખે, તેમાંથી જે ઊપજ મળે તેનાથી ગુજરાન ચલાવતા. અમથાભાઈની મૂડી તો શ્રીહરિ આજ્ઞારૂપી ધર્મ અને શ્રીહરિમૂર્તિને વિષે સ્નેહ રૂપી ભક્તિ હતા. શ્રીજીએ પોતાને કેમ નિષ્કંચન રાખ્યા છે તેનો સંકલ્પ સુદ્ધાં અમથાભાઈને આવતો નહીં. પોતાને મોટા

પુરુષોની અંગ સેવા રૂપી નાણું અવિરત મળતું રહે છે તેમ માની સદાય પ્રસન્ન રહેતા. આ જગત સંબંધી ઈચ્છા-આકાંક્ષાઓ ભગવાનને શરણે મૂકી દઈને કેવળ ભગવત્સ્વરૂપને વહાલું કર્યું હતું તેથી અમથાભગત સ્થિતપ્રજ્ઞથી યે વિશેષ જણાતા હતા.

અક્ષરધામમાંથી પૃથ્વી ઉપર પધારતા મુક્તાત્માઓ આવા સ્વધર્મનિષ્ઠ, ભક્તિપ્રિય પણ નિષ્કંચન કુટુંબ બહુધા પસંદ કરે છે, જેથી પ્રમાણમાં સહેલાઈથી જગતના ફંદનો ત્યાગ કરી અનેક જીવોને ઉદ્ધારવાનું પોતાનું જીવનકાર્ય જલદીથી શરૂ કરી શકે. તે જ રીતે, અમથાભગત અને જીબાબા દંપતી ઉપર શ્રીહરિજીની અતિ પ્રસન્નતારૂપ મુક્તાત્મા, જે ત્યાગી થયા પછી ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી તરીકે ઓળખાયા, તેમનો સંવત ૧૯૧૮ (ઈ.સ. ૧૮૬૨)માં જન્મ થયો. બાળ-સ્વરૂપ મુક્તાત્માનું બહેચરભાઈ એવું નામકરણ કર્યું. બહેચરભાઈને એક નાના ભાઈ હતા જેમનું નામ કસીભાઈ હતું.

'પુત્રના લક્ષણ પારણેથી', એ રીતે બહેચરભાઈ બાળ-સહજ રમત રમતા મોટા થતાં જાય છે, પણ તેમની સર્વ ક્રિયામાં એક પ્રકારની અલૌકિકતા સહેજે જ જણાઈ આવે છે. બાળપણાની રમતોમાં ય ભગવાનની સ્મૃતિ રહ્યા કરે તેવા ટુચકા બહેચરભાઈ કહ્યા જ કરે. બાળમિત્રો ખુશ થઈ જાય. સૌને બહેચરભાઈ પોતાના ઈષ્ટમિત્ર લાગે.

પિતાશ્રી અમથાભાઈને બાળસ્વરૂપ બહેચરભાઈ પોતાના પુત્ર કરતાં વિશેષ તો શ્રીજીના મોકલેલા બાળમુક્ત લાગ્યા કરે, ને એ રીતે અંતરના વહાલ અને વાત્સલ્ય ઊભરાયા કરે. માતુશ્રી જીબાબા તો વહાલની મૂર્તિ. 'બહેચર! ભાઈ!' કહેતા કહેતા તો અંતરના ઓઘ વળે! નાનાભાઈ પણ 'ભઈ! ભઈ!' કરી વળગી પડે! ગામના લોકોને નવાઈ લાગ્યા કરે કે આવું નિષ્કંચન – વ્યવહાર દુર્બળ – કુટુંબ છતાં હેત હેતની

હેલી કેવી રીતે વરસતી હશે? તેમને કેવી રીતે સમજાય કે આ તો શ્રીહરિપ્રેરિત આનંદની હેલી છે, તેને આ જગતની હાણ-વૃદ્ધિ સ્પર્શ પણ કરી શકતી નથી!

સવાર-સાંજ મંદિરે દર્શન-કથા-કીર્તન-સમાગમ અને દિવસભર ઘરનું ને ખેતીનું કામ. સરળ અને નિર્ભેળ જીવન. સંતના મંડળ હરિભક્તોના મંડળની સેવા અને સત્સંગનો ભીડો. સત્સંગનો રંગ ચડવા માટે આ સંજોગો ખૂબ સરસ હતા, પણ બહેચરભાઈને તો આ "સત્સંગનો રંગ" સહજ હતો. એ તો અનેક જીવાત્માઓને શ્રીજીના રંગે રંગી નાખે એવા સમર્થ હતા. પણ બાળસુલભ રીતે તેઓશ્રી પોતાના પિતાશ્રીની સાથે મંદિરે જતા, દંડવત્ કરતા, આરતી-અષ્ટક બોલતા, કથા સાંભળતા.

બહેચરભાઈને ચોથું વર્ષ બેઠું છે. અમથાભાઈને દિવાળી ઉપર પોતાના ભાગની ડાંગરના સારા પૈસા ઊપજતા બાળકો માટે નવાં કપડાં ને મખમલની ટોપી કરાવી છે. કારતક સુદ એકાદશી-પ્રબોધિની એકાદશી-ના સમૈયે અમથાભાઈ-જીબાબા બંને દીકરાઓને લઈને અમદાવાદ આવ્યા છે. શ્રીઠાકોરજીના દર્શન કરી અમથાભાઈ સભામાં બિરાજમાન ધ. ધુ. અયોધ્યાપ્રસાદજી મહારાજ, સંતમંડળ ને હરિભક્તોના દર્શન કરે છે. સભાની સમાપ્તિ થતાં, સાકરનો પડો, શ્રીફળ, પુષ્પના હાર-ચંદન-કુંકુમથી આચાર્ય મહારાજશ્રીની પૂજા કરી વિનંતી કરી કે બાળકોને વર્તમાન ધરાવો. આચાર્યશ્રી બાળક બહેચરભાઈને નિહાળી રાજી થયા, ને અતિ પ્રસન્નતા જણાવી વર્તમાન ધરાવી, આશીર્વાદ આપ્યા. અમથાભાઈ તો આચાર્યશ્રીની આવી પ્રસન્નતા જોઈ ગદ્ગદ થઈ જાય છે જીબાબાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે તેમને તો હર્ષના આંસુ આવી ગયા.

કેટલોક સમય જતા અમથાભાઈ પુત્ર બહેચરભાઈને

લઈ જેતલપુર આવ્યા. મંદિરમાં શ્રીઠાકોરજીના દર્શન કરી શ્રીજીમહારાજના પ્રસાદીભૂત સ્થાનોમાં ફર્યા. ફરતા ફરતા અમથાભાઈએ બહેચરભાઈને વાત કરી : "અહીં શ્રીજીમહારાજ વર્ણીવેશે પધારેલા, ગંગામાએ પોતાના પુત્રવત્ શ્રીજીમહારાજની સેવા કરેલી. ગંગામા મૂળ તો રામાનંદ સ્વામીના શિષ્યા થયેલા, રામાનંદ સ્વામી શ્રીજીમહારાજને ગાદી સોંપીને અંતર્ધાન થયા બાદ ગંગામા નવા ગુરુને મળવા ગયા ત્યારે શ્રીજીમહારાજ ગંગામાને વળગી પડેલા, ને 'આ તો અમારી મા છે!' એમ કહી રાજી કરેલા. અહીં જેતલપુરમાં શ્રીજીમહારાજે સં. ૧૮૬૫માં મહારુદ્ર યજ્ઞ ને વિષ્ણુયાગ કર્યા હતા, ને હજારો બ્રાહ્મણો ને લાખો નરનારીઓને જમાડચા હતા. યજ્ઞમાં પરનાળે ઘી હોમ્યું હતું ને જય જયકાર કર્યો હતો. અહીં દેવસરોવરમાં મહારાજે કેટલીય વાર સ્નાન કરેલું છે. સંતના મોટા મોટા મંડળો આ મહોલો છે તેમાં ઉતરતા ને રહેતા. શ્રીજીમહારાજે કેટલીય સભા અહીં મહોલામાં કરી હતી. અહીં બોરસલ્લી નીચે મહારાજે સભા કરેલી ત્યારે જીવણભગતનો મઠનો રોટલો ને ભાજી સામેથી માગીને જમ્યા હતા."
બાળસ્વરૂપ બહેચરભાઈ પોતાના પિતાશ્રીની વાતો મુગ્ધભાવે સાંભળ્યા જ કરે છે. પણ વચમાં વચમાં પૂછે છે : "હેં બાપા! ખુશાલ ભટ્ટ મહારાજ પાસે અહીં જ આવેલા ને? અહીં જ મહારાજનો રૂમાલ બતાવી કૂવામાંના અસંખ્ય ભૂતોનો તેમણે મોક્ષ કરેલો ને? હેં બાપા! અહીં જ મહારાજે વેશ્યાની પાસે અનાજ દળાવી પાવન કરેલી ને? હેં બાપા! અહીં જ મહારાજની સભામાં આકાશમાં તેજના ગોળા દેખાયેલા ને?" અમથાભગત આશ્ચર્ય પામી જાય છે. પૂછે છે: "તેં આ બધી વાત કેવી રીતે જાણી? તું તે વખતે હાજર હતો કે શું?" બહેચરભાઈ કહે : "એ બધું તો મારા બાએ મને કહેલું!"

સં. ૧૯૪૨ માં ફાગણ સુદ આઠમના રોજ ધ૦ ધુ૦ આચાર્ય મહારાજશ્રી આયોધ્યાપ્રસાદજી મહારાજ અમદાવાદમાં ધામમાં પધાર્યા. શોક સંદેશ અસલાલી આવ્યો. સૌ હરિભક્તો મંદિરમાં ભેગા થયા. પોતાના આચાર્ય, ગુરુ અને જીવના સાચા સગા અદૃશ્ય થતાં સૌ હરિભક્તોએ ગામના તળાવે જઈ, શોકમગ્ન હૃદયે શ્રીહરિની સ્મૃતિ સહ સાબોળ સ્નાન કર્યું. બહેચરભાઇના તો એ વર્તમાન દીક્ષાના ગુરુ હતા, તેથી સૌ હરિભક્તો જોડે બહેચરભાઈ પણ રડી પડયા.

બહેચરભાઈને સાતમું વર્ષ ચાલે છે. પોતે ગામની નિશાળે જવા લાગ્યા છે. બહેચરભાઈનો વિદ્યાભ્યાસ સાહજિક ને ઉત્તમ જણાઈ આવે છે. નિશાળના શિક્ષક શ્રી ભાઈલાલ-ભાઇ જગજીવનભાઈને બહેચરભાઈ પ્યારા થઈ પડયા છે. નથી પૂરતાં કપડાં કે નથી પગમાં પગરખાં, પણ અભ્યાસની એકાગ્રતા ને કુશાગ્રતા સૌને આશ્ચર્યમુગ્ધ કરે છે. બાળમિત્રો શામળભાઈ લાલુભાઈ, પ્રભુદાસ શંકરભાઈ, જેઠાભાઈ શંકરભાઈ તો નિશાળમાં ને નિશાળ છૂટયા પછી પણ બહેચરભાઈની જોડે ને જોડે જ ફરે છે. નિશાળમાંથી છૂટીને બહેચરભાઈ પાસે ભણવા જવાનું બહાનું કાઢીને પણ તેમની પાસે આવે છે. બહેચરભાઈ પાસે ભગવદ્‌વાર્તા સાંભળીને એ ત્રણે મિત્રો મંત્રમુગ્ધ થઈ જતા. વિદ્યાભ્યાસ સાથે ભજનસ્મરણ ને દર્શનાદિમાં વખત ગાળતા.

ક્યારેક ક્યારેક – એકાદશી, પૂનમ, ઉત્તરાયણ જેવા દિવસોમાં – બાળમિત્રો પગે ચાલીને જેતલપુર દર્શને જાય. રસ્તે જતા ને આવતા બહેચરભાઈની વાણી તો અવિરત ચાલુ જ હોય!

એક વખત આવી રીતે બાળમિત્રો જેતલપુર જવા નીકળ્યા. બહેચરભાઈને તો પગમાં પગરખાં પણ નથી.

ભાઈબંધો આગળ વધી રહ્યા છે ત્યાં શામળભાઈ ને જેઠાભાઈ પાછળ રહી જાય છે. કેડી ઉપર ધૂળ ખૂબ હતી. આગળ જઈ રહેલા બહેચરભાઈ અને પ્રભુદાસભાઈના પગલાંની છાપ ધૂળમાં પડેલી છે. જેઠાભાઈ શામળભાઈને બતાવે છે કે "જો! આ બહેચરના પગલાં ને આ પરભુના પગલાં!" શામળભાઈ કહે: "કેમ જાણ્યું કે આ બહેચરના જ પગલાં છે?" જેઠાભાઈ કહે: "જો! બહેચરના પગલાંની છાપમાં ઊભી રેખા હોય છે!" રસ્તામાં એક કૂવાને કાંઠે પાણી પીવા બેઠા, હાથ-પગ ધોઈ પાણી પીધું. ત્યારે શામળભાઈ કહે: "બહેચર! તારા પગ તો બતાવ!" બહેચરભાઈએ પગ લાંબા કર્યા, ત્રણે ભાઈબંધો જોઈ રહ્યા કે બહેચરભાઈના પગમાં સુંદર ઊર્ધ્વરેખા અને પદ્મના ચિહ્નો અંકિત થયેલા હતા. શામળભાઈ તરત બોલી ઊઠ્યા: "મારા બાપા કહેતા કે જેના પગમાં ઊર્ધ્વરેખા હોય તે તો રાજા-મહારાજા થાય! બહેચર! તું રાજા-મહારાજા બની જાય તો અમને યાદ કરજે!" બહેચરભાઈ મર્માળુ હસ્યા અને કહે: "શી ખબર રાજા-મહારાજા બનીશ કે શું બનીશ! પણ તમે જો મને યાદ કરશો તો હું જરૂર તમને યાદ રાખીશ!"

ગામની નિશાળમાં છ ધોરણ સુધી ભણવાની વ્યવસ્થા હતી. બહેચરભાઈ છ ધોરણ ભણી લઈને નિશાળેથી ઉતરી ગયા. પિતાશ્રીને ખેતીમાં મદદ કરે, માતુશ્રીને ઘરકામમાં મદદ કરે ને મંદિરમાં પધારેલા સંતમંડળની સેવા કરે.

અનાદિ મુક્તરાજ સ.ગુ.શ્રી ગુણાતીતાનંદ સ્વામી વાત કરતા કે બાપના હૈયામાં સ્ત્રી છે તેથી છોકરાને પરણાવું – પરણાવું કરે છે! અમથાભાઈના હૈયામાં તો ભગવાન જ હતા, તેથી તેમણે બહેચરભાઈ કે નાના કસીભાઈને પરણાવવાના મનોરથ સેવ્યા જ ન હતા! જીબામાને ક્યારેક માતૃસહજ ભાવમાં લાગે કે દીકરાને પરણાવ્યા હોય તો સારું! બહેચરભાઈ

કહે : "બા, અમારા તો શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી સંગાથે જ લગ્ન થઈ ચૂક્યા છે!

"ધર્મકુંવરને વરે જે સજની, પ્રતિવ્રતા તે જ કહાવે રે!" સ્વામિનારાયણ ધણી થયા. આપણે નથી પુરુષ, નથી સ્ત્રી, આપણે તો છીએ શ્રીહરિકૃપાએ પુરુષોત્તમસ્વરૂપ!"

બહેચરભાઈને સોળ વર્ષ પૂરા થવા આવ્યા છે. મૂળથી જ પુષ્ટ ને ભરાવદાર શરીર ને તેમાં ય સોળ વર્ષની અવસ્થા ને ભગવાનની મસ્તીનો અમલ – એથી એવા આકર્ષક ને પ્રભાવશાળી લાગે કે જોનારા સૌ અંજાઈ જાય.

બહેચરભાઈ ધર્મનિષ્ઠ, સેવાભાવી, નિયમિત અને ભણેલા હોવાથી ગામના સત્સંગીઓ સૌ મળીને એવું ઠેરાવે છે કે ગામના હરિમંદિરમાં રોજે સાંજે બહેચરભાઈએ કથા વાંચવી. બહેચરભાઈના ઘેરા ને દઢાવવાળા કંઠ અને સુસ્પષ્ટ ઉચ્ચારથી તેમના મુખથી કથા સાંભળવાનું સૌ કોઈને ગમી જતું. સંત-મંડળ ગામના મંદિરે પધાર્યા હોય ત્યારે ય સાંજની કથાનો નિત્યનિયમ બહેચરભાઈએ જ સંભાળવાનો થતો.

બહેચરભાઈને સત્તરમું વર્ષ ચાલે છે, સં. ૧૯૩૪ની સાલ વહી રહી છે, પિતાશ્રી અમથાભગત માંદા છે, અશક્તિ ને પગની બિમારી હોવાથી ઘરેથી બહાર હરવાફરવા જવાતું નથી. મંદિરે દર્શને જવાતું નથી ને સંત-હરિભક્તોની સેવા કરવા જવાતું નથી, તેથી તેમનું મન ખિન્ન રહે છે. દિવસે દિવસે મંદવાડ વધતો જાય છે.

તે અરસામાં એક સાંજે નિત્યનિયમ મુજબ બહેચરભાઈ મંદિરે દર્શને આવ્યા. જાણ્યું કે સંતનું મંડળ જેતલપુર જતા અહીં પધાર્યું છે. તપાસ કરતાં જણાયું કે સ. ગુ. શ્રી નિર્ગુણ-દાસજી સ્વામી પોતાના મંડળે સહિત પધાર્યા હતા. એ સદગુરુશ્રીનો મહિમા તો સૌ કોઈ જાણતું. તેઓશ્રી સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પાસે શાસ્ત્રાભ્યાસ કરવા ગયેલા, તે વખતે સ. ગુ. શ્રી

ગોપાળાનંદ સ્વામી પાસેથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની જેવી છે તેવી ઉપાસના સમજીને, સેવા ભક્તિથી સદ્‌ગુરુશ્રીને બહુ રાજી કરેલા, ને તેથી સદ્‌ગુરુશ્રીએ એમને શ્રીહરિજીના પરમ અદ્‌ભુત સ્વરૂપમાં સ્થિતિ કરાવેલી. અમદાવાદ દેશ-વિભાગમાં સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી ને સૌ કોઈ મહા મુક્ત જાણી સેવા કરતા. શ્રી ઠાકોરજીના દર્શન કરી સંતોને દંડવત્ પ્રણામ કરી, રોજની જેમ કથા કરવા બેઠા. 'વચનામૃત' ગ્રંથની હસ્તલિખિત પ્રતમાંથી કથા વાંચી. પધારેલા સદ્‌ગુરુ સ્વામીશ્રી તથા અન્ય સંતો કથાની શૈલી સાંભળી બહુ રાજી થયા. સદ્‌ગુરુશ્રીએ સભાપ્રસંગે ભગવદ્‌વાર્તા કરી. સભા પૂરી થયા બાદ બહેચરભાઇને પાસે બોલાવીને માથે હાથ મૂક્યો ને બહુ રાજીપો જણાવ્યો. તે વખતે બહેચર-ભાઇએ વિનય કરીને સદ્‌ગુરુશ્રીને વિનંતિ કરી કે પોતાના પિતાશ્રીને મંદવાડ છે, તો આપ ઘરે પધારી તેમને દર્શન દો તો અમારા પરમ ભાગ્ય. સદ્‌ગુરુશ્રીએ તરત જ હા પાડી, ને બીજે દિવસે સવારે પાંચ સંતો સાથે અમથાભાઈની ખબર કાઢવા તેમના ઘરે પધાર્યા. અમથાભાઈ તો રાજીના રેડ થઇ ગયા. ચંદનપુષ્પથી સંતોની પૂજા કરી. અમથાભાઈએ કહ્યું : "બાપજી! બહુ કૃપા કરી." સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી કહે : "સ્વામિનારાયણ મહાપ્રભુજી અક્ષરધામથી આ પૃથ્વી ઉપર પધાર્યા તે જ મોટી કૃપા થઇ છે. તે જ પોતે પ્રતિમાસ્વરૂપે પણ પ્રત્યક્ષ દર્શન દે છે. આપણે એ જોગમાં આવી ગયા. આપણા અહોભાગ્ય થઈ ગયા. હવે તો આપણે સ્વામિનારાયણ મહાપ્રભુજીની આજ્ઞારૂપી મર્યાદામાં રહીને એ સ્વરૂપને વિષે હેતે કરીને જોડાઇ જવું. તમારા તો બહુ મોટા ભાગ્ય છે. મહારાજ તમને તેડી જવા રાહ જોઇને બેઠા છે!" અમથાભાઈને આનંદનો પાર ન રહ્યો. તે કહે : "બાપજી! બીજું તો કાંઇ માંગવું નથી,

પણ આ બે ય દીકરા શ્રીજીના છે, શ્રીહરિજીને સોંપ્યા છે, આપ જાળવજો !" સદ્‌ગુરુશ્રી મંદહાસ્ય કરતા કહે : "ભગત ! એમની તમે ચિંતા ન કરશો. હાથી કાંઈ કૂબામાં ને કૂબામાં બંધાયેલો રહેશે ? મહારાજ આ બહેચરની પાસે તો બહુ સેવા કરાવવાના છે."

સદ્‌ગુરુશ્રી પોતાના મંડળે સહિત જેતલપુર પધાર્યા ને તે જ રાત્રે અમથાભાઈ પંચભૂતનો દેહ છોડીને શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા. "શ્રીજી-મહારાજ તમને તેડી જવા રાહ જોઈને બેઠા છે"—એ સદ્‌ગુરુશ્રીના વચનની સાર્થકતા સૌને સમજાણી. બહેચરભાઈને તો સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી પ્રત્યે તે જ દિવસથી અલૌકિક હેત ને માહાત્મ્ય થઈ ગયું, ને બહેચરભાઈના જીવનની નવી કેડી ઊઘડી.

## ૩. શ્રીહરિસેવામાં સમર્પણ

સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીનું જેતલપુર જતાં અસલાલી રોકાવું, બહેચરભાઈનું મળવું, અમથાભાઈને દર્શન દેવા તેમના ઘરે પધારવું અને તે જ રાત્રે અમથાભાઈનો અક્ષરવાસ થવો—આ બધી ઘટનાઓ ભગવત્ કૃપાની સુયોજિત શૃંખલાનો એક ભાગ જ માત્ર હતી.

પિતાશ્રી અમથાભાઈની ઉત્તરક્રિયા કરી બહેચરભાઈ પિતાશ્રીના નિમિત્તનો શ્રીઠાકોરજીને થાળ કરાવવા અમદાવાદ અને જેતલપુર ગયા. જેતલપુર ગયા ત્યારે સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી ત્યાં બિરાજતા હતા. બહેચરભાઈને દર્શને આવેલા જોઈ સદ્‌ગુરુશ્રી બહુ રાજી થયા. કથાવાર્તાનો નિત્ય નિયમ પત્યા બાદ બહેચરભાઈને પાસે બોલાવી સદ્‌ગુરુશ્રીએ કહ્યું: "અતિ હેતે કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાયેલા રહેવું. શ્રીહરિજીના દિવ્ય અલૌકિક લીલા ચરિત્રો તો સંભારવા, પણ સૌથી વિશેષ તો મહાપ્રભુજીની શ્રીમુખવાણી – વચનામૃત – નો ખંતપૂર્વક અભ્યાસ કરવો સર્વોપરી જ્ઞાનમાર્ગ એમાં રહેલો છે!" સદ્‌ગુરુશ્રીના આ કૃપાવચનોની બહેચરભાઈ ઉપર ઊંડી અસર થઈ. "બાપજી! અમને સદાય પોતાના જાણી જાળવજો!"

સદ્‌ગુરુશ્રી કહે: "એની ફિકર મ કરજો. સ્વામિનારાયણ ભગવાન પોતે જાળવશે. અને સમય થશે ને એનો હુકમ થશે ત્યારે તેડી લઈશું! હાલ તો સુખેથી ઘરે પાછા જાવ."

સત્તર વર્ષના યુવાન બહેચરભાઈ અસલાલી પાછા આવ્યા છે. આંખની દષ્ટિ પલટાઈ ગયેલી છે, રુંવાડે રુંવાડેથી શ્રીહરિ-રસની રેલીઓ ઊભરાઈ આવે છે. ઘરનું તથા ખેતીનું

નિત્યકર્મ કરવા લાગ્યા છે. ભગવાનનું સોંપેલું હોય તેવી રીતે ખેતીનું સર્વ કામ – ખેડ કરે છે, વાવણી કરે છે, રોપણી કરે છે, નીંદામણ નીંદે છે, ખેતર સાચવે છે, લણણી કરે છે. સર્વ ક્રિયા શ્રીજીની સોંપેલી માની સારામાં સારી રીતે કરે છે, તે છતાં શ્રીહરિજીની મૂર્તિને તો વિસારતા જ નથી, કે નથી વિસારતા સદ્‌ગુરુજીના રાજીપાને !

મંદિરમાં સ.ગુ.શ્રી પ્રસાદાનંદજી સ્વામી આવતા-જતા રહે છે. તેમને બહેચરભાઈ સાથે જાણે પૂર્વની પ્રીત હોય તેવું જણાયા કરે છે. સ્વામીશ્રી બહેચરભાઈ પાસે શ્રીહરિજીના માહાત્મ્ય–પ્રતાપની વાતો કર્યા જ કરે છે, બંને જણાને જાણે એ જ માત્ર 'ઈશક' જણાય છે. કેટલીય વાર તો મોડી રાત સુધી બહેચરભાઈ પ્રસાદાનંદજી સ્વામીશ્રીની પાસે બેસીને વાતો સાંભળતા જોવા મળે છે. પ્રસાદાનંદજી સ્વામી કથામાં ઘણી વાર કહે છે :

"ખોળી ખોળી ને ખોળિયું, ખરા ખપવાળાની ખોટ–" ભગવાનને પામવાના ખરા ખપવાળા મળે ત્યારે દેનારને ય આનંદ આનંદ થઈ જાય.

સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી આશરે સિત્તોર વર્ષની ઉંમરે પણ શ્રીહરિસ્વરૂપના જ્ઞાનની લહાણી કરતાં ગામેગામ ફરતા રહે છે. સૌ હરિભક્તોને મનમાં એવી તાણ રહે છે કે સદ્‌ગુરુશ્રીનો આપણે કેમ કરીને વધુ ને વધુ લાભ લઈએ. કચ્છ, હાલાર, મોરબીપંથક, ઝાલાવાડ, ખાખરિયા, નળકાંઠો, સાબરકાંઠો, પંચમહાલ, વગેરે પ્રદેશોમાં સદ્‌ગુરુશ્રી વિચરતા રહે છે. બહેચરભાઈને અનુકૂળતા હોય ત્યારે સદ્‌ગુરુશ્રીનો સમાગમ કરવા આવે છે. સદગુરુશ્રી પાસે કથાનો અખંડ અખાડો હતો. બ્રહ્મયજ્ઞ ચાલ્યા જ કરે. કથા થયા કરતી હોય, પ્રશ્નો પૂછાતા હોય, સદ્‌ગુરુશ્રી શંકાનું નિવારણ કરતા હોય કે સદ્‌ગુરુશ્રી આપમેળે જ 'વચનામૃત'ના રહસ્ય

અભિપ્રાય સમજાવતા હોય. બહેચરભાઈને તો ત્યાંથી ઊઠવાનું મન જ ન થાય. તે છતાં પ્રસંગે પ્રસંગે સદ્‌ગુરુશ્રીની અંગ-સેવાનો લાભ લેવાનું ચૂકતા નથી. સદ્‌ગુરુશ્રીનો તેમના ઉપરનો રાજીપો વધતો જ જાય છે.

સં. ૧૯૪૦માં સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી પોતાના મંડળે સહિત ચાતુર્માસના બે મહિના કપડવંજ ને બે મહિના લુણાવાડા રહ્યા. તે વર્ષે બહેચરભાઈ ખેતીનું કામ નાનાભાઈ કસીભાઈને સોંપીને સદ્‌ગુરુશ્રીનો સમાગમ કરવા ચારે માસ તેઓશ્રીની સાથે ને સાથે રહ્યા. બહેચરભાઈને બાવીસ પૂરા થઈ ત્રેવીસમું વર્ષ ચાલે છે. સદ્‌ગુરુશ્રી બહેચરભાઈને પાસે બેસારીને વચનામૃતની કથા કરવાનું કામ સોંપે છે. બહેચર-ભાઈને તો એ જ અવસરની તાણ હતી! સ્વાતિ નક્ષત્રની વર્ષાની રાહમાં આ માછલી તો મોં ફાડીને તૈયાર જ બેઠી હતી, વર્ષાબિંદુઓને અધ્ધરથી ઝીલી લીધા!

સદ્‌ગુરુશ્રી નિત્ય સભામાં વાતો કરી સૌને ન્યાલ કરતા. તેઓશ્રી વાત કરતા કે:

"શ્રી સ્વામિનારાયણ જેવા તો એક સ્વામિનારાયણ છે. રામ–કૃષ્ણ–વગેરે અવતારો કે અસંખ્ય કરોડ ચૈતન્ય ભૂમિકાઓ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલા ઐશ્વર્યને ભોગવે છે, ને તે સૌ શ્રી સ્વામિનારાયણ ભગવાનના દાસ છે. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી સર્વેના કારણ, સ્વામી ને સુખદાતા છે. સં. ૧૮૩૭માં પોતે કેવળ કરુણા કરી ધર્મભક્તિના પુત્રરૂપે છપૈયાપુર પધારી આ બ્રહ્માંડના જીવોને ન્યાલ કર્યા. એ સ્વરૂપ જેવું બીજું કોઈ જાણવું નહીં. એ સ્વરૂપને વિષે જ જોડાવું. અક્ષરધામમાં રહેલું દિવ્ય સ્વરૂપ ને ધર્મભક્તિના પુત્રરૂપે મનુષ્યરૂપે વિચરેલું સ્વરૂપ ને હાલ પ્રતિમા સ્વરૂપે દર્શન દેતું સ્વરૂપ—એ ત્રણેય સ્વરૂપ એક જ છે, તેમાં રુંવાડાનો ય ફેર નથી."

વળી, શ્રીજીમહારાજે મધ્ય પ્રકરણના ૫૦ મા વચનામૃતમાં કહ્યું છે કે જેમ નદીઓ સમુદ્રમાં લીન થઈ જાય છે અને સતી ને પતંગ જેમ અગ્નિમાં બળી જાય છે તથા શૂરો જેમ રણમાં ટૂક ટૂક થઈ જાય છે તેમ પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એકરસ – લીન કરી નાખે ત્યારે એ ભગવાનની કૃપાનું પાત્ર થાય છે, અને એને ભગવાન સદાય ભેળો રાખે છે. માટે શ્રીહરિજીની મૂર્તિને મુખ્ય કરી રાખવી. અને જાણપણા-રૂપ જે ભગવાનના ધામનો દરવાજો – ત્યાં રહીને શ્રીહરિનું ધ્યાનભજન કરવું.

રાત્રિની છેલ્લી કથા – સ્વાભાવિક ચેષ્ટા – વગેરેના નિયમ થઈ ગયા પછી ગૃહસ્થ હરિભક્તો સૌ ઘરે જાય. ખાસ હેતુરુચિ-વાળા સદ્‌ગુરુશ્રીની સેવામાં રોકાય. ત્યારે વળી એકરુચિ-વાળાને મળેલા જોઈ સદ્‌ગુરુશ્રી શ્રીહરિજીના પરમ અદ્‌ભુત સ્વરૂપની, એ સ્વરૂપનું સુખ મુક્તો કેવી રીતે ભોગવી રહ્યા છે તેની, આપણા ઉપર શ્રીહરિજીની કેવી કૃપા થઈ છે તેની, એવી અદ્‌ભુત અલૌકિક વાતો કરે કે સૌ કોઈને 'અહો ! અહો !' થઈ જાય.

રાતના બાર વાગ્યા પછી સદ્‌ગુરુશ્રી યોગનિદ્રા અંગીકાર કરે, ને બહેચરભાઈ સદ્‌ગુરુશ્રીએ કરેલી વાતોનું મનન–અધ્યાસ કરી શ્રીહરિજીના ધ્યાનમાં બેસે, કાં માળા ફેરવે. શ્રીહરિજીના સ્વરૂપને પામવાના સદ્‌ગુરુશ્રીના વચનોને અશેષ ગ્રહણ કરવાની એવી તત્પરતા કે માંડ ત્રણ કલાકની નિદ્રા લે. સદ્‌ગુરુશ્રીના સાધુઓ પણ બહેચરભાઈની તમન્ના - ત્વરાથી પ્રેરણા લે. એ છતાં બહેચરભાઈ તો સદાય નિર્માનીપણે વર્તે. કહે : "આપ સૌ તો આ નિર્ગુણગંગામાં નિત્ય તરબોળ છો, મારે તો ક્યારેક ક્યારેક આ અવસર મળે છે. તમે સૌ મારા ઉપર રાજી થઈ આશીર્વાદ દો કે સદ્‌ગુરુશ્રી મને પણ તેમની પાસે ખેંચી લે !"

ઘરે પાછા ફરીને બહેચરભાઈ પોતાના માતુશ્રી તથા નાનાભાઈને ભગવાનની વાતો કરે. ભગવદ્‌નિષ્ઠામાં રંગાયેલું કુટુંબ સૌ કોઈનું હૈયું ઠારે.

બહેચરભાઈ અને કસીભાઈ બંને શરીરે મજબૂત, દૃઢ મનોબળના ને મહેનતુ છે તેથી ધીરે ધીરે ખેતીના કામમાં બરકત આવતી જાય છે, પણ બેમાંથી એકે ભાઈનું મન એમાં નથી. બંને ભાઈઓ વૈરાગ્યવંત છે.

એ વૈરાગ્ય કાંઈ આર્થિક દુર્બળતાનું પરિણામ નથી. બાવડામાં બળ છે, હૈયામાં હામ છે, પણ એ તરફની રુચિ જ નથી. એ વૈરાગ્ય તો ભગવાનના સુખે પરિપૂર્ણ થઈ રહેવાની ત્વરામાં અન્ય દરેક વાત ગૌણ લાગે છે તેમાંથી પરિણમ્યો છે. એ વૈરાગ્ય જ્ઞાનેયુક્ત છે. તે માતુશ્રીમાં છે, બહેચરભાઈમાં છે, કસીભાઈમાં છે.

ત્રણે જણા રાહ જુવે છે. સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ કહેલું છે કે "સમય થશે ને એનો હુકમ થશે ત્યારે બોલાવી લઈશું !"

અંતરમાં ત્યાગ છવાઈ ગયો છે, પણ તેનો ઉછરંગ નથી, ઉછરંગ તો છે ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જવાનો ! ત્યાગ છવાઈ ગયો છે, પણ કર્તવ્ય મૂકી દીધા નથી. ત્રણેયની દરેક ક્ષણ શ્રીહરિજીને અર્પણ થઈ ચૂકી હતી. દરેક કાર્ય શ્રીહરિજીનું સોંપેલું કાર્ય ગણીને તેઓ ત્રણેય તે બરાબર રીતે કરી રહ્યા છે.

શ્રીજીનો હુકમ આવી ગયો ! સં. ૧૯૪૨ ની સાલ બેઠી. ચાતુર્માસ કરી સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી પોતાના મંડળે સહિત કાર્તિકી સમૈયે અમદાવાદ જવા જેતલપુરથી નીકળી અસલાલી પધાર્યા. બહેચરભાઈને રુંવાડે રુંવાડે આનંદની હેલી ચડી. સદ્‌ગુરુશ્રી તો શ્રીહરિજીની મરજીને જાણનારા હતા, બહેચરભાઈના હેતનો સ્પર્શ સીધો શ્રીહરિજીને થતો હતો ! સદ્‌ગુરુશ્રી કહે : "કેમ બહેચર ! આવવું છે ને અમારી

સાથે?" બહેચરભાઈ કહે : "બાપજી! આ બધો સમય એની રાહ જોઈને જ બેઠો છું. આપ તો અંતર્યામી છો, આપને બીજું શું કહું? અમે ત્રણેય – મા, ભાઈ ને હું – આપના અદના સેવક છીએ, આપ અમને ત્રણેયને આજ્ઞા આપો."

સદ્‌ગુરુશ્રીએ કસીભાઈને જેતલપુર મોકલ્યા, ને તે ત્યાં પાર્ષદ થઈને — ધોળે લૂગડે — સેવામાં રહ્યા. માએ સાંખ્યયોગ ગ્રહણ કર્યો ને અસલાલી – અમદાવાદ મંદિરમાં – હવેલીમાં સેવામાં રહ્યા. બહેચરભાઈને સદ્‌ગુરુશ્રી પોતાની સાથે અમદાવાદ તેડી ગયા.

કાર્તિકી સમૈયો થઈ રહ્યો. સદ્‌ગુરુશ્રી બહેચરભાઈને લઈને ધ.ધુ. આચાર્ય કેશવપ્રસાદજી મહારાજની પાસે આવ્યા, ને વિધિવત્ રીતે આચાર્યશ્રીએ બહેચરભાઈને ત્યાગાશ્રમની દીક્ષા દીધી. બહેચરભાઈ હવે 'સાધુ ઈશ્વરચરણદાસજી' એવા નામે ઓળખાયા.

આ રીતે, અસલાલીના પાટીદાર અમથાભાઈનું આખું કુટુંબ શ્રીહરિસેવામાં સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયું. આત્યંતિક કલ્યાણનો શ્રીહરિજીનો બગીચો ઉત્તમ મુમુક્ષુઓરૂપી મઘમઘતા પુષ્પોથી તરબતર કરી દેનાર માળી શ્રીહરિ પ્રસન્નતાર્થે બાગ-કામમાં લાગી ગયા.

## ૪. બ્રહ્મરસના ભોગી

વહી ગયેલા જીવનનું જો કોઈ પુનરાવલોકન કરે, તો જણાઈ આવે કે જીવનનો કોઈ પ્રસંગ, કોઈ સમય અન્યના કરતાં વિશેષ ઝળહળે છે. જેમનું સમગ્ર જીવન દિવ્ય ને અલૌકિક છે તેવા મહત્પુરુષોના જીવન નિહાળીએ તો ય એવું જણાય છે કે એમનું સમગ્ર જીવન ઝળહળતું હોય છે, તે છતાં તેમાં પણ કોઈ પ્રસંગ, કોઈ સમય એવો જરૂર જણાય છે જે ઝળહળતા જીવનમાં ય વિશેષ ઝગહળતો લાગે. સાધુ ઈશ્વરચરણદાસજીના જીવનમાં ઓગણીસો બેતાલીસની સંવત દિવ્યતમ જણાઈ આવે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્યતમ સ્વરૂપને વિષે સદાય રસબસભાવે નિમગ્ન એવા સમર્થ સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીના સીધા માર્ગદર્શન અને રાજીપા હેઠળ સાધુ ઈશ્વરચરણદાસજી શ્રીહરિજીના અદ્ભુત સ્વરૂપને વિષે અતિ હેતથી જોડાયા છે. સદ્‌ગુરુશ્રી પાસે ચાલતા અખંડ બ્રહ્મયજ્ઞમાં પોતાના પૂર્ણ યોગદાનથી તેઓ સેવા કરી રહ્યા છે. સદ્‌ગુરુશ્રી પાસે નિત્યે નિયમિત વચનામૃતો વાંચે છે, સદ્‌ગુરુશ્રી પાસે એના રહસ્ય અભિપ્રાય સમજે છે, મનન કરે છે, તે મુજબ સદાયે જીવનમાં ઉતારે છે.

સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીનો આગ્રહ શ્રીહરિજીની આજ્ઞાપાલન ઉપર અતિશય જણાતો. શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ વગેરે શ્રીહરિજીની આજ્ઞાના પ્રકરણો – ગ્રંથો મુજબ શુદ્ધ સાધુતાના લક્ષણેયુક્ત પોતે રહેતા, અને પોતાના મંડળના સર્વે સાધુઓને રાખતા. શ્રીહરિજીની આજ્ઞામાં મન-કર્મ-વચને રહેવું, તેની વિરુદ્ધ સંકલ્પ પણ ન થાય તેવી

દૃઢતા કરવી એ શ્રીહરિજીની પ્રસન્નતાને ઝીલવાનું પ્રથમ પગથિયું છે, ને અનિવાર્ય જરૂરિયાત છે, તે સદ્‌ગુરુશ્રી બહુ જ ભારપૂર્વક સૌ કોઈને સમજાવતા, ને પોતાના વર્તનથી સૌને પ્રત્યક્ષપણે જણાવતા.

સાધુ ઈશ્વરચરણદાસજીની સાધુતા, સેવાની તત્પરતા, શ્રીહરિજીને વિષેનું હેત, ગુરુને વિષેનું આપોપું-એવા ઉત્તમ હતા કે સૌ કોઈને ઉદાહરણરૂપ એવા આ સાધુ સદ્‌ગુરુશ્રીને સહેજે અતિ પ્રિય લાગતા.

આવા ઉત્તમ ગુણો જોઈને સાધુના મંડળમાંથી કોઈએ એવું સૂચન કર્યું કે સાધુ ઈશ્વરચરણદાસજીને સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરાવવો જોઈએ જેથી ઉત્તમ પુરાણી – શાસ્ત્રી - પંડિત બની શકે. એ સૂચન આવ્યું ત્યાં સુધીમાં તો સાધુ ઈશ્વર-ચરણદાસજીએ એ હાર્દ જાણી લીધું હતું કે જીવનનું એક માત્ર ધ્યેય શ્રીહરિજીની પરમ અદ્‌ભુત મૂર્તિમાં જોડાઈ જવાનું છે. અવરમાં ક્યાંય પ્રીતિ જોઈએ જ નહીં, શ્રીહરિજીની મૂર્તિનું ધ્યાન અખંડ રહ્યા કરે તે જ કરવું છે. સદ્‌ગુરુશ્રીની જાણમાં એ વાત આવી ત્યારે તેમણે પણ એ જ કહ્યું કે ભણી-ભણીને અંતે તો 'વચનામૃત'નું જ્ઞાન ભણવાનું છે, ને એ જ્ઞાનને જીવનમાં ઉતારી સિદ્ધ કરવાનું છે, શ્રીહરિજીની મૂર્તિ સમ કોઈ જ નથી, તેના વિના બીજે ખોટી થાવા શું કરવા જવું? સદ્‌ગુરુશ્રીએ સાધુ ઈશ્વરચરણદાસજીના મનની વાત ઉપર પોતાની સંમતિની મહોર મારી.

આ રીતે સદ્‌ગુરુશ્રીની સેવા-સમાગમમાં જોડાયા છે, ત્યારે સાધુ ઈશ્વરચરણદાસજીને સદ્‌ગુરુશ્રી પાસેથી બીજી વાત જાણવા મળી. કચ્છદેશમાં ભુજ શહેરની નજીક બળદિયા (વૃષપુર) નામના ગામમાં અબજીભાઈ નામે શ્રીહરિજીના મહાન અનાદિ મુક્ત પ્રગટ થયા છે. પોતે ગૃહસ્થ છે, ૪૦-૪૨ વર્ષની અવસ્થા છે, પણ સદાય શ્રીહરિજીના સ્વરૂપમાં જોડાયેલા રહે છે, ઘણીવાર

સ્વતંત્રપણે સમાધિમાં જતા રહી બે-ચાર દિવસે ફરી જાગૃત થાય છે. આ વાત સાંભળી સાધુ ઈશ્વરચરણદાસજી આશ્ચર્ય-મુગ્ધ થાય છે, ત્યાં તો સદ્‌ગુરુશ્રી ઉમેરે છે: "અનંત જીવોને શ્રીહરિજીના સુખ અને સ્વરૂપને પમાડવા માટે શ્રીહરિજીએ અબજીભાઈને આ પૃથ્વી ઉપર મોકલ્યા છે." આ સાંભળીને તો સાધુ અહો! અહો! કહી આશ્ચર્યચકિત થઈ જાય છે!

અનાદિ મુક્તારાજ અબજીભાઈના સામર્થ્યની વાત જે દિવસથી સાધુ ઈશ્વરચરણદાસજીએ સાંભળી તે દિવસથી મનમાં ને મનમાં ભાવેયુક્ત સ્તુતિપ્રાર્થના કરે છે કે એમના ક્યારે દર્શન-સમાગમ થાય? સદ્‌ગુરુશ્રી પણ એમનો આ ભાવ જાણી ગયા છે ને પોતે સાંત્વન આપે છે કે તમારો આવો ભાવ છે, તેથી જરૂર જલદીથી એ યોગ શ્રીજીમહારાજ કરાવી આપશે!

સદ્‌ગુરુશ્રી સં. ૧૯૪૨નો વસંત પંચમીનો સમૈયો મૂળીએ કરી, પોતાના મંડળે સહિત ફાગણ માસમાં અમદાવાદ મંદિરમાં મેડા ઉપરના ઇસ્પિતાલ નામે જાણીતી જગ્યામાંના પોતાના આસને પધાર્યા છે. સાધુ ઈશ્વરચરણદાસજી ઉપર સદ્‌ગુરુશ્રીનો ખૂબ રાજીપો છે; તેમના રાજીપા-રૂપી નીરથી સ્વામી ઈશ્વરચરણદાસજી ભીંજાઇ ગયા છે! શ્રી હરિરૂપ મહાસાગરના મોજાં તેમને પોતાના ઊંડાણમાં ખેંચી જઈ રહ્યા છે.

ત્યાં તો કરુણાની અનરાધાર વર્ષાની હેલી ચડી આવી! સમાચાર આવ્યા કે અનાદિ મુક્તારાજ અબજીભાઈ ૬૦૦ માણસોના પગપાળા સંઘ સાથે તીર્થ કરવા નીકળ્યા છે ને તેઓશ્રી અમદાવાદ રામનવમીના સમૈયે પધારવાના છે. વળી મૂળીથી સમાચાર આવ્યા કે કચ્છીસંઘ અંજાર દર્શન કરી માળિયા પાસેના કાજરડા ગામે પહોંચ્યો ત્યારે મુક્તારાજ

અબજીભાઈને સમાધિ થઈ ગઈ છે ને તેમને ગાડામાં સુવડાવી સંઘ ઘાંટીલા થઈ હળવદ આવ્યો, ત્યાં સમાધિમાંથી જાગૃત થાય છે. વળી મૂળી પહોંચી દેવદર્શન પછી ફરી સમાધિ થઈ જાય છે. દર્શન કરનારા સૌ કોઈની મનોવૃત્તિ ખેંચાઈ જાય છે, ને સૌને અહોભાવ થઈ જાય છે. સંઘ મૂળીએથી ગઢડા-ધોલેરા-ધોળકા તરફ ગયો.

અમદાવાદ સમાચાર આવ્યા કે જેતલપુરમાં સ.ગુ.શ્રી ધ્રુવાનંદ સ્વામીને અતિશય મંદવાડ છે ને શ્રીજીમહારાજ ગમે ત્યારે ધામમાં તેડી જાય તેવી શકયતા છે. થોડા દિવસે વળી સમાચાર આવ્યા કે કચ્છનો સંઘ ધોળકા પહોંચ્યો ત્યારે મુક્તારાજ અબજીભાઈને સદ્‌ગુરુ ધ્રુવાનંદ સ્વામીને તેડવા જઈ રહેલા શ્રીહરિના દર્શન થયા તેથી તેમણે શ્રીહરિજીને પ્રાર્થના કરી કે સંઘને તેમના દર્શન થાય તે માટે બે દિવસ રાખો. તેથી સંઘ જેતલપુર પહોંચ્યો, શ્રીઠાકોરજીના દર્શન કરી સદ્‌ગુરુશ્રીના દર્શન કર્યા ત્યાં શ્રીહરિજી અદ્‌ભુત ચમત્કાર બતાવી ધ્રુવાનંદ સ્વામીને ધામમાં તેડી ગયા, ને આકાશમાંથી ચંદનની વૃષ્ટિ થઈ, સૌ કોઈ અદ્‌ભુત ચમત્કારથી આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

હવે ચૈત્ર સુદ આઠમને દિવસે બપોરે ચાર વાગ્યે સંઘે સહિત મુક્તારાજ અબજીભાઈ અમદાવાદ મંદિરમાં પહોંચ્યા. ત્યાં શ્રીઠાકોરજીના દર્શન કરી, ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજના દર્શન કરી, સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીના આસને આવ્યા. સદ્‌ગુરુશ્રીના આસને સંત-હરિભક્તોની સભા બેઠી હતી, ત્યાં સંઘ આવ્યો, ને મુક્તારાજ અબજીભાઈ સદ્‌ગુરુશ્રીને દંડવત્ કરવા લાગ્યા. સદ્‌ગુરુશ્રીએ ઉતાવળા ઊભા થઈ 'હં! હં! આ શું કરો છો!'—એમ કહીને ઝાલી લીધા ને બાથમાં ચાંપી મળ્યા ને હાથ ઝાલી પોતાના આસન પાસે ગોદડું નખાવી તે ઉપર બેસાર્યા, ને એક હરિભક્તને તેમની સેવામાં મૂકયા.

મુક્તરાજ અબજીભાઈએ માથે મોટી પાઘડી, શરીરે જાડી ઘેરાળી આંગડી ને ખભે જાડો ખેસ રાખ્યો હતો. મુક્તરાજના પુષ્ટ ને શોભાયમાન સ્વરૂપે સ્વામી ઈશ્વરચરણદાસજીની વૃત્તિઓ તાણી લીધી. પ્રથમ દર્શને જ આનંદ-સાગર ઊભરાઈ રહ્યો!

સ્વામી ઈશ્વરચરણદાસજીએ સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીના ચાર-પાંચ માસના સતત — ચોવીસે કલાકના — સાંનિધ્યમાં એક વાતની ખાસ નોંધ કરી હતી કે સદ્‌ગુરુશ્રીને શ્રીહરિજી તથા શ્રીહરિજીના મુક્તો સિવાય સર્વત્ર સાંહજિક ઉદાસીનતા હતી, નિસ્પૃહતા હતી, વૈરાગ્યવૃત્તિ હતી. માત્ર શ્રીહરિજી અને એમના મુક્તોને વિષે જેમને અનન્ય હેત ઊભરાઈ રહ્યું છે એવા સદ્‌ગુરુશ્રી ૭૦–૭૨ વર્ષની પોતાની જૈફ ઉંમરે ૪૦–૪૨ વર્ષના મુક્તરાજ અબજીભાઈ (કે જેમને સદ્‌ગુરુશ્રી વહાલથી 'ભાઈશ્રી' કહીને બોલાવતા)ને મળીને એવો આનંદ અનુભવી રહ્યા છે કે જાણે અવર્ણનીય હોય! સદ્‌ગુરુશ્રી ભાઈશ્રીને પોતાની જોડે ને જોડે જ રાખે છે. ભાઈશ્રીને પોતે ભંડારે જમવા તેડી જાય છે, પાસે બેસીને જમાડે છે, પોતાના આસનની પાસે જ ભાઈશ્રીનું આસન કરાવે છે, મંદિરમાં દર્શને, સભામંડપમાં સભાપ્રસંગે કે પોતાના આસને ચાલતા બ્રહ્મયજ્ઞની સભામાં ભાઈશ્રી તો જોડે જ હોય. નિર્ગુણ અલૌકિક સ્નેહ જાણે એકબીજાને વિષે અવિરત નીસરી રહ્યો હોય નહીં શું! એવું લાગ્યા વિના રહે જ નહીં. સદ્‌ગુરુશ્રી સભાપ્રસંગે ભાઈશ્રી પાસે આગ્રહ કરીને વાતો કરાવરાવે. સદ્‌ગુરુશ્રી પણ સભામાં ભાઈશ્રીની મોટપ વર્ણવે. ભાઈશ્રી પણ સદ્‌ગુરુશ્રીને વિષે અલૌકિક ગુરુ-ભાવથી અતિશય મર્યાદા રાખી સન્માન કર્યા કરે. ઈશ્વર-ચરણદાસજી સ્વામીના અંતરમાં આની ઊંડી અસર પડે છે.

સ્વામી ઈશ્વરચરણદાસજી સદ્‌ગુરુશ્રીની સતત પરિચર્યામાં

રહેતા, તેથી સાહજિક રીતે તેમને સદ્‌ગુરુશ્રીની જોડે મુક્તરાજ અબજીભાઈની સેવાનો લાભ મળી જતો, અને તેમની સર્વ-ક્રિયાસાં એમને નિકટથી નિહાળવાનો અમૂલ્ય અવસર મળી ગયો. તેમણે જોયું કે મુક્તરાજશ્રી સદાકાળ શ્રીહરિસ્વરૂપે વર્તે છે, સભામાં બેઠા હોય, કથા થતી હોય ત્યારે ધ્યાનસ્થ બેઠા હોય, પોતે કથા કરતા હોય તો યે મૂર્તિમાં રહ્યા થકા જાણે બોલતા હોય, સર્વ ક્રિયા એ જ રીતે થતી જણાય.

એક રાત્રે સદ્‌ગુરુશ્રી તથા મુક્તરાજશ્રી આસને પોઢેલા હતા, સ્વામી ઈશ્વરચરણદાસજી પણ નજીકમાં જ પોતાનું આસન કરી, મુક્તરાજશ્રીની દિવ્ય સ્થિતિનો વિચાર કરતા સૂતા હતા. તે વેળાએ તેમણે સૂતા સૂતા જોયું કે મુક્તરાજશ્રી પથારીમાં બેઠા થઈ ગયા છે. તેમને પથારીમાં બેઠેલા જોઈ સદ્‌ગુરુશ્રી પણ તરત પોતાની પથારીમાં બેઠા થઈ ગયા. સદ્‌ગુરુશ્રી પૂછે છે: "ભાઈ! કાંઈ જોઈએ છે? પાણી પીશો?" ત્યારે મુક્તરાજશ્રી કહે: "બાપજી! મારે એક વાત પૂછવી છે! અહીં સભામાં આપ શ્રીહરિજીના સર્વોપરીપણા ને સર્વ અવતારના અવતારીપણાની વાતો તો ખુલ્લેખુલ્લી રીતે કરો છો તે તો મેં જોયું પણ મહારાજ પોતાના અનંત મુક્તોને પોતાની મૂર્તિમાં રાખી સુખ આપે છે તે વાત સભામાં થાય છે?" સદ્‌ગુરુશ્રી જવાબ આપે છે કે "ભાઈ! એ વાતના અનુભવી તો બહુ ઓછા છે, તેથી સભામાં તેની વાતો થતી નથી." મુક્તરાજશ્રી કહે: "સ્વામી! શ્રીજીમહારાજે એ વાત સમજાવવાનો સંકલ્પ કર્યો છે, માટે વખત આવે મહારાજ બધું ય સારું કરશે." એમ કહી બંને પાછા પોઢી ગયા! — પણ સ્વામી ઈશ્વરચરણદાસજીની ઊંઘ ઉડાડી દીધી! મુક્તો મહારાજની મૂર્તિને વિષે રહીને એ સુખ ભોગવે છે, તે વચન એમને સુખસમુદ્રના અકળ ઊંડાણ તરફ દોરી

જવા લાગ્યું. સમુદ્રના અતાગ ઊંડાણમાં ડૂબકી મારી જવાની મોજ પાસે સપાટી ઉપર તરવાની મોજ શું હિસાબમાં? પણ આ વાત દયાળુ સદ્‌ગુરુશ્રીએ હજી સુધી કેમ ન કહી? પ્રશ્ન છે, પણ જવાબ નથી! જવાબ આપનારા હાજર છે પણ મર્યાદા નડે છે તેથી પ્રશ્ન પૂછી શકાતો નથી! પણ જવાબ મેળવ્યા વિના ચેન નથી! પાણીમાં રહેવા છતાં માછલી તરફડે છે!!

રામનવમીનો સમૈયો કરી, બારશના દિવસે સંઘ તરફથી મંદિરમાં સૌને રસોઈ જમાડી, તેરસની સવારે સંઘ સાથે મુક્તરાજ અબજીભાઈએ વડતાલ જવાની તૈયારી કરી, સદ્‌ગુરુશ્રીની રજા માગી. સદ્‌ગુરુશ્રીએ કહ્યું : "ભાઈ! તમને મારે એટલી ભલામણ કરવી છે જે અમારા જેટલા સાધુ છે તે બધાને તમારા માનીને તે સૌને સાચવજો." મુક્તરાજશ્રી કહે : "સ્વામી! તમારી બધી વાત હું જાણું છું. તમારું મંડળ ને અમારું મંડળ ક્યાં જુદું છે? આપણે તો મહારાજના ઠરાવે ઠરાવ છે. મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રહ્યા છે, તે વાત આપણા ગુરુ સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી તથા અનાદિ મુક્તરાજ સ. ગુ. શ્રી સ્વરૂપાનંદ સ્વામી, વ્યાપકાનંદ સ્વામી જેવા મોટામોટા સંતો તથા પર્વતભાઈ જેવા મહાસમર્થ અનાદિમુક્તો કરતા ત્યારે કેટલાક ને સમજતા જ નહીં. હવે તેવા મુમુક્ષુઓ ફરી સત્સંગમાં આવ્યા છે ને આ વાતને સમજી શકશે, નવાને તો હજી એ વાત મનાતી નથી. પણ આ વખતે મહારાજે અનાદિ મુક્તની વાત સમજાવવા ધાર્યું છે, તે સમજાવશે. શ્રીજીમહારાજના સંકલ્પને કોણ રોકનાર છે?" સદ્‌ગુરુશ્રી ઘણા રાજી થયા ને વિદાય આપી.

સ્વામી ઈશ્વરચરણદાસજીને મનમાં એક જ વાત ઘૂમે છે : ક્યારે સદ્‌ગુરુશ્રીની સાથે એકાંત મળે ને ક્યારે આ વાત પૂછું કે મૂર્તિમાં મુક્તો રહે છે તે શું? અવસર સાંપડતા

જ એ પ્રશ્ન પૂછ્યો. સદ્‌ગુરુશ્રી કહે : "શ્રીહરિજીને વિષે અતિ સ્નેહે કરીને જોડાનારા મુક્તોને શ્રીહરિજી પોતાના જેવા દિવ્ય સાકાર કરી – સાકારપણે જ પોતાની મૂર્તિમાં રસબસ ભાવે રાખી મૂર્તિનું અનુપમ સુખ આપે છે. દૂધમાં જેમ સાકર ભળી જાય તેમ. આમ શ્રીહરિજીને વિષે મુક્તાને રોમેરોમ ઓતપ્રોતતા થઈ જાય છે. આવી સ્થિતિ એ જ અનાદિ મુક્તાની સ્થિતિ. પણ જ્યાં સુધી શ્રીહરિજીનું જેવું છે તેવું અદ્‌ભુત માહાત્મ્ય જાણ્યું ન હોય અને અણિશુદ્ધ આજ્ઞાપાલન ન હોય ને મોટામુક્તોને વિષે આપોપું કરી તેમને રાજી ન કર્યા હોય ત્યાં સુધી એ સ્થિતિ થતી નથી. અમે તો સદાય એ જ સ્થિતિમાં વર્તીએ છીએ, પણ બીજાને ખમાય નહીં તેથી આ વાત સભામાં કરતા નથી. તમને યથાકાળે તે સમજાઈ જશે, અનુભવમાં પણ આવશે."

સ્વામી ઈશ્વરચરણદાસજીનું અંતર ધન્યતા અનુભવી રહ્યું છે. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીનો સર્વોપરી નિશ્ચય અતિ દઢ થઈ ચૂક્યો છે, આજ્ઞાપાલન સહજ થઈ ગયું છે, સદ્‌-ગુરુશ્રીને વિષે આત્મબુદ્ધિ હતી જ, ને વળી મુક્તારાજ અબજીભાઈના પ્રથમ દર્શનથી એમના તરફ વૃત્તિઓ ખેંચાઈ જઈ આત્મબુદ્ધિ દઢ થઈ ગઈ છે. શ્રીહરિજીનું ધ્યાન કરતાં કરતાં હેત ને સ્નેહ ઉભરાય છે.

સંવત ૧૯૪૩ની સાલ બેઠી. આનંદના સમાચાર આવ્યા : સદ્‌ગુરુશ્રીએ કચ્છદેશમાં વિચરણ કરવાનું નક્કી કર્યું છે. સદ્‌ગુરુશ્રી પોતાના મંડળે સહિત ભુજનગર પધાર્યા. શ્રી ઠાકોરજીના દર્શન કર્યા, સ. ગુ. શ્રી અક્ષરજીવનદાસજી જેવા સમર્થ મુક્તાના દર્શન કર્યા, આનંદ છલકાઈ રહ્યો છે. થોડા દિવસે સમાચાર આવ્યા કે માંડવીના મુક્તારાજ લક્ષ્મીરામ-ભાઈ બળદિયા મુક્તારાજ અબજીભાઈ પાસે પધાર્યા છે.

સ. ગુ. શ્રી નિર્ગુણદાસજી સ્વામી સ. ગુ. શ્રી અક્ષરજીવન-દાસજી સ્વામી સહિત બળદિયા પધાર્યા. વૃષપુર (બળદિયા) ગામ દિવ્યતામાં ડૂબી ગયું ! સ્વામી ઈશ્વરચરણદાસજી તો રાજી રાજી થઈ ગયા. રુંવાડે રુંવાડે દિવ્યતા અનુભવવા લાગ્યા છે !

સભામાં કથા થતી હોય તો ય દિવ્યતા, કથાની સમાપ્તિ થાય ને મુક્તો ધ્યાનસ્થ બેઠા હોય તો ય દિવ્યતા, રમૂજમાં આવી એકબીજાની સેવા કરતા-કરાવતા હોય તો ય દિવ્યતા, પળે-પળ ને ક્ષણે-ક્ષણ દિવ્યતા જ જણાય.

વૃષપુરના મંદિરમાં મુક્તો બિરાજ્યા છે, ને સંત-હરિભક્તો-ની સભા ભરાઈને બેઠી છે, ને વચનામૃતની કથા વંચાય છે. સારંગપુર પ્રકરણના ૧૧મા વચનામૃતમાં વાત આવી કે 'ભગવાન કૃપા કરે ત્યારે ભગવાનના તુલ્યપણાને પામે છે.' સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી સભામાં વાત કરે છે :

"ભગવાનના તુલ્યપણાની આ વાત તે મૂર્તિમાં રહેવાની વાત. તે વાતો મેં ગોપાળાનંદ સ્વામી થકી જે સાંભળી છે તે કહું છું :

એક સમયે શ્રીજીમહારાજ રાત્રિને વિષે સુરા ખાચરના ઓરડામાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા, ને પાસે ગોપાળા-નંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી આદિ મોટા મોટા સંતો બેઠા હતા. પછી શ્રીજીમહારાજ બહુ પ્રસન્નતા જણાવીને બોલ્યા કે સંતો ! પ્રશ્ન પૂછો. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ પૂછ્યું :

(૧) હે મહારાજ ! જે મુક્ત મૂર્તિમાં રહે છે તે મૂર્તિ-માન થકા મૂર્તિમાં રહે છે કે નિરાકાર થકા મૂર્તિમાં રહે છે ?

શ્રીજીમહારાજ કહે : જે મુક્ત અમારી મૂર્તિમાં રહે છે તેમને કૈવલ્ય મુક્ત કે અનાદિ મુક્ત કહે છે. તે મુક્તો

મૂર્તિમાન છે ને મૂર્તિમાન થકા જ અમારી મૂર્તિમાં રહે છે, નિરાકાર થઈને રહેતા નથી. અમારી પેઠે જ એ મુક્તો સદાય દિવ્ય સાકાર મૂર્તિ છે.

(૨) વળી પ્રશ્ન પૂછ્યો : મૂર્તિમાં રહેનારા મુક્તો સમગ્ર મૂર્તિમાં રહે છે કે એક અંગમાં રહે છે?

શ્રીજીમહારાજ કહે : તે અનાદિ મુક્તો અમારી મૂર્તિમાં મસ્તકથી ચરણ પર્યંત સમગ્ર મૂર્તિમાં રહે છે, પણ મુખ, છાતી કે ચરણ એમ એક અંગમાં રહેતા નથી.

(૩) વળી પ્રશ્ન પૂછ્યો : એ અનાદિ મુક્તો અખંડ મૂર્તિમાં રહે છે કે ક્યારેક મૂર્તિમાં રહે છે ને ક્યારેક મૂર્તિથી બહાર પણ રહે છે?

શ્રીજીમહારાજ કહે : એ અનાદિ મુક્તો અખંડ મૂર્તિમાં રહે છે પણ મૂર્તિથી બહાર આવતા નથી, ને અમે અમારી ઈચ્છાથી અનાદિ મુક્તોને જીવના કલ્યાણ સારુ પ્રગટ કરીએ છીએ; અનાદિ મુક્ત અમારી ઈચ્છાથી અમારી મૂર્તિમાં રહ્યા થકા જ દેખાય છે, પણ આવતા-જતા નથી. વળી અનાદિ મુક્ત અતિશય હેતે કરીને ક્યારેક ભગવાનમાં લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકા ભગવાનની સેવામાં રહે છે તેમ જે કહ્યું (સારંગપુર ૧૧) તે પણ અમારી મૂર્તિમાં રહ્યા થકા જ અમારી ઈચ્છાથી બ્રહ્માંડમાં દર્શન દે છે ને જીવોની મોક્ષ કરવા રૂપી સેવા કરે છે.

(૪) ગોપાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો : મૂર્તિમાં રહેનારા મુક્તો ને સન્મુખ રહેનારા મુક્તોમાં કેટલો ભેદ છે?

શ્રીજીમહારાજ કહે : અમારી મૂર્તિમાં રહેનારા મુક્તોને અનાદિ મુક્તો કહે છે અને અમારી મૂર્તિની સન્મુખ રહેનારા મુક્તોને વિદેહી કે પરમ એકાંતિક મુક્તો કહે છે, તેમને વિષે ઘણો ભેદ છે. અનંત કોટિ અનાદિ મુક્ત છે તેમની સ્થિતિ પરમ એકાંતિકથી અતિ અધિક છે. અનાદિ

મુક્ત તો મૂર્તિમાં છે, છે ને છે જ. અનાદિ મુક્તને અમારુ માહાત્મ્ય તથા અમારા વિષે પ્રેમ પરમ એકાંતિક મુક્તથી ઘણા અધિક છે ને અનાદિ મુક્ત તો અમારા રૂપ છે ને અમારી સમગ્ર મૂર્તિમાં લીન રહ્યા થકા સમગ્ર મૂર્તિનું નવીન નવીન સુખ ભોગવે છે. પરમ એકાંતિક મુક્તથી અનાદિ મુક્તને સુખ ઘણું અધિક છે.

(૫) વળી પ્રશ્ન પૂછયો : હે મહારાજ! અનાદિ મુક્ત તમારામાં લીન રહે છે તે અનાદિ મુક્તને તમારે વિષે દાસ-ભાવ કેવી રીતે રહે છે?

શ્રીજીમહારાજ કહે : અનાદિ મુક્ત જેમ અમારો મહિમા અધિક જાણે છે તેમ જ અમારે વિષે દાસભાવ પણ પરમ એકાંતિકથી અતિ અધિક રહે છે, કેમ કે જેનું સુખ આવે તેને વિષે દાસભાવ રહે જ. પરમ એકાંતિક મુક્તનો સમૂહ પણ અનંત ને અપાર છે ને તે મધ્યે હું બિરાજમાન છું ને સર્વે મુક્તને પાસે ને સન્મુખ દેખાઉં છું, એવું મારું અલૌકિકપણું છે, ને તે પરમ એકાંતિક મુક્તને પણ ઊંચું-નીચું તથા પડખે-કેડે એવો ભાવ નથી તથા દેહ-દેહી ભાવ નથી. દિવ્ય વિગ્રહ ને ચૈતન્યઘન અને દિવ્ય મૂર્તિઓ છે ને જેમ વૃક્ષ સાથે છાલ ચોટી છે તેમ મારી મૂર્તિ સાથે બહારથી જોડાઈ ગયા છે, પણ અનાદિ મુક્તની પેઠે પરમ એકાંતિક મુક્તને મારી મૂર્તિમાં લીન રહેવાની ગતિ નથી, તે મુક્તને સુખ તથા દાસભાવ અનાદિ મુક્તથી ન્યૂન છે. સર્વોત્તમ સ્થિતિ અનાદિ મુક્તની છે ને અનાદિ મુક્ત મૂર્તિ સ્વરૂપ છે.

(૬) વળી પ્રશ્ન પૂછયો : હે મહારાજ! તમારા ભેગા તમારી મૂર્તિમાં કેટલાક મુક્ત અનાદિ કાળથી રહે છે. તેઓ

અનાદિ મુક્ત કહેવાય છે તે તો બરાબર છે, પણ જે તમોને ભજીને નવા મુક્ત થયા તેઓ અનાદિ કેમ કહેવાય?

શ્રીજીમહારાજે કહ્યું : નવાને અનાદિ કહેવાય છે તેનું કારણ એ છે કે જે મુક્ત અમારી મૂર્તિમાં રહે છે તે મુક્તની અનાદિ મુક્ત એવી સંજ્ઞા છે, ને કૈવલ્ય મુક્ત તથા નિત્ય મુક્ત ને સર્વાત્માબ્રહ્મ તે પણ અનાદિ મુક્તને જ કહ્યા છે. વળી નવા મુક્ત અનાદિ કહેવાય છે, તે શાથી તો, અનાદિ મુક્તને આદિભાવ અમે ભૂલવી દઈએ છીએ, તેથી તે મુક્તને 'હું અનાદિ કાળથી મૂર્તિમાં જ છું' — એમ વર્તે છે, જેથી નવા મુક્ત મૂર્તિમાં આવે છે તે સર્વેને પણ અનાદિ કહેવાય છે ને તે મુક્તને અમે જ એક દેખાઈએ છીએ, માટે કૈવલ્ય-મુક્ત છે ને અમારા સિવાય અન્ય સર્વથી પર ને મોટા છે તેથી સર્વાત્માબ્રહ્મ કહેવાય છે. વળી, અનાદિ એવા ભગવાનમાં તે અમે – અમારામાં રહે છે ને અમારારૂપ – ભગવાનરૂપ – છે માટે અમને લઈને અનાદિ મુક્ત કહેવાય છે.

આ રીતે શ્રીજીમહારાજે પ્રશ્નોના ઉત્તર કર્યા પછી, પોતે વાત કરી : કેટલાક સ્થૂળ દષ્ટિવાળાને શંકા થાય છે કે એક મૂર્તિમાં અનેક મુક્તો કેમ રહી શકે? તેનો ઉત્તર એ છે કે અમારી મૂર્તિ તો દિવ્ય, અકળિત ને અમાપ છે ને મૂર્તિની ગતિ તો મૂર્તિમાં રહેનારા મુક્તો જ જાણે છે. આવી રીતે શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામી આદિ સંત મંડળને વાત કરી હતી અને ગોપાળાનંદ સ્વામીએ મને કરી હતી, તે મેં તમને કહી.

વળી, સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીએ વાત કરી કે : "અનાદિ મુક્તની સ્થિતિની વાત સમજવી ઘણી કઠણ છે તેથી કરીને વિસ્તારથી લખાણી નથી પણ ઘણાંક વચનામૃતમાં તથા સત્સંગી ભૂષણ, બ્રહ્મસૂત્રભાષ્ય, ભક્તચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય વગેરે ગ્રંથોમાં તથા સદ્‌ગુરુઓના કીર્તનોમાં, સદ્‌ગુરુઓની

વાતોમાં અનાદિ મુક્તાની સ્થિતિ – મૂર્તિમાં રહેવાની વાતનો સ્પષ્ટ ઉલ્લેખ છે.”

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીની અદ્‌ભુત વાતો સાંભળીને સ્વામી ઈશ્વરચરણદાસજી મંત્રમુગ્ધ જ થઈ ગયા. શ્રીજીમહારાજની મૂર્તિને વિષે રહીને મૂર્તિનું સુખ માણવું – તે સર્વોચ્ચ સુખની આત્યંતિક સ્થિતિ છે, તે વાતની સમજણ અને એ સ્થિતિનો અનુભવ જેમના જીવનમાં પળેપળે જોવા મળે છે તેવા સિદ્ધમુક્તોના સાંનિધ્યથી સ્વામી ઈશ્વરચરણદાસજી પરમ ધન્યતા અનુભવી રહ્યા છે.

હવે મુક્તરાજ અબજીભાઈની રજા લઈને સંત-હરિભક્ત મંડળ વીખરાયું. સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી પોતાના મંડળે સહિત કચ્છના ગામોમાં ફરી ભુજ થઈ અમદાવાદ આવ્યા.

સં. ૧૯૪૪ની સાલ ચાલુ થઈ છે. શ્રીહરિજીના સુખને સદા કાળ માણી રહેલા પોતાના ગુરુશ્રીની સેવામાં સ્વામી ઈશ્વરચરણદાસજી મન, કર્મ, વચનથી રત રહે છે. સદ્‌ગુરુશ્રીની રુચિ જાણી રાખીને સતત તે મુજબ સેવા કરી તેમને રાજી કરે છે. સદ્‌ગુરુશ્રીનું તો એક જ કાર્ય છે – કેવી રીતે વધુ ને વધુ જીવો શ્રીહરિજીના અદ્‌ભુત ને સર્વોપરી સ્વરૂપમાં જોડાય. શ્રીહરિજીમાં જોડવાનો બ્રહ્મયજ્ઞ સતત ચાલુ છે. સ્વામી ઈશ્વરચરણદાસજી પણ એ દિવ્યયજ્ઞના ઉત્તમ પુરોહિત બની રહ્યા છે. મૂળી મંદિરના સંત-હરિભક્તોના વિનંતિ-પત્રો આવે છે કે સદ્‌ગુરુશ્રી આ વર્ષે ચાતુર્માસ કરવા મૂળી પધારે તો સૌને તેમનો અમૂલો લાભ મળે. સદ્‌ગુરુશ્રી એ વિનંતી સ્વીકારીને અષાડ સુદમાં પોતાના મંડળે સહિત મૂળી પધાર્યા. શ્રીઠાકોરજીના દર્શન કર્યા. મૂળીના મોટેરા સંતો – સદ્‌ગુરુ રામમનોહરદાસજી, સદ્‌ગુરુ હરિનારાયણદાસજી, સદ્‌ગુરુ બાળકૃષ્ણદાસજી, પુરાણી શ્રીકૃષ્ણદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, વગેરે – સદ્‌ગુરુશ્રી નિર્ગુણદાસજી સ્વામીના આગમનથી અતિ

રાજી થયા. ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લા)ના હરિભક્તોને જાણ થતાં સદ્‌ગુરુશ્રીના જોગ સમાગમ માટે સૌ આવવા લાગ્યા. સ્વામી ઈશ્વરચરણદાસજીને મનમાં તો બસ એક જ અભિલાષા વર્તે છેઃ આવો સમુદાય ભેગો થયો છે તેમાં મુક્તરાજ અબજીભાઈ અત્યારે અહીં પધારે તો કેવું સારું ? સદ્‌ગુરુશ્રી અંતર્યામીપણે આ વાત જાણી ગયા હોય તેમ સ્વામી ઈશ્વર-ચરણદાસજીને પોતાની પાસે બોલાવી વૃષપુર મુક્તરાજ અબજી ભાઈ ઉપર કાગળ લખાવ્યો ! સદ્‌ગુરુશ્રીએ મુક્તરાજશ્રીને મૂળીએ તેડાવ્યા. મુક્તરાજ અબજીભાઈ સદ્‌ગુરુશ્રીને વિષે ગુરુ-ભાવ જણાવતા, તેથી તરત પત્રનો જવાબ લખી, અન્ય કચ્છી હરિભક્તોએ સહિત મૂળી પધાર્યા. ફરી પાછો બ્રહ્મરસની મોજ માણવાનો સુંદર અવસર આવી ગયો !

સ્વામી ઈશ્વરચરણદાસજીને તો બંને મુક્તોની સ્થિતિની જાણ થઈ ગઈ હતી, તેથી બંનેનો વધુ ને વધુ લાભ લેવા માંડ્યો. અને આ સંગમ જ અલૌકિક હતો. "વૃત્તિઓ ખેંચી લઈ ભગવત્સ્વરૂપમાં થીજાવી દે તેવા મુક્તોનું સાંનિધ્ય, પરમસુખરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજના દર્શન ને મૂળી જેવું અલૌકિક દિવ્ય ધામ." સ્વામી ઈશ્વરચરણદાસજીને તો એ રસમાં ગરકીવ થઈ જતા અહો ! અહો ! થઈ ગયું ! બંને મુક્તોનો અટળક રાજીપો સતત વરસી રહ્યો છે.

શ્રીઠાકોરજીના દર્શન વખતે, સભામંડપમાં પાંચ વારની કથામાં, ભંડારના જૂના મેડે, સદ્‌ગુરુશ્રીના આસને, સભામાં અખંડ બ્રહ્મયજ્ઞ થયા કરે છે. સર્વે સંતમંડળ – હરિભક્તમંડળ આ બ્રહ્મયજ્ઞમાં ઝીલ્યા કરે છે.

એકવાર સદ્‌ગુરુશ્રીએ મુક્તરાજ અબજીભાઈ પાસે વાત કરાવવા પોતે તેમને પ્રશ્ન પૂછ્યો : "અનાદિ મુક્ત મૂર્તિમાં કેવી રીતે રહે છે ?" મુક્તરાજશ્રી બોલ્યા : "સ્વામી ! શ્રીજી-મહારાજનું ધ્યાન કરતાં કરતાં જ્યારે જીવ શ્રીજીમહારાજરૂપ થાય

ત્યારે શ્રીજીમહારાજ તેને પોતાની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન આપે છે ને અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં ખેંચી લે છે. ત્યારે એ મુક્તને મૂર્તિમાં અતિ અપાર સુખ આવે છે; એ સુખની હદ નથી, જે આટલું જ સુખ અને અનંત અનાદિ મુક્ત અનંત કોટિ કલ્પથી એ સુખમાં રમણ કરે છે, તો પણ એ સુખનો પાર પામતા નથી; એ અપાર ને અપાર રહે છે; તેનું વર્ણન શું કરાય ! એવા શ્રીજીમહારાજ સુખના સાગર છે; અનાદિ મુક્ત એ સાગરમાં ડૂબ્યા જ રહે છે. એવા અનાદિ મુક્તના જોગ–સમાગમ ને રાજીપાથી એ મૂર્તિમાં પહોંચાય છે." સભામાં બેઠેલા સૌ કોઈ શ્રીજીમૂર્તિના અપાર સુખમાં જાણે થીજી રહ્યા છે !

સ્વામી ઈશ્વરચરણદાસજીને બ્રહ્મયજ્ઞમાં ઝીલવા ઉપરાંત એક વિશેષ લાભ હતો – તે બંને મુક્તોની અંગસેવામાં રહેવાનો. નહાવા-ધોવામાં, જમવામાં, પાણી પીવામાં, આસન કરવામાં – દરેક સેવાનો લાભ લેવાનો સતત ખટકો રાખતા. સદ્‌ગુરુશ્રીએ પોતે જ એક વાર પોતાના સાધુને પાસે બેસારીને આ વાત કહી :

"અમે અનાદિ મુક્તરાજ સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી ભેળા રહેતા, ત્યારે જાણે શ્રીજીમહારાજ ભેળા છીએ એમ જ લાગતું, કેમકે મહારાજના લાડીલા અનાદિ મુક્ત ભેળા મહારાજ અખંડ હોય જ. તમારે પણ આ અબજીભાઈશ્રીમાં એવો દિવ્યભાવ રાખવો જે એ જ્યાં હોય ત્યાં શ્રીજીમહારાજ હોય જ. જ્યારે એ વાતો કરે છે ત્યારે "સંત બોલે તે ભેળો હું બોલું રે," – એ પ્રમાણે મૂર્તિના જ શબ્દો આવે છે. અનુભવી હોય તે જાણે, પણ એવા અનુભવી બધા ય ક્યાંથી હોય ? તમે આ વાત જાળવજો ને ભાઈશ્રીનો રાજીપો ખૂબ મેળવજો. અમારો ને એમનો સંકેત ભેળો છે. આગળ જતાં એમનો પ્રતાપ તથા સામર્થ્ય જેમ છે તેમ સૌને

જણાશે. અનાદિ મુક્ત એક હોય ને બીજા લાખો-કરોડો હોય પણ એ એકની તુલ્ય કોઈથી ન થવાય. એવા આ મુક્ત મોટા છે.'' સ્વામી ઈશ્વરચરણદાસજીની સમજણ ઉપર સદ્‌ગુરુશ્રીએ પોતે જ સંમતિની મહોર મારી!

મૂળીના એક માસના રોકાણ દરમ્યાન મુક્તરાજશ્રીને ત્રણ દિવસ સુધી સમાધિ રહી. સૌ સંત-હરિભક્ત દર્શન કરી રાજી થયા. આમ સંવત ૧૯૪૪ના ચાતુર્માસમાં મૂળીમાં અઢળક લાભ મળ્યો.

સ્વામી ઈશ્વરચરણદાસજી સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીની સેવા કરતા કરતા શ્રીહરિજીની મૂર્તિમાં જ થીજીને રહેવા લાગ્યા. અનુભવજ્ઞાન વિલસી રહ્યું! સદ્‌ગુરુશ્રી સાથે ગામેગામ ફરવાનું થાય છે, પણ પોતે તો જાણે મૂર્તિમાં રહીને જ ફરે છે, હરે છે, સેવા કરે છે, એવો અનુભવ અવિચ્છિન્ન-પણે કરવા લાગ્યા.

સંવત ૧૯૪૭ની સાલમાં સ્વામી ઈશ્વરચરણદાસજીને સદ્‌ગુરુશ્રી સાથે જેતલપુર જવાનું થયું. પૂર્વાશ્રમના ભાઈ કસીભાઈ પાર્ષદ થઈને ત્યાં મંદિરમાં રહ્યા હતા. સ્વામી ઈશ્વરચરણદાસજીએ એમને પોતાને મળેલા અમૂલ્ય લાભની વાત કરી, સમજાવી દીધું કે મૂર્તિરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિમાં લુબ્ધ થઈ રહેવું, મૂર્તિમાંથી ક્યારેય જુદાં ન પડવું, તદ્રુપ – તન્મય, રસબસ. કસીભાઈ તો જાણે આ વચનો સાંભળવાની જ રાહ જોઈને બેઠા હોય એવું થયું. પોતાના આસને જઈ કસીભાઈ એ રીતે શ્રીહરિસ્વરૂપમાં અતિ સ્નેહે જોડાઈ ગયા. સમગ્ર અસ્તિત્વ પલટાઈ ગયું, અપરોક્ષ અનુભવના મહાસાગરમાં ઊંડા ઊતરી ગયા! પંદર-વીસ દિવસમાં તો ભૌતિક દેહનો ત્યાગ કરી શ્રીહરિજીના પરમ અદ્‌ભુત સુખમાં જ સમાઈ ગયા.

સં. ૧૯૪૮ની સાલ બેઠી છે. સદ્‌ગુરુશ્રી નિર્ગુણદાસજી

સ્વામીને અઠ્યોતેરમું વર્ષ આલે છે. પોતે શ્રીહરિજીની સેવામાં ને તેમની પ્રસન્નતાર્થે પોતાના દેહને સદાકાળ પ્રયોજ્યો છે. હવે દેહ વૃદ્ધ થયો છે, અંગો શિથિલ થયા છે, મંદવાડ અવારનવાર દેખા દે છે. પોતાના મંડળના સર્વે સાધુઓ તથા હેતવાળા હરિભક્તો સદ્‌ગુરુશ્રીની સેવામાં ખડે પગે રહે છે. તેઓ સૌ જાણે છે કે શ્રીહરિજીના પરમ લાડીલા આવા અનાદિ મુક્તાની સેવા તે શ્રીહરિજીની સેવારૂપ જ છે, આ સેવાનો લાભ અલભ્ય છે, આપણને સેવાનો લાભ આપવા માટે જ આ મંદવાડ-લીલા સ્વામીશ્રી દેખાડે છે.

સદ્‌ગુરુશ્રીનો મંદવાડના સમાચાર ગામેગામ પ્રસરતા જાય છે, ને ગામેગામથી હેતુરુચિવાળા હરિભક્તો દર્શન સેવાના લાભ માટે આવે છે. કચ્છમાં માંડવીબંદરે રહેતા મુક્તરાજ લક્ષ્મીરામભાઇ સદ્‌ગુરુશ્રીના દર્શને આવ્યા. સદ્‌ગુરુશ્રી એમના આવવાથી બહુ રાજી થયા. સ્વામી ઈશ્વરચરણદાસજી મુક્તરાજ લક્ષ્મીરામભાઇને અગાઉ બળદિયા (વૃષપુર)માં મળેલા તેથી એકાંતે બેસીને મુક્તરાજ અબજીભાઇના સમાચાર પૂછે છે. લક્ષ્મીરામભાઈ કહે : “અબજીભાઇની શી વાત! એ તે દિવ્ય સ્વરૂપ છે. શ્રીજીમહારાજે એમને અનેક જીવોના મોક્ષને માટે મોકલ્યા છે. તે તો મહારાજની અખંડ ભેળા ને ભેળા જ છે.” આમ લક્ષ્મીરામભાઇ ઘણા દિવસો સુધી સદ્‌ગુરુશ્રી પાસે રહ્યા. સ્વામી ઇશ્વરચરણદાસજીએ પણ એ દિવસો દરમ્યાન એમની પાસેથી શ્રીજીમહારાજ, સદ્‌ગુરુશ્રી અને મુક્તરાજ શ્રી અબજીબાપાના મહિમાની વાતો સાંભળ્યા કરી. તેમની સાથે લક્ષ્મીરામભાઇને પણ ખૂબ હેત થઇ ગયું. જાણે પૂર્વનું દિવ્ય હેત !

જેઠ માસમાં સદ્‌ગુરુશ્રીને વધુ મંદવાડ જણાય છે. ત્યાં કચ્છમાંથી સમાચાર આવ્યા કે મુક્તરાજ શ્રી અબજીભાઇને પણ શરીરે મંદવાડ જણાય છે. સદ્‌ગુરુશ્રી તે સમાચાર સાંભળી

ઘણા દિલગીર થયા, ને તાત્કાલિક સ્વામી ઈશ્વરચરણદાજીને બોલાવી મુક્તારાજશ્રી ઉપર તબિયતના ખબર પૂછાવતો પત્ર લખાવ્યો. વળી, ભૂજમાં સ. ગુ. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી ઉપર પણ પત્ર લખાવ્યો કે બે સાધુને બળદિયા ગામે મોકલી મુક્તારાજ અબજીભાઈની મંદવાડમાં બરાબર સેવા કરાવજો. તેમનો ખાટલો મંદિરમાં લેવરાવી બરાબર ધ્યાન રખાવજો.

દિવસો ઉપર દિવસો વિતવા લાગ્યા. સદ્‌ગુરુશ્રી પોતે મંદવાડના આસને સૂતા સૂતા રોજ મુક્તારાજશ્રીના સમાચારની રાહ જુએ છે. સ્વામી ઈશ્વરચરણદાસજી સદ્‌ગુરુશ્રીની આ અંતરવેદનાના મૂક સાક્ષી બની રહ્યા છે. પોતે પણ એ જ પ્રકારની અંતરવેદના અનુભવી રહ્યા છે. એમ કરતા લગભગ મહિનો પૂરો થવા આવ્યો. ભુજ મંદિરથી સ. ગુ. શ્રી અક્ષરજીવનદાસજીનો પત્ર આવ્યો કે શ્રીજીમહારાજની કૃપાથી હવે મુક્તારાજ અબજીભાઈને શરીરે ઠીક થયું છે. સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી એ જાણી આનંદ પામ્યા, ને સ્વામી ઈશ્વરચરણદાસજીને બોલાવી બળદિયા પત્ર લખાવે છે કે તમોને હવે શરીરે સારું છે તે જાણી અમને ખૂબ આનંદ થયો છે. અહીં મારે શરીરે અવસ્થા ને મંદવાડ છે તો જરૂરથી અહીં આવવાનું રાખશો. સ્વામી ઈશ્વરચરણદાસજી કાગળ લખતા લખતા વિચારે છે કે સદ્‌ગુરુશ્રીને મારા અંતરની કેવી રીતે ખબર પડી જાય છે! મારા અંતરના ભાવ એ જ હતા કે મુક્તારાજશ્રી અહીં પધારે તો કેવું સારું! હવે સદ્‌ગુરુશ્રીએ તેડાવ્યા છે તેથી મુક્તારાજશ્રી આવ્યા વિના નહીં રહે.

સ્વામી ઈશ્વરચરણદાસજી સદ્‌ગુરુશ્રીની સેવામાં છે. રોજે રાહ જુએ છે કે કચ્છીસંઘ આવ્યો? થોડા દિવસો થયા ત્યાં સંતો ને હરિભક્તોનો કચ્છનો સંઘ–આવ્યો. શ્રીઠાકોરજીના દર્શન કરી સૌ સદ્‌ગુરુશ્રીના દર્શને આવ્યા. સ્વામી ઈશ્વરચરણદાસજી સદ્‌ગુરુશ્રીના આસને તેમની સેવામાં બેઠેલા છે.

સદ્‌ગુરુશ્રી પોતાના ચશ્મા પહેરે છે. સૌ દંડવત્ કરીને સદ્‌ગુરુશ્રી પાસે આવે છે. એક પછી એક સૌને જોઇને સદ્‌ગુરુશ્રીએ જાણ્યું કે મુક્તરાજ અબજીભાઈ તો આમની સાથે આવ્યા નથી. સદ્‌ગુરુશ્રી નિરાશ થયા છે. પોતે પૂછે છે : "તમે સર્વે આવ્યા પણ અમારા મુક્તરાજ ભાઈશ્રી ક્યાં ? એ કેમ ન આવ્યા ?" સદ્‌ગુરુશ્રી જાણે સ્વામી ઈશ્વરચરણદાસજીના અંતરના અવાજનો પડઘો પાડી સૌને જણાવતા ન હોય ! સંઘના હરિભક્તો કહે : "સ્વામી ! ભાઈશ્રીને તો બહુ મંદવાડ ગયો. સત્તાવીસ દિવસે તો કાંઈ પણ ખાધા-પીધા વિના ઊંડા ઉતરેલા રહ્યા. હાલ અતિશય અશક્તિ જણાય છે. ઊભા થતા લથડિયાં આવે તેવું શરીર થઈ ગયું છે. મુસાફરીનો હડદો નહીં ખમી શકે તેમ જાણી અમે અળસાવ્યા. આપને ઘણા હેતથી જયશ્રી સ્વામિનારાયણ કહ્યા છે ને કહ્યું છે કે મારી વતી સ્વામીશ્રીને દંડવત્ કરી મળજો." સદ્‌ગુરુશ્રી કહે : "તેમને તો સર્વેનો મંદવાડ મટાડીને મૂર્તિના સુખે સુખિયા કરવા શ્રીજીમહારાજે રાખ્યા છે, તે તમે ભલે કહો, તે અહીં આવીને દર્શન દેશે !" સ્વામી ઈશ્વરચરણદાસજી તો સદ્‌ગુરુશ્રીના આ વચનો સાંભળી રાજી રાજી થઈ ગયા. મુક્તરાજશ્રીના મંદવાડના સમાચારથી થયેલી ગ્લાનિ તરત જ દૂર થઈ ગઈ.

બીજે દિવસે સાધુમંડળે રસોઈ તૈયાર કરી સદ્‌ગુરુશ્રીને ઠાકોરજી જમાડવાનું પૂછ્યું, તો કહે : "અમે તો મુક્તરાજ ભાઈશ્રી આવ્યા પછી એમની સાથે ઠાકોરજી જમાડીશું !" સૌને આશ્ચર્ય થયું. થોડી વારે રેલ્વે સ્ટેશને સામે મોકલેલા હરિભક્તો આવ્યા ને સમાચાર લાવ્યા કે મુક્તરાજશ્રી આવી ગયા છે ને મંદિરમાં દર્શને ગયા છે. સદ્‌ગુરુશ્રીએ તો જાણે મંદવાડને રજા દઈ દીધી ! મુક્તરાજશ્રીએ આવીને દંડવત્ કરવા માંડ્યા ત્યારે સદ્‌ગુરુશ્રી પોતાના આસનેથી ઊભા થઈ ગયા, બાથમાં લઈ મળ્યા. સદ્‌ગુરુશ્રી અને મુક્તરાજશ્રી

વચ્ચેનું અરસપરસનું હેત નિહાળી સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સૌ હરિભક્તો અહોભાવ અનુભવવા લાગ્યા. સદ્‌ગુરુશ્રીની આજ્ઞાથી મુક્તારાજશ્રીને સ્નાન કરાવરાવ્યું, પછી બંનેને હેતે કરીને થાળ પીરસી જમાડ્યા.

સદ્‌ગુરુશ્રી તથા મુક્તારાજશ્રી આસને બેઠા વાતો કરે છે. સ્વામી ઈશ્વરચરણદાસજી અને બીજા સંતો એકરસ થઈ સાંભળે છે. મુક્તારાજશ્રી કહે : "બાપજી! સત્તાવીસ દિવસ સુધી શ્રીજીમહારાજ આગળ વાતો ચાલી. મારી વિનંતી હતી કે મને મહારાજ તેડી જાય, પણ સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી કહે નિર્ગુણદાસજીને અવસ્થા થઈ છે તેમને તેડી લાવો, ને આમને રાખો. મેં ઘણી વિનંતી કરી પણ શ્રીજીમહારાજે માન્ય ન રાખી! ધણીનો કોઈ ધણી છે?" ત્યારે સ.ગુ.શ્રી કહે : "શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત જીવોને જોડી દેવા તમને મોકલ્યા છે, સૌને એ સુખે સુખિયા કરી દેજો." સ્વામ શ્વરચરણદાસજી તથા અન્ય સંતો બંને મુક્તોની દિવ્ય વાણી સાનંદાશ્ચર્ય સાંભળી રહ્યા છે. સવાર-સાંજ આસને તથા સભામંડપમાં સભાપ્રસંગે મુક્તારાજશ્રી શ્રીહરિજીના પ્રતાપની, સુખની, માહાત્મ્યની વાતો કરે છે. સૌ આનંદવિભોર થઈ જાય છે.

બીજે દિવસે બપોરે સ્વામી ઈશ્વરચરણદાસજી તથા તેમના ગુરુભાઈ સંતો સદ્‌ગુરુશ્રી તથા મુક્તારાજશ્રીને જમાડી ભંડારે જમવા ગયા. મૂળીવાળા સ્વામી બાળકૃષ્ણદાસજીને ઉપવાસ હતો, તેથી તેઓ આસને સદ્‌ગુરુશ્રી પાસે બેસી રહ્યા હતા. સંતો જમીને પાછા આવ્યા ત્યાં સુધીમાં તો અદ્‌ભુત વાત બની. સ્વામી બાળકૃષ્ણદાસજીએ વાત સહુને કરી : "તમો બધા ઠાકોરજી જમાડવા ગયા, ત્યારે સદ્‌ગુરુશ્રી, મુક્તારાજ અબજીભાઈ અને હું એમ ત્રણ જ જણા અહીં આસને રહ્યા. સદ્‌ગુરુશ્રી મુક્તારાજશ્રીને કહે : 'ભાઈ! જરા

છેટા બેઠા છો તે આપના દર્શન મને બરાબર થતાં નથી, માટે મારી પાસે આવીને બેસો તો બરાબર દર્શન થાય.' ભાઈશ્રી સ્વામીશ્રીની પાસે આવ્યા. સ્વામીશ્રીએ ચશ્મા પહેર્યા ને કહે: 'હજી બરાબર દર્શન થતાં નથી, માટે આંગડી કાઢી નાખો!' ભાઈશ્રી આંગડી કાઢી ધોતિયાભર ઉઘાડે શરીરે બેઠા. સ્વામીશ્રી મુક્તરાજશ્રીના શરીર સામું એકનજરે જોઈ રહ્યા, ત્યાં તો મુક્તરાજશ્રીના શરીરમાંથી શીતળ ને શાંત તેજનો સમૂહ નીકળ્યો. તે તેજ ચારેકોરે છાઈ ગયું, તે તેજમાં મુક્તરાજશ્રી દેખાય. સદ્‌ગુરુશ્રી કહે: 'અહોહો! ભાઈ! તમે આવા તેજોમય છો?' મુક્તરાજશ્રી કહે: 'સ્વામી! આપણે આ લોકના નથી, આપણે તો માયા પર દિવ્ય અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા છીએ અને તમે પણ તેવા જ તેજોમય છો.' થોડી વારે તેજ સંકેલી લીધું ને આંગડી પહેરીને બેઠા.'' સ્વામી બાળકૃષ્ણ-દાસજીની આ વાત સાંભળી સૌ સંતો આશ્ચર્યમુગ્ધ થઇ ગયા.

તે રાત્રે પોતાના આસને સભા થઈ તેમાં સદ્‌ગુરુશ્રીએ વાત કરી: અત્યારે શ્રીજીમહારાજ આ મુક્ત દ્વારા સુખ આપે છે. સૌને આ વાત ન સમજાય એવી છે, પણ તે સમજી શકે તેવા સંતનો જોગ થાય ને અંતર્દષ્ટિ કરીને જુએ તેને જણાય પણ બીજાને ખબર પડે નહિ. માટે આપણને આવા મોટા મુક્ત મળ્યા છે, તેમનો જોગ–સમાગમ કરીને પોતાનું પૂરું કરી લેવું, ને જો આવા મુક્ત પુરુષને વિષે આત્મબુદ્ધિ થાય ને શ્રીજીમહારાજમાં 'જળ સ્નેહી મીન, ચંદ્ર સ્નેહી ચકોર; હરિ મેરે હારલકી લકડી' એવી પ્રીતિ થાય તો મૂર્તિમાં રસબસ થઇ જવાય. માટે મહારાજની આજ્ઞામાં રહેવું ને મોટાને વિષે આપોપું કરવું ને અનાદિ મુક્તરૂપ થઈને શ્રીજી-મહારાજની મૂર્તિમાં જોડાઈ જવું. ને આ મુક્ત છે તે સ્વતંત્ર, પુરુષોત્તમરૂપ, નિરાવરણ દષ્ટિવાળા અને નિર્લેપ એવા

અનાદિ મુક્ત છે. તે શ્રીજીમહારાજની ઇચ્છાથી આપણને સમાગમનું સુખ દેવાને અર્થે આ લોકમાં આવ્યા છે." સંત-હરિભક્તો સદ્‌ગુરુશ્રીની વાત સાંભળી આનંદ પામે છે. સ્વામી ઈશ્વરચરણદાસજીને તો અહોભાવ મટતો જ નથી. અંગેઅંગથી દિવ્યતા ઊભરાતી જણાય છે.

બીજે દિવસે મુક્તારાજશ્રી સદ્‌ગુરુશ્રીના કહેવાથી બાર કલાક સમાધિમાં રહ્યા. મંદિરના સંતો તથા ગામના હરિભક્તોએ અદ્ભુત દર્શનનો લાભ લીધો. સમાધિમાંથી જાગૃત થઈને સદ્‌ગુરુશ્રીના આસને સભામાં મુક્તારાજશ્રીએ વાત કરી કે "સ્વામી અહીં માંદા દેખાય છે તે તો મનુષ્યલીલા છે, પણ સ્વામી તો દિવ્ય સ્વરૂપ છે ને અક્ષરધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં દિવ્ય સ્વરૂપે રહ્યા છે, ને સ. ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી પણ મૂર્તિમાં રહ્યા છે, એમ અમે દેખ્યા ને દેખીએ છીએ ને આ તો આપણા સુખને અર્થે મનુષ્યરૂપે દર્શન દે છે." ત્યાર પછી થોડી વારે મુક્તારાજશ્રીએ સૌને કહ્યું : "એક આગળથી ન કહેવા જેવી વાત છે, તો પણ તમે બધા સ્વામીશ્રીના હેત-રુચિવાળા ને મહિમાવાળા છો, તેથી કહું છું કે આસો સુદ ૧ પડવાને રોજ રાત્રે એક વાગ્યે સ્વામી દેહોત્સવ કરશે. માટે સંતો તથા હરિભક્તો આ મહામુક્તારાજ નિર્ગુણમૂર્તિનો મહિમા જાણી ખૂબ સેવા કરી લેજો." સંત-હરિભક્તોને આ સાંભળી ઘણું દુઃખ થયું, પણ આગળથી આ વાત જાણી તેથી જેમ બને તેમ સેવા કરી રાજી કરી લેવાનો અવસર મળ્યો, એમ જાણી શાંતિ પામ્યા.

સ્વામી ઈશ્વરચરણદાસજી તો મહાસમર્થ સદ્‌ગુરુશ્રી અને દિવ્ય સ્વરૂપ મુક્તારાજશ્રીના અરસપરસ હેતભાવ ને એકતા જાણી ગયા હતા, તેથી સદ્‌ગુરુશ્રીની સેવાની જેમ જ મુક્તારાજશ્રીને રાજી કરવા તત્પર રહેતા. એકાંતે જાય, ચંદન ચર્ચે, હાર

પહેરાવે, મળે, પ્રાર્થના કરે, વચનામૃતમાંથી પ્રશ્નો પૂછે. મુક્તારાજશ્રી પણ સદ્‌ગુરુશ્રીના કૃપાપાત્ર શિષ્ય જાણી પ્રસન્ન થકા તેમની સેવા સ્વીકારે, રાજી થાય, માથે હાથ મૂકે, પ્રશ્નોત્તર કરે, શ્રીજીમહારાજ તથા મુક્તાનો મહિમા કહે. સ્વામી તો તક મળે ત્યારે મુક્તારાજની અંગ સેવા કરવા માંડે; મુક્તારાજ બહુ ના કહ્યા કરે, તોય અંગ સેવા કરે. એક વખત મુક્તારાજશ્રીએ સદ્‌ગુરુશ્રીને કહ્યું : "આ તમારા સાધુ ઈશ્વરચરણદાસજી સ્વામીને કાંઈક કહો ને? અમારી સેવા કરે છે, પણ આશ્રમ ફેર. તે ત્યાગી ને અમે ગૃહસ્થ. કોઈ અજાણ્યા આવે ને એમને ત્યાગી થઈને અમ ગૃહસ્થની સેવા કરતા જુએ તો સારું ન લાગે." સદ્‌ગુરુશ્રીએ તરત સ્વામી ઈશ્વરચરણદાસજીને બોલાવ્યા, ને કહ્યું :

> "આ અનાદિ મુક્તારાજ ભાઈશ્રી કહે છે કે 'આ સંત મારો મહિમા વધુ પડતો જાણે છે તે એમ ન કરે એમ કહો.' પણ આજથી હું તમને આજ્ઞા કરું છું કે જ્યાં સુધી તમારો દેહ રહે ત્યાં સુધી તમારે એમનો મહિમા અધિક અધિક જાણી રાજી કરવા, તેમાં કોઈ દિવસ તર્ક ન કરવો. આ પુરુષ બહુ મોટા છે, અલૌકિક દિવ્ય સ્વરૂપ છે, મૂર્તિમાં અખંડ રહ્યા છે ને એ દ્વારે શ્રીજીમહારાજ સર્વે ક્રિયા કરે છે, માટે તમને હું આજ્ઞા કરું છું કે મારા ધામમાં ગયા પછી તેમને બહુ જ રાજી કરવા, કોઈ દિવસ તેમનું વચન ઉથાપવું નહિ."

મુક્તારાજશ્રી તો સદ્‌ગુરુશ્રીના આવાં વચન સાંભળી જ રહ્યા! પછી મુક્તારાજશ્રી કહે : "સ્વામી! આવી ભલામણ કરવાનું મેં આપને કહ્યું હતું?" સદ્‌ગુરુશ્રી કહે : "ભાઈશ્રી! કોઈ ન જાણે તેવા નાના થઈને રહેવાનું પ્રકરણ હવે દયા કરીને ફેરવો! હવે તમારી પાસે જે કોઈ સાધુ-

હરિભક્તો મહિમા જાણીને આવે તેને મૂર્તિના સુખની વાતો કરી સુખિયા કરજો. શ્રીજીમહારાજ પાસે પ્રાર્થના કરીને તમને અહીં—આ લોકમાં—રખાવ્યા છે તેથી હવે બહુ ઢાંકશો માં!" ત્યાર પછી સદ્‌ગુરુશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે મુક્તરાજશ્રીની ચંદન-કુંકુમ ને ફૂલહારથી પૂજા કરાવી, સદ્‌ગુરુ-શ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીનો હાથ ઝાલીને મુક્તરાજશ્રીના હાથમાં આપ્યો ને કહ્યું: "આ સાધુ તમારા છે, તમે એને સુખિયા કરજો." ત્યારે મુક્તરાજશ્રી તેમના માથે બે હાથ મૂકીને બોલ્યા: "સ્વામી! આ તો બહુ સમર્થ છે, ને તમારી પેઠે જ સર્વેને સુખિયા કરશે, ને અમે તેમને સુખિયા કરીશું." મુક્તરાજ અબજીભાઈના મુખમાંથી આ વચન નીકળ્યા તે જ ક્ષણે સ્વામી ઈશ્વરચરણદાસજીને અપરોક્ષ અનુભવ થયો કે જાણે પોતે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના અનવધિકાતિશય સુખમય સાકાર સ્વરૂપને વિષે, સાકારપણે રસબસ એ મૂર્તિના સુખમાં છે. હવે શ્રીજીની ઈચ્છાથી "શ્રીહરિજીના સર્વોપરી સ્વરૂપમાં રહીને મુક્તો મૂર્તિનું સુખ લે છે" તે અનાદિ મુક્તોની સ્થિતિનો સિદ્ધાંત મુમુક્ષુઓને સમજાવવાનું કાર્ય કરવામાં શ્રીજીની અતિ પ્રસન્નતા છે તેમ તેમને સમજાઈ ગયું.

પૂર્વાશ્રમમાં અસલાલીમાં સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીના પ્રથમ દર્શનથી જ જે અલૌકિકતા અનુભવી હતી, તેવા શ્રીહરિની કૃપા થતાં પોતે થઈ ગયા. સદ્‌ગુરુશ્રીએ પિતાશ્રી અમથા ભગતને કહેલું કે 'હાથી કાંઈ કૂબામાં ને કૂબામાં બંધાયેલો રહેશે? મહારાજ આ બહેચર પાસે તો બહુ સેવા કરાવવાના છે', આ વાત સદ્‌ગુરુશ્રી તો પોતે જોઈને જ કહેતા હતા તેની આજે ખાત્રી થઈ.

હવે સદ્‌ગુરુશ્રીની રજા લઈ મુક્તરાજશ્રી સંઘે સહિત કચ્છ પાછા પધાર્યા. સદ્‌ગુરુશ્રીના સંતો તથા હેતરુચિવાળા

સંત-હરિભક્તો સદ્‌ગુરુશ્રીની સેવા ઉમંગથી કરે છે. ગામે-ગામના હરિભક્તો દર્શન કરવા આવે છે. કથા-વાર્તારૂપી બ્રહ્મયજ્ઞ તો અખંડ ચાલતો જ હોય. સદ્‌ગુરુશ્રી સૌ કોઈને ધર્મમર્યાદામાં રહેવાનું સમજાવતા અને વિશેષે તો મુક્તરાજ અબજીભાઈશ્રીનો જોગસમાગમ કરવાનું કહેતા. આ રીતે ભલામણ કરતાં ને સેવા-સમાગમ તથા દર્શનનું અંતિમ સુખ સૌને આપી રહેલા એવા સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી, મુક્તરાજ અબજીભાઈએ અગાઉથી કહ્યું હતું તે જ પ્રમાણે, સંવત ૧૯૪૮ના આસો સુદ ૧ પડવાને રોજ રાત્રે એક વાગ્યે અલૌકિક પ્રતાપ જણાવી શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા.

અમદાવાદ મંદિર અને શ્રી નરનારાયણદેવ દેશવિભાગના સમર્થ સદ્‌ગુરુના ભૌતિક દર્શન બંધ થયા જાણી અસંખ્ય સંત-હરિભક્તો બંને દેશવિભાગમાંથી આવ્યા ને સદ્‌ગુરુની યથાશાસ્ત્ર અંત્યેષ્ટિ કરી, સ્વામી ઈશ્વરચરણદાસજી સદ્‌ગુરુશ્રીને સદાય શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપમાં અનુભવતા છતાં આ લોકના વિરહ-વ્યથાથી ઉદાસ થઈ ગયા. પારસમાંથી પારસ થાય તેવું જંગમતીર્થ શ્રીહરિજીએ બંધ કર્યું.

હરિ મિલાયે સદ્‌ગુરુ,
ગુરુને હરિકી રાહ દિખાઈ!

સદ્‌ગુરુશ્રી સતત દિગ્દર્શક રહ્યા, ને આખરી વિદાય પહેલાં જ સુયોગ્ય પથદર્શન કરાવી દીધેલું, તેથી સદ્‌ગુરુશ્રીના મંડળના સંતોને વિરહવેદના હતી, વિરહથી અંતર ઉદાસ હતાં, પણ દિશાશૂન્ય ન હતાં. તેમાં યે વિશેષ તો સ્વામી ઈશ્વરચરણદાસજીને પોતાની સ્થિતિનું સતત અનુસંધાન અને મુક્તરાજ અબજીભાઈ સાથેની એકતા – એવા દૃઢ થઈ ગયા હતા કે પોતાને સદ્‌ગુરુશ્રી સદાય ભેળા ને ભેળા અનુભવાતા.

## ૫. સત્સંગમાં ઓતપ્રોત

ઘેઘૂર વટવૃક્ષને જેમ વડવાઈઓ ફૂટતી જાય અને વધુ ને વધુ વિસ્તારમાં છાંયો થતો જાય, તેમ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયરૂપી વટવૃક્ષને મુક્તોરૂપી વડવાઈઓ છે, નવા નવા મુક્તો પધારે છે ને શ્રીહરિજીના પરમ સુખમય સ્વરૂપમાં મુમુક્ષુઓને જોડાવા માટે છાંયો થતો જાય છે! સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીએ અનંત મુમુક્ષુઓને શ્રીહરિજીને વિષે જોડ્યા. સદ્‌ગુરુશ્રીના પરમ શિષ્ય સ્વામી ઈશ્વરચરણદાસજીનું જીવનકાર્ય પણ એ જ રીતે વધુ ને વધુ જીવોને સર્વોપરી ભગવત્સ્વરૂપમાં જોડવાનું બની રહ્યું. વડવાઈઓ વધતી વધતી થડની જેમ ટેકારૂપ બની જાય, તેમ સંપ્રદાયના વિકાસમાં આવા મુક્તો ટેકારૂપ બની ગયા.

સદ્‌ગુરુશ્રી નિર્ગુણદાસજી સ્વામીની આજ્ઞા અને ભલામણ અનુસાર એમના મંડળના સંતો – પુરાણી શ્રીકૃષ્ણદાસજી, પુરાણી જોગેશ્વરદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, આદિ – દર વર્ષે મહિનો – બે મહિના કચ્છમાં જઈ અનાદિ મુક્તરાજ અબજીભાઈના દર્શન–સેવા–સમાગમનો લાભ લેતા. સદ્‌ગુરુશ્રીએ સ્પષ્ટ આજ્ઞા કરી હતી કે અનાદિ મુક્તરાજ અબજીભાઈ શ્રીજીમહારાજની મૂર્તિના અખંડ સુખમાં જ રહેનારા છે. તેથી તે ગૃહસ્થ છે ને આપણે ત્યાગી છીએ, એવું કોઈ મનમાં ન રાખજો, અને એમનો વધુ ને વધુ લાભ લેજો. તે મુજબ સંતો મુક્તરાજશ્રીની સેવા-સમાગમ કરી મુક્તશ્રીને રાજી કરતા, મુક્તરાજશ્રી પણ સંતોને પોતાના ગુરુભાઈ અને સ્ત્રી-ધનના ખરા ત્યાગી ને શ્રીહરિજીના અનુરાગી જાણી શ્રીહરિ મહિમાની અને મૂર્તિના સુખની અદ્‌ભુત વાતો કરી સૌને આનંદમાં તરબોળ કરી દેતા.

મુક્તરાજશ્રી કાંઈ વાતો ન કરતા હોય અને ધ્યાનસ્થ થઈ બેઠા હોય તો યે પાસે બેઠેલા સર્વેની વૃત્તિઓ શ્રીહરિજી સ્વરૂપમાં તણાઈ જતી, સૌના ઘાટ-સંકલ્પ વિરામ થઇ જતા, ને પરમ શાંતિ અનુભવતા. કથા વંચાય, તેમાં પ્રશ્નોત્તર થાય, મુક્તરાજશ્રી શ્રીહરિ સ્વરૂપમાં રહ્યા થકા પ્રશ્નોના જવાબ આપે, સૌને નિત્ય નવીન નવીન વાતો કરે. મુક્તરાજશ્રીનો આમ લાભ લઈ, તેમની આજ્ઞા મેળવી સંતમંડળ બીજા ગામે સત્સંગ વૃદ્ધિ ને પ્રચારાર્થે પધારે.

સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીની પેઠે જ સ્વામી ઈશ્વરચરણદાસજી પોતાના મંડળે સહિત ગામેગામ ફરે છે અને સૌને મહારાજ ને મોટા મુક્તોના મહિમાની તેમજ મૂર્તિ-સુખની વાતો કરી શ્રીહરિજીના અદ્‌ભુત સ્વરૂપને વિષે જોડે છે.

સ્વામી ઈશ્વરચરણદાસજીની ઉંમર એકત્રીસ–બત્રીસ વર્ષની છે. બ્રહ્મચર્યના તેજથી શોભતું ઉજ્જવળ વદન, દયા ભરેલાં નયનો, વિશાળ ને દીર્ઘ બાહુ, મજબૂત અને સુદૃઢ તથા ભગવાં કપડાંથી શોભતું શરીર સૌ કોઈને આંજી દેતા. બસો તોંતર વચનામૃતો સ્વામીશ્રીને જિહ્‌વાગ્રે હતા. શ્રીહરિજીના સર્વોપરીપણાની અને મુક્તના પ્રતાપ-સુખની વાતો કરવા માંડે ત્યારે સાંભળનારા સૌ કોઈ મંત્રમુગ્ધ બની જતા. કહે છે કે દક્ષિણ અમેરિકામાં આવેલી ઍમાઝોન નામની નદી જગતની લાંબામાં લાંબી નદી છે અને લાખો ઘનફૂટ પાણી લઈ એ નદી જ્યારે ઍટલાંટિક મહાસાગરને મળે છે ત્યારે તેના ધસમસતા પાણીથી હજારો મીટર સુધી દરિયો ખારો મટી જાય છે! સ્વામીશ્રીનો વાક્‌પ્રવાહ એવો ઍમાઝોન નદી જેવો હતો — હજારો હરિભક્તોના અંતરને શીતળ — શાંત ને મીઠોમધ કરી મૂકતો! હાલતા—ચાલતા— ઊઠતા—બેસતા—જમતા—વિચરણ કરતા—અખંડ બ્રહ્મયજ્ઞ ચાલુ ને ચાલુ સ્વામીશ્રીના વ્યક્તિત્વમાંથી એવું વાત્સલ્ય ઊભરાતું

કે એમના નજીકના એક વખતના પરિચયમાં આવી જનાર હરિભક્તને સદાકાળ એવું રહેતું કે સ્વામીશ્રી મારા પોતાના છે! આબાલવૃદ્ધ સૌ કોઈ સ્વામીશ્રીના આકર્ષણથી ખેંચાતા. સ્વામીશ્રી પોતે તો સદાયે શ્રીહરિની મસ્તીમાં રમમાણ રહેતા. પોતાના જીવનનો ઉદ્દેશ્ય હતો : કેમ કરીને જીવોને ભગવાનની જેમ છે તેમ ઓળખાણ થાય, અને કેમ એ દિવ્ય સુખને શ્રીહરિજીની મૂર્તિમાં રસબસ સ્વરૂપે રહી ભોગવતા થાય! પોતાના વિષે હેત કરનારા સૌ કોઈ હરિભક્તોને મુક્તરાજ અબજીભાઈના મહિમાની વાતો કરી તેમના દર્શન—સેવા—સમાગમ માટે જવા પ્રેરતા.

સંવત ૧૯૪૯ના ચાતુર્માસમાં સ્વામીશ્રી પોતાના મંડળે સહિત અમદાવાદ પાસેના કણભા ગામે રહ્યા. ગામના હરિભક્તોના બાળકો અને તેમના બાળમિત્રોને મંદિરમાં રોજે બોલાવે. અપૂર્વ વાત્સલ્યથી બાળ વિદ્યાર્થીઓ સાથે વર્તે. બાળકોને રુચે તેવી ભાષામાં શ્રીજીમહારાજના મહિમાની, ઐશ્વર્યની, પરચા-ચમત્કારની વાતો કરે. સ્વામીશ્રીની વાણીના અસ્ખલિત પ્રવાહથી બાળકો ભીંજાઈ જાય! પૂજા કેમ કરવી, ધર્મમાં કેમ રહેવું તેની વાતો કરતાં કરતાં શ્રીહરિના પ્રતાપમાં એવી નિષ્ઠા કેળવી દે કે વિદ્યાર્થીઓ બાકીની આખી જિંદગી એ ભૂલી ન શકે! દઢ સંસ્કાર સીંચી દે. ગામના મોટેરા હરિભક્તો પણ આનાથી અતિ રાજી થઈગયા. સાંજ સમયે મંદિરમાં નિયમ થઈ ગયા પછી સભામાં સ્વામીશ્રી વાતો કરે, તે સાંભળવા ગામના એકેએક હરિભક્ત અચૂક હાજર થઈ જાય, સૌ કોઈનો સત્સંગનો રંગ બળવત્તર બનતો ગયો. નવા નવા હરિભક્તો થતા ગયા. કણભા ગામનો સત્સંગ-બગીચો સં. ૧૯૪૯ની વર્ષાઋતુમાં ખીલી ઊઠ્યો. અ. મુ. આશાભાઈ ત્રિકમભાઈ પટેલ જે સત્સંગમાં ‘આશાબાપા’ તરીકે ઓળખાયા અને મુક્તરાજ અબજીબાપાશ્રીના અનન્ય

સેવક ગણાયા. તેઓશ્રીને પણ સં. ૧૯૪૯ના સ્વામીશ્રીના કણભા મંદિરના ચાતુર્માસના રહેણાંક દરમ્યાન સ્વામીશ્રીનો પ્રથમ યોગ થયો ને અતિ હેત થયું. તે જ રીતે અ. મુ. ભલાભાઈ બાપુભાઈ પટેલ પણ સ્વામીશ્રીના યોગથી અતિ બળિયા થયા.

કણભામાં ચાતુર્માસ વ્યતીત કરી (સં. ૧૯૫૦) સ્વામીશ્રી ગામેગામ ફરતા અમદાવાદ પધાર્યા, ત્યાં કચ્છમાંથી સમાચાર આવ્યા કે મુક્તારાજ અબજીભાઈ સંઘે સહિત મોટા મોટા ધામોના દર્શન કરવા નીકળ્યા છે. સ્વામીશ્રી અમદાવાદમાં તેમની રાહ જોતા રોકાઈ ગયા. મુક્તારાજ અબજીભાઈશ્રી જૂનાગઢ, ગઢપુર, લોયા, નાગડકા, મૂળી, લખતર, ઉપરદળ, ભાયલા, કેસરડી, ધોળકા, જેતલપુર થઈ અમદાવાદ પધાર્યા, શ્રી ઠાકોરજીના, આચાર્યમહારાજશ્રીના તથા સંતસભાના દર્શન કરી ઉતારા કર્યા. મુક્તારાજશ્રીને સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી હંમેશની જેમ પોતાના—(એટલે સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીના) આસને ઉતારો કરાવ્યો, જેથી સમાગમનું વધુ ને વધુ સુખ લેવાય.

સ્વામીશ્રીને મુક્તારાજશ્રી પ્રત્યે હેત ઊભરાતું જ રહે. મુક્તારાજશ્રી તે વખતે ત્રણ દિવસ અમદાવાદ રહ્યા, પણ એ બધો જ સમય સ્વામીશ્રી મુક્તારાજશ્રીની સાથે ને સાથે જ હોય. મુક્તારાજશ્રી તો અંતર્યામી છે, તેથી સ્વામીશ્રીના હેતને આમૂલ જાણે છે, તેથી પોતે પણ સ્વામીશ્રીને સદાયે સાથે ને સાથે જ રાખે છે, સ્વામીશ્રી ઉપર પોતાનો રાજીપો વરસાવ્યા જ કરે છે.

મુક્તારાજશ્રીનો મહિમા તો સંત-હરિભક્તો સૌ કોઈને સમજાયેલો જ હતો. તેથી સ્વામીશ્રીના આસને સંતહરિભક્તોનો સમૂહ મુક્તારાજશ્રીના દર્શન—સેવા—સમાગમનો લાભ લેવા હાજર જ હોય. મુક્તારાજશ્રી પણ સૌને રાજી કરવા

શ્રીહરિજીના પ્રતાપની વાતો કરે. પોતાના ગુરુ સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીશ્રીને સંભારે ને સૌને તેમના જેવા થવા ખટકો રાખવાનું સમજાવે. સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજીને તો એ ત્રણ દિવસ જાણે ત્રણ સેકંડમાં વહી ગયા! પણ લાભ તો ત્રણ કલ્પ જેવો લઈ લીધો!

ચંદનપુષ્પથી મુક્તારાજશ્રીની પૂજા કરી સ્વામીશ્રીએ મુક્તારાજશ્રીને વિદાય આપી.

સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીની આજ્ઞા હતી કે વર્ષોવર્ષ ઓછામાં ઓછું એક મહિનો તો મુક્તારાજશ્રીનો સમાગમ કરવા જવું જ. સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજીને તો એવું હેત થઈ ગયેલું કે જાણે બધો વખત ભેગા ને ભેગા જ રહેતા હોય એમ જણાય! તે છતાં સં. ૧૯૫૧ની સાલ બેસતાં, મુક્તારાજશ્રીને પત્ર લખી વૃષપુર આવવા રજા માગી. પત્ર આવતા જ સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી પોતાના મંડળે સહિત બળદિયા (વૃષપુર) આવ્યા. મંદિરમાં અખંડ બ્રહ્મયજ્ઞ ચાલ્યા કરે. ત્રણ-ચાર કલાક તો માંડ ઊંઘે, બધો સમય મુક્તારાજશ્રીના સમાગમનો લાભ લીધા જ કરે.

તે વખતે ઉપરદળવાળા રામજીભાઈ પણ ત્યાં વૃષપુર હતા. તેમને પણ સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીની ભલામણથી મુક્તારાજ અબજીભાઈ સાથે અતિ હેત થઈ ગયેલું, ને સમાગમ–સેવા માટે વૃષપુરમાં જ રહેવાનું ગમતું. વૃષપુરના ઝાડ, પહાડ ને વૃક્ષવેલીને જોઈ કહે: "એમનાં કેટલાં પુણ્ય હશે કે આ અનાદિ મુક્તારાજના એ હંમેશ દર્શન કરે છે? મારે એટલાં યે પુણ્ય નહિ? મારે તો દર્શન કરી પાછું જતું રહેવું પડે છે!" એમ કહી સૌ કોઈને પગે લાગે. હેત ઊભરાયા જ કરે.

મુક્તારાજશ્રી રામજીભાઈને કહે: "હવે તમારે ઉપરદળથી અહીં સુધી આવવું તે તમારું શરીર ખમે નહીં, તેથી તમારે

આ સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીનો સમાગમ કરવો."

સ્વામીશ્રી થોડો સમય મુક્તારાજશ્રી સાથે રહીને તેમની આજ્ઞા થતા પાછા અમદાવાદ આવ્યા. અમદાવાદથી સ્વામીશ્રી કપડવંજ પધાર્યા. જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં એ જ ઢાળ એ જ બ્રહ્મયજ્ઞ ને એ જ સૌ કોઈને દિવ્યાનંદમાં તરબોળ કરી દેવાની પ્રવૃત્તિ. રોજે બાળકો–કિશોરોને ભેગા કરે, સૌને ભગવત્સ્વરૂપમાં જોડે. ત્યાં મોઢ વણિક શ્રીકૃષ્ણભાઈનો દીકરો ચુનીલાલ રોજ સ્વામીશ્રીના સમાગમે આવે. તે ભાઈ મુંબઈમાં રહીને અભ્યાસ કરતા હતા. રજાઓમાં કપડવંજ આવે. તમને સુપાત્ર જાણી સ્વામીશ્રીએ શ્રીહરિ પ્રતાપની અને મુક્તોના મહિમાની વાત કરી અને પછી કહ્યું કે હાલ શ્રીહરિની ઇચ્છાથી પૃથ્વીલોકમાં દર્શન દેના એક મહામુક્ત કચ્છમાં ભુજ પાસે બળદિયા ગામે બિરાજે છે. તેમના દર્શન–પ્રસન્નતા ને આશીર્વાદથી ભગવાનના સ્વરૂપમાં સહેલાઈથી સ્થિતિ થાય છે. આ વાત ચુનીલાલના અંતરમાં ઉતરી ગઇ. તેમને કચ્છમાં જઈ મુક્તારાજ અબજીભાઇના દર્શનની અતિ ત્વરા થઈ ગઈ, પણ પોતાની રજાઓ પૂરી થઈ ગયેલી ને ભણવા માટે મુંબઇ પાછું ફરવાનું હતું. તેથી તેમણે સ્વામીશ્રીને વિનંતી કરી : "મારે મુક્તારાજશ્રીના દર્શન કરવા જ છે, પણ અત્યારે અનુકૂળતા નથી, પણ આપને મારી નમ્ર અરજ છે કે આપ જ્યારે તેમના દર્શને કચ્છમાં જાઓ ત્યારે મને મુંબઇ પત્રથી જણાવજો, એટલે હું ત્યાં દર્શને આવીશ. આપ ત્યાં હો ત્યારે હું ત્યાં દર્શને આવું તો મને વધુ દિવ્ય લાભ મળે." સ્વામીશ્રીએ એમનું મુંબઈનું સરનામું લઈ રાખ્યું.

કપડવંજથી સ્વામીશ્રી લુણાવાડા પધાર્યા. હરિભક્તોને શ્રીહરિ વાર્તાથી આનંદ ઉપજાવતા થકા સંતો લુણાવાડામાં છે, ત્યાં કચ્છમાંથી મુક્તારાજશ્રીનો પત્ર આવ્યો કે ઉપરદળવાળા

રામજીભાઈને મંદવાડ છે ને મળવાની તાણ બહુ હોવાથી અમે પ્રથમ મૂળી થઈ ઉપરદળ જઈશું. તમોને અનુકૂળ હોય તો ઉપરદળ ભેગા થજો.

ઉપરદળ પહોંચવાની પાંચ-છ દિવસની વાર હતી તેથી સ્વામીશ્રી લુણાવાડાથી સુથરામપુર પધાર્યા. ત્યાં સુખરામભાઈ મોટા મુક્ત રહેતા હતા. એક-બે દિવસ ત્યાં રહી સુખરામ-ભાઈની રજા માગી. કહ્યું કે મુક્તરાજ અબજીભાઈ ઉપરદળ આવવાના છે તે અગાઉ ઉપરદળ પહોંચવું છે. સુખરામભાઈ કહે: "સ્વામી! તમે દયા કરીને આવ્યા છો તો અહીં નિરાંત કરીને રહો. તમારે મુક્તરાજ ભાઈશ્રીને મળવું છે તે વાતમાં હું ફેર પડવા નહિ દઉં. જ્યારે તેઓશ્રી કચ્છમાંથી રવાના થશે, ત્યારે હું તમને અહીંથી રજા આપીશ. ત્યાં સુધી તો રાજી થઈને રહો." તેથી દસ દિવસ સંતો ત્યાં રહ્યા, ત્યાર પછી તેમણે સ્વામીશ્રીને રજા દીધી. સુખરામભાઈ એવા નિરાવરણ દષ્ટિવાળા હતા.

સ્વામીશ્રી સહિત સંતો ઉપરદળ પહોંચ્યા, ત્યાર બાદ બે કલાકે મુક્તરાજશ્રી સંઘે સહિત ઉપરદળ પધાર્યા, રામજીભાઈ તો હેતની મૂર્તિ તાવમાં ને તાવમાં ઊભા થઈ દંડવત્ કરવા લાગ્યા, ને બાથમાં લઈ મળ્યા. ત્રણ દિવસ તેમને રાજી કરી, મુક્તરાજશ્રી, સ્વામીશ્રી તથા સંત-હરિભક્તો ભાયલા થઈને ધોળકા પધાર્યા.

સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી તે વખતે ધોળકા મંદિરના મહંત હતા. મુક્તરાજશ્રી તથા સ્વામીશ્રી અને સંત-હરિભક્તોને આવેલા જાણીને સ્વામીશ્રી વૃંદાવનદાસજી બહુ જ રાજી થયા અને મુક્તરાજશ્રીની ખૂબ સેવા કરી પ્રસન્ન કર્યા. મુક્ત-રાજશ્રીએ રાજી થઈને સ્વામી વૃંદાવનદાસજીને શ્રીજીમહા-રાજની તેજોમય મૂર્તિના દર્શન કરાવ્યા ને પોતાની અનાદિ મુક્તની સ્થિતિનો અનુભવ કરાવી દીધો.

ને ત્યારથી સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી તથા સ્વામીશ્રી વૃંદાવનદાસજીને પરસ્પર અતિ હેત થઈ ગયું. બંનેની જાણે જોડ બંધાઈ ગઈ!

ધોળકાથી નીકળી જેતલપુર–અમદાવાદ થઈ મુક્તારાજશ્રી કચ્છ પધાર્યા. સ્વામીશ્રી અમદાવાદમાં રહ્યા.

થોડા સમય બાદ (સં. ૧૯૫૨) સદ્‌ગુરુ વૃન્દાવનદાસજી સ્વામી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી સંતમંડળે સહિત વૃષપુરમાં મુક્તારાજ અબજીભાઈનો જોગ–સમાગમ કરવા ગયા. તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કપડવંજના મોઢ વણિક ચુનીલાલ જે મુંબઈ ભણતા હતા તેમને મુંબઈ પત્ર લખ્યો કે "તમો અહીં મુક્તારાજશ્રીના દર્શને આવવા ઇચ્છતા હો તો આવો, અમો હાલ અહીં આવ્યા છીએ ને રહેવાના છીએ." થોડા સમયે ભાઈ ચુનીલાલનો જવાબ આવ્યો કે "હાલ મારી પરીક્ષા ચાલે છે તેમાં ચાર દિવસ હવે બાકી છે, તે પરીક્ષા આપી તરત તમારી પાસે આવવા રવાના થઈશ, પરંતુ હું ઘેર જઈને આવું કે બારોબાર આવું, તેનો પ્રત્યુત્તર લખાવશો" આ પત્ર સ્વામીશ્રીએ મુક્તારાજશ્રીને બતાવ્યો ને આજ્ઞા માગી, ત્યારે મુક્તારાજશ્રીએ કહ્યું કે તેને લખો કે તે ઘેર જઈને આવે. સ્વામીશ્રીએ એ રીતે કાગળ લખ્યો.

ભાઈ ચુનીલાલ તે મુજબ મુંબઈમાં પરીક્ષા પતાવી કપડવંજ ગયા. ઘેર પહોંચ્યા કે તરત તેમને મંદવાડ થઈ ગયો, તેથી એમને તો એ જ ઝંખના થઈ કે હવે ક્યારે મંદવાડ મટે ને ક્યારે વૃષપુર જાઉં, પણ મંદવાડ તો વધતો જ ગયો. છેવટે દેહ મૂકવાની તૈયારી થઈ. તે વખતે તેમણે શ્રીજીમહારાજ તથા સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી તથા મુક્તારાજશ્રી અબજીભાઈને બહુ સંભાર્યા, તે જ વખતે તેમને શ્રીજીમહારાજ, મુક્તારાજશ્રી તથા સ્વામીશ્રીના દર્શન થયા. ભાઈ ચુનીલાલે

તેમના પિતાને કહ્યું : "આ મહારાજ ને મુક્તારાજ અબજીભાઈ મને ધામમાં તેડી જવા પધાર્યા છે. જુઓ, આ ઊભા!" એમ કહી હાથ જોડવા લાગ્યા. તેમના પિતા કહે : "ચુનીલાલ! તે મુક્તારાજ અબજીભાઈને તો જોયા ય નથી ને કેમ ઓળખ્યા કે અબજીભાઈ જ આવ્યા છે?" તે કહે: "ઓળખાવનારે ઓળખાવ્યા!" એમ કહેતાં દેહ મૂકી દીધો.

આ તરફ વૃષપુરમાં તે જ વખતે મુક્તારાજશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને વાત કરી કે 'તમે જેને કાગળ લખ્યો હતો તે છોકરાએ આજ દેહ મેલ્યો, તેને અમે ધામમાં મૂકી આવ્યા.' થોડા દિવસે ચુનીલાલના પિતાશ્રીનો એ બધી વિગત આપતો પત્ર આવ્યો. સૌ સંતહરિભક્તો મુક્તારાજશ્રી અને સ્વામીશ્રીની મોટપથી આશ્ચર્ય મુગ્ધ થઇ ગયા.

સંતો મુક્તારાજશ્રીની સેવા–સમાગમનો અનેરો લાભ લઇ રહ્યા હતા. મુક્તારાજ અબજીભાઈ સભામાં કહેતા કે આજ તો નર્યો શ્વાંત વરસે છે! (એટલે સ્વાતિ નક્ષત્રમાં સમુદ્ર ઉપર વરસાદ થાય તે–જેના બિંદુ કાલુ માછલી અદ્ધરથી ઝીલે તો તે માછલીના પેટમાં સાચા મોતી પાકે!) સ્વામીશ્રી સહિત સૌ સંતમંડળ મુક્તારાજશ્રીના વચન અદ્ધરથી ઝીલી દિવ્ય સુખસમુદ્રમાં ગરકાવ થઈ ગયા!

સં. ૧૯૫૩માં ધ.ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ કચ્છમાં પધાર્યા. તેમની સાથે અમદાવાદ–મૂળીના મોટેરા સંતો પણ કચ્છ પધાર્યા. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી તેમની ભેળા કચ્છમાં પધાર્યા. ભુજમાં તથા ગામડાઓમાં ભારે ધામધૂમ સહિત સામૈયા–પધરામણીઓ થઇ. મોટા મોટા સંત–હરિભક્તો ભેળા હોવાથી ગામેગામ આનંદ આનંદ થઈ ગયો. મુક્તારાજ અબજીભાઈ પણ કેટલાક ગામોમાં સાથે રહ્યા. કેરા ગામમાં આચાર્યશ્રીએ મુક્તારાજને એકાંતે મળવા સારુ પોતાની પાસે

પોતાના તંબુમાં બોલાવ્યા. ત્યારે મુક્તરાજશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજીને સાથે લઈ પૂજ્ય મહારાજશ્રીના તંબુમાં ગયા. આચાર્ય મહારાજશ્રીએ કહ્યું. "શ્રીજીમહારાજે તમને જીવોના મોક્ષ કરવા મોકલ્યા છે—એમ અમે સ્વામી નિર્ગુણદાસજી પાસેથી ઘણી વાર સાંભળ્યું હતું." એમ કહી તેઓશ્રીએ બહુ રાજીપો બતાવ્યો. સદ્‌ગુરુ અક્ષરજીવનદાસજી સ્વામી, વૃંદાવનદાસજી સ્વામી, ઈશ્વરચરણદાસજી સ્વામી આદિ સંતમંડળ સહિત મુક્તરાજશ્રી આચાર્ય મહારાજશ્રીને વળાવવા અંજાર સુધી ગયા.

સ્વામી ઈશ્વરચરણદાસજી કુંભારિયાથી મુક્તરાજશ્રી સાથે વૃષપુર આવ્યા, ને ત્યાં થોડા દિવસ મુક્તરાજશ્રીના જોગ-સમાગમનો લાભ લઈને અમદાવાદ તરફ આવ્યા.

સં. ૧૯૫૪ની સાલ બેઠી છે. મુક્તરાજ અબજીભાઈના દર્શન—સમાગમ કરવા સારુ સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી તથા મૂળીના સ્વામી બાળકૃષ્ણદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી આદિ સંતમંડળ તથા અમદાવાદ, મૂળી વગેરેના હરિભક્તો આવ્યા. સૌ અહોનિશ કથાવાર્તા—ધ્યાન-ભજનનુ સુખ લેતા હતા. એક દિવસ સ્વામી ઈશ્વરચરણ-દાસજીએ મુકતરાજશ્રીને પ્રશ્ન પૂછ્યો : "શ્રીજીમહારાજનું ધ્યાન કેવી રીતે કરવું?" પોતે તો તે જાણે જ છે, પોતાને તો શ્રીહરિકૃપા મળી ચૂકેલી જ છે, પણ અન્ય સૌના લાભને માટે જ સ્વામીશ્રી પ્રશ્ન પૂછે છે, તે જાણી મુકતરાજશ્રી બોલ્યા : "શ્રીજીમહારાજની મૂર્તિનુ ધ્યાન કરવું,—તે મૂર્તિના તેજરૂપ થઈને ધ્યાન કરવું તેથી પણ પ્રતિલોમ વૃત્તિએ મૂર્તિમાં રહીને મૂર્તિનું ધ્યાન કરવું તે વિશેષ છે ને પોતાને મળી જે શ્રીજીમહારાજની મૂર્તિ તેનું જ ધ્યાન કરવું, ને ધ્યાન કરતાં કરતાં ઉપશમ થાય ને દેહ ભૂલી જવાય ત્યારે મૂર્તિનું સુખ આવે, ને મૂર્તિનું સુખ આવે ત્યારે આત્મા કારણ—મહાકારણથી

નોખો પડી પુરુષોત્તમરૂપ થાય, માટે ધ્યાનનો અભ્યાસ કરવો ને સર્વ ક્રિયામાં મૂર્તિ ભૂલવી નહિ. મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાનો અભ્યાસ કર્યા કરવો, ને શ્રીજીમહારાજની ઉપાસના સર્વોપરી સમજવી. શ્રીજીમહારાજ સદા દિવ્ય સાકારમૂર્તિ છે ને પ્રત્યક્ષ છે, એમ શ્રીજીમહારાજને સમજવા ને શ્રીજીમહારાજની આજ્ઞામાં ફેર પડવા દેવો નહિ." સભામાં સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી પણ વાતો કરતા. સૌને અતિ આનંદ આનંદ વર્તતો.

પછી વૃષપુરની બાજુના નારાયણપુર ગામના જાદવજીભાઈ મુક્તરાજશ્રી તથા સર્વે સંત-હરિભક્તોને નારાયણપુર તેડી ગયા ને સેવા-સમાગમનો સર્વેએ લહાવ લીધો. ત્યાંથી કેસરાભાઈ દહીંસરા તેડી ગયા, ત્યાં તેમણે સર્વેને સેવા કરીને રાજી કર્યા. ત્યાંથી રામપુર ગયા, ત્યાં દેવરાજભાઈ આદિએ સેવા કરીને રાજી કર્યા. ને ત્યાંથી લક્ષ્મીરામભાઈના આગ્રહથી માંડવી બંદર આવ્યા. ત્યાં સર્વેએ કથાવાર્તાનો અતિ આનંદ માણ્યો. માંડવીથી સૌ ફરી વૃષપુર આવ્યા. સૌ આનંદસાગરમાં હિલોળા લેતા હતા!

વૃષપુરમાં સદ્‌ગુરુઓ હોવાથી મુક્તરાજ આખો દિવસ મંદિરમાં જ રહેતા અને પોતાના ઘરે ફક્ત બે વખત જમવા માટે જતા. રાત્રે મંદિરમાં જ સૂઈ રહેતા. બધો વખત શ્રીજીપ્રતાપની તથા મહિમાની વાતોનો પ્રસંગ ચાલ્યા કરતો. મુક્તરાજશ્રીને ખેતીકામની વાડીઓ હતી તેમાં પોતાના પુત્રપરિવાર દેખભાળ કરતા, પોતે સાધારણ રીતે દિવસમાં એકાદ આંટો વાડીએ જતા, પણ સંતમંડળ આવેલ હોવાથી વાડીએ જતા નહીં. એક મોડી રાત્રે મુક્તરાજશ્રી સૂતેલા હતા ત્યાંથી ઊઠીને માથે પાઘડી બાંધવા માંડ્યા. સ્વામી ઈશ્વરચરણદાસજી એ વખતે માળા ફેરવતા હતા. તેમણે આ જોયું, તેથી પોતે ઊઠ્યા. તે વખતે ઘડિયાળમાં જોયું તો રાત્રિનો દોઢ વાગ્યો

હતા. સ્વામીશ્રી વિચાર કરે છે કે અત્યારે અડધી રાત્રે ભાઈશ્રી ક્યાં જતા હશે? એમ જાણી ભાઈશ્રી પાસે આવી પૂછ્યું. તો કહે : "સ્વામી! મારે વાડીએ જવું પડશે." સ્વામીશ્રી કહે : "અત્યારે?" તો કહે : "સુવર વાડીમાં પેઠા છે તે બાજરાનો બગાડ કરે છે ને છોકરાં સૂઈ રહ્યા છે. રખેવાળ છે તે બીજે ઠેકાણે ચાલ્યો ગયો છે." સ્વામીશ્રી કહે : "એમ હોય તો ભલે પધારો." થોડા સમય બાદ મુક્તરાજ મંદિરમાં પાછા આવ્યા. સ્વામીશ્રીને કહે : "આજ તો બીક કાઢી. એવું થયું કે અમે વાડીએ જતા હતા ત્યાં વાડીની નજીક એક ઓટો છે ત્યાં એક જન રહેતો હતો તે આડો ઊભો રહ્યો. અમારું તેજ દેખાડ્યું તેથી અંજાઈ ગયો. વાડીમાં જઈ સુવર ભગાડી, છોકરાંને જગાડી ભલામણ કરી પાછા ફર્યા તો યે એ જન તો ત્યાં જ ઊભો હતો. અમને જોઈને પ્રાર્થના કરવા માંડ્યો કે મારાં પાપ ઘણાં છે તેમાંથી મને છોડાવો, હું તમારે શરણે છું. અમે કહ્યું કે જા, બદ્રીકાશ્રમમાં, ત્યાં જઈ તપ કર. ત્યારે તે કહે : 'તમારું જ્યાં દર્શન થતું હોય ત્યાં મને મૂકજો!' તેથી અમને દયા આવી ગઈ તે અક્ષરધામમાં મૂકી દીધો! ને ગામના માણસોને એ જગ્યાએ જતાઆવતાં બીક રહેતી તે ગઈ." સ્વામીશ્રી તો જાણતા જ હતા કે સુવરને કાઢવાનું નિમિત્ત છે પણ કાંઈક અલૌકિકતા તેની પાછળ રહેલી છે. સૌ કોઈ એ વાત સાંભળી આશ્ચર્યમુગ્ધ થયા.

તે અરસામાં એક દિવસ સ્વામી ઈશ્વરચરણદાસજીને આંખો દુ:ખવા આવી. સ્વામીશ્રીને ગરમ વસ્તુ જમવામાં આવે તો એવું થઈ જતું. તેથી વંચાય નહિ ને પીડા થાય. તે આંખના દુ:ખાવાને કારણે એક સવારે સ્વામીશ્રી સૂઈ રહેલા હતા. મુક્તરાજ મંદિરમાં દર્શને આવ્યા ત્યારે જાણ્યું કે સ્વામીની તબિયત ઠીક નથી. સ્વામીશ્રીની પાસે જઈ

ડાબો હાથ સ્વામીશ્રીના માથા પર રાખી જમણા હાથે વારા ફરતી બે ય આંખો ઉઘાડી એક નજરે સામું જોઈને મુક્તરાજ બોલ્યા : "સ્વામી ! તમારી આંખોમાં અમને બીજું કાંઈ દેખાતું નથી, એક શ્રીજીમહારાજની મૂર્તિ દેખાય છે !" એમ રમૂજ કરીને કહે : "હવે તમારે પંક્તિમાં જે આવે તે મહારાજને જમાડવું, કાંઈ નહીં નડે." તે આશીર્વાદથી સ્વામીશ્રીને આંખનો દુઃખાવો મટી ગયો ને ફરી કદી થયો નહીં.

વળી એક દિવસ સ્વામીશ્રીને કેડમાં આંટી પડેલી તે આસનમાંથી ઉઠાય જ નહીં. પડખું ફેરવતાં પણ દુઃખાવો થાય. ઉધરસ આવે તો ય વસમું લાગે. મુક્તરાજશ્રીએ આ વાત જાણી ત્યારે પોતે કેડ ઉપર હાથ ફેરવ્યો ને પૂછ્યું : "સ્વામી ! ક્યાં આંટી પડી છે? બેઠા થાઓ જોઈએ." સ્વામીશ્રી ઊભા થયા તો જાણે આંટી પડી જ નથી તેમ થઈ ગયું.

આ રીતે મુક્તરાજશ્રીને અને સ્વામીશ્રીને અલૌકિક એકતા થઈ ગઈ હતી. સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ સ્વામી ઈશ્વરચરણદાસજીની સોંપણી મુક્તરાજશ્રીને કરી હતી તેથી મુક્તરાજશ્રી સ્વામીશ્રીનું હરહંમેશ ધ્યાન રાખતા, તેમને કોઈ પણ પ્રકારનું શરીરમાં દુઃખ જણાય તો મુક્તરાજશ્રી ખમી શકતા નહિ. તે જ રીતે સ્વામીશ્રી પણ સદ્‌ગુરુશ્રીના વચને મુક્તરાજશ્રીને વિષે અનન્ય ગુરુભાવ રાખતા, ને અલંચ હેત રાખતા. મુક્તરાજશ્રી પણ સ્વામીશ્રી ઉપર પ્રસન્નતા જણાવી તેમને શ્રીજીમહારાજના રહસ્ય અભિપ્રાયની ચમત્કારી વાતો કરતા, ને રાજી કરતા,

મુક્તરાજશ્રીને હવે પચાસ વર્ષ ઉપર થયા. તેમનામાં જણાતી દિવ્ય વાત્સલ્યતા અને સામાજિક રિવાજ અનુસાર મુક્તરાજશ્રીને સૌ કોઈ 'અબજીબાપા' કે 'બાપા' કહી

બોલાવતા નાની ઉંમરના હરિભક્તો તો સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામી ધામમાં પધાર્યા તે અરસાથી જ મુક્તરાજને 'બાપા' કહેતા, પણ હવે તો સૌ કોઈ એ રીતે બોલાવતા થયા હતા. સ્વામીશ્રી પણ 'બાપાશ્રી' કહીને વાત કરતા. અબજીબાપા પણ સ્વામીશ્રીને બહુ વહાલપૂર્વક બોલાવતા. 'ઈશ્વર જેવા ઈશ્વરબાવા' એમ કહેતા! બંને મુક્તો મળે તો એવી ઓતપ્રોતતા જણાય કે અલૌકિક્તાની ઓળઘોળ! અસ્તિત્વના અણુએ અણુએ જાણે એકબીજાને માટે હેત નીતર્યા કરે! હેતના એ ફુવારાની છાંટ પરિચયમાં આવનારા સૌ કોઈને ભીંજવતી જાય! સૌને એમ થયા કરે કે બાપાશ્રીને સ્વામીશ્રીને વિષે હેત છે તેવું આપણા વિષે થાય તો સારું! વળી એમ પણ થાય કે સ્વામીશ્રીને બાપાશ્રીને વિષે જે અતાગ ભાવ છે તેવો આપણને બાપાશ્રીને વિષે થાય તો કેવું સારું! 'બાપાશ્રી' કહો ત્યાં સ્વામીશ્રી યાદ આવે! 'સ્વામીશ્રી'ની વાત કરો ત્યાં બાપાશ્રીની સ્મૃતિ તાદૃષ્ય થાય! એ અન્યોન્યતા તો આ લોકની નહિ અલૌકિક, દિવ્ય, પરમપાવનિય ને અદ્‌ભુત હતી.

સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી ગુરુભાઇ પુરાણી શ્રીકૃષ્ણદાસજી સાથે સં. ૧૯૫૫માં દસક્રોઈ તાલુકાના બાકરોલ (બુજરંગ) ગામમાં મંદિર કરવા પધાર્યા હતા. તે વખત સ્વામીશ્રીના સતત ઉદ્યમશીલતા, નિસ્પૃહીપણું ને શ્રીહરિજીના માહાત્મ્યનું તાદાત્મ્યપણું વગેરે ગુણો ગામના સૌ કોઈને સ્પર્શી ગયાં. બે મહિના ત્યાં રહી મંદિરના મકાનનું કામ પૂરું કરી – કરાવી મહારાજની મૂર્તિ પધરાવી, તે સમયના ગાળામાં કેટલાય મુળુક્ષુ હરિભક્તોના હૃદયસિંહાસનમાં પણ શ્રીજીમહારાજની મૂર્તિ સ્થાપી દીધી ને અનેકને ન્યાલ કરી દીધા. પોતાને તો કોઈની પાસેથી કશી પણ અપેક્ષા હતી જ નહિ, તે છતાં સતત કાર્યરત રહે છે. મંદિરના કામમાં જાતમહેનત

કરે છે, સંતો જોડે સ્વામીશ્રી પણ ઝોળી (ભિક્ષા) માગવા નીકળે છે. બાકરોલ ગામની આજુબાજુના ગામો–કણભા, કુજાડ, ગત્રાડ, ભાવડા, ધામતવાણ–માં પણ ઝોળી માગવા નીકળે. ઝોળીમાં સીધું આપવા હરિભક્તો આવે તેમની પાસે શ્રીહરિજીના ઐશ્વર્ય–પ્રતાપની એવી એવી સુંદર વાતો કરે કે હરિભક્તો મુગ્ધ થઇ જાય. કોઈની પાસેથી કાંઇ એમ ને એમ લીધું જ નથી! જેણે હેતે કરીને સ્વામીશ્રીને કાંઈ પણ દીધું, તેમને સ્વામીશ્રીએ કૃપા કરી અનેકગણું પાછું આપ્યું છે!

કણભા ગામે ઝોળી માગવા જતા, ત્યારે અ. મુ. આશાભાઈ ત્રિકમભાઇ પટેલને મુક્તરાજ અબજીબાપાશ્રીનો મહિમા કહી તેમના દર્શન–સેવા–સમાગમનો લાભ લેવા ખાસ ભલામણ કરી.

તે અરસામાં એક વખત સ્વામીશ્રી આશાભાઇના ખેતરના કૂવે નહાવા જતા હતા, ત્યારે સ્વામીશ્રીએ પૂછયું : "તમે શેરડી વાવી છે?" આશાભાઈ કહે: "હા, પાંચ વીઘામાં વાવી છે." સ્વામીશ્રી કહે : "બહુ ખોટું કર્યું. આ વરસે વરસાદ થાય તેમ લાગતું નથી. તમારે કૂવામાંથી પાણી સીંચવું પડશે. દુષ્કાળમાં આ કૂવો તમને મદદ કરશે." આ વચન પ્રમાણે એ વખતે ચોમાસામાં વરસાદ થયો નહિ તેથી કૂવામાંથી પાણી સીંચી સીંચીને શેરડીને પાવું પડયું ને ઢોર સાચવવામાં પણ બહુ જ કઠણ પડયું, તે છતાં સ્વામીશ્રીના વચન પ્રમાણે કૂવામાં પાણી ખૂટયું નહિ.

બાકરોલથી સ્વામીશ્રી અમદાવાદ પધારી, ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો) ના ગામડાઓમાં ફરવા પધાર્યા. ધ્રાંગધ્રા, હળવદ, માથક થઈને સ્વામીશ્રી સરા પધાર્યા. ત્યાં મનસુખભાઈ ગંગારામ પારેખ મોટેરા હરિભક્ત હતા. તેઓ સ્વામીશ્રીના

દર્શન કરી, કથા સાંભળવા બેઠા. સ્વામીશ્રીનો અદ્‌ભુત અસ્ખલિત વાક્‌પ્રવાહ અને તેમાં શ્રીહરિજીના માહાત્મ્યના બળની વાતો સાંભળી મનસુખભાઈ તો સ્તબ્ધ થઈ ગયા. સભામાંથી ઉઠીને મનસુખભાઈએ સ્વામીશ્રીને સાક્ષાત્‌ દંડવત્‌ પ્રણામ કરી આજીજી કરી : "બાપજી ! મારા હૃદયમાં જાણે આજે નવું જીવન આવી ગયું હોય એમ આપની કથા સાંભળીને મને લાગ્યું છે. હવે આપ કૃપા કરીને મને આપની સેવામાં લ્યો." સ્વામીશ્રીએ તેમનો હાથ પોતાના હાથમાં લઈ કહ્યું : "મુક્તરાજ ! આજથી તમારો હાથ અમે ઝાલ્યો છે !" મનસુખભાઈને તે જ ઘડીથી દિવ્યભાવ વ્યાપી ગયો.

સરાથી બીજા ગામોમાં ફરતા ફરતા સ્વામીશ્રી જન્માષ્ટમીના સમૈયે મૂળી પધાર્યા. મનસુખભાઈ એ વખતે મૂળી દર્શને આવેલા. સ્વામીશ્રીના દર્શન કર્યા. સ્વામીશ્રી કહે : "તમને સરામાં વાત કહી હતી તે યાદ છે કે નહિ ?" મનસુખભાઈ કહે : "યાદ છે, વળી એ પણ યાદ છે કે આપે મારો હાથ ઝાલ્યો છે. હવે તે મૂકશો નહીં." સ્વામીશ્રી પ્રસન્ન થઈને કહે : "ભલે, પણ અમે કહીએ તેમ કરશો ?" મનસુખભાઈ કહે : "હા, જરૂર" ત્યારે સ્વામીશ્રીએ મનસુખભાઈને મુક્તરાજ અબજીબાપાશ્રીના મહિમાની વાત કરી ને તેમના દર્શન–સમાગમ કરવા જવા ખાસ ભલામણ કરી. મનસુખભાઈ ત્યાર પછી સ્વામીશ્રીની જોડે જ વૃષપુર બાપાશ્રીના દર્શને ગયેલા ને દિવ્યભાવથી સુખિયા થયેલા.

મૂળીમાં સભામંડપમાં સ્વામી શ્રી ઈશ્વરચરણદાસજી વાતો કરતા હતા તેમાં મુક્તરાજ અબજીબાપાશ્રીના મહિમાની વાત પણ કરી. તે વખતે કોઈક હરિભક્તને સંકલ્પ થયો કે "શાસ્ત્રવેત્તા સંત-હરિભક્ત હોય, તેઓ શાસ્ત્રમાંથી ભગવાનનું સ્વરૂપ સમજી શકે, પણ અબજીબાપા જેવા જે ભણ્યા જ ન હોય તે શાસ્ત્રને જાણ્યા વિના શું સમજે ?" સ્વામીશ્રી

તે સંકલ્પને અંતર્યામીપણે જાણી ગયા ને કહેવા લાગ્યા : "પરોક્ષશાસ્ત્રમાં મહામાયા ને મૂળપુરુષ સુધીનું વર્ણન કર્યું છે. તે શાસ્ત્ર જાણનારા મૂળપુરુષને જ પુરુષોત્તમ ભગવાન જાણે છે, પરંતુ મૂળપુરુષથી પર મહાકાળ છે, તેથી પર નરનારાયણ છે, તેથી પર વાસુદેવનારાયણ છે, તેથી પર મૂળઅક્ષર છે ને તે સર્વે અનંત છે, ને તેથી પર તેજના સમૂહરૂપ શ્રીજીમહારાજનું અક્ષરધામ છે. તેમાં અનંતકોટિ મુક્ત ને નિત્યમુક્ત તેમણે નિરંતર સેવ્યા એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન વિરાજમાન છે. તેમને અનાદિ શ્રીકૃષ્ણ કહ્યા છે. તે વાત શ્રીજીમહારાજ અને તેમના સિદ્ધ મુક્તોથી જ સમજાય છે. તે શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં કહ્યું છે કે 'તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોરે પણ દેખતા, અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ.' આ જે વાત કરી છે તે પોતાના અનાદિ મુક્તની સ્થિતિની વાત કરી છે. શ્રીજીમહારાજના અનાદિ મુક્તો તો આ પૃથ્વી ઉપર વિચરતા હોય તો ય મૂર્તિમાં જ છે ને મૂર્તિના સુખમાં થીજેલા છે, માતાના ઉદરમાં હોય ત્યારે પણ શ્રીજીમહારાજની મૂર્તિને દેખે ને તે મૂર્તિના સુખે સુખી હોય. માતાના ઉદરમાં આવ્યા મોરે પણ તે મૂર્તિમાં જ હતા ને મૂર્તિનું સુખ ભોગવતા હતા. આથી આવા અનાદિ મુક્ત જે શ્રીજીમહારાજની ઇચ્છાથી પૃથ્વી ઉપર અનંત જીવોના આત્યંતિક કલ્યાણ માટે વિચરતા હોય તેમની મોટપ કાંઈ શાસ્ત્ર ભણવે કરીને નથી, તેમની મોટપ તો શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સુખમાં રમે છે તેની છે. મુક્તરાજ અબજીબાપાશ્રી શ્રી સ્વામિનારાયણ ભગવાનની

ઈચ્છાથી આ પૃથ્વી ઉપર દર્શન દે છે, ને અનંત જીવોને શ્રીહરિજીના સુખે સુખિયા કરે છે, ને પોતે તો સદાય એ સુખમાં જ રમે છે." આ વાત સાંભળીને સભામાં બેઠેલા તે હરિભક્તે પોતાનું માન મૂકીને સ્વામીશ્રીને દંડવત્ કરી પ્રાર્થના કરી, સ્વામીશ્રીની માફી માગી સ્વામીશ્રીને પ્રસન્ન કર્યા.

સં. ૧૯૫૫-૫૬માં કચ્છમાં પ્લેગનો ઉપદ્રવ હોવાથી મુક્તરાજ અબજીબાપાશ્રીએ સંતોને વૃષપુર આવવાની ના લખી હતી, તેથી તે વખતે સ્વામીશ્રી વૃષપુર ગયા નહીં.

સં. ૧૯૫૬ના અષાડ માસમાં મુક્તરાજ બાપાશ્રી સંઘ લઈને છપૈયા જવા સારુ નીકળ્યા, ત્યારે મૂળી થઈને અમદાવાદ પધાર્યા. તે વખતે સ્વામીશ્રીએ બાપાશ્રીની સેવા-દર્શનનો લાભ લીધો. શ્રીજીસમકાલિન સમર્થ સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીના આશીર્વાદથી કપડવંજ તાલુકાના ચીખલોડ ગામના અંબાઈદાસ પટેલે મંદિરના કામ માટે લીંબડાના સાત વૃક્ષો આપ્યા; તે વૃક્ષોના ચૈતન્યોને શ્રીજીમહારાજે સત્સંગમાં જન્મ ધરાવ્યો. તેના તેમને સાત દીકરા થયા, તેમાંથી સાડાત્રણ ત્યાગી થયા. તે સંતો 'લીંબડાવાળા' તરીકે ઓળખાયા. તેમાં બીજા નંબરના સ્વામી ઘનશ્યામજીવનદાસજી અમદાવાદ મંદિરના મહંત હતા. તેમણે મુક્તરાજ બાપાશ્રીના ખૂબ સેવા કરી તેથી બાપાશ્રી તેમના ઉપર ખૂબ રાજી થયા. તેમને પણ બાપાશ્રીના ઐશ્વર્ય-પ્રતાપ જાણી તેમને વિષે અતિશય હેત થયું, અને સ્વામી ઈશ્વરચરણદાસજીની સાથે અવારનવાર વૃષપુર જઈ બાપાશ્રીના દર્શન-સમાગમનો લાભ લેવા લાગ્યા.

સં. ૧૯૫૭ની સાલના ભાદરવા માસમાં સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ

સંતમંડળ વૃષપુરમાં બાપાશ્રી પાસે જોગ–સમાગમ માટે ગયેલા, ને રોજ નવીન નવીન કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલતો હતો. તે અરસામાં થોડા માસ અગાઉ લુણાવાડાના કાશીરામભાઈ જે શ્રીજીમહારાજના અનન્ય ભક્ત હતા તે ધામમાં ગયેલા, અને તેમના મોટાભાઈ રણછોડલાલભાઈ સેવકરામ દવે મોરબીમાં સરન્યાયાધીશ હતા. તેમણે જાણ્યું કે સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી હાલ વૃષપુર બાપાશ્રી પાસે છે, તેથી તેમણે વૃષપુર સ્વામીશ્રી ઉપર પત્ર લખ્યો. તેમાં લખ્યું : "કાશીરામભાઈ ધામમાં ગયા પછી મને મનમાં થોડી થોડી અશાંતિ રહે છે, તો મારા પર દયા કરી અનાદિ મુક્તરાજ બાપાશ્રી તથા આપ સંતો સહીત અહીં સુધી પધારી આઠ દસ દિવસ રહી મને દર્શન—સમાગમનો લાભ આપો તો નિરાંત થાય. મારે આપ જેવા સમર્થને કાગળ લખી તેડાવવા તે કરતાં ત્યાં આવવું એ વધુ ઠીક ગણાય, પણ અમારું કામ એવું છે કે રજા મેળવતાં વખત લાગે અને તમો ત્યાંથી દેશમાં આવતા રહો, પછી એકલા બાપાશ્રી અહીં ન આવે, માટે દીનસેવકની આ અરજી જરૂર ધ્યાનમાં લેશો." એમનો આવો વિનયભર્યો પત્ર આવતાં તેમના ઉપર રાજી થઈ મુક્તરાજ અબજીબાપાશ્રી તથા સંતમંડળ તૈયાર થઈ ભુજ, અંજાર થઈ ખારીરોલ જઈ આગબોટમાં બેઠા. આગબોટ થોડી ચાલી ત્યારે બાપાશ્રી કહે : "આ આગબોટ તો માંદા જેવી છે ને મરે એવી લાગે છે!" સ્વામીશ્રી કહે : "જો પહેલેથી આવી વાત કરી હોત તો આપણે બેસત નહિ! હવે તો જેમ શ્રીજીમહારાજની મરજી." થોડે દૂર જઈને આગબોટનું મશીન ચાલતું બંધ પડ્યું, તે ઘણી મહેનત કરી પણ ચાલતું ન થયું. તેથી ત્યાં જ ઊભી રાખીને બીજા વહાણવાળા સાથે કાંઠે ખબર મોકલ્યા. હવે આગબોટમાં બેઠેલા બીજા માણસો તો અકળાઈને નોખા નોખા ઘાટ કરવા લાગ્યા, પણ સ્વામીશ્રી આદિ સંતો તો

માળા ફેરવે, કીર્તન બોલે, ધ્યાન કરે. બાપાશ્રી પણ ધ્યાનમાં ઊતરી જાય, ને જાગૃત થાય ત્યારે વાતો કરે.

બાપાશ્રી ઘણી વાર સુધી પાણી સામું જોઈ રહ્યા પછી બોલ્યા : "સ્વામી ! આ ટાણે 'મેરે તો તુમ હી એક આધારા', ને 'જહાં દેખું તહાં જલનિધિ ખારા', એવું થયું છે. જુઓને ! સમુદ્રમાં સર્વત્ર જળ દેખાય છે, બીજું કાંઈ નજરમાં આવતું નથી, તેમ મૂર્તિ આકારે દૃષ્ટિ થાય તેને બીજું કાંઈ ન જણાય, એક મૂર્તિ જ દેખાય." વળી, રાત્રે ગોડી, આરતી-ધૂન કર્યા પછી થોડી વારે સંતો કથા, ચેષ્ટા કરી પોઢણિયું બોલી રહ્યા, ત્યારે વાત કરી : "સ્વામી ! અક્ષર પર આનંદઘન જે પોતાનું તેજ તેમાં શ્રીજીમહારાજ અનંત મુક્તોએ સહિત અખંડ દર્શન દે છે, ત્યાં તેજના બંબ છૂટે છે ને એ મૂર્તિમાંથી તરેહ તરેહની ખુશબો આવે છે. એથી એ દિવ્ય-મુક્તો આનંદમાં ગરકાવ ને પૂર્ણકામ રહે છે. ત્યાં આપણે રહેવું. મહારાજ જરા ય છેટા નથી, દિવ્યદૃષ્ટિ થાય તો અહીં જ દેખાય. પણ મૂર્તિઆકારે વરતાય નહીં, પછી શાસ્ત્રમાં ખોળે, કાં જપ, તપ, વ્રત આદિ સાધન કરે, પણ તે બધુંય બહિર્દૃષ્ટિએ, – તેથી આ વસ્તુ હાથ ન આવે. મોટાનો તો એક જ સિદ્ધાંત છે કે એક મટકું ભરીએ એટલી વાર પણ મૂર્તિથી જુદા ન પડવું. મૂર્તિ વિના બીજી ઈચ્છા રહે તે દુષ્ટ વાસના કહેવાય. એવી વાસનાવાળાને સુખ ન આવે. માટે ફરીફરીને કરવાનું એ જ છે કે શ્રીજીમહારાજ વિના બીજું કાંઈ વહાલું રાખવું નહીં." આમ રહસ્યની વાતો કરતા ને નિત્યનિયમ કરતાં ત્રણ દિવસે બીજી આગબોટ આવી, તેમાં બેસી વવાણિયા થઈ મોરબી આવ્યા.

મોરબીમાં આઠ દિવસ રહ્યા. ત્યાં મુક્તરાજ બાપાશ્રી તથા સ્વામીશ્રી બહુ ચમત્કારિક વાતો કરતા, ને દર્શન–સેવા વગેરેનું સુખ આપતા હોવાથી રણછોડલાલભાઈને શાંતિ

શાંતિ થઈ ગઈ. તેમણે પણ બાપાશ્રી તથા સંતોની સેવા કરી રાજી કર્યા.

તે વખતે અમદાવાદના પરીખ બળદેવદાસ વલ્લભદાસ બાપાશ્રીના દર્શન કરવા મોરબી આવેલા અને તેમને બાપાશ્રીની સાથે સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજીના પણ પ્રથમ વખત દર્શન કર્યા. વળી, તે વખતે મોરબીમાં જ રહેતા હીરજીભાઈ ભીમજીભાઈ ચાવડા પણ દર્શને આવતા. એ હીરજીભાઈ, શ્રીજીમહારાજની અંગત સેવામાં રહેનારા મુક્તારાજ બેચર ચાવડાના પૌત્ર થાય. બળદેવભાઈ તથા હીરજીભાઈ બાપાશ્રી તથા સ્વામીશ્રીથી અત્યંત પ્રભાવિત થયા. સ્વામીશ્રીના પ્રભાવને યાદ કરીને હીરજીભાઈએ લખ્યું છે : "સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી અતિ પ્રતિભાશાળી હતા. તેમની ઊંચી પડછંદ કાયા, ભરાવદાર મુખાકૃતિ, તેમનો દઢાવ ભરેલો ઘેરો સાદ —આ બધાં તેમના પ્રભાવને વધારી દેતાં. તેમની વાતો બહુ છટાપૂર્વક અને જળધોધની પેઠે એકધારી ચાલ્યે જ જતી. ક્યાંય જરા પણ તૂટ પડે જ નહીં – પછી તે વાતો શ્રીહરિજીના પરચા ચમત્કારની હોય કે શ્રીહરિજીના સિદ્ધાંતની હોય કે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિની હોય. તેઓ વાત કરવા બેસતા એટલે આખી સભા એકદમ સ્થિર બની જતી અને સૌ શાંત ચિત્ત થઈ જતાં. તેમની વાણીમાં એટલું તો આકર્ષણ રહેતું કે તેમની વાતો સાંભળનારા એટલો વખત તો બીજું તમામ ભૂલીને સાંભળવામાં જ મશગૂલ થઈ જતા. સ્વામીશ્રીની વાતો ચાલતી ત્યારે તો ત્યાંથી ઊઠવાનું મન જ થતું નહિ. આસન ઉપર લાંબા પગ પ્રસારીને તથા હાથોના લહેકા કરતા કરતા વાતો કર્યે જ જતા. પ્રથમ પ્રથમના પરિચય સમયે મને યાદ છે કે પોતે મોટા ભાગે શ્રીજીના પરચા—ચમત્કાર માહાત્મ્યની વાતો કરતા. દિવસોના દિવસ સુધી રોજ નવીન ને નવીન શ્રીહરિની

લીલાના વર્ણનોની જ વાતો કરે. સાંભળનારાઓને એમ જ થાય કે આટલી બધી વિગતો તેમણે વાંચી ક્યારે હશે? અને વાંચ્યા બાદ યાદ પણ કેમ રહી હશે? કેવળ નજરે જોનાર જ એટલી વિગત યાદ રાખી શકે. વળી વાતો કરે ત્યારે જરા પણ સમય બીજા કશામાં જવા ન દે. કેવળ શ્રીજીની જ વાતો ચાલે. આગળ ઉપર પછી જ્યારે જ્ઞાન અને સિદ્ધાંતને લગતી વાતો કરવા માંડી ત્યારે તે વાતો પણ તેટલી જ છટા અને તત્પરતાથી કરતા. મૃત્યુલોક અને જીવોથી માંડીને અક્ષરધામ અને શ્રીહરિની મૂર્તિ પર્યંતની ભૂમિકાઓ અને તે તે ભૂમિકાઓના અધિપતિઓની સ્પષ્ટ વિગત કહી સંભળાવતા, અને પછી સાંભળનારાઓને આડું—અવળું પૂછી તે વિગતો કંઠસ્થ કરાવી દે ત્યારે જંપે. શ્રીહરિની ઉપાસના બાબત તેમને જે તાન અને વેગ હતાં તેવાં તાન ને વેગ ભાગ્યે જ બીજે ક્યાંય દેખાય છે. જુદા જુદા ધામાધિપતિઓ અને ઐશ્વર્યાર્થીઓના અધિકારો તથા ભૂમિકાઓ બાબત જરા પણ અચકાયા વગર સ્પષ્ટતા કરી દેતા. સાંભળનારાઓમાં કોઈને રુચશે કે નહિ તેની તેઓશ્રી ફિકર કરતાં જ નહિ. એક ગામમાં એક પ્રસંગે સભામાં વચનામૃત વંચાતું હતું. તે ઉપરથી શ્રીજીની સર્વોપરીતાની વાતનો પ્રસંગ નીકળતાં પોતે વાત કરવા લાગ્યા. તેમાંથી કેટલીક વાત ત્યાંના હરિભક્તોમાંથી કેટલાકને રુચિકર ન લાગી. તેમાં એક અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત ગૃહસ્થ પણ હતા. તેમણે ચર્ચા કરવા માંડી એટલે સ્વામીશ્રીએ તેના સ્પષ્ટ ઉત્તર દેવા માંડયા. તેથી તે નિરુત્તર તો થઈ ગયા, પણ પોતાનો વાંધો પકડી બેઠા; એટલે સ્વામીશ્રીને બીજાઓએ કહ્યું કે હવે વાતો બંધ રાખો. એટલે સ્વામીશ્રીએ શાંતિથી કહ્યું કે વાતો કરવા તો આવ્યા છીએ, તે કોઈને ખોટું લાગવાની બીકે બંધ કરીએ તો બીજા જેને સાંભળવી હોય તેનું શું? માટે

વાતો કર્યા વગર કેમ ચાલે? એટલે તે પ્રતિષ્ઠિત ગૃહસ્થે કહ્યું કે તો પછી તે મુદ્દા સિવાય બીજી વાતો કરો. એટલે સ્વામીશ્રીએ વગર વિલંબે જ શાંતિથી કહી દીધું કે વાતો તો જે હૃદયમાંથી નીકળે તે જ કરાય. ન સાંભળવું હોય તે ઊઠી જઈ શકે. આખી સભા આ સાંભળીને આશ્ચર્યચકિત જ થઈ ગઈ સ્વામીશ્રી પોતાના નિર્ણયમાં કેવા અડગ છે. જે વ્યક્તિની સામે એક શબ્દ ઉચ્ચારવા કોઈ હિંમત ન કરે તેને પણ ચોખ્ખું સંભળાવી દીધું અને તે પણ કોઈ જાતના ગર્વ કે આવેગથી નહીં પણ વિન્રમતાથી સામાન્ય રીતે કહેતા હોય તેમ શાંતિપૂર્વક જ. આવાં તો તેમનાં ધીરજ અને દઢતા હતાં. તેમને કોઈ પ્રત્યે દ્વેષ કે અવગણના હતી જ નહીં. પણ પોતાને જે કાર્ય કરવાનું હતું તે ઉપર જ નજર રહેતી, અને તેમાં જે કાંઈ વિરોધ ઉપસ્થિત થાય તેની તદ્દન અવગણના જ કરતા. પોતે તો સ્ટીમરોલરની પેઠે પોતાના માર્ગે જ જતા.

વચનામૃતો ૨૭૩ તો તેમને જિહ્વાગ્રે હતાં. કયા વચનામૃતમાં કયા પ્રશ્નના જવાબમાં શું બાબત કહેવાઈ છે તે બતાવવું તેમને રમત જેવું હતું. શાસ્ત્રાર્થ કરવા આવનાર છેવટ તેમને પગે પડીને જ જતા. કદાચ સ્વામીશ્રીનો અભિપ્રાય તે પૂરો કબૂલ રાખે કે ન પણ રાખે, છતાં સ્વામીશ્રીના જ્ઞાનભંડારથી તો ડઘાઈ જ જતા, અને છેવટ તેઓને કહેતા સાંભળ્યા છે કે 'આપનો આટલો અભ્યાસ અમે ધાર્યો ન હતો.' આમ દેખાવમાં કોઈને એમ ન થાય કે સ્વામીશ્રી ઊંડા અભ્યાસી હશે, છતાં જ્યારે પ્રસંગ આવે ત્યારે વાગ્ધારા છૂટે તે એટલી એકધારી ને ધોધબંધ હોય કે સામાને અવાક્ થવું જ પડે.

એક શ્રી સ્વામિનારાયણ ભગવાન સિવાય બીજા કોઈની સારપ્ય જીવને ન રહે તેની સ્વામીશ્રી બહુ જ કાળજી કરતા

હતા. આ કાળજીને કારણે ક્યારેક સ્વામીશ્રીને ન સમજનાર એમ માની બેસે કે સ્વામીશ્રી બીજા અવતારાદિકનો દ્રોહ કરે છે. પણ તેવું કશું સ્વામીશ્રીના મનમાં હતું જ નહીં. હા, એક વાત તો ખરી કે તેમના મનમાં એક શ્રીહરિ સિવાય બીજા કોઈનો ભાર હતો નહીં. પણ કોઈનો દ્રોહ કરવાનું કારણ તેમને શા માટે હોય? સર્વોપરી અને અવતારી એવા જે ભગવાન શ્રી સ્વામિનારાયણના પોતે અનાદિમુક્ત હતા, અને પોતે એમ જ કહેતા કે મુક્ત તો મૂર્તિમાં સુખ જ માણે છે, અને મુક્તનું દ્વાર લઈને મહારાજ પોતે જ સર્વે ક્રિયાઓ કરે છે. જેની આ સ્થિતિ હોય તેને કોઈનો દ્રોહ કરવાપણું રહ્યું જ ક્યાં? જેને ગીતામાં સ્થિતપ્રજ્ઞની સ્થિતિ કહેલ છે. તેવા સ્થિતપ્રજ્ઞ સ્વામીશ્રીને કહેવા તે તેમની સ્થિતિનું પૂરું વર્ણન ન કહેવાય. સ્વામીશ્રી તો તેથી પણ ઉચ્ચતર સ્થિતિમાં સદાય રહેતા હતા. તેમની સ્થિતિ અલૌકિક હતી.

મોરબીમાં આઠ દિવસ રહી બાપાશ્રી, સ્વામીશ્રી તથા સંતમંડળ ગઢડા ગયા. બળદેવભાઈ પણ તેમની સાથે ગયા. રેલગાડીમાં તથા ગઢડામાં બાપાશ્રીની તથા સ્વામીશ્રીની વાતોનો લાભ મળ્યા જ કરતો. પોતે બધું જોઈને જ કહેતા હોય તેવી બાપાશ્રીની તથા સ્વામીશ્રીની વાતો સાંભળી બળદેવભાઈની મનની શંકાઓ નિર્મૂળ થઈ ગઈ, અને તેમની સાથે ઘણો સ્નેહ બંધાઈ ગયો. ગઢડાથી જૂનાગઢ, ગોંડળ, રાજકોટ થઈને પાછા મોરબી આવ્યા. ત્યાંથી બાપાશ્રી વૃષપુર પધાર્યા અને સ્વામીશ્રી, સંતમંડળ તથા બળદેવ-ભાઈ અમદાવાદ આવ્યા.

થોડા દિવસ અમદાવાદ રહીને સ્વામીશ્રી પોતાના મંડળે સહિત ગામડે સત્સંગ કરાવવા નીકળ્યા. દશક્રોઈ તાલુકાના

ગામોમાં ફરતા ફરતા સ્વામીશ્રી માતર તાલુકામાં આવ્યા. નવાગામ, ગોભલજ, વડાલા થઈ સ્વામીશ્રી ઢઠાલ આવ્યા. આ દરમ્યાન સ્વામીશ્રીજ તબિયત સારી રહેતી નહીં, અને કમળાના ચિહ્નો જણાયા. દેહનો મૂળથી જ અનાદર, તેથી દવા બરાબર થઈ નહીં, અને કમળામાંથી કમળી થઇ ગઈ. કમળીનું દર્દ સામાન્ય રીતે જીવલેણ નીવડે છે. પોતે વિચાર કર્યો જે આમે કમળી થઇ છે તે દેહ રહેવાનો નથી, માટે કચ્છમાં જઈને બાપાશ્રી પાસે દેહ ત્યાગ કરીએ. પછી અમદાવાદ આવ્યા ત્યારે ચિતારા સ્વામી હરગોવિંદદાસજી વૈદ્ય હતા તેમણે કહ્યું જે હું અમુક દવા–ભસ્મ આપું તે તમો ખાવ તો તે તમારો કમળીનો રોગ મટી જાય, ને જો નહિ ખાવ તો શિયાળા–ઉનાળામાં કમળી નહીં વરતાય પણ ચોમાસામાં જરૂર દેહ પડી જશે. પણ પોતે તો બાપાશ્રી પાસે જવાનો વિચાર દૃઢ રાખ્યો ને દવા લીધી નહીં.

પોતાના અને સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીના મંડળે સહિત સ્વામીશ્રી કચ્છમાં આવવા નીકળ્યા. મોરબીથી નવલખી જઇ આગબોટમાં બેઠા, આગબોટ ચાલી જતી હતી તેમાં નહેરમાં સામેથી વહાણ આવ્યું ને પવનની દિશા બદલાતા તે આગબોટ સાથે ભટકાયું અને તેનો થાંભલો આગબોટમાં ભરાયો ને આગ-બોટ આડી થઇ ગઇ ! સૌએ જાણ્યું કે હમણા બૂડીશું. ત્યારે સ્વામીશ્રી આદિ સંતોએ મહારાજ અને બાપાશ્રીને સંભારવા માંડ્યા, ત્યાં તો એ થાંભલો ભાંગ્યો ને આગબોટ સરખી થઈ ચાલવા લાગી. બધાને થયું કે આ સાધુઓના પ્રતાપે જ આપણે બચ્યા. અંજારના એક ભાટિયા કુટુંબ મિલકત સહિત તે વહાણમાં હતા. તેમણે તો આ અદ્‌ભુત બચાવ થયો તેથી સ્વામીશ્રીને બહુ જ પ્રાર્થના કરી. સ્વામીશ્રી તેમના ઉપર રાજી થયા ને શ્રીહરિના પ્રતાપની વાતો કરી, બાપાશ્રીની ઓળખાણ કરાવી.

સ્વામીશ્રી અંજાર, ભુજ થઈને વૃષપુર આવ્યા. મંદિરના પગથિયા વચ્ચે મુક્તરાજ બાપાશ્રી મળ્યા. બાપાશ્રી અંતર્યામીપણે કહેવા લાગ્યા : "સ્વામી ! આ ફેરે તમે અહીં દેહ મૂકવાનો સંકલ્પ કરીને આવ્યા છો, તે મહારાજની ઈચ્છાથી અમારા જાણવામાં આવી ગયું છે, પણ હજી તમને અમારે જવા દેવા નથી. સત્સંગમાં કેટલાયના કલ્યાણ કરવા સારુ રાખવા છે." સ્વામી કહે : "મને કમળી થઈ છે તેથી કાંઈ મહારાજને જમાડાતું નથી, તેથી અહીં રહેવા કરતાં મહારાજના સુખમાં વહેલા પહોંચી જવાય તો સારું." બાપાશ્રી કહે : "આપણે કોઈ પ્રકારનો સંકલ્પ જ ન કરવો, મહારાજ જેમ રાખે તેમ રહેવું. મૂર્તિ ક્યાં છેટે છે? અંતવૃત્તિએ જોઈએ તો સદાય આપણી સાથે છે. પણ અમને એમ જણાય છે કે શ્રીજીમહારાજ તમને રાખવાના છે, માટે ઉતાવળ કરશોમાં. હજુ તમારા દ્વારા અનેકના મોક્ષ થશે." સ્વામીશ્રી કહે : "જેવી મહારાજની ને આપની મરજી." પછી ઠાકોરજીના થાળ થયા, ત્યારે બાપાશ્રી સ્વામીશ્રીની પડખે આવીને બેઠા ને સંતોને કહીને થોડો રોટલો પત્તરમાં પીરસાવ્યો. સ્વામીશ્રી કહે : "મારાથી જરાય જમાતું નથી ને નહિ ફાવે." બાપાશ્રી કહે: "આટલો રોટલો તો ઔષધની પેઠે જમી જાઓ. આ પ્રસાદી તો કમળી મટાડી દે એવી છે."–ને સ્વામીશ્રીને રોગ મટી ગયો. આ વાત સંવત ૧૯૫૮ની છે, જ્યારે સ્વામીશ્રીની ઉંમર ૪૦ વર્ષની હતી, તે વખતે શ્રીજીમહારાજે દયા કરીને સ્વામીશ્રીને રાખ્યા, તે ૧૯૯૮માં શ્રીજીને સુખે સુખિયા થયા, તે વખતે ૮૦ વર્ષના હતા. આમ કમળી થયા પછી કાંઈ પણ દવા લીધા વિના, શ્રીહરિની કૃપાથી ને બાપાશ્રીના સંકલ્પથી, સ્વામીશ્રી બીજા ૪૦ વર્ષ રહ્યા ને અનેક જીવોને શ્રીહરિજીને વિષે જોડ્યા. સ્વામીશ્રી પોતે જ અનેકના રોગ અને ભવરોગ નિવારતા, પણ પોતાને જ્યારે મંદવાડ આવ્યો ત્યારે મટાડવાનો સંકલ્પ પણ પોતે

કર્યો નહીં. એ તો શ્રીજીમહારાજની કૃપા કે બાપાશ્રીના નિમિત્તે સ્વામીશ્રીને બીજા ૪૦ વર્ષ આ લોકમાં રાખ્યા.

આ વખતે સ્વામીશ્રીને છ દિવસે વૃષપુરથી રજા આપીને કહ્યું કે હવે ક્યાંય રોકાયા વિના પરબારા જેતલપુર જજો, ત્યાં મહારાજ સારું કરી દેશે. પણ ભુજ જતા જાણ્યું કે માનકૂવામાં પારાયણ બેસવાની હતી ને સદ્‌ગુરુ અક્ષરજીવનદાસજીનો અતિ આગ્રહ હતો કે તે માટે સ્વામીશ્રીએ રોકાવું. તેથી સ્વામીશ્રી કાંઈ બોલી શક્યા નહિ, ને સંતો સાથે માનકૂવા ગયા. બે દિવસ પછી બાપાશ્રી માનકૂવા આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે અમોને સીધા જેતલપુર જવા આજ્ઞા કરેલી, પણ અક્ષરજીવનદાસજી સ્વામીના આગ્રહથી અહીં આવવું પડ્યું, તો વાંધો નથી ને? બાપાશ્રી કહે : "એ તો તમારી સાથે સાધુ બળદેવચરણદાસજી છે તે માંદા પડવાના છે, તેથી જેતલપુર પહોંચી ગયા હોત તો તેમની સેવા માટે બીજા સાધુઓ હોય, તે માટે કહેલું. હવે તો અહીં જ રહેવું પડશે." તે પછી સદ્‌ગુરુ વૃંદાવનદાસજી, ધોળકાના મહંત સ્વામી આદિ સંત-હરિભક્ત મંડળને લઈને આવ્યા. માનકૂવામાં પારાયણ થઈ રહ્યા બાદ સૌ સંત-હરિભક્તો વૃષપુર આવ્યા, ને સાધુ બળદેવચરણદાસજી માંદા થયા, ને થોડા દિવસ પછી દેહ મૂક્યો. બીજે દિવસે સભા થઈ ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું : "બાપા! એ સાધુને મહારાજે ક્યાં મૂક્યા હશે?" બાપાશ્રી કહે : "આ સ્વામી ઈશ્વરચરણદાસજી અહીં દેહ મૂકવાનો સંકલ્પ કરીને આવ્યા હતા, તેમલે બદલે એ સાધુએ દેહ મૂક્યો, તેથી એને બીજે કેમ મૂકાય? એને તો ઠેઠ શ્રીજીમહારાજે પોતાના સુખમાં મૂકી દીધા." ધન્ય છે સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રીને કે જેમણે આ લોકમાં રહેવાનો સંકલ્પ સુધ્ધા ન કર્યો, ધન્ય છે મુક્તરાજ બાપાશ્રીને કે જેમણે અનેકના કલ્યાણને અર્થે સ્વામીશ્રીને

આ લોકમાં રાખ્યા !

સં. ૧૯૫૯માં મુક્તરાજ અબજીબાપાશ્રીનો ફાગણ માસમાં સ્વામીશ્રી ઉપર પત્ર આવ્યો કે શ્રીજી ઈચ્છાથી વૈશાખ સુદ એકમથી પૂનમ સુધી વૃષપુર પારાયણ તથા યજ્ઞ કરવા છે તો તમો સંતમંડળોને લઈને વહેલાસર આવી જજો. તે મુજબ સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી સંતમંડળ લઈને રામનવમીનો સમૈયો અમદાવાદ કરીને કચ્છમાં ગયા. બાપાશ્રીના પ્રયોજેલા યજ્ઞ-પારાયણ એ પુણ્ય કે કીર્તિ મેળવવા માટે નહીં પણ અનેક મોક્ષભાગી જીવોના આત્યંતિક કલ્યાણના સદાવ્રત છે, તે વાત સદ્‌ગુરુશ્રીઓ જાણતા હતા તેથી યજ્ઞ-પારાયણની સેવામાં સર્વે જોડાયા અને પોતાના હેતરુચિવાળા સર્વે સંત-હરિભક્તોને પત્ર લખીને, આગ્રહ કરીને આ માંગલિક પ્રસંગનો લાભ લેવા આમંત્ર્યા. અમદાવાદ, મૂળી ને ભુજના સેંકડો સંતો અને હજારો હરિભક્તો એકત્ર થયા, સભામાં કથા પૂરી થયા પછી સદ્‌ગુરુઓ વાતો કરતા, બાપાશ્રી પણ પોતે કૃપા વરસાવતા. સૌ કોઈ એ આનંદનો લાભ લઈ કૃતાર્થ થયા.

સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજીના પરિચયમાં આવે ને મુમુક્ષુ હોય, સ્વામીશ્રીની વાતો સાંભળે તેને શ્રીહરિજીના સ્વરૂપના મહિમાનો એવો તો કૅફ ચડી જાય કે તેને બીજું નજરે ન આવે. ત્યારે તેને સ્વામીશ્રીને વિષે પણ અતિ હેત થાય. સ્વામીશ્રીને વિષે હેત થાય, સ્વામીશ્રીના વચનમાં સંપૂર્ણ વિશ્વાસ થાય, એટલે સ્વામીશ્રી એને બાપાશ્રીની ઓળખાણ કરાવે. બાપાશ્રી તેવા મુમુક્ષુને શ્રીહરિના સ્વરૂપને વિષે કૃપા કરીને અનાદિ મુક્તની રસબસ રહેવા રૂપ પરમ કલ્યાણકારી સ્થિતિ કરાવે. આ રીતે સ્વામીશ્રીએ અનેક મુમુક્ષુઓને શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીની સર્વોપરી મૂર્તિનો

યોગ અને તે સ્વરૂપમાં રસબસ રહેવા રૂપ છેલ્લામાં છેલ્લી સ્થિતિની સમજણ કરાવી. સ્વામીશ્રીના આ મહદ્ ઉપકારની વાત વિચારીએ અને એને પૂરેપૂરા સંદર્ભ – પરિપ્રેક્ષ્યથી જોઈએ તો સ્વામીશ્રીનો આભાર માનીએ તેટલો ઓછો જ છે. આપણું સર્વસ્વ તેમના અર્થે લૂંટાવી દઈએ, 'ઉનકે પાંવકે પહનિયા, મેરે તનકી ચામ' કરી દઈએ તો ય એમણે કરેલા ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી, નથી ને નથી જ. એમણે કરેલા ઉપકારનો બદલો તો એક પરમ દયાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ નિત્ય નવીન નવીન સુખ આપીને વાળી શકે, બીજા કોઈથી કાંઈ બને તેમ જ નથી.

દાખલા તરીકે, બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ધોળકા–અમદાવાદ–મૂળી મંદિરમાં રહેતા ને શ્રીઠાકોરજીની સેવા-પૂજા નિષ્કામ ને સરળ ભાવે સ્નેહપૂર્વક કરતા. તેમને સ્વામીશ્રીનો પરિચય વધ્યો. સ્વામીશ્રીની વાતો સાંભળી શ્રીહરિજીના સ્વરૂપમાં અતિશય દઢાવ થયો, ને અતિ હેત થયું. આથી તેમને સ્વામીશ્રી માટે અતિશય આદર થયો ને ગુરુભાવ થયો. સ્વામીશ્રીને તેમણે (સં. ૧૯૯૦માં) સરળ ભાવે પૂછ્યું કે બાપજી! હું કયા મંદિરમાં રહીને સેવા કરું તો વધુ સુખ આવે? સ્વામીશ્રીએ તેમને ભુજમંદિર જઈ સદ્‌ગુરુ અક્ષરજીવનદાસજી સ્વામી પાસે રહી શ્રી ઠાકોરજીની સેવા–પૂજા કરવા અને વૃષપુર અબજીબાપાશ્રીનો સમાગમ કરવા ભલામણ કરી. આવી રીતે સ્વામીશ્રી પાત્ર તૈયાર કરી કરીને સુખ–અમૃત પામવા બાપાશ્રી પાસે મોકલી આપતા. બાપાશ્રી અઢળક ઢળ્યા, ને બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને સાક્ષાત્કાર કરાવી દીધો. બાપાશ્રી પોતે એ બ્રહ્મચારી મહારાજના ઘણી વાર વખાણ કરતા. કહેતા : "(સંપ્રદાયના) ચોવીસ મંદિરમાં એકે ય જગ્યાએ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી જેવા બ્રહ્મચારી

નથી. સાજું (આખું) બ્રહ્માંડ ફરી આવે તો પણ એવા પુરુષ ક્યાંય ન મળે." આવી અદ્ભુત સ્થિતિવાળા બ્રહ્મચારીમહારાજ થયા તે બાપાશ્રી અને સ્વામીશ્રીને આભારી છે.

સ્વામીશ્રી ગામેગામ ફરે છે, સમૈયા કરે છે, હૃદયે હૃદયે નવા નવા મંદિરો કરતા જાય છે! ધ્રાંગધ્રા, હળવદ થઈ સ્વામીશ્રી વાંટાવદર પધાર્યા છે. (સં. ૧૯૬૦) મુક્તરાજ ભૂરાભાઈ ગોવિંદભાઈ શાહ સાથે શ્રીજીમહારાજના સુખની વાતો થાય છે, ત્યારે ભૂરાભાઈના ભાણેજ સોમચંદભાઈ જીવરાજભાઈ મહેતા દર્શને આવે છે. ૧૦–૧૨ વર્ષની ઉંમર છે, પણ ઘરના સંસ્કાર અને પૂર્વના યોગ જ એવા ઉદાત્ત છે કે સ્વામીશ્રીને સોમચંદભાઈ ઉપર સહેજે જ હેત થઈ ગયું. થોડી વારે સભા થઈ. સ્વામીશ્રી વાતો કરતા કહે : "અવતારોને તો શ્રીજીમહારાજ દયા કરીને દર્શન આપે તો થાય." સોમચંદભાઈને આ વચનો અંતરમાં ખૂંતી ગયા. પછીથી તો તેઓ કરાંચી ગયા. ત્યાં પણ સ્વામીશ્રીના પત્રો આવે. વળી વળીને એ જ વાત કે સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી કેમ જાણવા. ત્યારે સોમચંદભાઈને એમ થયું કે સ્વામીશ્રી શ્રીજીમહારાજની આવી રીતે મોટપ કહે છે, તો પછી મહારાજે પોતે જ અવતારોનું આટલું બધું પ્રતિપાદન કેમ કર્યું હશે? સ્વામીશ્રી તો વચનામૃતના આધાર લઈને સમજાવે, તેથી તે ખોટી કેમ મનાય? ગંગા પ્રવાહની પેઠે સ્વામીશ્રીની વાગ્ધારા ફરી વળી! જ્યાં મળે ત્યાં મહારાજ સર્વોપરી છે એ જ વાત મુખ્ય લાવે, ને કહે : "બીજા અવતાર જેવા મહારાજને જાણે તો એમનાં ધામમાં જવું પડે. તારા ને ચંદ્રમામાં ફેર એવો ફેર મહારાજમાં ને બીજા અવતારમાં છે." વળી કીર્તનો કે વચનામૃત ઉપર વાત કરે તો પરભાવમાં જ ઉત્તર કરે ને સમજાવે. આમ સોમચંદભાઈને સ્વામીશ્રીની વાતો બધી ચમત્કારી લાગવા માંડી અને તેનાથી

સ્વામીશ્રીને વિષે માહાત્મ્ય સહ હેત થયું તે અબજીબાપાશ્રી સુધી ખેંચી ગયું, ને પોતે તો સુખિયા થઈ ગયા, પણ અનેકને સુખમાં ખેંચી ગયા!

સ્વામીશ્રી પોતે સદા શ્રીહરિજીની મસ્તીમાં રહેતા તેથી બધી ક્રિયા, શબ્દો પરભાવમાં જ લઈ જતા. સં. ૧૯૬૧માં વસંતપંચમીના સમૈયે સ્વામીશ્રી મૂળી પધાર્યા હતા. માલણિયાદથી હરિભક્તો સમૈયે આવેલા. તેમાં ચતુરભાઈ અમીચંદભાઈ ગાંધી પરમ ભગવદીય. સ્વામીશ્રીનો તેમને પ્રથમ મેળાપ. સ્વામીશ્રીના દર્શને ગયા ને ચતુરભાઈએ દંડવત્ કર્યા. સ્વામીશ્રીએ પૂછ્યું : "શું નામ?" ચતુરભાઈ કહે : "મારું નામ ચતુર." સ્વામીશ્રીએ એ જ વખતે રમૂજ કરી પૂછ્યું : "ચતુર કઈ રીતે?" ચતુરભાઈ કહે : "આપ કહો તે રીતે." સ્વામીશ્રીને તો સીધા પરભાવમાં જ વર્તાવવા હતા! તરત જ ચતુરભાઈને માથે હાથ મૂકી બોલ્યા : "મહારાજ તથા મોટા મુક્તાને રાજી કરવામાં ચતુર!" અને અતિ પ્રસન્નતા બતાવી. આ કૃપા મળતાંની સાથે જ ચતુરભાઈને સ્વામીશ્રીને વિષે ગુરુભાવ થઈ ગયો. સ્વામીશ્રીએ એનું જતન કરી, શ્રીહરિજીનું સર્વોપરી જ્ઞાન એમના ચૈતન્યમાં રેડી દીધું ને દિવ્ય કરી દીધા! ને તેમણે તે દિવ્યતા ઝીલી અનેકને દિવ્યતામાં ઝિલાવ્યા.

પરદેશમાં મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં એક માળથી બીજે માળ જવાના એસ્કેલેટર હોય છે. તેના ઉપર ઊભા રહો એટલે તમે જ્યાં હો ત્યાંથી ઉપરની તરફ તમોને લઈ જાય. સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજીની અમીદષ્ટિ એવી એસ્કેલેટર જેવી હતી – એનાશ્રા જે જ્યાં હોય ત્યાંથી ફટાફટ મહારાજની અગમ્ય મૂર્તિ સુધી પહોંચી જતા ને ન્યાલ થઈ જતા.

## ૬. સર્વહિતાવહ જ્ઞાનયાત્રા

શ્રીજીમહારાજના અંગત સચિવ—સેક્રેટરી—તરીકે જે સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ છે તેવા સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી એમ કહેતા કે શ્રીજીમહારાજે જે વચનામૃતો કહ્યા તે મેં સાંભળીને લખ્યા, તે છતાં તે જ વચનામૃતોના અર્થ જ્યારે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી પાસેથી સમજ્યો ત્યારે જ યથાર્થ જ્ઞાન થયું. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી જે વચનામૃતના આચાર્ય જેવા ગણાતા તે પણ કહેતા કે વચનામૃતના અર્થ જો સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ ન સમજાવ્યા હોત તો કાચપ રહી જાત !

હકીકતમાં તો શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રીમુખે જ આ વાત કહી છે. ગઢડા મધ્ય પ્રકરણના ૧૩મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે : આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ, અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ આ વાત સમજ્યામાં આવે છે; પણ પોતાની બુદ્ધિ બળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."

સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી પોતે શ્રી સ્વામિનારાયણ ભગવાને અક્ષરધામથી આ લોકને વિષે અનેક જીવોના આત્યંતિક કલ્યાણ માટે મોકલેલા સિદ્ધ અનાદિમુક્ત હતા. તેમણે સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીશ્રી પાસે ત્યાગીની દિક્ષા લીધી તે અગાઉથી જ વચનામૃતનો અસાધારણ અભ્યાસ કર્યો હતો. તેમને બસો નોતેર વચનામૃતો જિહ્‌વાગ્રે હતા. તે બધાં જ વચનામૃતના અર્થ સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીશ્રી પાસે રહ્યા તે દરમ્યાન જાણી લીધા હતા. સ્વામીશ્રી

ઈશ્વરચરણદાસજી પાસે વચનામૃત અંગે જે કોઈ વાત કરવા આવે તે સૌ સ્વામીશ્રીના અસાધારણ અભ્યાસથી અત્યંત પ્રભાવિત થઈ જતા, તે છતાં સ્વામીશ્રી જ્યારે મુક્તરાજ અબજીબાપાશ્રી પાસે સમાગમ અર્થે રહ્યા ત્યારે મુક્તરાજશ્રીના મુખે શ્રીહરિજીના માહાત્મ્ય–ઐશ્વર્ય–પ્રતાપની વાતો અને વચનામૃતના રહસ્ય અભિપ્રાયો જાણ્યાં ત્યારે સ્વામીશ્રીને પણ "અહો ! અહો !" થઈ ગયું. શ્રીજીમહારાજના સ્વરૂપમાં લીન થઈને રહેલા અનાદિ મુક્તો અને એ સ્વરૂપની સન્મુખ રહેલા પરમ એકાંતિક મુક્તોને જેમ શ્રીજીમહારાજનું સુખ હરહંમેશ, હર પળ, હર ક્ષણ નવીન નવીન લાગે છે, તેમ મુક્તરાજ અબજીબાપાશ્રીના મુખથકી નીકળતી શ્રીજીમહારાજ અને મુક્તોના ઐશ્વર્ય–પ્રતાપ અને સુખ સંબંધી અનુભવવાણી નિત્ય નવીન ને ચમત્કારી લાગતી. એમ થાય કે જાણે એ વાણી સાંભળ્યા જ કરીએ, એમાં ઝીલ્યા જ કરીએ ! ગંગાજીના જળમાં ડૂબકી મારી જઈ, સતત આવ્યે જતા નવા ને નવા પાણીમાં ઝીલતા હોઈએ તેવી એ બાપાશ્રીની અનુભવવાણી હતી. બાપાશ્રી કહેતા : "આ શબ્દો તો શ્રીજીમહારાજના પડછંદા છે. સમુદ્રમાં જેમ વેળ આવે તે નહાવા પડેલાને સમુદ્રમાં તાણી જાય તેમ આ શબ્દો, સાંભળનારને શ્રીજીમહારાજમાં ખેંચી જાય છે." મુક્તરાજ અબજીબાપાશ્રીના અનુભવજ્ઞાનની આ વાતો સાંભળવા સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી પોતે વરસોવરસ કચ્છમાં જતાં, એટલું જ નહીં પણ પોતાના હેતરુચિવાળા અમદાવાદ–જેતલપુર–ધોળકા–મૂળી ભુજના મંદિરના સંતોને અને સેંકડો–હજારો હરિભક્તોને તે વાણીનો લાભ લેવા લઈ જતા અને લાભ લેવરાવતા.

તેમ છતાં સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રીને ચેન નથી !

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી સ્વયં પુરુષોત્તમનારાયણ

છે, છતાં જ્યારે મનુષ્ય સ્વરૂપે આ પૃથ્વી ઉપર પધાર્યા ત્યારે સતત વિચરણ કરતા રહ્યા. 'જ્યાં દાતણ ત્યાં દીવો નહીં, દીવો ત્યાં દાતણ નહીં!' જે જગ્યાએ સવારે દાતણ કર્યું હોય ત્યાં સાંજના દીવાટાણે હાજર ન હોય, ત્યાંથી બીજે પધાર્યા જ હોય! શા માટે આવું અવિરત વિચરણ? બસ એક જ ઉદ્દેશ્ય કે કેમ કરીને વધુ ને વધુ જીવોને પોતાના સર્વોપરી સ્વરૂપનો લાભ મળે. તે જ રીતે શ્રીહરિજીના મુક્તોમાં પણ "વધુ ને વધુ જીવોના આત્યંતિક કલ્યાણ માટેની અસાધારણ ધગશ" એવી જ રહેલી હોય છે. એ રીતે સદ્‌ગુરુ ઈશ્વર-ચરણદાસજી સ્વામીને અમુક સંતો કે હરિભક્તો બાપાશ્રીનો લાભ લે તે માત્રથી સંતોષ ન હતો.

વર્ષાઋતુમાં જળની શી કમી? આકાશમાંથી સતત વર્ષા કરે, જમીન ઉપર નદી–નાળાં–ઊભરાયા કરે! પણ જ્યારે દુષ્કાળ પડે, વરસાદ ન હોય ત્યારે? એ જળ જો સુકાળમાં ભરી રાખ્યું હોય તો દુકાળમાં કેટલું ખપ આવે? તેમ શ્રીજીમહારાજની કૃપા મુક્તરાજ અબજીબાપાશ્રી દ્વારા અન-રાધાર વરસતી હોય ત્યારે એનો બને તેટલો વિશેષ – ધરાઈ ધરાઈને, 'ઓહો' થઈ જ્યાં ત્યાં લગી, ઉપયોગ કરી લેવો તે તો બરાબર જ, પણ પછીનો કાળ જ્યારે એ અનરાધાર કૃપા વરસતી મટી જાય ત્યારે આવનાર પેઢી માટે અત્યારથી એ કૃપા ઝીલી લઈ ભરી રાખી હોય તો આવનાર પેઢીને તેનો લાભ મળે.

સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી તાત્કાલિન મુમુક્ષુ-ઓને તો મુક્તરાજ બાપાશ્રી દ્વારા વરસતી શ્રીહરિજીની કૃપાનો લાભ અપાવે છે પણ હવે પછી આવનારી પેઢી માટે એ કૃપાને ઝીલી લઈ સંગ્રહી રાખવા ઇચ્છે છે.

અનરાધાર વરસી રહેલી વાતોને નોંધી લેવી છે, પણ આજ્ઞા મેળવ્યા વિના નોંધાય કેવી રીતે? ને આજ્ઞા માંગવા

જઈએ ને 'મસ્ત જાતિ મુક્તાની,' તે ના પાડી દે તો? આજ્ઞાની વિરુદ્ધ જઈને તો નોંધાય નહીં. આજ્ઞા માંગવા જઈએ ને હા જ પાડે તેવો પ્રસંગ કેમ આવે? એ બાબત સદ્‌ગુરુશ્રી સતત ચિંતિત રહેતા.

સં. ૧૯૬૨ની સાલ. કચ્છમાંથી મુક્તરાજશ્રીનો પત્ર આવ્યો કે રામપુરના સાંખ્યયોગી મુક્તસ્વરૂપ ધનબા ચૈત્ર વદ બીજથી વૈશાખ સુદ ૧ સુધીનો યજ્ઞ અને પારાયણ કરાવે છે, તેથી સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી, વૃંદાવનદાસજી, ઘનશ્યામજીવનદાસજી બધે તે વાત જણાવે અને ચૈત્ર સુદ નવમીનો સમૈયો અમદાવાદ કરી તરત કચ્છમાં આવે. તે રીતે ત્રણે સદ્‌ગુરુઓ શ્રીહરિ જયંતીનો સમૈયો કરી પોતાના મંડળો સહિત વૃષપુર ગયા ને ત્યાંથી રામપુર ગયા. ત્યાં હજારો સંત-હરિભક્તો પધાર્યા, ને 'આત્યંતિક કલ્યાણના સદાવ્રત' રૂપ એ યજ્ઞ-પારાયણ બની રહ્યા. દિવ્ય મુક્તોની હાજરીથી દિવ્યતા વિલસી રહી. રામપુરગંગાના એ પરમ પુનિત યજ્ઞની સમાપ્તિ બાદ સંતો ને બાપાશ્રી ગાડામાં બેસી વૃષપુર આવ્યા.

ગાડામાં બેઠા બેઠા સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી સતત એ જ વિચાર કરે છે કે એવી કઈ રીતે આજ્ઞા લેવી કે જેના જવાબમાં બાપાશ્રી હા જ પાડે! ત્યાં સદ્‌ગુરુશ્રીને એક વિચાર ઝબકે છે: "બાપાશ્રી તો અંતર્યામી છે. અંતર્યામીપણે આ વાત જાણી જઈને મારા પૂછ્યા વિના જ વાતો લખવાની આજ્ઞા કરે તો કેવું સારું? લાવો, ત્યારે, શ્રીહરિને મનોમન પ્રાર્થના જ કરવા માંડીએ! આખો વખત, ગાડામાં બેઠા બેઠા, સદ્‌ગુરુશ્રી મહારાજને સંભારીને બાપાશ્રીને મનોમન પ્રાર્થના કરે છે કે આપ રાજી થઈને આપની વાતો લખવાની આજ્ઞા કરો.

વૃષપુર પહોંચ્યા, મંદિરમાં શ્રીઠાકોરજીના દર્શન કર્યા, કથા-વાર્તા-ચેષ્ટા થઈ ગયા, હરિભક્તો ઘરે ગયા, સંતોએ પણ આસન કર્યાં.

રાતના બાર વાગ્યા હતા, વૈશાખી પૂનમની ચાંદની હતી. બાપાશ્રી પોતાને આસને બિરાજ્યા છે. સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સામે બેઠા છે. મનોમન પ્રાર્થના ચાલે જ છે. ત્યાં તો બાપાશ્રી કૃપા કરી બોલ્યા : "તમે વર્ષોવર્ષ અહીં આવો છો, જોગ-સમાગમ કરો છો, વાતો સાંભળો છો ને રાજી થાઓ છો. વળી સંતો વિવિધ પ્રશ્નો પૂછે છે ત્યારે ભારે ભારે ઉત્તર થાય છે. આ બધું ય સહેજે દિવ્યભાવ પમાડી દે એવું છે. સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીને અંતર્ધાન થયા આજ પંદર વર્ષ થયા, ત્યારના તમે આ દેશમાં આવો છો, પણ ક્યારેય આવી વાતોની યાદી લખી રાખતા નથી. જો લખી રાખતા હો તો પાછળથી ઘણા જીવોને સમાસ થાય." – બસ થયું! સદ્‌ગુરુશ્રીને આનંદનો પાર ન રહ્યો! કહે : "બાપા, મને તો ઘણુંય એમ થયા કરતું હતું કે આવી દિવ્ય વાતો લખી લઉં, પણ આપની મરજી જાણ્યા વિના કેમ લખાય?" બાપાશ્રી કહે : "હવેથી લખતા રહેજો. વાતોમાં નકરો પરભાવ ચાલ્યો આવે છે. આગળ એ વાતોથી ઘણો સમાસ થશે." વૈશાખી પૂર્ણિમાની ચાંદની જેમ વિલસી રહી હતી, તેમ બાપાશ્રી દ્વારા શ્રીજીમહારાજની કૃપા પ્રસરી રહી! શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના રહસ્ય અભિપ્રાયનું અનુભવજ્ઞાન પ્રેમપૂર્વક સંગ્રહી લેવાની અનુમતિ મળી. આવનારી પેઢીઓના આત્યંતિક કલ્યાણનું મહોદય પર્વ શરૂ થયું! અને અકારણ કૃપા જેમનો સહજ સ્વભાવ છે તેવા સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી એના મુખ્ય સૂત્રધાર બન્યા!

વૈશાખ વદ એકમની સવારથી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ કોરા કાગળની ચોપડી હરિભક્તો પાસે મંગાવી, વાતો લખવા માંડી, આત્યંતિક કલ્યાણની પરબ માંડી! સભામાં જ્યારે જ્યારે વચનામૃત વંચાય કે વાતો થતી હોય

ત્યારે જો બાપાશ્રી અંતર્વૃત્તિ કરી ધ્યાનેયુક્ત બેઠા હોય તો સ્વામીશ્રી પોતે પ્રશ્ન પૂછે અથવા સદ્‌ગુરુ વૃંદાવનદાસજી પૂછે. જે વાત થાય તે સ્વામીશ્રી પોતે લખી લે. સ્વામીશ્રીને લખવાની એવી ઝડપ હતી કે બાપાશ્રી વાતો કરતા જાય ને સ્વામીશ્રી નોટમાં ઉતારતા જાય ! જેમ જેમ સૌને ખબર પડતી ગઈ કે વાતો લખાય છે, તેમ તેમ મોટા મોટા સંત–હરિભક્તોએ પ્રસંગ અનુસાર પ્રશ્નો પૂછવા માંડયા. તેવી જ રીતે મુક્તરાજ બાપાશ્રી પોતે પણ ઘણી વાર ભારે ભારે વાતો કરતા. સભાપ્રસંગે કે સવારે ઠાકોરજી જમાડી બેઠા હોય ત્યાં કે સંતો વાડીએ જાય ત્યાં કે ચોકમાં કે ઓસરીમાં બેઠા હોય ત્યાં–બાપાશ્રી વાતો કરતા હોય તે લખી લેતા આ રીતે જ્ઞાનગંગાને સંગ્રહવાનું કામ શરૂ થયું.

પારાયણની સમાપ્તિ પછી બાપાશ્રી જેતલપુર, ધોળકા, વગેરે ધામોમાં દર્શન કરવા ગયા. સદ્‌ગુરુઓ બાપાશ્રીની સાથે જ બધે ફર્યા. પાછા અમદાવાદ આવી બંને સદ્‌ગુરુઓ –વૃંદાવનદાસજી સ્વામી અને ઈશ્વરચરણદાસજી સ્વામી – તથા આશાભાઈ (કણભાવાળા), પ્રાણશંકરભાઈ સાથે બાપાશ્રી કચ્છમાં પધાર્યા.

વૃષપુરમાં ફરી કથાવાર્તા અને દર્શન સેવારૂપ બ્રહ્મયજ્ઞ ચાલવા માંડ્યો. રોજ સવાર, બપોર ને સાંજ વચનામૃત વંચાય તેમાંથી ચમત્કારિક વાતો નીકળે. ઓસરીમાં, ઓરડીમાં, સભામાં કે ચોકમાં જ્યાં બેઠા હોય ત્યાં સદ્‌ગુરુઓ એવા એવા પ્રશ્નો પૂછે કે બાપાશ્રીને વાતો કરવી જ પડે. આઠ દિવસ સુધી તો એમ ચલાવ્યું. પછી તો લોયાનું ત્રીજું વચનામૃત વાંચી તેમાં મોટા મોટાએ મહારાજને અર્થે ને સંતને અર્થે શું શું કર્યું હતું તે વાતો પૂછવા માંડી એટલે ત્રણ-ચાર દિવસ તો એ મુક્તોની જ વાતો ચાલી.

એક દિવસ બાપાશ્રી કહે : “સ્વામી ! તમો જ્યારે આ

દેશમાં આવો છો ત્યારે વધુ અહીં ને અહીં રહો છો, તેથી ગામડાના હરિભક્તોને પોતાના ગામમાં લઈ જવાની તાણ-આગ્રહ-મટતા નથી, તો તમો નારાયણપુર, દહીંસરા, રામપુર, સામત્રા, માનકૂવા, ભારાસર, સુખપુર, વગેરે ગામોમાં ફરવા જાઓ અને ત્યાં હરિભક્તોને ખૂબ રાજી કરો. જો તમે રાજી થઈને જાઓ તો ભલે, નહિ તો સુખે અહીં રહો.'' ત્યારે સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી કહે : "અમે તો આપને રાજી કરવા અહીં આવીએ છીએ. તેથી તમે પાસે રાખ્યે રાજી હો તો પાસે રહીએ, છેટે જવાનું કહો તો તેમ કરીએ. આજે આવ્યા હોઈએ ને કાલે રજા આપો તો ય રાજી થઈને દેશમાં જઈએ, કેમકે અમે આપના રાજીપામાં સુખ માન્યું છે." સ્વામીશ્રીના આવા વિનય વચન સાંભળી બાપાશ્રી ઘણા રાજી થયા. પછી બપોરે વાડીએ નહાવા ગયા, ત્યારે પોતે કૂવામાંથી પાણી કાઢીને સંતોને નવરાવવા લાગ્યા, પણ સંતોએ ના પાડી. ત્યારે બાપાશ્રી કહે : "તમારા જેવા સંતનો જેટલો મહિમા જાણીએ તેટલો ઓછો છે. તમે તો મહારાજની મૂર્તિમાંથી સુખ લઈને સત્સંગમાં પ્રવર્તાવો છો. જેમ વરસાદ ચાર ખાણના જીવને સુખિયા કરે છે, તેમ તમે મહારાજનો રસ લઈને સૌને સુખિયા કરો છો." એમ કહી પરસ્પર નવરાવી, મળ્યા ને બહુ પ્રસન્નતા જણાવી.

સંતો ગામેગામ ફરી ભુજ આવ્યા, તે જાણી બાપાશ્રી ઘોડીએ બેસી ભુજ પધાર્યા. સંતોને મળીને બાપાશ્રી કહે : "સ્વામી ! તમે ગામડામાં પધાર્યા તે મને થોડા દિવસ તો સારું ન લાગ્યું, ઘેર જાઉં કે વાડીએ જાઉં પણ કયાંય ઠીક ન લાગે. પછી મહારાજ ભેળા તમને સંભારી સંભારીને ઘણી વાટ જોઇ કે ભુજ આવે ત્યારે સામે જઈને દર્શન કરી આવું". બાપાશ્રીના આ વચનો સાંભળી સંતો ગદ્‌ગદ થઇ ગયા. કહે : "આટલો બધો રાજીપો આપનો અમારા ઉપર છે, એ

જ અમારાં મોટાં ભાગ્ય !" સંતો સાથે બાપાશ્રી ભુજમાં સાત દિવસ રહ્યા ને સૌને ખૂબ રાજી કર્યા. બાપાશ્રી ભુજથી વૃષપુર પધાર્યા ને સંતોએ અમદાવાદ તરફ પ્રયાણ કર્યું.

સંવત ૧૯૬૪ દરમ્યાન મુક્તરાજ બાપાશ્રીને વ્યાવહારિક પ્રસંગો આવ્યા, બહારગામ જવાનું બન્યું તથા તબિયત સાધારણ નાદુરસ્ત રહી તેથી તે વર્ષમાં સંતો કચ્છમાં ગયા નહીં. તે દરમ્યાન સદ્ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીનું વિચરણ સુરેન્દ્રનગર, અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા, પંચમહાલ જિલ્લાના ગામોમાં થયું. ગામેગામ સભા થાય, સદ્ગુરુશ્રી શ્રીહરિના ઐશ્વર્ય–પ્રતાપની વાતો કરે, સત્સંગમાં બળ પૂરે. જાણે તેમના પધારવાથી સત્સંગ નવપલ્લવિત થતો હોય તેમ સૌ કોઈને જણાય. સૌને આનંદ આનંદ થઈ જાય. સદ્ગુરુશ્રી તો હળવાફૂલ થઈને વિચરે, નથી જ્ઞાનનો ભાર કે નથી પોતાની અદ્ભુત સ્થિતિનો ભાર ! ગામેગામ ફરતા ફરતા સદ્ગુરુશ્રી મુખ્યપણે નીચે મુજબ વાતો કરતા :

અક્ષરધામમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના જેવા જ સ્વરૂપે થઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સન્મુખ રહી એ મૂર્તિના સુખને ભોગવતા મુક્તો તે પરમ એકાંતિક મુક્તો. શ્રી સ્વામિનારાયણ ભગવાનના જેવા જ દિવ્ય સાકાર સ્વરૂપે અતિ સ્નેહથી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સાકાર સ્વરૂપને વિષે લીન થઈ રસબસભાવે સુખ ભોગવતા મુક્તો તે અનાદિ મુક્તો.

સર્વેમાંથી ઇન્દ્રિયોની વૃત્તિઓ પાછી વાળીને શ્રીજીમહારાજનું ધ્યાન કરવું તે સર્વ સાધનથી શ્રેષ્ઠ સાધન છે. મહાતેજ જે અક્ષરધામ તે રૂપ થઈ મૂર્તિ ધારવી તે પરમ એકાંતિકની સ્થિતિનું ધ્યાન છે અને મૂર્તિ સાથે એકરસ થઈને દૂધસાકરવત્ મૂર્તિમાં રહીને મૂર્તિ જોવી તે અનાદિની સ્થિતિનું ધ્યાન છે.

જેમ પારસમણિને લોઢું અડે તે પારસ થાય છે, તેમ મુક્તના સંબંધે કરીને મુક્ત થવાય છે, માટે મોટાને વિષે આપોપું કરવું.

આપણે તો એક મૂર્તિ જ છે, બીજું કાંઇ નથી. આપણા નિયંતા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, બીજો કોઈ નિયંતા નથી અને એમ જાણવું જે આપણે એમના પ્રતાપે શુદ્ધ પાત્ર બની ગયા છીએ. કેવળ સાધને કરીને મુક્ત થવાય નહિ, આશ્રયે કરીને મુક્ત થવાય છે, માટે સાધનનો ભાર મૂકી દઈ મહારાજની કૃપાથી હું મુક્ત થઈ ગયો છું એમ સમજી સદાય આનંદમાં રહી પ્રભુ પ્રસન્નતાર્થે પુરુષ પ્રયત્ન કરતા રહેવું અને અધૂરાપણાનો ત્યાગ કરી પૂર્ણકામ માનવું. ભિખારણ હોય તેને રાજા રાણી કરે તેમાં ભિખારણનો પુરુષ પ્રયત્ન નથી, એ તો રાજાની કૃપા છે, તેમ આપણા ઉપર મહારાજની કૃપા છે.

સર્વ ક્રિયામાં મૂર્તિનું અનુસંધાન રાખવું. આપણે તો મૂર્તિ ભેળા રહી સુખ લેવું તેમ જ હાલતાં, ચાલતાં, બેસતાં, ઊઠતાં, જમતાં મહારાજને સાથે રાખવા. એમના વિના બીજો કોઇ કર્તા–નિયંતા નથી એમ સમજવું.

ઐશ્વર્યાર્થીઓને ઉદ્ઘોષ સારો લાગે, શ્રીજીમહારાજના એકાંતિકને તો એકાંતમાં મહારાજનું ધ્યાન કરવું જ ગમે. એક વખત ભૂજના રાજા મંદિરમાં આવ્યા, ત્યારે સ્વામી બાળમુકુંદદાસજી કોઠાર વાસીને અંદર ધ્યાન કરતા હતા. તેમનો એવો ઠરાવ જે મૂર્તિ વિના બીજું કાંઈ દેખાઈ આવે તો વિઘ્ન થાય, તેથી બહુ જ ખટકો રાખતા. તેઓ નાજા જોગિયાનું દષ્ટાંત દેતા ને કહેતા જે તેમણે ભાણખાચરને જોયો તેથી મૂર્તિને બદલે એ દેખાવા માંડ્યો તેટલા માટે જ એકાંતમાં રહેતા ને મૂર્તિનું ધ્યાન કરતા. ઉદ્ઘોષમાં કાંઈ માલ નથી. આપણે તો–

હું ને મારો ઠાકોર, બીજુ જગત કા'ણુ,
ઠાકોર બેઠા પારણે ને હું દોરી તાણું –

એટલું જ કરવું. હું ને મહારાજ બે જ છીએ; હું મુક્ત ને મહારાજ સ્વામી, એ વિના બીજું કાંઈ છે જ નહિ.

એક સમયે શ્રીજીમહારાજને સુરાખાચર તથા બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછયો જે તમને અને સંતને નિશ્ચયપણે કરીને જાણ્યા હોય જે આ ભગવાન છે ને આ મુક્ત છે– એમ જાણવા છતાં કોઈનું અંતર પાછું પડી જાય છે તેનું શું કારણ છે ? પછી શ્રીજીમહારાજે કહ્યું જે જ્યાં સુધી દેહભાવ હોય ત્યાં સુધી અમારા મુક્ત કાં અમે કોઈ વાર વઢીએ કે અપમાન કરીએ તો અવગુણ લઈ પડી જાય અને પોતાનું કલ્યાણ વંજાવે (ખોવરાવે), માટે દેહરૂપ મટીને શુદ્ધ આત્મરૂપ મુક્તરૂપ થઈને ભગવાનને ભજવા. આપણાં તો બહુ જ મોટા ભાગ્ય છે. બાપાશ્રીએ શ્રીજીમહારાજની ઉપાસના સમજાવીને મૂર્તિમાં રાખ્યા તે કોટીકલ્પે ને કોટી સાધને પણ બને તેમ નથી. માટે આ લોકના તુચ્છ સુખ સારુ મહારાજ તથા મોટાને મૂકવા નહિ. જો મૂકયા તો ફેર આવો અવસર આવે તેમ નથી. શ્રીજીમહારાજે દયા કરી જન્મમરણના ફેરા મટાડયા છે, માટે સાવધાન રહેવું. આ અમારી સર્વેને ભલામણ છે.

સંપત વિપત સર્વે સ્વપ્નું જાણુ –

એ રીતે કોઈ વાર દુ:ખના ડુંગર દેખાય અને કોઈ વાર સુખના ઢગલા મળે તો પણ મહારાજને મૂકવા નહિ અને આ અવસર વંજાવવો (ખોવો) નહિ.

શ્રીજીમહારાજ ને અનાદિ મુક્તાનો સંબંધ તો કોઈ કાળે ન છોડવો, એમની સાથે આત્મબુદ્ધિ કરીને આપોપું કરવું, તો આપણને પોતાના જેવા કરે. વહાણમાં બેસે તેને સમુદ્ર તરવો પડે નહિ, સહેજે ઊલંઘી જવાય, તેમ મોટા પુરુષનો આશરો કરવાથી મોટા પુરુષ તેને ઊંચી પદવીને પમાડે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વના ઊપરી છે ને પોતે ભગવાન છે. બીજા અવતારો એમના આજ્ઞાધીન છે, માટે સર્વ કારણના કારણ ભગવાન શ્રી સ્વામિનારાયણ તો આ વખતે જ આ બ્રહ્માંડમાં પ્રગટ થયા છે, તેમની કૃપાએ બહુ મોટું કામ થાય છે, માટે આ ફેરો ચૂકવો નહિ.

બાપાશ્રીએ આપણા ઉપર અનહદ કૃપા કરી મહારાજની મૂર્તિમાં રાખ્યા છે. બાપાશ્રીની મોટપ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામી કહેતા જે આ પુરુષની કોઈ જોડ મળે તેમ નથી એવા મોટા છે, મહારાજની મૂર્તિમાં જીવોને વગર સાધને મૂકી દે છે, તેટલા માટે જ મહારાજના સંકલ્પથી અહીં દર્શન દે છે. સ્વામીશ્રીના પ્રતાપે આપણને પણ એમની ઓળખાણ થઈ ને આપણને પણ મહારાજની મૂર્તિમાં મૂક્યા. આ વાત કોટી કલ્પે ને કોટી સાધને થાય તેવી નથી.

આપણે તો શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ, એવું કરી નાખવું. એકાંતિકને તો એકાંતમાં બેસીને દેહની વિસ્મૃતિ થઈ જાય એવું ધ્યાન કરવું. પરમ એકાંતિકને મૂર્તિમાં જોડાવું અને અનાદિને તો મૂર્તિમાં રસબસ રહી સુખ લેવું, એ ત્રણ પ્રકારનાં મુક્તના લક્ષણ છે. આવા અંગ ઓળખીને આપણે અનાદિની સ્થિતિનો અભ્યાસ કરવો. અનાદિ મુક્ત તો સર્વે ક્રિયામાં મહારાજને જ જુએ છે.

મહારાજના અનાદિ મુકતે વર્તમાન ધરાવ્યાં અને દારૂ, માટી, ચોરી, અવેરીને હરામ કરાવ્યાં ત્યારે મનુષ્ય થયા કહેવાય, આ અવરભાવના વર્તમાન થયા. મનુષ્ય થયા પછી તન, મન, ધન અને અનેક જન્મનાં કર્મ એટલે મૂળઅક્ષરપર્યંત મહાકારણ દેહ તે સર્વે શ્રીજીમહારાજને અર્પણ કરાવે છે, તે પરભાવનાં વર્તમાન પછી આપણા ચૈતન્યને મૂર્તિરૂપ કરીને શ્રીહરિની મૂર્તિમાં રાખે છે, તે અનાદિ મુક્તની સ્થિતિ કહેવાય.

જે ભક્ત ભગવાનને ભગવાન જાણે પણ જેવા છે તેવા ન જાણે અને આજ્ઞા યથાર્થ પાળે તે પ્રાકૃત ભક્ત છે; અને જેને સાધન બતાવે તે સર્વે રાજી થકો કરે અને ભગવાનને યથાર્થ જાણે તે ચાલોચાલ ભક્ત કહેવાય; અને જે ભક્ત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ ચાર સાધને સંપન્ન થાય ને મહારાજની મૂર્તિ વિના બીજેથી નિર્વાસનિક થાય તે એકાંતિક ભક્ત કહેવાય. તેને સર્પની કાંચળીવત્ દેહ હોય. અને જે વિદેહી એટલે સિદ્ધ મુક્ત થાય તેનો ચૈતન્ય મહારાજની મૂર્તિ જેવો મૂર્તિમાન થઈને મહારાજના તેજમાં મહારાજની સમીપે રહે છે તેને પરમ એકાંતિક મુક્ત કહેવાય; અને જે મહારાજની મૂર્તિમાં મૂર્તિમાન થકો રહે છે તે મુક્ત અનાદિ મુક્ત કહેવાય. આપણને એવા અનાદિ કરીને શ્રીજીમહારાજે કૃપા કરી પોતાની મૂર્તિમાં રાખ્યા છે, એવું મનન સદાય કરવું. એ નિશ્ચય ફરવા દેવો નહિ.

આપણે પણ નિયમમાં રહીને કથાવાર્તા કરવી ને તેમાં જે જે વચન આવે તે પોતાના માથે લેવા જે મહારાજે મને જ કહ્યું છે, એમ સમજવું, અને તે પ્રમાણે વર્તવું. શ્રીજીમહારાજે આપણને વગર દાખડે કેવળ કૃપા કરીને પોતાની મૂર્તિમાં રાખ્યા છે. માટે તેમની જે જે આજ્ઞાઓ છે તે યથાર્થ પાળવી, એમાં શ્રીજીમહારાજનો ઘણો રાજીપો છે; માટે રાજીપો મેળવવા ઉપર તાન રાખવું. મહારાજના પ્રતાપે આપણું પૂરું થઈ ગયું છે, પણ તેમની આજ્ઞામાં ફેર પડે તો પૂરું થયેલું જતું રહે ને નવ મહિનાની કેદ આવી પડે, માટે એથી બીતા રહેવું.

શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના દઢ કરવી. પાતાળથી લઈને પ્રધાનપુરુષ સુધી બધા જીવ કહેવાય, અને મૂળમાયા તે સર્વ જીવોની મા છે અને મૂળપુરુષ એ સર્વ જીવોના બાપ છે. એવા કોટાનુકોટિ મૂળપુરુષ તેથી પર મહાકાળ ને

તેથી પર નરનારાયણ – એ ત્રણેના ઉપરી શ્વેતદ્વીપપતિ વાસુદેવ અને તેમનાથી પર મૂળઅક્ષર, તેથી પર અક્ષર-ધામમાં રહેલા અનંત કોટિ મુક્તો; – એ સર્વના કારણ શ્રીજી-મહારાજ છે, તે આપણને કૃપા કરી મળ્યા છે, એમના જેવું કોઈ છે જ નહિ, એ દૃઢ કરી રાખવું. શ્રીજીમહારાજની કોઈ જોડ નથી. બીજા બધાને જોડ છે. અજોડ સિવાય બીજાથી કાર્ય થતું નથી.

મોક્ષ કરવારૂપી શ્રીજીમહારાજનો મુખ્ય સંકલ્પ છે અને ઉત્પત્તિ અર્થે બીજો સંકલ્પ છે.

વડતાલના ૧૯મા વચનામૃત પ્રમાણે આ પૃથ્વી ઉપર મહારાજ ને મોટા વિચરતા હોય તેની ઓળખાણ—જોગ કરવો તે સત્સંગ કહ્યો છે.

મહારાજના સ્વરૂપમાં "સાધુ"ની અખંડ વૃત્તિ રહે એમ કાશીદાસનો પ્રશ્ન (કારિઆણી : વચનામૃત ૭) છે, એટલે અખંડ મૂર્તિમાં રહે તે સાધુ. ગૃહસ્થ તેમ રહે તો તે પણ સાધુ. જેમ પ્રહલાદ, અંબરીષ, જનક આદિ સાધુ કહેવાયા તેમ.

જેમ મહારાજના સંકલ્પ કાર્ય કરે તેમ જ મોટાના સંકલ્પ પણ કરે, તે પર વાત છે જેસ.ગુ.શ્રી ગોપાળનંદ સ્વામી સો સાધુ સાથે ઝાડી દેશમાં ફરવા ગયા. ત્યાં મંદિર નહિ તેથી ઝાડીમાં ઉતર્યા. વાઘની બીકથી સાધુ સર્વે ડર્યા, તેથી સ્વામીશ્રીએ તેમને વાઘ બહાર શિકારે ગયેલ તેની ગુફામાં બેસાડી તેને શિલાથી ઢાંકી ધ્યાનમાં ઉતારી દીધા ને બીજે દિવસે સંકલ્પના તેવા જ બીજા નવા સાધુ કરી હરિભક્તોને કથાનો જોગ કરાવ્યો ને પછી મૂળ સાધુઓને મહિનાઓ બાદ ગુફામાંથી બહાર કાઢયા, ત્યારે તેમણે વાત કરી, તેથી સંકલ્પના દેહવાળા સાધુ કર્યાની ખબર પડી.

જીવપ્રાણીમાત્રના હૃદયમાં જીવ રહ્યો છે તે જીવ ભગ-વાનનો ભક્ત થાય ત્યારે તે મૂર્તિમાન દિવ્ય સાકાર એવા શ્રી

સ્વામિનારાયણ ભગવાનના ધ્યાને કરી સાકાર થાય છે, તેનો દેહ ખોખાવત્ રહે છે, અને ધામમાં મહારાજના સન્મુખ રહી દિવ્યદેહે સેવા કરે છે તે પરમ એકાંતિક સિદ્ધ મુક્ત છે અને તે જ મૂર્તિમાં રસબસભાવે સળંગ રહી મૂર્તિનું સુખ ભોગવે ત્યારે અનાદિ મુક્ત થાય અને અખંડ મૂર્તિનું સુખ ભોગવે.

હદમાં રહે સો ઓલિયા,
બેહદ રહે સો પીર;
હદ–બેહદ જાકો નહિ,
વાકા નામ ફકીર.

હદમાં (આ લોકમાં) રહી ભજનાર ઓલિયા તે એકાંતિક, બેહદ (અક્ષરધામમાં) રહી ભજનાર તે પરમ એકાંતિક ને મૂર્તિ (હદ–બેહદ નહિ)માં રહેનાર તે અનાદિ મુક્ત છે. આ ત્રણ પ્રકારના મહારાજના મુક્તોને ગોપાળાનંદ સ્વામીએ જીવન્મુક્ત, વિદેહીમુક્ત ને કૈવલ્યમુક્ત કહ્યા છે.

આ રીતે સદ્‌ગુરુશ્રી ગામેગામ હરિભક્તોને પોતાના જ્ઞાનામૃતથી સુખિયા કરતા ફરતા હતા, ત્યારે સં. ૧૯૬૫ના પોષ માસમાં મુક્તરાજ બાપાશ્રીનો વૃષપુર આવવાનો પત્ર આવ્યો. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીશ્રી તથા ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી વસંતપંચમીનો સમૈયો મૂળીમાં કરી, મૂળીના સંતો સાથે વૃષપુર આવ્યા. સાથે ઘણા હરિભક્તો પણ દર્શન–સમાગમના સુખ લેવા આવ્યા. તે બધા સંત–હરિભક્તોને સદ્‌ગુરુઓએ શ્રીહરિપ્રતાપની વાતો કરી કરી ઉત્તમ પાત્ર બનાવી દીધા હતા તેમને બાપાશ્રીના જોગસમાગમનો દુર્લભ લાભ લેવા સાથે લઈ આવ્યા હતા.

શ્રીજીમહારાજે માત્ર પત્ર લખીને મોટા મોટા વ્યવહારવાળા હરિભક્તોને પરમહંસ દીક્ષા લઈ ભુજ તેડાવેલા ને જે

જગ્યાએ મહારાજ તેઓને મળેલા તે જગ્યાએ છત્રી કરાવી શ્રીજીના ચરણારવિંદ પધરાવવાનું મુહૂર્ત ફાગણ સુદ બીજનું હતું. તે વખતે સ.ગુ.શ્રી અક્ષરજીવનદાસજી સ્વામીશ્રીને મંદવાડ વિશેષ હતો. સૌ સંત–હરિભક્તો સહિત બાપાશ્રી ભુજ પધાર્યા. ચરણારવિંદની પ્રતિષ્ઠા થઈ ગઈ કે તરત જ સ.ગુ.શ્રી અક્ષર-જીવનદાસજી સ્વામીશ્રીએ દેહલીલા સંકેલી લીધી, ને મૂર્તિને સુખે સુખિયા થઈ ગયા.

ત્યાર બાદ રામપુરમાં પારાયણ–યજ્ઞ ને ગંગાજીએ ચરણારવિંદ પધરાવવાનું મુહૂર્ત ફાગણ સુદ બીજથી પૂનમ સુધીનું હતું, તેથી ભુજથી બાપાશ્રી સૌની સાથે રામપુર પધાર્યા. સદ્‌ગુરુ અક્ષરજીવનદાસજી સ્વામીશ્રીના કલ્યાણકારી ગુણો સંભારીને બાપાશ્રીએ બહુ વાતો કરી અને સૌને ધીરજ આપી. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ ઈશ્વર-ચરણદાસજી સ્વામીએ પણ ધીરજની બહુ વાતો કરી. વળી, રામપુરગંગાના માહાત્મ્ય અને શ્રીહરિની લીલાની વાતો કરી સૌને રાજી કરી, ચરણારવિંદ પધરાવી, સૌ વૃષપુર આવ્યા.

વળી વૃષપુરમાં બ્રહ્મયજ્ઞની મોજ શરૂ થઈ. વહેલી સવારથી દસ વાગ્યા સુધી સંત–હરિભક્તોની સભા બેઠી જ હોય. પછી ઠાકોરજીના થાળ થાય એટલે સંતો જમે, વળી કથા થાય; પછી થોડી વાર વિરામ કરી સંતો વાડીએ જાય, ત્યાં નહાય, માનસીપૂજા કરે. એ ટાણે પણ સદ્‌ગુરુઓ કાંઈ પ્રશ્ન પૂછે એટલે બાપાશ્રી સહેજે વાતો કરે. ચાર વાગ્યા પછી મંદિરમાં આવે. ત્યાં વળી કથાવાર્તા થાય, ગોડીઓ બોલાય, સંધ્યા–આરતી થયા પછી પાછી કથા તે મોડી રાત્રે સૂવે ત્યાં સુધી આનંદ, આનંદ ને આનંદ થયા કરે !

એક દિવસ સ્વામી ઈશ્વરચરણદાસજીના સાધુ પુરુષો-ત્તમપ્રિયદાસજી સિંહાસન પાસે ઉભા રહી ઠાકોરજીના દર્શન કરતા ઘણી વાર એક નજરે મહારાજ સામું જોઈ રહ્યા

હતા. બાપાંશ્રીની નજર આ સંત પર પડતાં પોતે ઘણીવાર એમના સામું જોયું. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને પૂછયું : "આ સાધુ કોના છે?" સ્વામીશ્રી કહે : "એ સાધુ તો આપના છે." બાપાશ્રી ઊભા થઈ તેમની પાસે ગયા ને માથે હાથ મૂકી કહ્યું : "સ્વામી ! આમ ને આમ મૂર્તિ સામું જોઈ રહેવું. મહારાજની મૂર્તિમાં એકવૃત્તિ થાય એટલે અલૌકિક ભાવ આવે." એટલું કહ્યું ત્યાં તો તે સાધુને મૂર્તિના તેજોમય દર્શન થઈ ગયા ને ગદ્ગદ કંઠ થઈ કહે : "અહોહો ! બહુ દયા કરી. મને આજે કૃતાર્થ કર્યો, ન્યાલ કર્યો." એમને આનંદ આનંદ થઈ ગયો. સૌ આશ્ચર્યથી મુગ્ધ થઈ ગયા.

આ રીતે દોઢ મહિના સુધી ત્યાં રહી સૌ સંત–હરિભક્તોએ અદ્ભુત સુખ–આનંદ લીધા, ને આજ્ઞા થતા દહીંસરા મુક્તરાજ કેસરાભાઈનો સાત દિવસ જોગ–સમાગમ કરી રામપુર–ભુજ થઈ અમદાવાદ તરફ આવ્યા.

રામનવમીના સમૈયે સંત–હરિભક્તોનો અભિપ્રાય જાણી સદ્ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રીની જેતલપુર મંદિરના મહંત તરીકે નિમણૂક થઈ. સદ્ગુરુશ્રીને એ કાર્ય માથે લેવાની જરાયે ઈચ્છા નહીં, એમનું તો કાર્યક્ષેત્ર જ અલગ હતું. 'સત્સંગમાં સત્સંગ' કરાવવાનું તેમનું કાર્યક્ષેત્ર હતું, પણ અનિવાર્ય ફરજ ગણીને પોતાને એ નિમણૂક સ્વીકારવી પડી. સદ્ગુરુશ્રીએ તરત પત્ર લખી મુક્તરાજ બાપાશ્રીને જણાવ્યું કે આ કર્તવ્ય આવી પડેલ છે તે મહારાજની કૃપાથી જલદીથી પાર કરાવી દેશો. સદ્ગુરુશ્રીને એ વખતે અડતાલીસમું વર્ષ ચાલતું હતું.

જેતલપુર મંદિરના મહંત તરીકે મંદિર અને તેની નીચેના ગામોનાં હરિમંદિરોના ઉત્કર્ષ માટે સદ્ગુરુશ્રીએ અવિરત રીતે કામ કર્યું. પરંતુ તેમને તો હૈયે હૈયે હરિમંદિરો

સ્થાપવાની જ લગની હતી. ગામેગામના હરિભક્તોને શ્રીહરિજીના અદ્‌ભુત માહાત્મ્યની સમજણ આપી તે સ્વરૂપના કેફથી છલકાતા કરવા માંડચા.

તેવામાં, સં. ૧૯૬૬માં જેતલપુરની નજીકના ગામડી ગામના પાટીદારનો એક દીકરો સદ્‌ગુરુશ્રીના ઉપદેશથી એટલો પ્રભાવિત થઈ ગયો કે તેણે સદ્‌ગુરુશ્રીને બહુ કાલાવાલા કર્યા કે મને આપની સાથે ને સાથે રાખવા કૃપા કરો, મને દયા કરીને સાધુદીક્ષા અપાવો. સદ્‌ગુરુશ્રીએ તેનો વૈરાગ્ય કેવો છે તેની ઘણા પ્રકારે ખાત્રી કરી જોઈ. પોતાને લાગ્યું કે છોકરો ખરેખરો મુમુક્ષુ, ખપવાળો ને વૈરાગ્યવંત છે, ત્યારે તેને સાધુદીક્ષા અપાવવા માટે ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પાસે લઈ ગયા. સદ્‌ગુરુશ્રી જાણતા હતા કે પાટીદારનો આ છોકરો સાધુ થતાં તેના કુટુંબીજનો ઉદ્વેગ કરશે, પણ તેથી કરીને આ સાચા ખપવાળાને પાછો કેમ પડાય? ‘ મહારાજની ઈચ્છા હશે તેમ થશે ’, એમ કહી તે છોકરાને દીક્ષા અપાવી. થોડા વખતે ગામડી ગામમાં ખબર પડી. ને છોકરાના કાકા મૂળજીભાઈ નથુભાઈ એ વાત જાણી ક્રોધથી રાતા–પીળા થઈ ગયા. વહેલી સવારમાં જ તેઓ જેતલપુર મંદિરમાં આવ્યા. જેમણે સર્વે ચિંતાઓ શ્રીહરિજીને ચરણે મૂકી છે તેવા સદ્‌ગુરુશ્રી તો નચિંતપણે પૂજા કરતા હતા. સદ્‌ગુરુશ્રીને માનસી પૂજામાં ધ્યાનસ્થ બેઠેલા જોયા છતાં ક્રોધથી સળગતા મૂળજીભાઈ તો તેમના હાથમાં રહેલી વાંસની લાકડીથી સદ્‌ગુરુશ્રીને મારવા જ લાગ્યા. સાત–આઠ સપાટા લગાવી દીધા, ત્યાં તો બીજા સાધુઓ દોડી આવ્યા ને મૂળજીભાઈને પકડીને દૂર લઈ ગયા. સદ્‌ગુરુશ્રી તો ધ્યાનમાંથી જરા પણ ચલાયમાન થયા નહિ. માનસીપૂજા તથા માળા વગેરે પૂરા થતાં સદ્‌ગુરુશ્રીના સાધુઓ ઉદાસ થકા સામે ઊભા. સદ્‌ગુરુશ્રી હસ્યા. કહે : “ એમાં શું ? એમને એમ લાગ્યું કે આપણે તેમના ભત્રીજાને

ભરમાવ્યો. તેમને આપણે ગુનેગાર જણાયા, તેથી તેમણે અણસમજણથી આવું કર્યું. આપણે કોઈએ ક્રોધ કરવો નહિ.'' મૂળજીભાઈ તો સાંભળી જ રહ્યા. સદ્‌ગુરુશ્રીએ તેમને જોઈ સ્નેહથી 'જય સ્વામિનારાયણ' કહ્યા. મંદિરનું દિવ્ય શાંત વાતાવરણ, તેમાં સદ્‌ગુરુશ્રીની દિવ્ય પ્રતિભા અને અજબ સહનશીલતાથી મૂળજીભાઈનું હૃદય પરિવર્તન પામી ગયું. તરત તે રડી પડ્યા! સદ્‌ગુરુશ્રીના ચરણમાં પડી ગયા ને માફી માગી!

શ્રીહરિજી ગઢડા પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં કહે છે: "સામર્થ્યયુક્ત થકા પણ અન્ય જીવના માન–અપમાનને સહન કરે છે એ પણ મોટું સામર્થ્ય છે, કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ; એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા ... એ સંત તો સર્વે જગતના આધારરૂપ છે, તે તુચ્છ જીવનું અપમાન સહે તે એમની એ અતિશે મોટપ છે, ને એવી રીતની ક્ષમાવાળા છે તે જ અતિ મોટા છે." સદ્‌ગુરુશ્રીનો એક જ સંકલ્પ છે કે કેમ કરીને જીવનું સારું થાય!

સં. ૧૯૯૭ની શરૂઆતમાં પત્રથી સમાચાર જાણ્યા કે કરાંચીના હરિભક્તોના આગ્રહથી મુક્તરાજ અબજીબાપાશ્રી પંદર દિવસ કરાંચી પધાર્યા ને હેતવાળા હરિભક્તોને રાજી રાજી કર્યા.

વૃષપુર પાછા આવીને મુક્તરાજ બાપાશ્રીએ સદ્‌ગુરુશ્રી ઉપર પત્ર લખાવ્યો કે અમને તમારી તાણ ઘણી છે, વળી ભુજ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વૈશાખ મહિનામાં છે, તે ઉપર આચાર્ય મહારાજશ્રીને આમંત્રણ આપવાનો સૌને આગ્રહ છે, તો તમો માહ મહિનો ઉતરતા અહીં આવો તો એકાદ મહિનો સાથે રહેવાય. તે મુજબ જેતલપુરથી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા અમદાવાદથી સદ્‌ગુરુશ્રી

વૃંદાવનદાસજી સ્વામી અને સદ્‌ગુરુશ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી વગેરે સંતમંડળ તથા મોટા મોટા હરિભક્તો તથા મૂળીના કેટલાક સંત–હરિભક્તો મળી કચ્છમાં ગયા. ભુજમાં શ્રીઠાકોરજીના દર્શન કરી બે–ત્રણ દિવસ રહી, સૌ વૃષપુર પહોંચ્યા. મુક્તરાજ બાપાશ્રીના દિવ્ય સમાગમનો અનેરો અવસર ફરી આવી ગયો ! બાપાશ્રીએ જાણે શ્રીજીની મૂર્તિના સુખની લહાણી કરવા ધાર્યું હોય તેમ એક દિવસ સંતોએ વિશ્રામ કર્યો કે તરત જ ફાગણ સુદ પૂનમથી વચનામૃતની પારાયણ વંચાવવાનું નક્કી કરી બ્રહ્મયજ્ઞ ચાલતો કર્યો. સવાર, સાંજ ને રાત્રે નિત્ય નવો નવો આનંદ ને નવી નવી વાતો થયા કરે. રોજ મોટી સભા ભરાય હરિભક્તો હજારી ફૂલોની ફાંટો ભરીને લાવે, સંતો હાર તૈયાર કરે. કેટલાક હરિભક્તો ગામડેથી ચંદન ઘસી લાવે. મુક્તરાજ અબજીબાપાશ્રી અને સદ્‌ગુરુઓ સભામાં વાતો કરે ને મૂર્તિના સુખરૂપ ફૂવારા છૂટતા જણાય.

સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી પોતે તો સુખ ભોગવે, પણ સાથેના નાના–મોટા સૌ સંત–હરિભક્તોને પણ મૂર્તિના સુખનો લાભ અપાવે. વળી, તે વખતે તે દિવ્ય વાતોને ઝીલી લેવામાં પણ સૌ સદાય તત્પર ! ભારે ભારે પ્રશ્નો પૂછાય એટલે મુક્તરાજ અબજીબાપાશ્રી પણ શ્રીહરિના અદ્‌ભુત પ્રતાપની વાતોની રસરેલ ચલાવે. જ્ઞાનગંગા વહ્યા કરે ! સમય તો મટકામાં વહી ગયો !

તે અરસામાં ધ. ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ ભુજ પધાર્યા, તેથી સૌ સંતો–હરિભક્તો વૃષપુરથી ભુજ આવ્યા. (આચાર્ય મહારાજશ્રીની ઉંમર તે વખતે ૧૧–૧૨ વર્ષની હતી.) આચાર્ય મહારાજશ્રી સાથે સૌ સંતો કચ્છના ગામેગામ લગભગ એક મહિનો પધરામણીએ ફર્યા અને સૌને રાજી કર્યા. ભુજ પાછા પધાર્યા ને ધામધૂમથી ને આનંદ-

ઉત્સવથી આચાર્ય મહારાજશ્રીના હસ્તે વૈશાખ સુદ સાતમે શ્રી રાધાકૃષ્ણદેવ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા વિધિ થઈ. સમગ્ર સત્સંગમાંથી હજારો સંતહરિભક્તોએ એ પ્રસંગે આવી અનેરો લાભ લીધો. મૂળીના વયોવૃદ્ધ મહંત સદ્‌ગુરુશ્રી હરિનારાયણદાસજી સ્વામીને પણ અતિ આગ્રહથી ભુજ બોલાવ્યા હતા. ધ. ધુ. આચાર્ય મહારાજશ્રી, મુક્તરાજ અબજીબાપાશ્રી તથા સર્વે સદ્‌ગુરુઓ –બ્રહ્મચારી–હરિભક્તોથી બ્રહ્મયજ્ઞની દિવ્યતા દીપી ઊઠી.

તે પ્રસંગે સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીની વાતોથી આકર્ષાઈ એક વૈરાગ્યવંત હરિભક્ત પણ કચ્છમાં આવેલા. તે સદ્‌ગુરુશ્રીને કચ્છમાં જતા રસ્તામાં પૂછે: "બાપાશ્રી કેવા મોટા છે?" સદ્‌ગુરુશ્રી કહે: "એ તો બહુ જબરા મુક્ત છે. જેમ પર્વતભાઈ મહારાજના મોટા મુક્ત હતા, તેમ આ છે." તેમણે વૃષપુર જઈ બાપાશ્રીને દંડવત્ કર્યા, ત્યારે બાપાશ્રી કહે: "સ્વામી! આ તો તમારી ઠેઠ સુધી સેવા કરે તેવા છે!" તે મુજબ તે પ્રતિષ્ઠા–ઉત્સવનો સમૈયો થઈ ગયા પછી ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પાસે તેમણે દીક્ષા લીધી ને 'સાધુ મુક્તવલ્લભદાસજી' નામ પાડયું. તે વખતે આચાર્ય મહારાજ, બાપાશ્રી તથા સૌ સંતોએ તેમને બહુ આશીર્વાદ દીધા. સાધુ મુક્તવલ્લભદાસજીનું કામ થઈ ગયું!

પ્રતિષ્ઠોત્સવ પતાવી સદ્‌ગુરુશ્રી પાછા જેતલપુર પધાર્યા. પોતાના મંડળમાં દસેક સંત–પાર્ષદ હતા. સદ્‌ગુરુશ્રી પોતે તે વખતે જેતલપુર મંદિરના મહંત હતા, પણ ઘણે ભાગે તો પોતે સભામાં જ બેઠા હોય. પાસે વચનામૃતની કથા થયા કરે. તે પ્રસંગે પોતે બહુ ચમત્કારી વાતો કરે. કેટલીકવાર સભાપ્રસંગે એમ કહેતા: "શ્રીજીમહારાજ ને મુક્ત એ વિના આપણે બીજાનું વર્ણન કરવું નહિ, તેમ બીજે કયાંય હેત રાખવું નહીં; ખરું કલ્યાણ તો એમની પાસે જ છે." આવી

વાતોમાં સંત–હરિભક્તો હેતથી ખેંચાઈ જતા. સદ્‌ગુરુશ્રી વાતો કરતા હોય ત્યારે કોઈને પાસેથી ઊઠવાનું મન જ ન થાય. ગામડેથી હરિભક્તો સમાગમ કરવા આવેલા હોય તેથી રાત્રે સભા મોટી ભરાય. તેમાં પોતે મહારાજના મહિમાની વાતો એવી તો કરે કે સૌની વૃત્તિઓ ખેંચી લેતા હોય તેમ લાગે; કોઈ કોઈ વાર તો રાત્રે એક–બે વાગી જાય, પણ વાતો સાંભળનારને તૃપ્તિ જ ન થાય. કેટલીકવાર તો ગામડેથી આવેલા હરિભક્તો અર્ધી રાતે આગ્રહ કરે ત્યારે પોતે સૂવે. એક જ તાન મહારાજની મૂર્તિમાં કેવી રીતે જોડી દેવા!

મંદિરનો સાચો ઉત્કર્ષ – મંદિરનું સાચું સાર્થક્ય – તો એ મંદિરના પ્રતાપે આજુબાજુના સૌ જીવપ્રાણીમાત્રનું કેવી રીતે ભલું થાય તેમાં રહેલું છે, તેવી પોતાની નેમ હતી તેથી સદ્‌ગુરુશ્રીએ જેતલપુર મંદિરના મહંત તરીકે મંદિરનો કેવળ વહીવટ જ કર્યો નથી, પણ પોતાની દિવ્ય પ્રતિભાથી સમગ્ર વિસ્તારને એ દિવ્યતાનો સ્પર્શ કરાવ્યો. ગામેગામ અને હૈયે હૈયે શ્રીહરિજી બિરાજી શકે તેવા શુદ્ધ પાત્રો તૈયાર કરી દીધા! સૌની શ્રીહરિજીને સોંપણી કરી દીધી. આખો વિસ્તાર દિવ્યતાની ફોરમે મઘમઘી ઊઠચો.

સદ્‌ગુરુશ્રી જેતલપુરના મહંત હતા તે દરમ્યાન અમદાવાદ મંદિરની જોડે નવાવાસની જગ્યા મંદિરને મળી શકે તેવી વાત સદ્‌ગુરુશ્રીને મળી. મંદિરના વહીવટકર્તાઓએ તે જગ્યા લેવામાં રસ ન લેતા, સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને પત્ર લખી બાપાશ્રી તથા ધનજીભાઈ પાસેથી રૂપિયા દસ હજાર મંગાવી તે જગ્યા ખરીદાવી, મંદિરને અપાવી. આવી રીતે અમદાવાદ મંદિરના વિકાસમાં અગત્યનો ફાળો આપ્યો.

તે ઉપરાંત સદ્‌ગુરુશ્રીએ મુક્તરાજ અબજીબાપાશ્રી પાસેથી જે જે વાતો સાંભળીને લખવા માંડી હતી તેના પાના–ને–પાના, નોટો–ને–નોટો એકઠા થવા લાગ્યા હતા.

મુક્તારાજશ્રી તો મહારાજની મૂર્તિ સંભારીને એકધારી વાતો કર્યા કરે, એ ઝડપે એ શબ્દો લખી લેવાની સેવા પણ સદ્‌ગુરુશ્રીએ જાતે જ કરી છે. સદ્‌ગુરુશ્રી એટલે મુક્તારાજશ્રીના વચનોને અશેષ ઝીલી લઈ જ્ઞાનની સરવાણી વહેતી મૂકનાર ગૌમુખગંગા! લખાઈને ભેગી થયેલી વાતોને ફરી ઉતારી જવી, પ્રશ્ન–ઉત્તર, પરિચ્છેદ, વગેરે મૂકી લોકભોગ્ય કરવી—તે બધી પ્રક્રિયા સતત ચાલુ ને ચાલુ. પોતે અવિરત કાર્યશીલ રહ્યા ને પોતાના હતા તે સૌને સતત કાર્યરત રાખ્યા. તે છતાં ય કાર્યનો કોઈ ભાર નહીં, કારણ કે કાર્યમાં કર્તાપણાનો ભાવ તથા આડંબર જ છોડી દીધો હતો. કાર્ય તો કેવળ શ્રીહરિ-પ્રસન્નતા અર્થે બહુજનહિતાય થતું. તે છતાં શ્રીહરિજીનું સોંપેલું કાર્ય કરવાનું હતું તેથી તે ઉત્તમ રીતે થવું જ જોઈએ તેની સદૈવ ચીવટ સહજ રીતે જીવનમાં વણાઈ ગઈ હતી.

સંવત ૧૯૬૮નું વર્ષ ચાલતું હતું. સદ્‌ગુરુશ્રી વસંત પંચમીના સમૈયે મૂળી પધાર્યા હતા. ત્યારે પોતાને દાંતમાં સહેજ દુ:ખાવો જણાયા કરતો. તે વખત ત્યાં દર્શને આવેલા ચોવીસ વર્ષના યુવાન ડૉકટર નાગરદાસભાઈએ સદ્‌ગુરુશ્રીને વિનંતી કરી કે આપ જો વઢવાણમાં મારા દવાખાને પધારો તો દાંત કાઢી નાખીએ. નાગરદાસભાઈની સેવાવૃત્તિ ને સ્નેહભાવ જોઈ સદ્‌ગુરુશ્રી મૂળીથી વઢવાણ પધાર્યા. ડૉ. નાગરદાસભાઈ તે વખતે વઢવાણ રાજ્યના ડૉકટર તરીકે નોકરી કરતા હતા. ડૉકટરે જોયું કે સદ્‌ગુરુશ્રીના દાંતમાં દુ:ખાવો હતો, પણ તે દાંત બિલકુલ હલતો ન હતો. તેથી તેમને થયું કે દાંતમાં ઈન્જેક્ષન મારી તેટલો ભાગ બહેરો કરી દઈ દાંત ખેંચી લીધો હોય તો દર્દ ન થાય. તેમણે સદ્‌ગુરુશ્રીને તે મુજબ કહ્યું. સદ્‌ગુરુશ્રી કહે: "ઈન્જેક્ષનની કાંઈ જરૂર નથી." ડૉકટરે તો સદ્‌ગુરુશ્રીની આજ્ઞાથી ઈન્જેક્ષન માર્યા વિના જ બહુ જોર કરીને તે દાંત કાઢી નાખ્યો. એમને એમ

કે સદ્‌ગુરુશ્રીને અસહ્ય દુઃખાવો થશે, પણ તેમણે તો સહજ પણ દુઃખ જણાવ્યું નહીં. પોતાને દેહભાવ છે જ નહીં, તે સદ્‌ગુરુશ્રીએ ડૉક્ટરને પ્રત્યક્ષ બતાવ્યું. ડૉક્ટર તો સદ્‌ગુરુશ્રીના પગમાં પડી ગયા. સદ્‌ગુરુશ્રીએ ડૉ. નાગરદાસભાઈ ઉપર દાંત પાડવાની સેવા નિમિત્તે ખૂબ પ્રસન્નતા જણાવી ને ડૉ. નાગરદાસભાઈ અને તેમના નાનાભાઈ ડૉ. મણિલાલભાઈ સહકુટુંબ સત્સંગ સેવાના યજ્ઞમાં સદ્‌ગુરુશ્રી સાથે જોડાઈ ગયા !

જેતલપુરમાં ફરી શ્રીહરિરસની રેલી વહેવડાવી, જન્માષ્ટમીના સમૈયે મૂળી આવ્યા. અમદાવાદથી સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી પુરાણીશ્રી કેશવપ્રિયદાસજી સ્વામી વગેરે સંતમંડળો પણ સમયે આવ્યા હતા. સમૈયા પછી મૂળીની આજુબાજુના ગામોમાં સેવાસમાગમનો લાભ આપી સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી અમદાવાદ–મૂળીના સંતહરિભક્તોએ સહિત ભુજ થઈને વૃષપુર પધાર્યા. મુક્તરાજ અબજીબાપાશ્રીએ અતિ પ્રસન્નતા જણાવી મહાપ્રભુજીના મહિમાની નવીન નવીન વાતો કરી નવાં નવાં સુખમાં સૌને ગુલતાન કરી દીધા. રાત્રે ત્રણેક કલાક સૂવામાં ને નહાવા—પૂજા જમવામાં જે સમય જાય તે સિવાયના બધા સમયમાં કથા, કથા ને કથા જ થાય. આ કથા એટલે અવર્ણનીય આનંદનો દરિયો ! વચનામૃત વંચાય, તેમાંથી સદ્‌ગુરુશ્રી બાપાશ્રીને પ્રશ્ન પૂછે, બાપાશ્રી તેનો જવાબ આપે. તે જવાબ એવો હોય કે જીવમાં હા પડી જાય. સદ્‌ગુરુશ્રીની કલમ તો ચાલતી જ હોય ! સૌ મૂર્તિ ને મુક્ત—ની વાતોથી ન્યાલ થતા રહે ! સદ્‌ગુરુશ્રી એવા એવા પ્રશ્ન પૂછે કે જે આપણી બુદ્ધિમાંયે ન આવે. બાપાશ્રી કહેતા : 'જુઓ ! શ્રીજીમહારાજની ફૂલવાડી કેવી ફૂલી રહી છે !' ગામેગામથી હરિભક્તો દર્શને આવે. સભા ચિક્કાર ભરાયેલી જ હોય. બ્રહ્મરસના સાગરમાં સૌ ઝીલે !

મુક્તરાજ અબજીબાપાશ્રી ઘણો રાજીપો બતાવે. કહે :

"આવા મોટા સદ્‌ગુરુ અહીં દરિયા ઉતરી ઉતરીને શા માટે આવે છે, તો અનેક જીવના ઉદ્ધાર કરવા માટે આવે છે. એમને બીજો સ્વાર્થ નથી. અમે તો એમને જોઈ જોઈને રાજી થઈએ છીએ." સદ્‌ગુરુઓ કહે : "બાપા! આપે તો અમને વશ કરી લીધા છે, તેથી જો વર્ષમાં એકાદ મહિનો અહીં ન અવાયું હોય તો સારું નથી લાગતું. તમે અમને પોતાના જાણ્યા છે તે કાંઇ સાધારણ વાત નથી." વળી બાપાશ્રી કહે : "તમે ને અમે તો એક ગુરુના કહેવાઈએ કેમકે સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી તમારા ય ગુરુને અમારા ય ગુરુ." આમ હેત-મહિમા 'દિન દુના, રાત ચોગુના' વધતા જ જાય. આવી રીતે અઢાર દિવસ સંતહરિભક્તો બાપાશ્રી પાસે રહ્યા, ને દિવ્ય લાભ લીધો.

સંવત ૧૯૬૯માં અસલાલીના સાંખ્યયોગી બાઈ કંકુબાએ અમદાવાદ મંદિરમાં 'સત્સંગીભૂષણ'ની પારાયણ બેસારી. તે પ્રસંગે સૌ હેતવાળા હરિભક્તોના અતિ આગ્રહને કારણે મુક્તરાજશ્રી અબજીબાપા મૂળી થઈને અમદાવાદ પધાર્યા. સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તો સૌ કોઈને આ મહદ્ પર્વનો લાભ અપાવવા રાહ જોઈને જ બેઠા હતા! ગામેગામના હરિભક્તો પારાયણ અને બાપાશ્રીના દર્શનનો લાભ લેવા આવ્યા. સદ્‌ગુરુશ્રીના આસને રોજ રાત્રે સભા થાય ને બાપાશ્રી શ્રીજીમહારાજના અદ્‌ભુત મહિમાની વાતો કરે ને સંતહરિભક્તોને એ સુખમાં ઝિલાવે, સૌને આનંદના ઓડકાર આવે!

પારાયણની સમાપ્તિ પછી બાપાશ્રી સદ્‌ગુરુઓને સાથે લઈ ગામેગામ દર્શન દેવા પધાર્યા. રનોડા, ધોળકા, જેતલપુર, અસલાલી, ગામડી, વગેરે ગામોમાં થઈ બારેજડી શેઠ બળદેવભાઈની મીલમાં પધાર્યા. શેઠ બળદેવભાઈને સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીનો પ્રથમ પરિચય સં. ૧૯૫૮માં

મોરબીમાં થયા પછી સદ્‌ગુરુશ્રીથી તેઓ એટલા બધા પ્રભાવિત થઈ ગયા હતા કે તેમના અનન્ય સેવક બની રહેલા. સદ્‌ગુરુશ્રીના આગ્રહથી બાપાશ્રી ચૈત્ર સુદ પૂનમની સાંજે શેઠ બળદેવભાઈની મીલમાં બારેજડી પધાર્યા, ને શેઠના ઉપર અતિ પ્રસન્ન થયા.

બાપાશ્રીને અતિ રાજી થયેલા જાણીને શેઠ બળદેવભાઈએ નમ્ર અરજ કરી : "બાપા ! આ સેવકની એક નમ્ર અરજ છે કે વચનામૃતમાં શ્રીજીમહારાજનો જે રહસ્ય અભિપ્રાય છે તે જેમ છે તેમ સૌને બરાબર સમજાય તે રીતે ટીકા સાથે વચનામૃત છપાવવાની જરૂર છે. સદ્‌ગુરુશ્રીના કહેવાથી જ અમે આપને નમ્ર અરજ કરીએ છીએ કે આપ તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા અહીં મનુષ્યરૂપે દર્શન દો છો, આપ તો શ્રીજીમહારાજના રહસ્યજ્ઞાનના જ્ઞાતા છો, તેથી આપ શ્રીજીમહારાજના વચનામૃતો સમજાવો, ને જે જે ગૂઢ રહસ્ય છે તે સ્ફૂટ કરી દો તો તે મુજબ રહસ્યાર્થ ટીકા સહિત વચનામૃત છપાવીએ. તેમાં વચનામૃત અસલ હસ્તલિખિત પ્રત પ્રમાણે જ છપાવીએ." શેઠ બળદેવભાઈની આ પ્રાર્થના સાંભળી મુક્તરાજ અબજીબાપાશ્રી બહુ પ્રસન્ન થયા. તેમણે કહ્યું : "શેઠ ! તમારી વાત જાણી અમે બહુ રાજી થયા છીએ. વચનામૃત ગ્રંથ એ તો અધ્યાત્મશાસ્ત્ર છે. તે તો શ્રીજીમહારાજના મુખકમળના વચન છે ને બહુ ગૂઢ અર્થનાં ભરેલાં છે. પોતાની મેળે જેમ છે તેમ સમજાય નહિ, પણ મોટા અનાદિ મુક્ત હોય તેમનાથી સમજે ત્યારે સમજાય. માટે શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજી શકાય તે સારુ ટીકા રચવાની તમે જે વાત કહો છો એ તો આત્યંતિક કલ્યાણનું સદાવ્રત બાંધવાની વાત છે. અમે અનેક જીવોના આત્યંતિક કલ્યાણને અર્થે શ્રીહરિની ઈચ્છાથી જ પધાર્યા છીએ. તમારી અરજી અમે સ્વીકારી છે. સદ્‌ગુરુશ્રીને હૈયે પણ અનંત જીવોનું કલ્યાણ

વસેલું છે. અત્યારની જ નહીં, પણ હવે પછી આવનારી પેઢીઓને પણ શ્રીજીમહારાજના સ્વરૂપની સમજ એનાથી પડશે. સદ્‌ગુરુશ્રી અને તમે બધા ભેગા મળી તે છપાવવાનું કામ શરૂ કરો. આ કામમાં શ્રીજીમહારાજનો બહુ રાજીપો છે. જરૂરથી આ કામ કરો."

આમ, સંવત ૧૯૬૯ના ચૈત્ર સુદ પૂનમે જ્ઞાનનો પૂર્ણચંદ્ર ઊગ્યો ! શ્રીજીમહારાજને સર્વના કારણ, સર્વના કર્તા, સદા સાકાર, દિવ્ય મૂર્તિમાન ને બ્રહ્મકોટિ, મૂળઅક્ષરકોટિ ને તેથી પર. શ્રીજીમહારાજના પરમ એકાંતિક મુક્ત તથા અનાદિમુક્ત તે સર્વેથી પર ને તે સર્વેના આધાર ને તે સર્વના સ્વામી ને સર્વને સુખના દાતા ને સર્વ સુખમય મૂર્તિ એવા જાણવા માટે તથા તે પરમ અદ્‌ભુત સ્વરૂપને પામવાના ઉપાય જાણવા માટે શ્રીજીમહારાજે સ્વયં ચલાવેલી જ્ઞાનગંગાને સૌ કોઈને માટે સુપથ્ય બનાવવાનું કાયમી સદાવ્રત શરૂ થયું. મુક્તરાજ બાપાશ્રીની રાહબરી નીચે સ.ગુ.શ્રી ઈશ્વરચરણ દાસજી આ બ્રહ્મયજ્ઞના ખરેખરા મુખ્ય સૂત્રધાર બન્યા.

મુક્તરાજ અબજીબાપાશ્રીની વાતો લખી લેવાનું, તેને ફરી લખી જઈ, સંપાદન કરવાનું કામ તો ચાલતું જ હતું. તેમાં વચનામૃત ગ્રંથના સંપાદન અને રહસ્યાર્થટીકા માટેનું અતિ પરિશ્રમવાળું કામ શરૂ થયું. સદ્‌ગુરુશ્રી તો સર્વ કામમાં જોડાયેલા, છતાં જાણે સદાય હળવા ને હળવા ! ક્યારેય નવરા નહીં, છતાં ક્યારેય પ્રવૃત્તિનો જરાયે ભાર પણ જણાય નહીં. ભવિષ્યની પેઢીનું ભાથું તૈયાર થતું જાય, પણ વર્તમાનકાળની પેઢી પ્રત્યે જરાયે દુર્લક્ષ્ય નહીં. સૌને સતત પ્રેરણા પિયુષ પાયા કરે, ને શ્રીહરિસ્વરૂપમાં જોડતા જ રહે ! સદ્‌ગુરુશ્રી એટલે શ્રીહરિની મસ્તીભર્યું સ્વરૂપ ! કોઈપણ પ્રવૃત્તિમાં પણ તે શ્રીહરિસ્વરૂપની મસ્તી, કોઈ પણ નિવૃત્તિની પળોમાં પણ તે શ્રીહરિસ્વરૂપની મસ્તી.

બારેજડીથી મુક્તરાજ બાપાશ્રીની સાથે સરસપુર, કડી, દેવપરા, વિરમગામ, વગેરે ગામોમાં હરિભક્તોને ન્યાલ કરતાં કરતાં સદ્‌ગુરુશ્રી પણ કચ્છમાં પધાર્યા. ભુજમાં છ દિવસ રહી વૃષપુર પધાર્યા. બાપાશ્રીએ સદ્‌ગુરુશ્રીને સાત દિવસ સુધી વૃષપુરમાં સુખના સાગરમાં ઝિલાવ્યા બાપાશ્રીની જ્ઞાન-ગંભીર વાતો તો સતત ઝિલાતી જ રહેતી. વૈશાખ વદ બીજે બાપાશ્રીએ રજા દીધી ને સદ્‌ગુરુશ્રી અમદાવાદ તરફ પધાર્યા.

ભાદરવા માસમાં મુક્તરાજ બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો. સદ્‌ગુરુશ્રીને તેના સમાચાર મળતાં સ.ગુ.શ્રી વૃંદાવન-દાસજી સ્વામી, સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી આદિ મંડળે સહિત કચ્છમાં પધાર્યા સૌ બનતી સેવા કરે, પ્રાર્થના કરે ને બાપાશ્રીના મંદવાડથી સૌના અંતર વલોવાઈ જાય. મંદવાડ લગભગ મહિના સુધી ચાલ્યો. સંતો તો સેવામાં ખડેપગે તત્પર રહે. ધીરે ધીરે તબિયત ઠીક થઈ, ને સૌને ફરી આનંદના દિવસો આવ્યા ! ચંદન-પુષ્પથી પૂજા ને પ્રસાદી –આશીર્વાદની હેલી ફરી ચડી આવી !

બાપાશ્રીને મંદવાડ સહેજ ઓછો થતાં, બાપાશ્રીની આજ્ઞાથી અને હરિભક્તોના આગ્રહથી, સદ્‌ગુરુઓ પોતાના મંડળે સહિત વૃષપુરની આજુબાજુના ગામોમાં સેવાસમાગમનું સુખ દેવા પધાર્યા. ફરતાં–ફરતાં સદ્‌ગુરુમંડળ સુખપુરથી રોહા પધાર્યું. રોહા ગામના દિવાન–કારભારી કુંવરજીભાઈ હતા, તે મહા વેદાંતી ને પંડિત હતા. તેમણે જાણ્યું કે સ્વામિનારાયણના સાધુઓ ગામમાં આવ્યા છે ને ઘણાંક ભાઈઓ તેમની વાતો સાંભળવા જાય છે. તેમણે એ બધાં ભાઈઓને બોલાવી કહ્યું : "કોઈ જો વાતો સાંભળવા જશો, ને સ્વામિનારાયણની કંઠી બાંધીને આવશો, તો એકેયની કંઠી રહેવા નહિ દઉં." આમ, કુંવરજીભાઈને સ્વામિનારાયણ સંપ્રદાય વિષે સખત પૂર્વગ્રહ બંધાયેલો હતો. પરંતુ સદ્‌ગુરુશ્રી તો દયાની મૂર્તિ હતા, તેમણે

તો સીધા કુંવરજીભાઈને જ વાતો સાંભળવા બોલાવ્યા! કુંવરજીભાઈને એમ કે વેદાંતના પ્રશ્નો પૂછીને સદ્‌ગુરુશ્રીને જીતી લઉં! તે તો વેદાંતના પ્રશ્નો પૂછવા માંડયા. પણ સદ્‌ગુરુ ઈશ્વરસ્વામી જેમનું નામ! પ્રશ્નોના એવા ઉત્તર કરતા આવે કે કુંવરજીભાઈને અંતરમાંથી હા પડતી જાય. કુંવરજીભાઈએ ઘણો અભ્યાસ કર્યો હતો, ને ઘણાં સંપ્રદાયો જોયા હતા, તે દરેકના મુદ્દાઓ ચર્ચી જોયા, પણ સદ્‌ગુરુશ્રીના જવાબ આગળ બધું અતિ ગૌણ થઈ જતું જણાયું. મૂળથી જીવ હતો બળિયો, પણ પૂર્વગ્રહથી આવરાઈ રહ્યો હતો. તેમાં સદ્‌ગુરુશ્રીની તેજીલી ફૂંક વાગી ને અંતરમાં રહેલો અગ્નિ પ્રજ્જવળી ઊઠયો! સદ્‌ગુરુશ્રીએ એમને 'વચનામૃત' ગ્રંથ આપ્યો, તે વાંચીને શ્રી સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા બરાબર થઈ ગઈ. તે દરમ્યાન, સદ્‌ગુરુશ્રી તો ફરતાં ફરતાં ભુજ પધાર્યા હતા. કુંવરજીભાઈ ભુજ આવ્યા. સદ્‌ગુરુશ્રીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ને તેમની પાસેથી વર્તમાન ધાર્યા ને અનન્ય સત્સંગી થઈ ગયા. પછી, સદ્‌ગુરુશ્રીને પૂછયું : "હવે છેલ્લું કર્તવ્ય શું?" સદ્‌ગુરુ બહુ રાજી થયા. કહે : "હવે નિરંતર ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. તેલધારા-વૃત્તિએ ભગવાનમાં જોડાવું. પોતાનું કર્તાપણું માનવું નહિ. નિરંતર મૂર્તિમાં રહી ક્રિયા કરવી." કુંવરજીભાઈ સદ્‌ગુરુશ્રીના રાજીપાથી તે મુજબ ધ્યાન કરતાં, ત્રણે અવસ્થામાં મૂર્તિને દેખે તેવા સિદ્ધ થયા. આપનારા ય એવા સમર્થ, ને લેનારા ય એવા ત્વરાવાળા!

સદ્‌ગુરુશ્રી જેતલપુર મંદિરના મહંત હતા, પણ હવે મુક્તરાજ બાપાશ્રીની મરજી એવી જણાઈ કે મહંત તરીકે ચાલુ ન રહેવું. વળી, સત્સંગ સાહિત્યની સેવાની પ્રવૃત્તિનો ફલક વિસ્તરતો જતો હતો, તેથી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ સં. ૧૯૭૦ના કાર્તિકના સમૈયે જેતલપુરના મહંતનું

પદ છોડી દીધું. વચનામૃત શોધન કરાવી શુદ્ધ–પ્રમાણભૂત પ્રત બનાવવાનું અતિ અગત્યનું કામ શરૂ થયું. સદ્‌ગુરુશ્રી મુખ્ય માર્ગદર્શક હતા. પોતાને બધાં વચનામૃતો જિહ્‌વાગ્રે હતા. તે જ રીતે સદ્‌ગુરુશ્રીની સેવામાં મૂળ મંદિરના પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામીશ્રી તથા પ.ભ. ત્રિભુવનભાઈ (હળવદ-વાળા) આદિ જોડાયા. એ સૌ પણ વચનામૃતના પરિપક્વ અભ્યાસીઓ હતા. એ સૌને પણ બધાં વચનામૃતો કંઠસ્થ હતા. સૌ શ્રીહરિજીની પ્રસન્નતા અર્થે ને મુક્તરાજ બાપાશ્રીની આજ્ઞાથી સેવાયજ્ઞમાં જોડાયા હતા. એકેએક શબ્દની પરીક્ષા થતી જતી હતી. એકેએક લીંટીએ લીંટી તપાસાતી હતી. પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામીશ્રી એટલે હસ્તપ્રતોનો ખજાનો! જ્યાં જ્યાંથી મળી તેટલી બધી હસ્તપ્રતો પુરાણીશ્રીએ ભેગી કરેલી. મોટા મુક્તોને અને શ્રીહરિજીને રાજી કરવાનો અનેરો અવસર જાણી પુરાણીશ્રીએ વચનામૃતની બધી હસ્તપ્રતો સદ્‌ગુરુશ્રીને સોંપી. સદ્‌ગુરુશ્રીએ કેવળ હસ્તપ્રતો જ ન લીધી પુરાણીશ્રીને પણ લઈ જ લીધા! સેવાયજ્ઞમાં અન્ય અનેક સેવકો અતિ ઉત્સાહથી મદદમાં ખડે પગે રહે. કોઈ આ હસ્તપ્રતમાંથી કૉપી ઉતારે, કોઈ તે હસ્તપ્રતમાંથી ઉતારે, સતત પ્રવૃત્તિ, સતત માર્ગદર્શન, સતત સંશોધન ચાલ્યા જ કરે. વળી, સદ્‌ગુરુશ્રી પોતાના સેવકોની એવી તો સંભાળ રાખે, જાણે વિશાળ કુટુંબની માતૃસંભાવના! સૌના ઉપર સદ્‌ગુરુશ્રીનો રાજીપો વરસ્યા કરે, સૌને એમ જ લાગે કે સદ્‌ગુરુશ્રી મારા ઉપર અતિશય રાજી છે, 'મારા પોતાના છે', સૌ કોઈના વ્યવહારની પણ ખબર રાખે, આ લોક–પરલોક બંનેનું સતત ધ્યાન રાખે તેવા સદ્‌ગુરુશ્રીના પરિચય–સેવામાં આવ્યા તે સૌના અહોભાગ્ય!

સાહિત્યની મોટી પ્રવૃત્તિ ઉપાડી હતી, તે છતાં ગામે-ગામ વિચરીને સૌને પોષણ આપવાની પ્રવૃત્તિ તો ચાલુ જ

હતી. વળી, મુક્તરાજ બાપાશ્રીના દર્શન-સમાગમનો લાભ લેવા–અપાવવા વર્ષોવર્ષ મહિનો–બે મહિના કચ્છમાં જવાનું પણ ચાલુ જ હતું.

સં. ૧૯૭૦ની વસંતપંચમીનો સમૈયો મૂળીએ કરીને સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી, સ.ગુ.શ્રી ઘનશ્યામજીવનદાસજી સહિત સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી વૃષપુર પધાર્યા. સાથે સ્વામી નારાયણસેવકદાસજી, પુરાણી કેશવપ્રિયદાસજી સ્વામી, સ્વામી હરિપ્રસાદદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામી તથા સ્વામી શ્વેતવૈંકુઠદાસજી, સ્વામી દેવજીવનદાસજી, આદિ સંતો તથા ઘણાં હરિભક્તો હતા. મુક્તરાજ બાપાશ્રી રાજી થઈને સૌને મળ્યા. કહે : "તમે બહુ દયા કરી પધાર્યા. અમારે આવા સંત વિના ઘડી યે ન ચાલે ને તમારે મંદિરના વ્યવહાર તે વારેવારે દેશમાં જવું પડે, તો ય તમારી દયા બહુ જેથી અમને ઘેર બેઠાં દર્શન આપો છો !" ત્યારે સદ્‌ગુરુ ઈશ્વર-ચરણદાસજી સ્વામી કહે : "અમને આપે એમ રાખ્યા છે, તેથી શું થાય ? નહિ તો અમે અહીંથી ક્યારેય જઈએ નહિ, એવું થાય છે, પણ તમે આજ્ઞા કરો છો એટલે જવું પડે છે."—ને દિવ્યસભામાં દિવ્ય આનંદ વરસવા લાગ્યો ! સૌ કોઈએ દિવ્યવર્ષાના ઘૂંટડા પીધા, એવા પીધા કે સમય ક્યાં વહી ગયો તે કોઈને જાણ જ ન થઈ ! નારાયણપુરથી ધનજી-ભાઈ આવી પોતાના ગામ પધારવા આગ્રહ કરે, તો મુક્ત-સ્વરૂપ ધનબા રામપુરાથી આગ્રહભર્યો સંદેશો મોકલે, તેથી સંત–હરિભક્તો સહિત બાપાશ્રી નારાયણપુર–રામપુરા પધારી ભારાસર પધાર્યા. ત્યાં સાત દિવસની શિક્ષાપત્રીની પારાયણ થઈ. ગામેગામથી હરિભક્તો આવે. બાપાશ્રીની સાથે સદ્‌-ગુરુઓની સેવા–સમાગમનો પણ લાભ લે.

આ કથાપ્રસંગે ભુજથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી પધારેલા.

ઠાકોરજીની ને બાપાશ્રીની સેવા કરે, થાળ કરે, રાજી કરે. બાપાશ્રી પણ રાજી થઈ તેમને ધ્યાનમાં મહારાજના સુખનો અનુભવ કરાવે! બ્રહ્મચારીમહારાજ કહે: "જગતમાં કેટલાય બિચારા દાઢિયું વધારે છે, તપ કરે છે, પણ કાંઈ તેમને આવી સેવા મળે છે? મને તો હજી દાઢી પૂરી વધી યે નથી ત્યાં તો શ્રીજીમહારાજ ને તમે જમો ને હું થાળ કરી જમાડું, એવો લાભ મળ્યો. આ તો તમારી ને સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીની મારા ઉપર અતિશય કૃપા. મારા ભાગ્યનો તો કોઈ પાર નથી." બાપાશ્રીને એમ રાજી કર્યા. ત્યાંથી સૌ ભુજ પધાર્યા, ને ત્યાંથી બાપાશ્રીએ સૌને ગુજરાત જવાની આજ્ઞા આપી.

અમદાવાદ પાછા આવી સદ્‌ગુરુશ્રી તો ફરી વચનામૃત શોધન, વાતોનું સંપાદન, વગેરે સાહિત્ય સેવામાં પ્રવૃત્ત થયા. જુદા જુદા ગામોથી હરિભક્તો સદ્‌ગુરુશ્રીના દર્શન–સમાગમ માટે આવે, સદ્‌ગુરુશ્રી સૌને રાજી કરે. હર પ્રસંગે ને હર વાતમાં જીવોને શ્રીહરિજીનું વધુ ને વધુ સાંનિધ્ય થાય તે જ તેમની ધગશ ને કાર્યક્રમ હતાં. કોઈ દર્શન કરવા આવે તો તેને સદ્‌ગુરુશ્રી પૂછે: 'ક્યાંથી આવ્યા?' જો તે કહે 'ઘેરથી', તો પાછા પૂછે: 'ઘર ક્યાં આવ્યું?' આમ છેવટ મૂર્તિમાં લઈ જઈને વાત મૂકે! નાના નાના છોકરા આવે તેમને પૂછે: 'તું કોનો દીકરો?' જો તે તેના બાપનું નામ દે તો પાછા પૂછે: 'તે કોના દીકરા?' એમ છેવટ 'બધા ભગવાનના જ દીકરા છે' ત્યાં વાત લાવીને મૂકે વળી, કોઈને પૂછે: 'ક્યાંથી આવ્યા?' જો તે હરિભક્ત સદ્‌ગુરુશ્રીની રુચિ જાણી ગયેલ હોય તો કહે: 'મૂર્તિમાંથી.' તો પાછા પૂછે: 'કેવી રીતે આવ્યા?' એટલે પાછી જવાબની મુશ્કેલી ઊભી થાય! છેવટે 'આવવા–જવાપણું નથી, જે દેખાય છે તે મહારાજ પોતે જ ક્રિયાઓ કરે છે' તે હદે વાત લાવીને મૂકે. પછી

તો શું જવાબ આપવો તે સૌ જાણી જાય, તેથી જો તેવામાંથી કોઈને પૂછે : 'ક્યાંથી આવ્યા?' તો તે હરિભક્ત સીધો જવાબ આપે : 'અમે આવ્યા ય નથી અને જવું ય નથી, અમે જ્યાં છીએ ત્યાં જ છીએ.' તો સદ્‌ગુરુ ફરી પૂછે : 'ત્યારે આ દેખાય છે તે કોણ છે?' ત્યારે પાછો જવાબ આપવો પડે : 'તે તો મહારાજને ઠીક પડે તેમ દેખાતા હશે ને ક્રિયાઓ કરતા હશે.' આમ વાતવાતમાં સદ્‌ગુરુશ્રી ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વજ્ઞાન શિખવાડી દેતા. કોઈ પૂછે કે 'બાપજી! આ નાના બાળક આ સમજી શકે?' તો સદ્‌ગુરુશ્રી કહે : "જ્યારથી વર્તમાન ધાર્યા ત્યારથી તે મુક્ત થયો. હવે જો શ્રીજીમહારાજની આજ્ઞા પાળે ને આ જ્ઞાન કે 'મને શ્રીજી-મહારાજે પોતાની મૂર્તિમાં રાખ્યો છે', એનું જો કાયમ મનન રહ્યા કરે તો જરૂર શ્રીજીમહારાજ પોતાની મૂર્તિમાં રાખે જ. આમ, સદ્‌ગુરુશ્રી સહજ બેઠા વાત કરતા હોય તેમાં પણ ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વજ્ઞાનનું સતત મનન કરાવતા, જેથી તે મુમુક્ષુને તેના રટણને લીધે તે વાત સ્વાભાવિકપણે જીવમાં પચીને હજમ થઈ જતી.

સં. ૧૯૭૧માં હરિભક્તોના આગ્રહથી સદ્‌ગુરુશ્રી ખાખરિયાના ગામડાઓમાં પધાર્યા હતા. ગામેગામ હરિભક્તોને શ્રીહરિસ્વરૂપની વાતો કરે, સૌ સદ્‌ગુરુશ્રીના દર્શન–સેવા–સમાગમથી અહોભાવને અનુભવતા. તે છતાં સાહિત્ય યજ્ઞ તો ચાલુ ને ચાલુ જ.

માગશર માસમાં અમદાવાદમાં સદ્‌ગુરુશ્રી ઉપર મુક્તરાજ બાપાશ્રીનો કાગળ આવ્યો. તેમાં લખેલું : "અમારા માતુ-શ્રીને કાળી તળાવડી ઉપર શ્રીજીમહારાજે દર્શન આપીને વરદાન આપ્યું હતું, તે ઠેકાણે છત્રી કરાવી ચરણારવિંદ પધરાવવાનો અમોએ વિચાર કર્યો છે, તેમાં તમારો શું અભિપ્રાય છે તે લખશો." સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

તથા સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામીએ જવાબ લખ્યો : "આપનો જે વિચાર છે તે અનંત જીવોના ઉદ્ધારને અર્થે છે. આપ જે કરતા હશો તે સારું જ કરતા હશો અને આપની જે જે ક્રિયા છે તે સર્વે કલ્યાણકારી છે." થોડા સમય બાદ બાપાશ્રીનો ફરી પત્ર આવ્યો કે "છત્રીનું કામ શરૂ કર્યું છે, ફાગણ માસમાં સત્સંગીજીવનનું પારાયણ બેસાડવાનો વિચાર કર્યો છે, અને ચારસો મણ ઘી, છસો મણ ગોળ તથા ઘઉં, દાળ, ચોખા, વગેરે સામાન મંગાવ્યો છે. હવે તમે મૂળીએ વસંતપંચમીનો સમૈયો કરીને અહીં આવજો અને સર્વેને અહીં આવવાનું કહેતા આવજો." આવા સમાચારથી સદ્‌ગુરુઓના હર્ષનો પાર રહ્યો નહિ. એમણે તો એ કાગળ જ કંકોત્રી જેવો જાણી દરેક ગામોએ હેતવાળા હરિભક્તોને આ વિગત જણાવી તૈયાર રહેવાનું લખ્યું.

સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી મૂળીએ વસંતપંચમીનો સમૈયો કરીને પોતાના મંડળે સહિત વૃષપુર પધાર્યા. ત્યાં જઈને સૌ સેવામાં જોડાઈ ગયા. સદ્‌ગુરુશ્રીએ સર્વ ઠેકાણે કંકોત્રી લખાવી મોકલી કે ફાગણ વદ ૧૧ને રોજ સત્સંગીજીવનનું પારાયણ બેસશે અને તેની સમાપ્તિ ચૈત્ર સુદ ૩ ને રોજ થશે, ને તે દિવસે છત્રીએ ચરણારવિંદ પધરાવાશે. તે પ્રસંગે અમદાવાદથી બસો સંત તથા ભુજ, મૂળી, ગઢડા, જૂનાગઢ, વડતાલ, વગેરેના સંત-બ્રહ્મચારી મળી ચારસો હતા. અને હરિભક્તો દેશદેશાંતરથી ત્રીસ હજાર આવ્યા હતા, ને મહામોટો યજ્ઞ થયો હતો. સૌના હૃદય આનંદથી ઊભરાતાં હતાં. તે પ્રસંગે સભામાં સ.ગુ.શ્રી ઇશ્વરચરણદાસજી શ્રીહરિજીની રહસ્યવાતો કરતા. પારાયણની સમાપ્તિ થઈ ને છત્રીએ ચરણારવિંદ પધરાવવા સર્વે આવ્યા. તે વખતે તો ત્યાં કેવળ ખુલ્લી જગ્યા, તળાવડીનો કાંઠો ને પથ્થરની ધાર હતી જે શ્રીજીમહારાજની પ્રસાદીની હતી. એ પ્રસાદીની

જગ્યાએ છત્રી કરી હતી. છત્રીએ ચરણારવિંદ પધરાવતી વખતે સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીએ મુક્તરાજ બાપાશ્રીને કહ્યું જે આ વખતે સર્વેને વરદાન આપો. ત્યારે બાપાશ્રી બોલ્યા :

"આ યજ્ઞમાં આવેલા સંતહરિભક્તાદિક સર્વે મનુષ્યો તથા ઉપયોગમાં આવેલા સર્વે પશુઓ તથા આકાશમાં વિમાને બેસીને દર્શન કરવા આવેલા અધિકારી દેવો તે સર્વેનો છેલ્લો જન્મ કરી શ્રીજી-મહારાજની મૂર્તિમાં લઈ જઈશું. **આ છત્રી તથા આ સ્થાનનાં જે દેવ તથા મનુષ્યો દર્શન કરશે અને ઉપર થઈને પક્ષી ઊડીને જશે તે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરીશું, અને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જઈશું.**"

આત્યંતિક કલ્યાણનું અનેરું સદાવ્રત ખૂલી ગયું — સદ્‌ગુરુશ્રીએ તો અનંત જીવોનું રૂડું કરાવી દીધું, "યાવત્-ચંદ્રદિવાકરૌ" કલ્યાણગંગા વહેતી કરી દીધી. ધન્ય મહારાજ, ધન્ય બાપાશ્રી, ધન્ય સદ્‌ગુરુશ્રી! આપના ઉપર તો વારી વારી જાઉં! અમારું સમગ્ર અસ્તિત્વ તમારા ઉપર ન્યોછાવર કરી દઈએ તો ય તમોએ જે અમો સૌને દીધું છે તેનો કોઈ રીતે બદલો વળે તેમ નથી, આપ તો આપ જ છો! પારાયણ–યજ્ઞનો જય જયકાર થયો.

પારાયણની સમાપ્તિ પછી સૌ સંતહરિભક્તો પોત-પોતાના સ્થાને ગયા, ત્યારે સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના સાધુ મુક્તજીવનદાસજી માંદા હતા, તેથી સ્વામીશ્રી વૃષપુર રોકાયા. બીજે દિવસે સભામાં બાપાશ્રી કહે : "તમને રોકવા હતા તેથી આ સાધુને રાખ્યા છે, નહિ તો કંકોત્રીઓ લખ્યા પછી સિનોગરા (ગામ)માં મિસ્ત્રી દેવજીભાઈની પારાયણ સાંભળવા ગયા હતા ત્યાં જ દેહ મૂકવાના હતા. જો દેહ

મૂકયો હોત તો તમને સ્વામી વૃંદાવનદાસજી–સ્વામી ઘનશ્યામ-જીવનદાસજી અહીં રહેવા દેત નહિ, અમદાવાદ લઈ જાત; પણ આ સાધુને માંદા જોઈને કોઈ બોલ્યા નહિ." ત્યારે સદ્‌ગુરુશ્રી કહે : "વૈદ્યે નાડી જોઈને એમ કહ્યું હતું કે આ સાધુને કફ સૂકાઈ ગયો છે, તો પણ દેહ રહ્યો છે તેનું કારણ કાંઈ સમજાતું નથી." બાપાશ્રી કહે : "તમને રોકવા સારુ જ અમે એમને રાખ્યા છે." બે દિવસ બાદ સદ્‌ગુરુશ્રી બાપાશ્રી પાસે વૃષપુર મંદિરની ઓસરીમાં બેઠા હતા ને બીજા સાધુ માંદા સાધુની સેવામાં હતા, ત્યારે સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને પૂછ્યું : "આ સાધુને ક્યારે લઈ જશો?" બાપાશ્રી બોલ્યા : "તમને ખપતા નથી?" સદ્‌ગુરુશ્રી કહે : "જો સાજા કરો તો ખપે!" બાપાશ્રી કહે : "એમને માટે ગઈ કાલે લાકડાં તૈયાર કરી રાખ્યાં છે ને આજ લઈ જવા છે." ને ૧૫–૨૦ મિનિટ બાદ તો તેમની સ્થિતિ બદલાઈ ગઈ ને દેહ મૂકી ધામમાં ગયા.

પાંચેક દિવસ કથાના લાભ આપી બાપાશ્રીએ સદ્‌ગુરુશ્રીને પૂછ્યું કે તમારે કેટલા દિવસ અહીં રહેવાનું ફાવે તેમ છે? સદ્‌ગુરુશ્રી કહે : "ધર્માદા ઉઘરાવવા જવાનો સમય થઈ ગયો હોવાથી પાંચેક દિવસમાં નીકળવું પડે." બાપાશ્રી કહે : "પંદર દિવસ રહેવું હોય તો રહો, ને થોડું રહેવું હોય તો કાલે જ સવારે નીકળો." સદ્‌ગુરુશ્રી કહે : "પંદર દિવસ કહ્યું તે સમજાયું નહિ." બાપાશ્રી કહે : "તમે કાલે નહિ ચાલો, તો તમને કોઈક સાધુ પંદર દિવસ રોકશે." તેથી બીજે જ દિવસે ભુજ ગયા. ત્યાં સાધુ પુરુષોત્તમપ્રિય-દાસજીને બહુ તાવ આવ્યો. બીજે દિવસે ભુજથી નીકળી નવલખી–મોરબી થઈ દેવપરા આવ્યા. બાપાશ્રીએ કહેલું તેમ બરાબર પંદર દિવસે સાધુ પુરુષોત્તમપ્રિયદાસજીએ દેહ મૂક્યો ને મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા.

સદ્‌ગુરુશ્રી ગામડેથી ધર્માદો ઉઘરાવી અમદાવાદ પધાર્યા. જ્યાં જ્યાં જાય ત્યાં સૌને આનંદ–ઉલ્લાસ ને દિવ્યતાની લહાણી ! સાથે સાથે વચનામૃત અને બાપાશ્રીની વાતોના લખાણનું કામ તો ચાલુ જ. જન્માષ્ટમીના સમૈયે સદ્‌ગુરુશ્રી મૂળી પધાર્યા. ઝાલાવાડના હેતવાળા હરિભક્તોની સભામાં સદ્‌ગુરુશ્રી વાતો કરે : “શ્રી સ્વામિનારાયણ જેવા તો એક સ્વામિનારાયણ જ. શ્રીજીમહારાજે અનંત મુક્તોએ સહિત આ પૃથ્વી ઉપર દર્શન આપી પ્રેમી ભક્તોના લાડકોડ પૂર્યા, તે સાથે ધર્મધુરંધર નિયમરૂપી દૃઢ પાળ બાંધી છે, તેની પુષ્ટિ થયા કરે તે રીતે મહાપ્રભુની બાંધેલ મર્યાદા પ્રમાણે વર્તવું. સત્સંગને વિષે સદાય આત્મબુદ્ધિ રાખવી, બધોય સત્સંગ દિવ્ય જાણવો. કોઇનો અવગુણ ન લેવો. વળી, સદાય દાસભાવે વર્તવું. એમના અનાદિ મુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા છે. મહારાજ સૌને સુખ આપે છે. જ્યાં મહારાજ ત્યાં મુક્તો, જ્યાં મુક્તો ત્યાં મહારાજ ! મૂર્તિ વિના મુક્તો રહે નહિ, મહારાજ મુક્તો વિના રહે નહિ. ‘રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યૂં મિસરી પયમાંહી ભળી.’ મુક્તો અહીં દેખાય છે, પણ એ તો સદાય મૂર્તિમાં જ છે.” આમ વાતો કરી સૌને છેલ્લામાં છેલ્લી સમજણ આપતા. વળી, કૃપા કરીને હરિભક્તોના હાથમાં પાણી આપી સંકલ્પ કરી કહેતા : “જાવ, આજથી તમને મૂર્તિમાં રાખ્યા, હવે સદાય મૂર્તિ ભેળા છો એમ દૃઢપણે માનજો.”

ઝાલાવાડના ગામોના હરિભક્તોનો ખૂબ આગ્રહ જાણી, સદ્‌ગુરુશ્રી ધ્રાંગધ્રા, હળવદ, વાંટાવદર થઈ માલણિયાદ પધાર્યા. ગામેગામ ફરે, સૌ હરિભક્તોને કથાવાર્તાથી સુખિયા કરે, તે છતાં સાહિત્યની પ્રવૃત્તિ તો ચાલુ જ હોય. માલણિયાદમાં વચનામૃતની ટીકા ઉપરનું કામ ચાલતું હતું ત્યારે મુક્તરાજ બાપાશ્રીએ ચતુરભાઈ અમીચંદભાઈ ગાંધીને દર્શન આપી

કહ્યું : "આ સ્વામી ઈશ્વરચરણદાસજી જે કાંઈ લખે છે કે વાતો કરે છે તે અમે પોતે જ કરીએ છીએ."

સદ્‌ગુરુશ્રી માલણિયાદ પધારેલા, ત્યારે કાનજીભાઈ અમીચંદભાઈ ગાંધી બિમાર રહેતા હતા. તેમને છ મહિનાથી તાવ રહેતો હતો, ને શરીરમાં ખૂબ જ અશક્તિ આવી ગઈ હતી. કોઈ હાથ ઝાલે ત્યારે ઉઠાય. સદ્‌ગુરુશ્રી પધાર્યા છે તે જાણી કાનજીભાઈને તેમના દર્શનની અંતરમાં ખૂબ ત્વરા થઈ. પોતાના ભાઈનો હાથ ઝાલી ધીમે ધીમે મંદિરે આવ્યા, ને મહારાજ તથા સદ્‌ગુરુશ્રીના દર્શન કર્યા. તેમને જોતાં જ સદ્‌ગુરુશ્રી કહે : "આવું શરીર થઈ ગયું છે?" એમ કહી પોતાની પૂજા મંગાવી તેમાંથી પ્રસાદીની ચરણરજ કાઢી એક પતાસામાં નાંખી કાનજીભાઈને ખવરાવી. સદ્‌ગુરુશ્રી કહે : "આજથી તાવ ગયો, મહારાજ સારું કરી દેશે." કાનજીભાઈ ઘરે પાછા આવ્યા. આખો દિવસ તાવ આવ્યો નહિ, રાત્રે ઊંઘ પણ બરાબર આવી. સવારથી જમવાની રુચિ પણ થઈ. ચાર-પાંચ દિવસમાં તો સાવ સાજા થઈ ગયા, ને ત્રણ કિલોમીટર દૂર આવેલા કૂવાનું પાણી સદ્‌ગુરુશ્રીને વધુ અનુકૂળ આવતું હતું ત્યાંથી તેઓ રોજ પાણી ભરી લાવવાની સેવા કરવા લાગ્યા!

માલણિયાદથી સદ્‌ગુરુશ્રી ફરી મૂળી પધાર્યા. ત્યાં અ.મુ. સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામીશ્રીએ સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીને કહ્યું : "તમોએ આ સમૈયે સભામાં વાતો કરી હરિભક્તોને બહુ પોષણ આપ્યું. અમારી ઈચ્છા એવી છે કે તમો જો લીંબડી ફરતા ગામડામાં જાવ કારણકે ત્યાંના કેટલાક હરિભક્તોને ઉપાસનાની વાતો કરવાની જરૂર છે. જો તમો જાઓ અને ત્યાં આવી રીતે ઉપાસનાની વાતો કરીને ત્યાંના હરિભક્તોને સમજાવો તો સારું."

સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી આ મુજબ મૂળીના સંતોને સાથે લઈને વઢવાણ–લીંબડી થઈ ગામ

મોજીદડ પધાર્યા. ત્યાં એક દિવસ સવારમાં કથા વંચાતી હતી તેમાં ગઢડા પ્રથમ પ્રકરણનું ૯ મું વચનામૃત વંચાતું હતું. તેમાં એવો પ્રસંગ નીકળ્યો કે 'જેને ભગવાનને વિષે અનન્ય નિષ્ઠા હોય તેને પ્રત્યક્ષ ભગવાન વિના બીજું કાંઈ ઈચ્છવું નહિ." ત્યારે એક હરિભકતે પૂછ્યું : "જ્યારે શ્રીજી મહારાજ મનુષ્યરૂપે વિરાજતા ત્યારે તો પ્રત્યક્ષ હતા, પણ હાલ શ્રીજીમહારાજને કેવી રીતે પ્રત્યક્ષ જાણવા ?" સદ્‌ગુરુશ્રી કહે : "હાલ તો પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે, તે ગઢડા છેલ્લા પ્રકરણના ૩૧મા વચનામૃતમાં કહ્યું છે કે જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમ જ મનુષ્યરૂપ પણ ગુણાતીત–ત્રણ ગુણથી પર–છે. જ્યાં સુધી મનુષ્યરૂપ અને પ્રતિમારૂપ મૂર્તિને વિષે માયિકભાવ રહે છે, ત્યાં સુધી પોતાનો દેહભાવ ટળતો નથી; કારણ કે જેવા શ્રીજીને જાણે તેવા પોતે થાય. માટે જો મનુષ્યરૂપ અને પ્રતિમારૂપ શ્રીજીની મૂર્તિને દિવ્ય જાણે તો જ પોતે દિવ્ય થાય. અને જે પ્રતિમાને માયિક જાણે છે તે તો મનુષ્યરૂપ મૂર્તિને પણ માયિક જાણે છે. એ તો જેમ ધામની મૂર્તિને ગુણથી અતીત જાણે તેમ જ મનુષ્યરૂપ મૂર્તિને પણ ગુણથી પર જાણે તો જ પોતે ગુણથી અતીત એટલે પર થાય."

તે હરિભકતે વળી પૂછ્યું : "હાલ તો સંત એ જ બોલતા–ચાલતા ભગવાન છે, તેનું ધ્યાન, ઉપાસના, ભક્તિ, સેવા કરીએ એમાં શું બાધ છે? નિષ્કુળાનંદ સ્વામીએ 'પુરુષોત્તમપ્રકાશ'માં કહ્યું છે કે

'સંત હું ને હું તે વળી સંત રે,
એમ શ્રીમુખે કહ્યું ભગવંત રે;
સંત જાણજો મારી મૂર્તિ રે,
એમાં ફેર નથી એક રતિ રે.'

માટે એમ જોતાં તો ગુરુ (સંત) રૂપ હરિને વિષે જો નિષ્ઠા આવે તો જ સર્વ અર્થ તેને પ્રત્યક્ષ થાય છે."

સદ્‌ગુરુશ્રી કહે : "તમે ભૂલા ન પડો, તે માટે જ નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ'માં લખ્યું છે જે

'ગુરુ સંતને ભજવા જે શ્રીહરિ સાક્ષાત્'

અને શ્રીજીમહારાજે 'શિક્ષાપત્રી' ના શ્લોક ૧૧૫માં પણ બ્રહ્મવેત્તા ને સમાધિનિષ્ઠનું પણ ધ્યાન કરવાની ના લખી છે. તેમ જ ગઢડા મધ્ય પ્રકરણના ૧૯મા વચનામૃતમાં પણ કહ્યું છે કે 'શ્રીકૃષ્ણ નારાયણના અવતાર પૃથ્વીને વિષે ન હોય તો તેની જે પ્રતિમા, તેની પૂજા મને કરીને તથા દેહે કરીને ચંદન, પુષ્પ, તુલસી, આદિક સામગ્રી વડે કરવી અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે ને પતિવ્રતાપણું નષ્ટ થાય છે ને વેશ્યાના જેવી ભક્તિ થાય છે.' વળી, ગઢડા છેલ્લા પ્રકરણના ૧૬મા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે કે 'જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંઘાથે જેને દઢ પ્રીતિ બંધાણી છે તેને મોટા મોટા જે બીજા મુક્તસાધુ ને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંઘાથે પણ પ્રીતિ થાય નહિ, ને બીજાને જે કાંઈક માને તે તો કેવળ જે સ્વરૂપની પોતાને પ્રાપ્તિ થઈ હોય તેના જાણીને માને એવી રીતે જે ભગવાનના ભક્તની ટેક હોય, તેની પતિવ્રતાના જેવી ભક્તિ કહેવાય.' એટલા માટે જ શ્રીજીમહારાજ મનુષ્ય-રૂપે વિરાજતા હોય કે પ્રતિમારૂપે વિરાજતા હોય પણ ધ્યાન, ઉપાસના, ભક્તિ તો તેના જ થાય, બીજાનાં તો ન જ થાય."

ત્યારે, બીજા એક હરિભકતે પૂછયું : "ગઢડા પ્રથમ પ્રકરણના ૧૦મા વચનામૃતમાં ભગવાનની મૂર્તિને 'ચિંતામણિ' કહી છે, ને ગઢડા પ્રથમ પ્રકરણના ૧૪મામાં તો સંતના સમાગમને 'પરમ ચિંતામણિ ને કલ્પવૃક્ષ' કહીને ભગવાનની મૂર્તિ કરતાં તો સંતનો સમાગમ અધિક કહ્યો છે." ત્યારે સંત

તો ભગવાનની મૂર્તિ કરતાં અધિક જ થાય ને? તો ભગવાનની મૂર્તિ કરતાં સંત અધિક છે, માટે તેનું ધ્યાન કરવામાં વાંધો નથી.

એ સાંભળીને સદ્‌ગુરુશ્રી આસન ઉપર પડખાભર હતા તે તરત જ બેઠા થયા ને બોલ્યા : "આવું અવળું તમને કોણે સમજાવ્યું છે? લાવો વચનામૃતનો ગ્રંથ ને કાઢો એ ૧૪મું વચનામૃત." એમ કહીને તે હરિભક્તને પોતાની નજીક બોલાવીને ગઢડા પ્રથમ પ્રકરણનું ૧૪મું વચનામૃત કઢાવીને વંચાવીને સદ્‌ગુરુશ્રી કહે : "જો, ભગવાનની મૂર્તિ આગળ સંતના સમાગમને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ કહ્યા નથી, પણ ધન, દોલત, દીકરા, દીકરી એ સર્વને સ્વપ્નતુલ્ય કહ્યાં છે અને તેની આગળ સંતના સમાગમને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષતુલ્ય કહ્યા છે, અને નહિ કે ભગવાનની મૂર્તિ આગળ. વળી, શ્રીજીમહારાજે ગઢડા છેલ્લા પ્રકરણના ૩૭મા વચનામૃતમાં કહ્યું છે કે 'ભગવાન જેવા તો એક ભગવાન જ છે, પણ બીજો કોઈ નથી, અને ભગવાનના સાધર્મ્ય-પણાને પામ્યા એવા જે ભગવાનના ધામમાં ભક્ત છે તેનો આકાર ભગવાનના જેવો જ, તો પણ એ પુરુષ છે, ને ભગવાન પુરુષોત્તમ છે, તે સર્વમાં શ્રેષ્ઠ છે, એમને ઉપાસ્ય છે, ને સર્વના સ્વામી છે,' પણ શ્રીજીને કોઈ ઉપાસ્ય નથી ને શ્રીજીના કોઈ સ્વામી નથી, ને એ ભગવાનના મહિમાનો કોઈ પાર પામતા નથી. એવા દિવ્યમૂર્તિ જે ભગવાન તે નિર્ગુણ છે ને ધ્યેય છે, ને એનું જે ધ્યાન કરે છે તે નિર્ગુણ થઈ જાય છે, એવું ભગવાનનું સ્વરૂપ છે."

ત્યારે એક હરિભકતે પૂછયું : "શ્રીજીમહારાજને અક્ષરાતીત જાણે તે કેવો થાય?" સદ્‌ગુરુશ્રી કહે : "એમ સમજે તે પણ અક્ષરાતીત થાય." એ હરિભક્ત કહે : "અક્ષર પર તો શ્રીજીમહારાજ એક છે, એથી પર બીજો કોઈ નથી, એવું

આજ સુધી સાંભળ્યું છે, પણ આ વાત તો સાંભળી નથી.'' ત્યારે સદ્‌ગુરુશ્રી કહે : ''શું હું સાંભળ્યા વિના કહું છું ? જુઓ ! ગઢડા મધ્યપ્રકરણના ૬૭મા વચનામૃતમાં કહ્યું છે કે 'જેવા ભગવાનને જાણે એવો પોતે થાય.' ત્યારે આ સત્સંગમાં તો ઘણાં શ્રીજીમહારાજને અક્ષરાતીત સમજે છે, તે શું અક્ષરથી પર નહિ થાય ? અને જો ન થાય તો એ મધ્યના ૬૭ માં લખ્યું છે તે લેખ ખોટો થાય. માટે જેવા શ્રીજીને જાણે તેવો પોતે થાય, એમ લખ્યું છે, તે એમ સમજનારને અક્ષરથી પર કરવા માટે જ લખ્યું છે, એટલે શ્રીજીમહારાજને અક્ષરાતીત સમજે તે અક્ષરથી પર થાય.''

ત્યારે તે ભક્ત કહે : ''સ્વામી ! એ સદ્‌ગુરુઓના જેવી સ્થિતિ પામવી હોય તેણે શ્રીજીનું ધ્યાન કેવી રીતે કરવું ?'' સદ્‌ગુરુશ્રી કહે : ''અનાદિ મુક્ત જેમ જળતરંગવત્ મૂર્તિને વિષે સદા સાકાર મૂર્તિમાન રહ્યા છે, તેમ જ આપણે પણ એવા અનાદિ મુક્તને વિષે આપોપું માનીને મૂર્તિમાં રહ્યા થકા મૂર્તિનું ધ્યાન કરીએ, તો એ અનાદિ મુક્તની સ્થિતિને પમાય.''

તે ભક્ત કહે : ''સ્વામી ! એમ કેવી રીતે ધ્યાન થાય ?''

સદ્‌ગુરુશ્રી કહે : ''એમાં શું કઠણ છે ? જેમ દેહધારી દેહમાં રહીને દેહને જુએ છે, તેમ જ મૂર્તિમાં રહીને મૂર્તિને જોયા કરીએ તેમાં શું જોર આવે છે ? એવી રીતે ધ્યાન કરતાં કરતાં એવી સ્થિતિ થઈ જાય તે અનાદિ મુક્તની પંક્તિમાં ભળે અને પછી તો શ્રીજીમહારાજનું સુખ, સામર્થ્ય, ઐશ્વર્યાદિક જેટલું છે તેટલું તે મુક્તને પણ પ્રાપ્ત થાય છે.''

આ રીતે સદ્‌ગુરુશ્રીએ લીંબડીની આસપાસના ગામોમાં ફરી શ્રીહરિજીની શુદ્ધ ઉપાસના પ્રવર્તાવી, અને અનેક મુમુક્ષુઓને સન્માર્ગે વાળી સુખિયા કર્યા.

દરમ્યાન, 'વચનામૃત'ની બધી હસ્તલિખિત પ્રતો

મેળવીને એક શુદ્ધ ને પ્રમાણભૂત પ્રત બનાવવાનું કામ અતિશય ચીવટ ને ખંતથી પૂરું થયું. વચનામૃતની શુદ્ધ પ્રમાણભૂત પ્રતને યોગ્ય પરિચ્છેદમાં વહેંચી નાખવામાં આવી. દરેક વચનામૃતમાંના પ્રશ્નોને જુદાં પરિચ્છેદમાં મૂકી તેને યોગ્ય નંબર આપવામાં આવ્યા. કોઈ કોઈ પ્રશ્ન કે કૃપાવાકયમાં શ્રીજીએ એક કરતાં વધુ મુદ્દાઓ ચર્ચ્યા હોય તો તેને પણ છૂટાં પાડી દેવામાં આવ્યા. આ મુદ્દાઓને 'બાબત' નામકરણ કરવામાં આવ્યું. આમ, દરેક વચનામૃતમાં મંગળાચરણના એક પરિચ્છેદ, ત્યાર બાદ શ્રીજીના કૃપાવાક્ય કે પ્રશ્ન દીઠ જુદો પરિચ્છેદ અને તેના નંબર, દરેક કૃપાવાક્ય કે પ્રશ્નની અંદરની બાબતો દીઠ જુદાં નંબર, એ રીતે વાંચવા–સમજવા–અભ્યાસ કરવામાં સુગમ એવું સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું. વચનામૃતની ભાષા જેમની તેમ રાખી, તેમાં સહેજ પણ ફેરફાર કર્યા વિના, જોડણી સુધારી લેવામાં આવી. યોગ્ય વિરામ ચિહ્નો મૂકી વાંચવાની સરળતા કરવામાં આવી. આમ અતિશય ખંત ને ચીવટથી શુદ્ધ ને સુંદર પ્રત તૈયાર થઈ. એ પછી દરેકે દરેક વચનામૃતના ભાવાર્થ સદ્‌ગુરુશ્રીએ મુક્તરાજ બાપાશ્રીને પૂછી રાખ્યો હતો, તે મુજબ દરેક વચનામૃતના અંતે, તે વચનામૃતમાં શ્રીજીમહારાજનો કહેવાનો હાર્દ શું છે, તે મહારાજની શૈલીમાં સાદી ને સરળ ભાષામાં ભાવાર્થરૂપે તૈયાર થવા લાગ્યો. દરમ્યાન, વિશેષ અભ્યાસવાળાને માટે દરેક વચનામૃતમાંથી થતા પ્રશ્નો જુદા કાઢવામાં આવ્યા. સદ્‌ગુરુશ્રી એવા એવા પ્રશ્નો કાઢે કે એ પ્રશ્ન જોઇને જ એમના ઉપર વારી જઈએ! જવાબ તો હજી મુક્તરાજ બાપાશ્રીને એ પ્રશ્નો પૂછી ભેગા કરવાના હતા, જવાબ આપનારા તો જબરા હતા જ, પણ પ્રશ્ન પૂછનારા પણ અતિશય અસાધારણ હતા જ! 'વચનામૃત' ગ્રંથ એ શ્રી સ્વામિનારાયણ મહા-

પ્રભુજીની શ્રીમુખવાણી છે, પરમ પૂજનીય છે, એ તો શ્રીહરિ-સ્વરૂપતુલ્ય છે. એ વાણીને બીજા કોઈની સાથે સરખાવી શકાય નહીં, એ તો સ્વત: સિદ્ધ છે. એને બીજું અવલંબન કે પ્રમાણ ન જોઈએ. એથી 'વચનામૃત' ગ્રંથના પ્રશ્નો અને જવાબો 'વચનામૃત'ના જ અન્ય પ્રમાણોથી ગૂંથાયા છે. એમાં અન્ય શાસ્ત્રોનો આધાર જરૂરી નથી. ખરેખર તો અન્ય શાસ્ત્રો અને તેના રચનારા શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરી, સર્વકારણનું કારણ ને અપાર સ્વરૂપને ન પણ પામ્યા હોય, તેમના વચનનો આધાર શ્રી સ્વામિનારાયણ ભગવાનના વચનામૃતને જેમ છે તેમ સમજવામાં શું ખપમાં આવે? આથી, વચનામૃતના પ્રશ્નો અન્ય વચનામૃતના સંબંધમાં પૂછવામાં આવ્યા છે, ને એના જવાબો પણ એ જ રીતે આપવામાં આવ્યા છે. આ મુજબ જુદાં જુદાં વચનામૃતો સાથે વાંચીએ તો કેવા કેવા પ્રશ્નો થાય તે જુદા કાઢી લેવાતા જાય છે—જ્યારે જ્યારે બાપાશ્રીના સમાગમે જવાનું બને ત્યારે તેના જવાબો પૂછી લેવાય તે માટે!

આવી ઉમદા પ્રવૃત્તિ થતી જાય ને શ્રીહરિસ્વરૂપજ્ઞાનનું સદાવ્રત અપાતું જાય છે!

અમદાવાદમાં બેચરભાઈ શંકરભાઈ ગજ્જર નામના મુમુક્ષુ રહે. વૈષ્ણવમાર્ગી ને આર્થિક રીતે સુખી હતા. પિતા શંકરભાઈને અમદાવાદમાં પ્રેમદરવાજા પાસેના મંદિરમાં રહેતા સરયૂદાસજી મહારાજને વિષે હેત હતું, તેથી બેચરભાઈ પણ તેમનો સમાગમ કરતા. બેચરભાઈ બુદ્ધિશાળી ને જિજ્ઞાસુ હતા, તેથી ધાર્મિક–આધ્યાત્મિક ગ્રંથોનું વાંચન કર્યા કરે. કિશોર અવસ્થામાં વહેલાળ ક્રિકેટની મેચ રમવા ગયેલા, ત્યાં જાણેલું કે જેસંગભાઈની માઢ મેડી નીચેથી પસાર થાય તેનું શ્રી સ્વામિનારાયણ ભગવાને કલ્યાણ કરવાનું કહ્યું છે, તેથી હાથની અદબવાળીને તે માઢ મેડી નીચેથી નીકળ્યા,

ને કહેતા કે મારું કલ્યાણ થઈ ગયું! અમદાવાદમાંના બાળમિત્રોમાંના સત્સંગીમિત્રો નટવરલાલ વૈદ્ય ને નારાયણભાઈ પટેલ શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીપણાની વાતો કરે, તેનાથી બેચરભાઈ મુગ્ધ થાય, પણ પૂછે : "હાલ કોઈ એવા છે ?" પછી જાણ થઈ કે કચ્છમાં અબજીબાપાશ્રી મહા અનાદિમુક્ત છે. તેમના શિષ્ય સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીનું નામ જાણવામાં આવ્યું. જિજ્ઞાસાથી સદ્‌ગુરુશ્રીને મળવા મંદિરમાં તેમના આસને આવ્યા. કથા પત્યા પછી વાતો થઈ. બેચરભાઈ કહે : "કોઈ પણ સંશય પ્રમાણગત રીતે–શાસ્ત્રોમાંથી પ્રમાણો આપીને–સમાવાય કે પ્રમેયગત રીતે –પ્રત્યક્ષ અનુભવથી–સમાવાય. અમારા વિજ્ઞાનમાં કહે છે કે પૃથ્વી દડા જેવી ગોળ છે, ને શાસ્ત્રો કહે છે પૃથ્વી છાણા જેવી છે ને પાણીમાં તરી રહી છે. પ્રમેયગત રીતે આને વિષે કેમ જણાય ?" સદ્‌ગુરુશ્રી કહે : "શાસ્ત્રો કહે છે તે સાચું છે, વિજ્ઞાન એ જ છે. તારું વિજ્ઞાન ખોટું છે !" બેચરભાઈને સંતોષ ન થયો. બીજે દિવસે સરયૂદાસજી મહારાજની સંનિધિમાં ધ્યાન–ભજન કરવા ધોળકા પાસેના ધોળી–ભુમલી ગામે જવા નીકળ્યા. ધોળકા સુધી ટ્રેનમાં જઈ, ત્યાંથી ગાડામાં બેઠા. બપોરના બાર વાગેલા, ધોળે દિવસે ને જાગૃત અવસ્થામાં બેચરભાઈ ગાડામાં બેઠા હતા, ત્યાં તેમને સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના દર્શન થયા. સ્વામીશ્રીએ ધોતી પહેરેલી, ને ઉઘાડુ ડીલ ને શરીરમાંથી હજારો ચંદ્રમા જેવું તેજ છૂટી રહેલું, બીજું બધું દેખાતું બંધ થઈ ગયું. સદ્‌ગુરુશ્રી કહે : "બેચર, જો !" તે સાથે ચૌદ માળની હવેલી–ચૌદ લોક સહિત બ્રહ્માંડ–દેખાઈ ! આકાશી આકાર, અપાર ઊંચાઈ ને અપાર પહોળાઈ! બ્રહ્માંડની રચના જેવી છે તેવી બેચરભાઈએ જાતે નિહાળી. પ્રમેયગત જ્ઞાન થયું! બેચરભાઈને મનમાં તરત ત્રિરાશી વાગી : " સ્વામી આવા જબરા, તો તેમના

ગુરુ અબજીબાપાશ્રી કેવા? અબજીબાપાશ્રી અનાદિ મુક્ત તો તેમના સ્વામી શ્રીહરિ પરમાત્મા કેવા?" અમદાવાદ પાછા આવી મંદિરમાં સદ્‌ગુરુશ્રી પાસે ગયા. સદ્‌ગુરુશ્રી એક શબ્દ પણ બોલ્યા વિના પોતાના આસનેથી ઊભા થયા, ખીંટીએ લટકતી પોતાની ઝોળીમાંથી કંઠી કાઢી પોતાના હાથે બેચરભાઈને પહેરાવી, ને વર્તમાન ધરાવ્યા. બેચરભાઈ અનુભવજ્ઞાનના મહાસાગરમાં ડૂબી ગયા! તેમના પિતાશ્રી શંકરભાઈ પણ સદ્‌ગુરુશ્રીના અનન્ય સેવક બની રહ્યા.

સં. ૧૯૭૨ના માગશર માસમાં ગામ અસલાલીના કંકુબાએ જેતલપુરમાં શ્રીજીમહારાજની પ્રસાદીના સ્થાને છત્રી કરાવી, પોષ માસમાં તેમણે મુક્તરાજ બાપાશ્રીને તેડાવવાનો કાગળ લખાવ્યો કે વસંતપંચમીએ આ છત્રીએ ચરણારવિંદ પધરાવવાનો અને તે નિમિત્તે પારાયણ કરાવવાનો સંકલ્પ પણ છે, માટે આજ્ઞા આપશોજી ને વહેલા પધારશોજી. તે અરસામાં અમદાવાદના પુરાણી નંદકિશોરદાસજી સ્વામીએ શ્રી છપૈયામાં જન્મસ્થાનની જગ્યાએ મંદિર કરાવ્યું હતું. અને તેમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત ચૈત્ર વદમાં આવતું હતું. તે વખતે બાપાશ્રી શ્રી છપૈયા પધારે તેવી પુરાણી નંદકિશોરદાસજી સ્વામીની ઇચ્છા હતી, તેથી તેમણે જ્યારે આ વાત જાણી કે બાપાશ્રીને વસંતપંચમી ઉપર જેતલપુરની પારાયણ ઉપર તેડાવ્યા છે, ત્યારે એમને થયું કે તો બાપાશ્રી બે માસ સુધી અમદાવાદ તરફ રહે નહીં, ને તો શ્રી છપૈયા પધારે નહીં. એટલે પુરાણી નંદકિશોરદાસજી સ્વામી સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીને મળ્યા ને કહ્યું કે બાપાશ્રી શ્રી છપૈયા પધારે તો સારું. આથી સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને પત્ર લખ્યો કે આપ વસંતપંચમી ઉપર આવવાનું બંધ રાખશોજી ને અમો તેડવા આવશું ત્યારે પધારશોજી કેમકે શ્રી છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરા-

વવાની છે અને ત્યાં પારાયણ પણ થવાની છે, માટે ચૈત્રના સમૈયા ઉપર પધારવાનું રાખશોજી. તે કાગળ મહા સુદ ૧ ને રોજ સવારમાં વૃષપુર બાપાશ્રીને પહોંચ્યો. તે વખતે જેતલપુર પારાયણમાં જવા માટે રામપરા, દહીંસરા, વગેરે ગામોથી મોટા મોટા હરિભક્તો વૃષપુર આવી ગયા હતા, પણ બરાબર નીકળવાના સમયે જ આ કાગળ મળ્યો તે વાંચીને નીકળવાનું બંધ રાખ્યું, ને સૌ હરિભક્તો પાછા પોતપોતાના ગામ ગયા.

વસંતપંચમીનો સમૈયો મૂળીમાં કરી સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી, પુરાણી કેશવપ્રિયદાસજી સ્વામી, સ્વામી ભગવત્સ્વરૂપદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામી, સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, સ્વામી દેવજીવનદાસજી આદિ સંતો કચ્છમાં ગયા. ત્યારે મહા વદ છઠથી રામપરામાં મુક્તાસ્વરૂપ ધનબાએ પારાયણ બેસાડી હતી, તેથી બાપાશ્રી તથા સૌ સંતો-હરિભક્તો રામપરા પધાર્યા. સવારમાં વચનામૃતની પારાયણ ભુજના સ્વામી ભક્તિપ્રિયદાસજી વાંચતા ને બપોર પછી ભક્તચિંતામણિની પારાયણ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી વાંચતા. પારાયણની કથાના વાંચન સિવાયના સમયમાં પણ બાપાશ્રીના સાંનિધ્યમાં અખંડ કથા, કથા ને કથા ને બ્રહ્મયજ્ઞનો આનંદ, આનંદ ને આનંદ! બ્રહ્મચારી નિર્ગુણાનંદજી એટલે હેતની મૂર્તિ! બાપાશ્રી અને સદ્‌ગુરુઓ વિષે અતિ ભાવ ઊલટતો રહે, સૌ કોઈને એમ થાય કે આપણને બ્રહ્મચારી મહારાજ જેવું હેતનું અંગ ક્યારે બંધાશે? ફાગણ સુદ દશમને રોજ પારાયણની સમાપ્તિ કરી. સંતોએ ચાલવાની તૈયારી કરી, પણ ધનબાએ આગ્રહ કરાવી બારસ સુધી રોક્યા.

સુખપુરના હરિભક્તોએ રોહા જઈ કુંવરજીભાઈને બાપાશ્રી તથા સદ્‌ગુરુઓના વતીથી 'જયશ્રી સ્વામિનારાયણ'

કહ્યા. તેમણે તેમની પાસેથી જાણ્યું કે મુક્તમંડળ બે દિવસ રામપુર રોકાવાનું છે, તેથી તરત રાત્રિએ જ રાજા પાસે રજા માગીને પાછલી રાત્રે ચાલ્યા, ને સવારે વેકરાના મંદિરમાં આવીને સૌ પૂજા કરતા હતા ત્યાં આવી દર્શન કર્યા. આખો દિવસ વાતોનો બ્રહ્મરસ વહ્યો, સાંજે સંધ્યા આરતી સુધી વાતો ચાલી, ત્યાર બાદ બેઠા તે રાતના બાર વાગ્યા સુધી બાપાશ્રી અને સદ્‌ગુરુઓએ વાતો કરી. પછી સૂતા ને બીજે દિવસે સવારે નાહી પૂજા કરીને પારણાં કરીને સૌ નીકળ્યા. આનંદના ઓઘ અને સુખના સમંદર –ઝીલતા જ રહો! ક્યારેય એમ ન થાય કે હવે બસ! સદ્‌ગુરુઓ સહિત સર્વ સંતો–હરિભક્તો બાપાશ્રી સાથે વૃષપુર પધાર્યા.

ફાગણ વદ એકમે ફૂલડોળના દર્શન ભુજ કરી બાપાશ્રી, સદ્‌ગુરુઓ, સંતમંડળ અને મોટેરા હરિભક્તો સહિત છપૈયા મૂર્તિ પ્રતિષ્ઠાના સમૈયે જવા નીકળ્યા. એ તો દિવ્ય વિચરણ, અનેક જીવોના 'કામ થઈ જાય' તેવી કૃપા! ભુજથી તૂણા બંદરથી જામનગર–રાજકોટ થઈને મૂળી પધાર્યા. સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામીના હેત ભર્યા આગ્રહથી પાંચ દિવસ ત્યાં રોકાયા.

એ વખતે ડૉ. નાગરદાસભાઈ કે જેમણે હવે વીરમગામમાં દવાખાનું કર્યું હતું. તેઓ મૂળીમાં હતા, ને મેઘાભાઈની વાતથી તેમને બાપાશ્રી પ્રત્યેના અહોભાવમાં વિશેષ ભાવ આવ્યો. સભા પત્યા પછી સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને મળી પોતાને બાપાશ્રીની સાથે થોડી વાત કરવાનો સંકલ્પ જણાવ્યો. બાપાશ્રીના આસને આવી સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને કહ્યું : 'આ ડૉક્ટર નાગરદાસભાઈ સારા સત્સંગી છે, ને તેમને આપને કાંઈક પ્રાર્થના કરવી છે.' ત્યારે ડૉ. નાગરદાસભાઈ

કહે : "બાપા ! આપનો મહિમા અમને સ.ગુ.શ્રી હરિનારાયણ-દાસજી સ્વામી, સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામી પાસેથી ઘણી વાર સાંભળ્યો છે. આપને મારી નમ્ર અરજ છે કે મારા ઘરમાં બે જીવો દેહ મૂકી ગયેલા છે, તેમનો મોક્ષ કરી ઠેઠ શ્રીજીમહારાજ પાસે પહોંચાડશો. આટલી દયા મારા ઉપર જરૂર કરો." તેમના પ્રાર્થના વચનથી બાપાશ્રી તથા સંતોએ હાથમાં પાણી રાખી સંકલ્પ કરી તે પાણી ડૉકટરના હાથ પર રેડીને બાપાશ્રી બોલ્યા : "ડૉકટર ! આટલીવારમાં એ બેય જીવોનો મોક્ષ થઈ ગયો ! મહારાજને ઘેર આવાં કામ થાય છે." એમ કહી શ્રી રાધાકૃષ્ણ દેવ–શ્રીહરિકૃષ્ણ મહારાજને એ બે જીવોની વતી થાળ આપવાની આજ્ઞા કરી. ડૉ. નાગરદાસભાઈ ઘણા રાજી થયા.

મૂળીથી બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ લીલાપુર–સેડલા થઈ પાટડી પધાર્યા. ત્યાં ધામધૂમથી મંદિરમાં મૂર્તિઓ પધરાવી (ફાગણ વદ બારશ), ત્યાંના કાળીદાસભાઈ તથા નાગજીભાઈ એ બંને ઉત્તમ સ્થિતિવાળા હતા તેમને રાજી કરી બીજે દિવસે અમદાવાદ પધાર્યા.

બાપાશ્રી અને સદ્‌ગુરુશ્રીને એવી એકતા, એવું એકાત્મપણું કે 'બાપાશ્રી' કહો ત્યાં સદ્‌ગુરુશ્રી સાંભરે, ને 'સદ્‌ગુરુશ્રી' કહો ત્યાં બાપાશ્રી સાંભરે. બાપાશ્રીને પ્રાર્થના કરવી હોય તે સૌ સદ્‌ગુરુશ્રીનું શરણું લે. સદ્‌ગુરુશ્રી અને બાપાશ્રીનું એક જ તાન—જીવોને ન્યાલ કરી શ્રીજીમહારાજના સુખમાં જોડવા. સતત એ જ પ્રવૃત્તિ, એ જ કાર્યક્રમ, એ જ લક્ષ્ય.

જેતલપુરમાં 'સત્સંગીજીવન' મહાગ્રંથના બીજા પ્રકરણની અને અમદાવાદમાં ત્રીજા પ્રકરણની પારાયણ પ્રસંગે બાપાશ્રી તથા સદ્‌ગુરુઓએ બ્રહ્મયજ્ઞમાં આનંદ કરાવી દીધો. કચ્છના

નવસો હરિભક્તોના સંઘે સહિત બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ શ્રીછપૈયા પધાર્યા. શ્રીછપૈયા ધામમાં આદિ આચાર્ય મહારાજશ્રી ધ. ધુ. અયોધ્યાપ્રસાદજી મહારાજે ત્રણ શિખરનું મંદિર તો કરાવેલ જ હતું, પણ તે વખતે શ્રીજીમહારાજની મૂળ જન્મ-સ્થાનની જગ્યા મંદિરને પ્રાપ્ત થઈ ન હતી. આચાર્ય મહારાજશ્રીના તથા સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામીના ખૂબ પ્રયત્નો બાદ તે જગ્યા મળી. તે જગ્યાએ, જૂના ત્રણ શિખરના મંદિરની નજીક, જન્મસ્થાનનું મંદિર બનાવ્યું હતું. ત્યાં શ્રી ઘનશ્યામ મહારાજની બાળસ્વરૂપની મૂર્તિ પધરાવવાની હતી. મૂર્તિ પ્રતિષ્ઠા કરવા ધ.ધુ. આચાર્ય શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ શ્રી છપૈયા પધાર્યા ત્યારે ચૌદ હાથી તથા મેના-પાલખીએ સહિત ભવ્ય સામૈયું થયું. મુક્તરાજ બાપાશ્રી પધાર્યા પછી ચૈત્ર વદ ચોથથી 'સત્સંગીજીવન'ની પારાયણ બેઠી. સાત દિવસની પારાયણનો બ્રહ્મયજ્ઞ થઈ રહ્યો. હજારો-હજાર સંતહરિભક્તોએ દિવ્યધામ ને દિવ્યયજ્ઞમાં આનંદભેર ધામધૂમથી ભાગ લીધો. પારાયણના છેલ્લા ત્રણ દિવસમાં પ્રતિષ્ઠાવિધિના ભાગરૂપ યજ્ઞ થયો. ચૈત્ર વદ દસમને દિવસે ષોડષોપચારે પૂજાવિધિ કરી શ્રી ઘનશ્યામ મહારાજની (બાળ સ્વરૂપ) મૂર્તિની ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી હસ્તક પ્રતિષ્ઠાવિધિ થઈ. સર્વત્ર આનંદમંગળ થઈ રહ્યું.

સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી સૌ હરિભક્તોની માતૃવત્ સંભાળ રાખ્યા કરે. સાથે સાથે મુક્તરાજ બાપાશ્રીની સેવામાં તો સદાય હોય જ. કથાવાર્તા અને પ્રસાદીના સ્થાનોએ દર્શન વગેરે તો સાથે સાથે ખરું જ.

શ્રી છપૈયામાં પ્રતિષ્ઠોત્સવ ઊજવી બાપાશ્રી તથા સદ્‌-ગુરુઓ સહિત સંત–હરિભક્તો અયોધ્યા આવ્યા. ત્યાં દર્શન કરી આગ્રા આવ્યા. ત્યાં ટ્રેન બદલવાની હતી, પણ તે દિવસે ત્યાં મુસલમાનનો મેળો હતો તેથી અતિશય ગિરદી હતી,

ને રીઝર્વેશન મળતું ન હતું. તે વખતે સ.ગુ.શ્રી ઈશ્વરચરણ-દાસજી સ્વામી આગ્રાના સ્ટેશન માસ્તર પાસે ગયા. સ્ટેશન માસ્તરે સદ્‌ગુરુશ્રીનું ભવ્ય ને પ્રભાવશાળી સ્વરૂપ જોઈ હાથ જોડ્યા. સદ્‌ગુરુશ્રીએ તેમને કહ્યું કે અમે તો ફકીર છીએ, તમારે અમારી સેવા કરવી જોઈએ. સ્ટેશન માસ્તરે તે જ વખતે બે વધુ ડબ્બા જોડાવી આપ્યા! સંઘે સહિત જયપુર આવી, ટ્રેન બદલી ખારચી, સિદ્ધપુર થઈ રામપુરા ભંકોડા ઉતર્યા. ત્યાંથી દેવપરા ગયા. ત્યાંથી મણિપુરા, જોપીપુરા, વિરમગામ થઈને મૂળી પધાર્યા. મૂળીથી બાપાશ્રી કચ્છમાં પધારવાના હતા. સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી પોતાના સાધુઓને લઈને બાપાશ્રીને વૃષપુર સુધી મૂકવા ગયા. મોરબી, નવલખી થઈ વહાણમાં બેસી ખારી રોલ ઉતરી, અંજાર, ભુજ થઈ વૃષપુર પધાર્યા. સંઘમાં જે જે સાથે આવેલા હતા તે સૌને આનંદ માતો ન હતો. દિવ્ય મુક્તો સાથેનો સમય એટલે જ આનંદયાત્રા! વૃષપુરથી સદ્‌ગુરુશ્રી બાપાશ્રીની રજા લઈ અમદાવાદ તરફ પધાર્યા.

મૂળીમાં સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામીશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો. સૌ હેતરુચિવાળા સંત – હરિભક્તો તેઓશ્રીના દર્શને મૂળી આવવા લાગ્યા. સ.ગુ.શ્રી ઈશ્વર-ચરણદાસજી સ્વામી પણ પોતાના મંડળે સહિત તેમની સેવામાં રહ્યા. તે વખત ઢુવાના રવાજીભાઈ કે જેમને બાપાશ્રીની કૃપાથી નિરાવરણ દૃષ્ટિ થઈ હતી, તે પણ સદ્‌ગુરુશ્રીના મંદવાડની વાત જાણી મૂળી દર્શને આવ્યા. પોતે વૈદ્ય પણ હતા, વળી સદ્‌ગુરુશ્રી પ્રત્યે હેત પણ અતિશય, તેથી ઉપચાર –ઔષધ કરવાની સાથે શ્રીહરિજીને પ્રાર્થના કરે કે દયા કરીને સ્વામીશ્રીને હજી પાંચ વર્ષ સત્સંગમાં રાખો તો બહુ સમાસ થાય. આવી તેમની પ્રાર્થનાથી રાજી થઈ બાપાશ્રીએ તેમને એવા દર્શન આપ્યા કે એક પડખે સ.ગુ. સ્વામી વૃંદાવનદાસજી

અને બીજે પડખે સ.ગુ. સ્વામી ઈશ્વરચરણદાસજી ને વચમાં પોતે. એમ ત્રણે સ્વરૂપોનાં દર્શન થતાં રવાજીભાઈ દંડવત્ કરવા લાગ્યા. બાપાશ્રીએ કહ્યું : "તમે સ્વામીશ્રીને રાખવા માટે પ્રાર્થના કરો છો, પણ તેમને હવે અહીં રહેવા મુદલ મરજી નથી, તેથી મહારાજ તેમને તેડી જશે." એમ કહી અદ્રશ્ય થઈ ગયા. ત્યારથી રવાજીભાઈએ ઔષધ કરવાનો આગ્રહ મૂકી દીધો ને સૌ સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામીની પ્રસન્નતા માટે તેમની સેવા કરવા લાગ્યા. સં. ૧૯૭૨ના ભાદરવા શુદ પૂનમને દિવસે સ.ગુ.શ્રી હરિનારાયણ-દાસજી સ્વામી અલૌકિક પ્રતાપ જણાવી સ્વતંત્રપણે મહારાજના સુખમાં પહોંચી ગયા. તે વખતે તેઓશ્રીની ઉંમર ૮૬ વર્ષની હતી.

સં. ૧૯૭૧માં ધ.ધુ.આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ સગીર વયના હતા તેથી વહીવટ ચલાવવા નીમાયેલ ટ્રસ્ટના એક ટ્રસ્ટી તેમાંથી રાજીનામું આપી છૂટા થયેલા. તે દરમ્યાન, અમદાવાદમાં શેઠ બળદેવભાઇને ચૈત્ર–વૈશાખમાં લાંબો મંદવાડ થઈ ગયો. દિવસમાં ૫૦–૬૦ ઝાડા થતા હતા. સાથે તાવ તથા છેવટ ડબલ ન્યૂમોનિયા થઈ ગયો. ત્રણ–ચાર દિવસ બેભાન રહ્યા. વૈદ્ય–ડૉકટરોએ એમના જીવવાની આશા છોડી દીધી. તે અરસામાં એક સાંજે બળદેવ-ભાઇને શ્રીજીમહારાજ, મુક્તરાજ અબજીબાપાશ્રી અને સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના પ્રત્યક્ષ દર્શન થયા, ને આશી-ર્વાદ આપ્યા કે હજી તો તમારું બહુ કામ છે, હાલ તમને લઈ જવાના નથી. ત્યાર પછી તેમની તબિયત ધીમે ધીમે સુધરી, ને સાજા થયા. અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીના દર્શન કરી, સદ્‌ગુરુશ્રીના દર્શને આવ્યા.

સદ્‌ગુરુશ્રીને હવે સાહિત્યની પ્રવૃત્તિ વિશેષ રહેતી તે માટે મદદ કરવામાં પણ ઘણાં સંતહરિભક્તો સાથે રહેતાં.

વળી, તેઓશ્રીના દર્શન–સમાગમના આગ્રહવાળા હરિભક્તોનો પ્રવાહ તો અખંડ સરવાણીની જેમ વહેતો જ રહેતો. તેથી સાહિત્યની પ્રવૃત્તિઓ કરવાની સરળતા રહે તે માટે, સદ્‌ગુરુશ્રી અમદાવાદ શ્રી નરનારાયણ દેવ મંદિરના તાબાના અમદાવાદના સરસપુર પરામાં આવેલા હરિમંદિરમાં વિશેષ રહેવા લાગ્યા. સરસપુર વિસ્તારના સૌ હરિભક્તો પણ સદ્‌ગુરુશ્રીને વિષે અતિશય ભાવ વાળા હતા, તેથી તેમને તો સદ્‌ગુરુશ્રી સરસપુર મંદિરમાં પધાર્યા તેથી અતિ આનંદ થયો. તેમને તો જાણે ઘેર બેઠા પાવનકારી ગંગા આવી !

સરસપુરના અને બીજા હેતવાળા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હોય, સદ્‌ગુરુશ્રી તો સદા પ્રસન્ન ને મસ્તીભર્યા બિરાજ્યા હોય. સદ્‌ગુરુશ્રી રમૂજમાં આવી પૂછે : 'સરસપુરમાં બેઠા છો ને? સરસમાં સરસ પુર કયું ?' પછી પોતે જ પોતાની રુચિ જણાવે : 'સરસમાં સરસ પુર–સરસપુર–તો બસ એક જ, અને તે શ્રીજીમહારાજની મૂર્તિ. એટલે આપણે તો સદાય સરસપુર એવી શ્રીજીમહારાજની મૂર્તિમાં જ રહેવું.' નાનામાં નાની વાત, અને મોટામાં મોટો ઉપદેશ ! શાસ્ત્રોના ચોપડાં–ના–ચોપડાં ઉથામ્યા પછી પણ આ જ વાત સમજવાની છે. મૂર્તિરૂપ થઈને મૂર્તિમાં રહેવું. સાવ સરળતાથી ને સહજતાથી આ મહત્તમ તત્ત્વજ્ઞાન સદ્‌ગુરુશ્રી પીરસી દેતા, પચાવી દેતા !

અમદાવાદ પાસેના કણભા ગામના શ્રી આશાભાઈ ત્રિકમભાઈ પટેલ, કે જેઓ પાછળથી સત્સંગમાં 'આશાબાપા' તરીકે જાણીતા થયા, તેમને સદ્‌ગુરુશ્રીની કૃપાથી મુક્તરાજ બાપાશ્રી જોડે અતિશય હેત ને આપોપું થઈ ગયું હતું. શ્રી છપૈયામાં મૂર્તિપ્રતિષ્ઠાના સમૈયે બાપાશ્રી પધાર્યા તે વખતે આશાભાઈ બાપાશ્રીની સેવામાં સાથે ને સાથે જ હતા. તે પાછા વળીને ગામેગામ દર્શન દઈને બાપાશ્રી

વૃષપુર પાછા પધાર્યા ત્યાં સુધી સાથે ને સાથે સેવા કરતા રહ્યા. વૃષપુરથી બાપાશ્રીની રજા લઈને કણભા પાછા ફર્યા બાદ તેઓ એકદમ બહુ બીમાર થઈ ગયા ને દેહ રહે નહિ તેવું થઈ ગયું. તે વખતે તેમને મુક્તરાજ બાપાશ્રી તથા સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના દર્શન થયા. બાપાશ્રી તેમને વઢવા લાગ્યા : "અમને મૂકીને કેમ આવતા રહ્યા?" એ વખતે સદ્‌ગુરુશ્રી પાસે ઊભા ઊભા હસતા હતા. પછી બાપાશ્રીએ રાજી થઈને કહ્યું કે "આ તમારો મંદવાડ દેહ મૂકવાનો નથી, પણ અમારા વિયોગનો છે, તે હળવે હળવે મટી જશે." આ દર્શન થયાં ને બીજે જ દિવસે સદ્‌ગુરુશ્રી અંતર્યામીપણે જાણી, જાતે જ અમદાવાદથી કણભા પધાર્યા. આશાભાઈ તો તે જાણી રાજી રાજી થઈ ગયા. સદ્‌ગુરુશ્રીને શીખંડ–પૂરીની રસોઈ આપી. સદ્‌ગુરુશ્રીએ આશાભાઈને પાસે બોલાવી આગ્રહ કરીને શીખંડ–પૂરી જમાડચા. સદ્‌ગુરુશ્રી કહે : "બીક ન રાખજો. અમે તમારો મંદવાડ કાઢવા જ આવ્યા છીએ!" તે જ દિવસથી આશાભાઈની તબિયત સુધરવા લાગી.

'વચનામૃત' ગ્રંથ ઉપરની રહસ્યાર્થ ટીકાનું કામ ચાલતું હતું. સદ્‌ગુરુશ્રી કહેતા : "વચનામૃત એટલે શ્રીજી-મહારાજની સંમુખ બેઠેલા હરિભક્તોને શ્રીજીએ કરેલી વાતો, તેમાં સભામાં બેઠેલા હરિભક્તોની કક્ષા પ્રમાણે મહારાજે વાતો કરી છે. આથી જુદા જુદા વચનામૃતોનો પૂર્વાપર સંબંધ લેવામાં આવે ત્યારે સંપૂર્ણ સમજણ થાય. વળી, કૃષ્ણ, શ્રીકૃષ્ણ, વાસુદેવ, અક્ષર, બ્રહ્મ, પુરુષોત્તમ, પ્રત્યક્ષ,–પરોક્ષ વગેરે શબ્દો જુદા જુદા સંદર્ભમાં શ્રીજીમહારાજે વાપર્યા છે. તેમાં કઈ જગ્યાએ એ શબ્દ કયા સંદર્ભમાં વપરાયો છે તે જો પૂર્વાપર વચનામૃતોનો સાંગોપાંગ અભ્યાસ ન હોય તો સમજાતું નથી, અને ખોટું સમજાઈ જવાનો સંભવ રહે છે.

આથી બાપાશ્રીએ કૃપા કરીને દરેકે દરેક વચનામૃતને કેવી રીતે સમજવાનું છે તે જુદા જુદા વચનામૃતોના પૂર્વાપર સંદર્ભ આપીને સમજાવ્યું છે. આથી કૃષ્ણ—વાસુદેવ—અક્ષર—બ્રહ્મ—ગોલોક—પુરુષોત્તમ—વગેરે શબ્દો દરેક જગ્યાએ કયા અર્થમાં વપરાયા છે તે સમજાવ્યું છે.'' આમ, મુક્તરાજ બાપાશ્રીના સંપૂર્ણ માર્ગદર્શન મુજબ સદ્‌ગુરુશ્રી 'વચનામૃત' ગ્રંથની ટીકાનું સંકલન—સંપાદન કાર્ય કરી રહ્યા હતા.

'વચનામૃત' ટીકાના સંપાદનમાં સદ્‌ગુરુશ્રીની સાથે મદદમાં રહેલામાં મુખ્ય એવા પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામીશ્રી કહેતા : ''સદ્‌ગુરુશ્રી વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા મુક્તરાજ બાપાશ્રી કહે તેમ લખતા. કોઇ શબ્દ અજાણમાં લખવામાં રહી ગયો હોય તો શ્રીજીમહારાજ તથા મુક્તરાજ અબજીબાપા પ્રત્યક્ષપણે આવી લખાવી જતા. એક વખત વાંટાવદર ગામમાં સદ્‌ગુરુશ્રીએ લોયાના સાતમા વચનામૃતની ટીકા બાપાશ્રીના કહેવા પ્રમાણે લખેલ, પણ કાંઈક જરા વિચારમાં પડયા. તે દિવસે મુક્તરાજ બાપાશ્રી આવી કહેઃ 'આનો આવો અર્થ લખો. તમે કેમ ભૂલી ગયા? અમે તમને કહ્યું હતું ને?' તે વખતે મુક્તરાજ ભૂરાભાઇને દર્શન થયા કે બાપાશ્રી આવ્યા હતા. વળી, શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય કરાવવામાં તો જાણે પોતે તે સ્થાનને દેખીને કહેતા હોય તેમ પ્રત્યક્ષાનુભવથી વાત કરતા, જેથી સાંભળનારના જીવમાં હા જ પડે.''

એમ સાહિત્યયજ્ઞ સાથે બ્રહ્મયજ્ઞ પણ ચાલતો હતો, ત્યાં વળી પાછી વૃષપુર જઇ બાપાશ્રીની અમીવર્ષા પામવાની વેળા આવી ગઈ! સં. ૧૯૭૩ના વૈશાખ માસમાં સદ્‌ગુરુ વૃંદાવનદાસજી, સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી, સ્વામી નારાયણ-સેવકદાસજી, મૂળીના સ્વામી ભગવત્સ્વરૂપદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામી વગેરે સંત—હરિભક્તો સહિત સદ્‌ગુરુ

ઈશ્વરચરણદાસજી સ્વામી વૃષપુર પધાર્યા. આનંદરસની હેલી ચડી આવી! બાપાશ્રી વાતો કરે, સદ્‌ગુરુશ્રી પ્રશ્નો પૂછે, જવાબ લખતા જાય–'વાતો' માટે, 'રહસ્યાર્થટીકા' માટે અલગ અલગ પ્રશ્નો–ઉત્તરો નોંધાતા જાય. સૌ કોઈ આનંદથી ઊભરાતા જાય.

એક વખત બાપાશ્રીને તાવ આવ્યો હતો, તેથી પડખાભર સૂતા હતા અને સંતહરિભક્તો આજુબાજુ બેઠા હતા. ત્યારે સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી કહે : "બાપા! આ રોગ અમને આપો ને આપ વાતો કરો." કેટલું ઐક્ય! કેટલું આપોપું! બાપાશ્રી કહે : "એ તો સકામ થવાય માટે ન અપાય! અમે તો મહારાજના સંકલ્પથી સ્વતંત્ર છીએ અને દિવ્ય થકા વિચરીએ છીએ. મહારાજની ઈચ્છાથી ક્યારેક માંદા દેખાઈએ, ક્યારેક સાજા દેખાઈએ, ક્યારેક અદૃશ્ય થઈએ ને ક્યારેક પ્રગટ થઈએ એવા સમર્થ છીએ." એમ કહી રાજી થઈ સૌને દિવ્ય વાતોનું સુખ દીધું.

કુંભારિયાના ગોવામલભાઈને પારાયણ કરાવવાની ઈચ્છા હતી. બાપાશ્રીએ તેમને લખાવ્યું કે વૃષપુરથી સંતહરિભક્તો સહિત અમે આવીશું, પણ કથા મંદિરની ઓસરીમાં રાખશો, કારણ કે ઇન્દ્ર ઘેલો થયો છે તે વિઘ્ન કરશે. કથાના આગલે દિવસે સંતહરિભક્તો સહિત બાપાશ્રી કુંભારિયા પધાર્યા. ત્યાં કથાનો મંડપ તો મંદિર બહાર વાડામાં હતો. બાપાશ્રી કહે : આમ કેમ કર્યું? ત્યાંના હરિભક્તો કહે મંદિરમાં સંકડાશ પડે. પછી બાપાશ્રી પોતાના આસને પધાર્યા ને સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીને કહે : "આ લોકો અમારું કહ્યું માનતા નથી, ને બહાર ખુલ્લામાં મંડપ કર્યો છે તે ઈન્દ્ર વિઘ્ન કરશે તો શું કરશો?" સદ્‌ગુરુશ્રી કહે : "બાપા! ઈન્દ્રને ના પાડો જે આવે નહિ." બાપાશ્રી કહે : "આ સત્સંગી માનતા નથી ને ઈન્દ્ર કેમ માને?" સદ્‌ગુરુશ્રી

કહે : "બાપા ! આ સત્સંગી તો આપનાં છોકરાં છે, તે છોકરાં તો કદાચિત્ ન માને, પણ ઈન્દ્ર તો બિચારો ચાકર છે તે ચાકરને તો જેમ આજ્ઞા કરો તેમ કરવું પડે." બાપાશ્રી કહે : "ત્યારે તો હવે ઈન્દ્રને જ કહીશું, નહિતર આપણી લાજ જાય ને ?" એમ કહી હસ્યા. તે વખતે કુંભારિયા ગામની આજુબાજુ બધે ખૂબ વરસાદ થયો, નદીઓમાં પૂર આવ્યા, બહુ તોફાન અને નુકસાન થયું, પણ કુંભારિયા ગામમાં વરસાદ ન થયો ને કથાપારાયણ નિર્વિઘ્ને પૂરી થઈ. સભાપ્રસંગે બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ વાતો કરી સૌને દિવ્ય આનંદ પમાડતા. નવ દિવસની 'શિક્ષાપત્રીભાષ્ય'ની પારાયણની સમાપ્તિને દિવસે કુંભારિયાના તળાવની પાળ ઉપર શ્રીજીમહારાજની પ્રસાદીના સ્થાને છત્રીમાં ચરણારવિંદ પધરાવ્યા ને હનુમાનજી પધરાવ્યા. સર્વત્ર આનંદ છવાઈ ગયો.

કુંભારિયાથી બાપાશ્રી વૃષપુર પધાર્યા ને સદ્‌ગુરુઓ ગામ સિનોગરા પધાર્યા. સિનોગરા થોડા દિવસ હરિભક્તોને રાજી કરી ફરી સૌ વૃષપુર આવ્યા. એક રુચિ ને અનાદિની સ્થિતિવાળા મુક્તોનું અનન્ય મિલન હતું તેથી એવી એવી વાતો થાય ને એવા આનંદરસની છોળો ઊડે કે સૌ કોઈ એમાં રમમાણ થઈ જાય !

એક દિવસ મુક્તરાજ બાપાશ્રી કહે : "આ જોગ હવે ઝાઝા દિવસ નહિ રહે. કેમ જે અમને પંચોતેર વર્ષ પૂરાં થયાં." સદ્‌ગુરુશ્રી કહે : "બાપા ! આપ સં. ૧૯૦૧ની સાલમાં પ્રગટ થયા છો, ને હાલ સં. ૧૯૭૩ ચાલે છે માટે બે વર્ષ બાકી છે." બાપાશ્રી કહે : "૭૩ વર્ષના અધિક માસ ચોવીસ ગણીને અમે બરાબર પોણોસો વર્ષ કહ્યા છે." ત્યારે સદ્‌ગુરુશ્રી કહે : "બાપા ! અધિક માસ તો ન ગણાય." બાપાશ્રી કહે : "અમારે અહીં વેપારી પુરુષોત્તમ માસનું વ્યાજ ગણી લે છે, માટે એ માસ બધા લેખો તો પૂરાં

પોણોસો થાય છે." સદ્‌ગુરુશ્રી કહે: "વેપારી તો લોભિયા હોય તે વ્યાજ લે ને ગણે, પણ આપને એમ ગણીને પૂરાં કરવાં ન જોઈએ!" બાપાશ્રી રાજી થઈને કહે: "બહુ સારું મહારાજ! એમ નહિ ગણીએ."

તે વખતે સદ્‌ગુરુશ્રીને અણસાર આવી ગયો કે બાપાશ્રી હવે અંતર્ધાન થવા સંકલ્પ કરે છે.

અમદાવાદ પાછા આવીને સદ્‌ગુરુશ્રીએ 'રહસ્યાર્થ-ટીકા'નું કામ ઝડપથી આગળ ચલાવ્યું. જન્માષ્ટમીના સમૈયે મૂળી પધાર્યા. સમૈયો પતાવી ગામડાંના હરિભક્તોના આગ્રહથી ધ્રાંગધ્રા, હળવદ, વાંટાવદર, લુણસર, ધાંટીલા, માલણિયાદ વગેરે ગામોમાં પધાર્યા. તે સમૈયે સોમચંદભાઈ પણ કરાંચીથી આવેલા હતા.

સદ્‌ગુરુશ્રીએ તેમને વચનામૃત–રહસ્યાર્થ ટીકાની સેવાના કામ અંગે સાથે લઈ લીધા. જે જે સેવાને યોગ્ય હોય તેને તે સેવામાં જોડી દેતા.

દરેક વચનામૃતના અંતે ભાવાર્થ આપી, તે વચનામૃતમાંથી ઉપસ્થિત થતાં પ્રશ્નો અને તે પ્રશ્નોના મુક્તરાજ બાપાશ્રી પાસેથી મેળવીને નોંધી લીધેલા જવાબો આપેલ છે. દરેક વચનામૃતને સંબંધિત ફક્ત અન્ય વચનામૃતોના જ પૂર્વાપર સંદર્ભ લઈને પ્રશ્નો અને તેના સુંદર જવાબો વચનામૃતના ઊંડા અભ્યાસીને આશ્ચર્યમુગ્ધ કરી દે તેવા છે. આ કાર્ય ચાલતું હતું તે દરમ્યાન એકવાર ડૉ. નાગરદાસભાઈ સરસપુર ગયા હતા. તેમણે આ પ્રશ્ન–ઉત્તરોની હારમાળા જોઈ સદ્‌ગુરુશ્રીને પ્રશ્ન પૂછયો: "હે સ્વામી! કોઈ એક પ્રશ્નમાં જ આપે ઘણાં ઘણાં વચનામૃતો ટાંકયા છે. આટલાં બધાં વચનામૃતોમાં આ શબ્દ આ, આ જગ્યાએ છે તે, જો કે આપને ૨૭૩ વચનામૃતો મોઢે છે છતાં પણ, પ્રશ્ન કરતી વખતે કેવી રીતે યાદ આવે?" સદ્‌ગુરુશ્રી કહે:

"મહારાજના વચનામૃતના શબ્દો બધાં જ દિવ્ય મૂર્તિસ્વરૂપ છે, અને પ્રશ્ન પૂછતી વખતે દિવ્યમૂર્તિમાન શબ્દોને હું જોઉં ને પ્રશ્ન પૂછું. આ તો બધું મહારાજનાં સંકલ્પ ને કૃપાથી જ થાય છે." સમગ્ર આયોજન એટલી સમજ ને ઊંડાણ-પૂર્વક કરવામાં આવ્યું છે કે વચનામૃતના કોઈ પણ અભ્યાસી તેનાથી પ્રભાવિત થયા વિના ન રહે. સદ્‌ગુરુશ્રીની રાહબરી નીચે સમગ્ર સંપાદકમંડળે 'હેતના ટેભા'ની જેમ અતિ હેતથી, પોતાનું સમગ્ર અસ્તિત્વ રેડીને રહસ્યાર્થપ્રદીપિકા ટીકાનું સંપાદન કર્યું છે.

આમ ચોકસાઈ પૂર્વક કરેલા કામને છેલ્લા ઓપ અપાતા જતા હતા, છેલ્લી હસ્તપ્રતો અને તેની નકલો તૈયાર થતી હતી. સદ્‌ગુરુશ્રી તે દરમ્યાન પણ એવા ને એવા હળવા ફૂલ. દર્શને આવેલા સૌ કોઈ હરિભક્તામાં એવી ને એવી દિલ-ચસ્પી ને એવી ને એવી આત્મીયતા. સદાય હેત ભર્યા. હરિભક્તોના આગ્રહથી વચમાં વચમાં ગામડે પણ વિચરે. સદ્‌ગુરુશ્રીનું સમગ્ર જીવન–દરેક દિવસ, દરેક કલાક, દરેક ક્ષણ–શ્રીહરિજીની પ્રસન્નતા અર્થે તેમની સેવામાં ન્યોછાવર હતું. શ્રીહરિજી તેને સાહિત્યસેવામાં વાપરે, સત્સંગવૃદ્ધિમાં વાપરે, સત્સંગ વ્યવહારમાં વાપરે કે સત્સંગ સુધારણામાં વાપરે–એમને તો શ્રીહરિસ્વરૂપનું સમત્વ હતું.

સાહિત્ય સેવાનું આ કામ ચાલતું હતું, તે અરસામાં ભુજમાં પણ મુક્તરાજ બાપાશ્રીની આજ્ઞા અને પ્રસન્નતાથી બ્રહ્મચારી નિર્ગુણાનંદજી બીજા સાહિત્યયજ્ઞમાં પ્રવૃત્ત હતા. બ્રહ્મચારી મહારાજ એટલે હેતની મૂર્તિ ! પરાભક્તિ રુંવાડે રુંવાડે છલકાય ! તેમણે શ્રીજીમહારાજના કચ્છ વિચરણની લીલા જે સદ્‌ગુરુ અચ્યુતદાસજી સ્વામીએ ગદ્યસ્વરુપમાં એકઠી કરી હતી તેને ક્રમવાર ગોઠવી બ્રહ્મચારી મહારાજ પદ્યમાં લખતા જતા હતા. મુનિ સ્વામી પુરાણી કેશવપ્રિયદાસજી સ્વામીશ્રી પણ

મુક્તરાજ બાપાશ્રીના અતિ રાજીપામાં આવેલા, અને બ્રહ્મચારી મહારાજની જોડ જેવા પ્રેમમૂર્તિ હતા. તેઓશ્રી પણ આ સાહિત્યયજ્ઞમાં બ્રહ્મચારી મહારાજની સાથે હતા. આ કચ્છલીલાના ગ્રંથનું નામ રાખ્યું : 'શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર'. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં પાનેપાને ને કડીએ કડીએ શ્રીજીમહારાજના લીલા ચરિત્રો વર્ણવ્યા છે, તેવી જ રીતે શ્રીજીમહારાજની કચ્છદેશવિચરણની લીલાના ચરિત્રો બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ 'શ્રીપુરુષોત્તમલીલામૃત સુખસાગર' ગ્રંથમાં ગૂંથી લીધાં. હાથની લખેલી પ્રતની નકલ કરી લઈ તેને હસ્તલિખિત શાસ્ત્રના પાનાની જેમ ગ્રંથનું સ્વરૂપ આપ્યું.

દરમ્યાન, સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજીને ખાખરિયા વિભાગના વિશોતપરા ગામે મંદિરના વ્યવહારની કાંઈક ગૂંચ હતી તે નિમિત્તે વિશોતપરા પધારવાનું થયું સં. ૧૯૭૪નો જેઠ માસ ચાલતો હતો. તે વખતે અમદાવાદ થઈને આવેલો બાપાશ્રીનો પત્ર મળ્યો. તેમાં બાપાશ્રીએ જણાવેલું કે તરત વૃષપુર આવો, તમારું જરૂરનું કામ છે. આ વખતે સદ્‌ગુરુશ્રી મંદિરના વહીવટની ગૂંચમાં રોકાયેલા હતા તેથી તરત ન નીકળી શકયા. ત્રણ ચાર દિવસમાં તો બીજો એ જ મતલબનો પત્ર બાપાશ્રીએ મોકલ્યો. વળી બે દિવસમાં બાપાશ્રીનો ત્રીજો પત્ર આવ્યો. આથી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી વિશોતપરાથી તાત્કાલિક નીકળી અમદાવાદ આવી સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી સ્વામી, સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી સહિત નીકળી ભુજ થઈ અષાઢ સુદ ૧ની સાંજે વૃષપુર પધાર્યા. સદ્‌ગુરુઓ વૃષપુર મંદિરમાં આવ્યા, ત્યારે મુક્તરાજ બાપાશ્રી મંદિરમાં કૂવા ઉપર ઊભા હતા. સંતોને આવેલા જોઈ ખૂબ રાજી થયા ને કહે : "એક માસથી તમારી વાટ જોતા હતા, તમે ઘણી વાર લગાડી. અમારે મંદવાડ

ગ્રહણ કરવો હતો, તે આજસુધી ખમ્યા.'' સદ્ગુરુ ઈશ્વરચરણ-દાસજી સ્વામી કહે : ''વિશોતપરામાં મંદિરની તકરાર છે છે તેથી રહેવું પડયું હતું, પણ આપનો ત્રીજો કાગળ આવ્યો તેથી તરત નીકળ્યા ને અહીં આવ્યા.'' પછી આરતી થઈ તે આરતી–ધૂન્ય વગેરે કર્યા પછી સંતોએ આસન કર્યા, તેટ-લામાં તો બાપાશ્રીએ તાવ ગ્રહણ કર્યો. વળી ઊલટી ને બહિર્ભૂમિ (સંડાસ) જવાનું થાય. આ રીતે મુક્તરાજ બાપાશ્રીએ ગંભીર મંદવાડ ગ્રહણ કર્યો. ઘરના સર્વે સેવા કરે. સંતો–મોટેરા હરિભક્તો બધાં મંદવાડના સમાચાર જાણી વૃષપુર આવ્યાં. સૌ શ્રીજીમહારાજને પ્રાર્થના કરે કે મુક્તરાજશ્રીના દર્શન અમને સૌને થતાં રહે. બાપાશ્રીએ તો નારાયણપુરથી ધનજીભાઈને બોલાવી પોતાની મિલકતની વહેંચણી કરાવી દીધી. સૌ કોઈ અતિશય દિલગીર થઈ ગયાં. અષાડ સુદ ૧૨ની સવારે 'બાપાશ્રી પોતાનો ખાટલો ઉપડાવી મંદિરમાં દર્શને આવ્યા ને સૌની રજા માંગી. સદ્ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીનો હાથ ઝાલીને કહ્યું : ''સ્વામી ! રાજી રહેજો ને આપણું મંડળ વીખરાય નહીં તેમ સૌની સંભાળ રાખજો. આપણે હવે મૂર્તિમાં અખંડ ભેળા રહીશું. તમે સૌ મારા હેતવાળા સદ્ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીની આજ્ઞામાં રહેજો.'' સૌને ઉદાસીનતા ઘેરી વળી. બાપાશ્રીનો ખાટલો ઘરે લઈ ગયા. સૌએ મળીને શ્રીહરિજીની હેતભર્યા હૈયે પ્રાર્થના કરી. કોઈએ રસોઈ પણ ન કરી. અંતે બાપાશ્રીએ અદ્રશ્ય થવાનો સંકલ્પ ફેરવી નાંખ્યો ને સૌને કહ્યું : ''તમારી પ્રાર્થના સાંભળીને શ્રીજીમહારાજે અમને રાખ્યા. હવે તમો રસોઈ કરો ને ઠાકોરજીને જમાડો.'' આ રીતે મંદવાડ કાઢી મૂકયો ને ધીમે ધીમે સાજા થયા ને સૌની પ્રાર્થના સ્વીકારી બાપાશ્રી આ લોકમાં કૃપા કરી બીજા દસ વર્ષ રહ્યા.

બાપાશ્રીના મંદવાડની વાત જાણી સમગ્ર ગુજરાતમાંથી

હરિભક્તો આવવા લાગ્યા. ત્યારે બાપાશ્રી કહે : "સંત–હરિભક્તો ઘણાં આવ્યા છે. જે રહી ગયા છે તેમને ય કંકોત્રી લખી બોલાવી લો, ને બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ 'પુરુષોત્તમ લીલામૃત સુખસાગર' ગ્રંથ કર્યો છે તેની સાત દિવસની પારાયણ કરો." બ્રહ્મયજ્ઞ ને દિવ્ય આનંદ ફરી ચઢી આવ્યા ! તે પારાયણ કાળી તલાવડી છત્રીની જગ્યાએ અષાડ વદ નવમીથી શરૂ થઈ. હજારો સંતહરિભક્તો અમૂલો લાભ લેવા આવી પહોંચ્યા હતા. સભામંડપ છત્રીના ચોકમાં રાખ્યો હતો, ને પાકશાળા છત્રીના પડખે ખેતરમાં કરી હતી. કથા સવાર–બપોર વંચાતી હતી. સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રી તથા એ ગ્રંથના કર્તા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી પોતે એમ બંને એ કથા વારાફરતી વાંચતા હતા. બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો અને આ લોકમાંથી અદશ્ય થવાનો સંકલ્પ કર્યો, ત્યારે હેતવાળા સૌ હરિભક્તોના અંતર વલોવાઈ ગયા, ને સૌએ શ્રીજીમહારાજ અને બાપાશ્રીને જે પ્રાર્થનાઓ કરી, તેમાં સદ્‌ગુરુ સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી મુખ્ય હતા, ને બાપાશ્રીએ તેમનો સંકલ્પ ફેરવ્યો, તેનો સૌને અતિશે આનંદ થયો, તેમાં પણ સદ્‌ગુરુશ્રી મુખ્ય હતા—તે હેત ને આનંદના પ્રતીકરૂપે, સદ્‌ગુરુશ્રી પોને તે નિમિત્તની પારાયણના મુખ્ય વક્તા બન્યા ! કરુણાગંગાની ગંગોત્રી શ્રીહરિની મૂર્તિ, ને મુક્તોમાં એ કરુણાની અભિવ્યક્તિ. બાપાશ્રી અને સદ્‌ગુરુઓએ તો કેવળ કૃપા અને કરુણા જ વહેવડાવી છે, ને તેમાં અનેકને ન્યાલ કરી મૂક્યાં છે.

પારાયણની સમાપ્તિ પછી પણ ઘણાં સંતહરિભક્તો બાપાશ્રીના દર્શન–સેવાનો લાભ લેવા રોકાયા. સદ્‌ગુરુશ્રી પણ રોકાયા. સેંકડો હરિભક્તોની ભીડથી સભા ભરાયેલી રહે. સૌને લાભ લેવાનો અંતરનો આગ્રહ. તે વખતે બાપાશ્રીની આજ્ઞાથી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી વચનામૃત ઉપરની

બાપાશ્રીની કરેલી રહસ્યાર્થ પ્રદીપિકાટીકાના સંપાદનનું કામ પૂરુ કરી, તેની શુદ્ધ હસ્તલિખિત પ્રત લઈ આવેલા તેની સભામાં કથા કરતા. આ અમૂલ્ય અને ચિરજીવી જ્ઞાનસદાવ્રતની સેવા કરવા બદલ સદ્ગુરુશ્રી તથા તેમના મદદકર્તાઓ ઉપર મુક્તરાજ બાપાશ્રીની પ્રસન્નતા વરસી રહી. અન્ય મુક્તો પણ કથા સાંભળી રાજી રાજી થઈ ગયા.

આ રીતે સ.ગુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી સ.ગુ.શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી, આદિ સંતમંડળ બે મહિના સુધી વૃષપુરમાં મુક્તરાજ બાપાશ્રી પાસે રહ્યા. રોજ નવા નવા હેત ચંદન–પુષ્પની પૂજાઓ, કથાનો અમૂલ્ય લહાવો કોઈ બપોરે વાડીએ તો કોઈ વાર છત્રીએ જઈ કથામૃતના પાન. સૌ કોઈને દિવ્ય આનંદ, આનંદ ને આનંદ

વૃષપુરથી સંતો નારાયણપુર આવ્યા. નીકળતી વખતે સદ્ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીના સાધુ ઘનશ્યામજીવનદાસજીને બાપાશ્રી કહે : તમને તાવ આવે છે, તો હવે ધામમાં જવું રહેવું છે?" તે કહ : "હા, હા." બાપાશ્રીએ તેમને તે જ વખતે હાર પહેરાવી માથે હાથ મૂક્યો. નારાયણપુર ગયા ને બીજે જ દિવસે શ્રીહરિની સ્મૃતિએ સહિત ધામમાં પહોંચી ગયા. થોડા દિવસ નારાયણપુર રહી, ત્યાંના મુખિયા હરિભક્ત શ્રી ધનજીભાઈને રાજી કરી, સંતો સૌ ભુજ થઈ અમદાવાદ તરફ–આવ્યા.

આમ, સં ૧૯૭૪ની સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીની વૃષપુરની યાત્રા અત્યંત અવિસ્મરણીય બની રહી. પોતે શ્રીજીમહારાજ તથા બાપાશ્રીને પ્રાર્થનાઓ કરી, બાપાશ્રીને આ લોકમાંથી અદૃશ્ય થવાનો સંકલ્પ ફેરવાવ્યો, અને બાપાશ્રીએ બીજા દસ વર્ષ સુધી આ પૃથ્વી ઉપર દર્શન

દેવાનો નિર્ણય કર્યો. આનાથી આ લોકના અનેકાનેક જીવોને અદ્ભુત અપ્રતીમ લાભ થયો. તે અનંત જીવોના કલ્યાણનું શ્રેય તો અંતે તો શ્રીહરિજીની પરમ કૃપામાં જ છે, તે છતાં સદ્ગુરુશ્રી એના નિમિત્ત બન્યા, ને પોષક બન્યા. વળી, આ જ વખતે વચનામૃત ગ્રંથ ઉપરની રહસ્યાર્થ પ્રદીપિકાટીકાની હસ્તલિખિત પ્રત ઉપરથી મુક્તરાજ બાપાશ્રીની સંન્નિધિમાં પારાયણ વંચાઈ, બાપાશ્રીના કહેલા જ્ઞાનનું સુયોગ્ય સંપાદન પૂરું થયું, અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના રહસ્ય અભિપ્રાયનું સૌ કોઈને સુલભ સદાવ્રત પ્રાપ્ત થયું. હવે એને છપાવીને પ્રસિદ્ધ કરવાનું કામ બાકી રહ્યું હતું, પણ મુખ્ય કામ સંપાદનનું પૂરું થયું. આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ શ્રીજીમહારાજે પોતાના મુક્તો દ્વારા સૌને સુલભ કરી દીધી. શ્રીજીમહારાજ પોતાના સુખને ન્યોછાવર કરી દેવા જ પધાર્યા હતા! આવા અદ્ભુત અનુભવજ્ઞાનનું સદાવ્રત એ સદ્ગુરુશ્રીની અપ્રતિમ ભેટ છે. શુકલપક્ષના ચંદ્રમાની જેમ આ જ્ઞાનની કળાઓ પણ દિનપ્રતિદિન ખીલતી જ રહી છે અને સૌ મુમુક્ષુઓને પોષણ આપતી રહી છે.

## ૭. સત્સંગસુધારણા ને સાહિત્યસેવા

જ્યારે ફૂલ ખીલે છે, ત્યારે મધમાખીઓને આમંત્રણ મોકલવું પડતું નથી; એ તો ફૂલની સુવાસથી જ ખેંચાઈ આવે છે. તેવી જ રીતે જેમનો ચૈતન્ય શ્રીહરિસ્વરૂપની દિવ્ય ફોરમથી ફોરાઈ ઊઠ્યો છે, તેની તરફ સહેજે જ મુમુક્ષુઓ આકર્ષાઈ આવે છે. તે છતાં ફૂલ અને શ્રીહરિની ફોરમથી મઘમઘતા સિદ્ધમુક્તોમાં ફેર છે! તે એ કે ફૂલની સુગંધથી આકર્ષાયેલ મધમાખીઓનું ફૂલ પોષણ કરે છે, પણ તેનું સંરક્ષણ કરતું નથી; જ્યારે મુમુક્ષુઓને તો સિદ્ધમુક્તો સદાયે પોષે છે અને જાળવે છે. સિદ્ધપુરુષો તો વ્યક્તિગત મુમુક્ષુઓ અને સઘળા સત્સંગ સમુદાયના પરમ હિતકારી છે. સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી સિદ્ધ મુક્ત હતા, તેમણે અનંત જીવોના આત્યંતિક કલ્યાણરૂપ મંગલ કરી દીધું, તે ઉપરાંત સમગ્ર સત્સંગ સમુદાયના હિતની ચિંતા સદાયે અંતરમાં રાખી.

શ્રીજીમહારાજે અમદાવાદ પ્રકરણના ત્રીજા વચનામૃતમાં કહ્યું છે કે "અયોધ્યાવાસી (=શ્રીજીમહારાજના કુળના મુક્તો, જેમાંથી સંપ્રદાયના આચાર્યોની સ્થાપના કરવામાં આવી છે) તો બહુ વિશ્વાસી છે માટે કોઈક કપટી હશે તો એમને છેતરી જાશે તે સારુ એમને કોઈક કાર્યનો આદર કરવો હોય ત્યારે મોટેરા પરમહંસ તથા મોટેરા સત્સંગી ગૃહસ્થ, તેમને પૂછીને ને કામ કરવા દેવું પણ કોઈક એક જણાને કહે કરવા દેવું નહિ. એવી રીતે ત્યાગી તથા ગૃહસ્થ સત્સંગીને અયોધ્યાવાસીની ખબર રાખવી એમ અમારી આજ્ઞા છે." આ મુજબ શ્રી નરનારાયણદેવની અમદાવાદ દેશની ગાદી તથા શ્રી લક્ષ્મીનારાયણદેવની વડતાલ દેશની ગાદીના આચાર્યો

પોતાના દેશના મોટેરા સંત–હરિભક્તોને વિશ્વાસમાં લઈ સૌની સાથે સલાહ મસલત કરી સંપ્રદાયનો વહીવટ ચલાવતા. સૌ સંત હરિભક્તો પણ શ્રીજીમહારાજની આજ્ઞા અનુસાર આચાર્ય મહારાજશ્રીને પૂજ્યપણે માનીતા ને તેમની સેવારૂપ થતા.

અમદાવાદ દેશના ત્રીજા આચાર્ય ધ.ધુ.શ્રી પુરુષોત્તમ પ્રસાદજી મહારાજ સં. ૧૯૫૮ની કાર્તક વદ અમાસને રોજ ધામમાં ગયા ત્યારે તેમના દત્તપુત્ર જે ચોથા આચાર્ય તરીકે ગાદીએ બેઠા તે ધ.ધુ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના ઉંમર ૩–૪ વર્ષની જ હતી આચાર્ય મહારાજ સગી ઉંમરના હતા તેથી મંદિરોના વહીવટ વગેરેમાં મદદરૂપ થવાં સંત–હરિભક્તોની કમિટી નીમવામાં આવેલી ને તે દ્વારા વહીવટ થતો. સગીરાવસ્થા પૂરી થતા સં. ૧૯૭૩–૭૪થી વ.ધ. આચાર્યશ્રી વાસુદેવ-પ્રસાદજી મહારાજે વહીવટના સૂત્રા સંભાળી લીધાં અને વહીવટને ખાનગી અંગત મિલ્કતના વહીવટ જેવું સ્વરૂપ અપાવા લાગ્યું. આ ફેરફારથી અમદાવાદ તથા મૂળી વિસ્તારના સંત–હરિભક્તોને મૂઝવણ થવા લાગી તેમણે વિચાર્યું કે શ્રીજીમહારાજની બાંધેલી વહીવટ પ્રણાલિકા અનુસાર મંદિરોની મિલ્કત દેવની માલિકીની રહે તે યોગ્ય ગણાય. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દ્વારા તેના વહીવટ દેવની જાહેર મિલ્કત તરીકે થાય અને ધર્માદાની રકમોનો આ રીતે જ ઉપયોગ થાય એ વ્યાજબી લેખાય. આવો સિદ્ધાંત સર્વમાન્ય થાય એવા સંત હરિભક્તોએ નમ્ર પ્રયાસ કરવા શરૂ કર્યા

સં. ૧૯૭૫ના વસંતપચમીના સમયે મૂળીમાં સંતહરિ-ભક્તોએ આ હકીકત ઉપર ખૂબ વિચારણા કરી

પાછા કરતાં ભુજમાં થોડા દિવસ રોકાઈને સંતોનું મંડળ વૃષપુર આવ્યું. મુક્તરાજ બાપાશ્રી સંતોને જોઈને દંડવત્ કરવા લાગ્યા. સંતોએ ઉતાવળા ઉતાવળા જઈને બાપાશ્રીને

ઉપાડી લીધા ને કહ્યું : "તમે આ શું કરો છો ? અમે તમારા દર્શન સારુ દરિયો ઉતરી ઉતરીને અહીં આવીએ છીએ ને તમે તો અમારો મહિમા વધારો છો, હવે આ રીત કૃપા કરીને બદલાવી નાખો તો સારું." બાપાશ્રી કહે : "સંતો ! તમારો મહિમા બહુ મોટો છે. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે 'એવા સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ.'" પછી સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીને બાપાશ્રી કહે : "તમે અહીંથી ગયા ત્યારથી હું તો તમને એમ ને એમ સંભારતો હતો; તમે ઘડીએ વિસરાતા નથી. મંદવાડમાં તમોએ બહુ દાખડા કર્યા હતા. એવા ગુણ કેમ ભૂલાય ?" એમ કહી બહુ પ્રસન્નતા જણાવી. કથાવાર્તારૂપ બ્રહ્મયજ્ઞ ચાલતો થયો, પુરાણી સ્વામી ધર્મકિશોરદાસજી રોજ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહિત વચનામૃતની કથા કરે, ને સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી આદિ સદ્‌ગુરુઓ પ્રશ્નો પૂછે ને સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી લખતા જાય. આમ સવાર, સાંજ ને રાત્રે કથાવાર્તામાં શ્રીજીમહારાજ તથા મોટા મુક્તોના મહિમાની તથા આજ્ઞા–ઉપાસનાની વાતો થતી.

એક દિવસ સદ્‌ગુરુઓએ બાપાશ્રીને મળી, અમદાવાદ તથા મૂળીમાં જે થોડો થોડો વિક્ષેપ ચાલતો હતો તે સંબંધી વાત કરતા કહ્યું : "જો આમ ને આમ ચાલશે, તો આગળ જતાં કોઈ કોઈનો ભાર નહિ રહે. પણ અમને એમ થાય છે કે મૂર્તિને ભૂલીને એ માર્ગે ન ચાલવું. વળી મોટા મોટા સદ્‌ગુરુઓના સિદ્ધાંત જોતાં એમ પણ થાય છે કે મંદિરમાં કાંઈ બગાડ થતો હોય તો ન થવા દેવો, પોતાનું જાણી મમત્વ રાખવો. આમાં આપશ્રીને પૂછવાનું એટલું કે અમારે હવે શું કરવું ?" બાપાશ્રી કહે : "અમને પણ આ વિક્ષેપની માહિતી મળી છે. આ બધા વિક્ષેપ 'હું અને મારું' એ બે માંથી થાય છે, તમારે તો આગળની રીત પ્રમાણે

ચાલવું ને મહારાજને સંભારવા. જો 'શિક્ષાપત્રી' પ્રમાણે સૌ પોતપોતાના ધર્મ સાચવે તો કોઈને કાંઈ દુઃખ ન થાય. તેમાંય આચાર્ય મહારાજ તો ધર્મ પળાવવામાં કારણરૂપ ગણાય, કેમકે શ્રીજીમહારાજે એમના ઉપર બધાયને ધર્મ પળાવવાનો ભાર મૂક્યો છે; એટલે આચાર્ય મહારાજશ્રી સાથે વાતચીત ચલાવી સમાધાન થાય તેમ કરવું. તમે સૌ ધીરજ રાખજો. મહારાજ બધુંય સારું કરશે."

ત્યાર બાદ મૂળી મંદિરના સંતો ઉપરાંત અમદાવાદ દેશના સદ્‌ગુરુ સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી નારાયણ-સેવકદાસજી, સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, પુરાણી નંદકિશોરદાસજી સ્વામી વગેરે મોટા મોટા સંતો તથા મોટેરા હરિભક્તોએ મળી વિચાર કરતાં સૌને એમ લાગ્યું કે આચાર્ય મહારાજશ્રીને રૂબરૂ મળીને સમજૂતી સાધવા પ્રયત્નો ચાલુ રાખવા. તેમાં સૌનો મત એવો થયો કે મુક્તરાજ બાપાશ્રી હસ્તક આ વાતચીત થાય તો સારું. આથી સૌએ મળીને સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીને આગ્રહ કર્યો કે તમો વૃષપુર જઈ બાપાશ્રીને જન્માષ્ટમીના સમૈયે તેડી લાવો.

સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને પણ એમ થયું કે બાપાશ્રી મૂળીએ પધારે ને આચાર્યશ્રી સાથે વાતચીત કરતાં જો સમાધાન થઈ જાય તો સત્સંગમાં સૌને સુખશાંતિ થાય. જો આ ક્લેશ નહિ મટે ને વિક્ષેપ લાંબો ચાલશે તો સત્સંગમાંથી કેટલાયનાં મન પાછાં પડી જશે, દ્રવ્યની હાનિ થશે ને કોઈને ભજન-સ્મરણ કે કથાવાર્તાનું સુખ નહિ આવે. એમ વિચારી પોતે થોડા સાધુઓ અને બાપાશ્રીના કૃપાપાત્ર સેવક આશાભાઈને લઈને વૃષપુર ગયા. બાપાશ્રીને વિનંતીપૂર્વક બધી વાત સમજાવી. ભુજના હજૂરી ઘેલાભાઈ, કોટવાળ ધનજીભાઈ વગેરે મોટા મોટા પચાસ હરિભક્તો સાથે બાપાશ્રી મૂળી પધાર્યા. ત્યાં સૌએ નક્કી કર્યું કે આચાર્ય-

મહારાજશ્રી અહીં પધારે તો બાપાશ્રી તથા મોટા મોટા સંત-હરિભક્તોના સમૂહમાં વાતનો નિવેડો આવી જાય. આ પ્રમાણે ઘેલાભાઈ, ધનજીભાઈ આદિ હરિભક્તો અમદાવાદ ગયા, આચાર્ય મહારાજશ્રીને મળ્યા. તે બધા વ્યવહારકુશળ ને મહિમાવાળા હરિભક્તોએ ઘણાં વિનય વચનોથી સમજાવ્યા ને કહ્યું : "મહારાજ! એક વાર અમારું માનીને જુઓ તો ખરા! તમારા સાથે કોઈ ભિન્નભાવ નથી. અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી પંચોતેર વર્ષની ઉંમરે કચ્છમાંથી મૂળી સુધી આપને મળવા સારુ આવ્યા છે, ને એમના કહેવાથી આપને તેડવા અમે આવ્યા છીએ, તો આપશ્રી મૂળીએ આ વખતે જરૂર પધારો એવી વિનંતી છે. ત્યાં સૌ આપશ્રીની વાટ જોઈ રહ્યા છે, તેથી પરસ્પર એકબીજામાં જે કાંઈ અસંતોષ જણાય છે તે મટી જશે. બાપાશ્રી મહાસમર્થ મુક્તરાજ છે અને તેમને આપના પરત્વે પૂરતી લાગણી છે. તમો પણ શ્રીજીમહારાજનું સ્વરૂપ કહેવાઓ, એટલે બંને પરસ્પર ભેળા થાઓ તો જે વાતની ગૂંચ નડતી હોય તે નીકળી જાય. જો આપને ત્યાં પધારવાની મરજી ન હોય તો એમને અહીં બોલાવીએ." એવાં એવાં ઘણાં વિનય વચનો કહ્યાં, પણ એકેય વાતનો ખુલાસો ન કરતાં મહારાજશ્રી એટલું બોલ્યા "જે કાંઈ થાય છે તે ભગવાનની ઈચ્છાથી થતું હશે. તમારે સૌએ જવું હોય તો જજો, ને મારા સૌને જય શ્રી સ્વામિ-નારાયણ કહેશો." આથી હરિભક્તો નિરાશ થઈ મૂળીએ પાછા આવ્યા.

આ બધી હકીકત સદ્ગુરુઓ તથા બાપાશ્રી તથા મોટા મોટા હરિભક્તોએ સાંભળી તેથી સૌને એમ થયું કે આપણે શ્રીજીમહારાજે જે જે રીત બાંધી છે તે પ્રમાણે ચાલવું. એ વખતે આશરે દસ-બાર હજાર સત્સંગીઓ હાજર હતા. તે વખતે મોટા મોટા સંતો તથા હરિભક્તોની એક સભા આ

અંગે ચર્ચા–વિચારણા કરવા મળી. તેમાં એમ નક્કી થયું કે આચાર્ય મહારાજશ્રીને દેવ તથા આચાર્યશ્રીની મિલ્કત જુદી પાડી આપવા તથા વહીવટની સ્કીમ કરી આપવા વિનંતી કરવી.

આ દરમ્યાન, મુક્તરાજ બાપાશ્રી ૧૨ દિવસ મૂળીમાં રહ્યા ને અનેકને શ્રીજીમહારાજના મહિમાની વાતો કરી આનંદમાં ગરકાવ કરી દીધા હતા.

પછી એક દિવસ સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી સ્વામીએ બાપાશ્રીને પ્રાર્થના કરી આ બાબત પૂછયું ત્યારે બાપાશ્રી કહે : "સ્વામી! આપણે તો સૌનું સારું થાય એમ કરવાનો ઠરાવ છે, પણ શ્રીજીમહારાજની બાંધેલી પ્રણાલિકા તૂટતી હોય તો તૂટવા ન દેવી, એટલું તો રાખવું. કેમકે આપણા મંદિરોમાં શ્રીજીમહારાજની મૂર્તિઓ છે તે પ્રત્યક્ષ ભગવાન છે ને એ સૌના સામું જોઈ રહ્યા છે. કેટલાયના મનોરથો પૂરા કરે છે, દર્શન આપે છે, એથી એમનું જે કાંઈ હોય તે પોતાના ઈષ્ટદેવનું માની બગડવા દેવું નહિ. એ સેવા તમ જેવા ધર્મવાળા ને આજ્ઞા પાળનારા સંતો નહિ કરે, તો પછી બીજા કોણ કરશે?"

સદ્‌ગુરુશ્રી કહેતા કે : "બાપાશ્રીએ મને કહ્યું છે કે 'સૌ મહારાજનાં વચન સામી સુરતા રાખજો. આપણે સત્સંગમાં મૂર્તિ સિદ્ધ કરવા આવ્યા છીએ તે કામ રહી જાય ને બીજે માર્ગે ચલાય તો મોટી ખોટ આવે. શ્રીજીમહારાજની મૂર્તિ મંદિરોમાં અનેક સ્વરૂપે બિરાજે છે તે અને જે અક્ષર-ધામમાં તેજોમય મૂર્તિ રહી છે એ બેમાં રોમનો ફેર નથી, માટે સદાય પ્રત્યક્ષભાવ રાખી તેમના રાજીપાની તાણ રાખવી.' શ્રીજીમહારાજે ગઢપુરનું મંદિર થતું હતું તે વખતે પોતે સોનેરી પાઘ ઉપર પત્થર ઉપાડી સેવાનો તથા મંદિરનો મહિમા જણાવ્યો છે. વડતાલનું મંદિર થતું હતું તે વખતે પણ એક

પટેલીએ કહ્યું હતું કે 'મહારાજ! તમે આવી મહેનત કરો છો તે ઠીક નથી લાગતું. કહો તો હું દહાડિયા તથા ગાડાં મોકલાવું, પણ તમે દાખડો ન કરો.' ત્યારે શ્રીજીમહારાજે તેમને એમ કહ્યું કે 'અમે જમીનમાંથી સોનાનાં મંદિર તૈયાર કાઢીએ એવા છીએ, પણ આ તો સૌને સેવાનો લાભ મળે તે માટે કરીએ છીએ.' એવી જ રીતે મૂળીનું મંદિર થતું હતું, ત્યારે પત્થરની ખાણે પાણીની તાણ પડતાં મહારાજે સ.ગુ.શ્રી બ્રહ્માનંદ સ્વામીને દર્શન આપી પાણીની જગ્યા બતાવી. આમ જેટલાં મંદિર થયાં છે તેમાં મહારાજની પ્રસન્નતા બહુ હતી, કેમકે એવા સ્થાનોમાં સૌના કલ્યાણ કરવાનો સંકલ્પ હતો. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે 'જેને વગર દાખડે પોતાનું કલ્યાણ જોઈતું હોય ને ઝાઝું કાંઈ જાણતો ન હોય તેણે એક એક બાઈ–ભાઇનું મંદિર બંધાવી દેવું, એટલે એનું સહેજે કલ્યાણ થાય.' આવો મોટાનો અભિપ્રાય જાણી આવા કલ્યાણકારી મંદિરોનો મમત્વ રાખવો ને બનતી સેવા કરવી, પણ પરસ્પર એક બીજાનો દ્રોહ થાય નહિ તે જાળવવું. આ સત્સંગરૂપ શ્રીજીમહારાજની ફૂલવાડી છે તેનું રક્ષણ કરવું."

પછી મુક્તરાજ બાપાશ્રી મૂળીથી વૃષપુર પાછા પધાર્યા. સદ્‌ગુરુશ્રી બાપાશ્રીને મૂકવા વૃષપુર સુધી ગયા. આ વખતે સદ્‌ગુરુશ્રીને ફક્ત બે જ દિવસ રાખી રજા આપીને બાપાશ્રીએ કહ્યું : "આ ફેરે તમે વહેલા દેશમાં જાઓ ને મહારાજને સંભારીને વિક્ષેપનો સુખદ અંત આવે તેવો ઉપાય કરજો."

આ પ્રમાણે બાપાશ્રીના આશીર્વચનો અનુસાર સમાધાનના પ્રયાસો ચાલુ રહ્યા અને તેના પરિણામે છેવટે પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા, બાપાશ્રીના આશીર્વાદ ને દિવ્ય પ્રભાવ તથા સદ્‌ગુરુશ્રી ને મોટેરા સંત–હરિભક્તોના અથાક સતત પ્રયત્નો દ્વારા વિક્ષેપનો

સુખદ ઉકેલ આવી ગયો અને શ્રીજીમહારાજે બાંધેલ સર્વમાન્ય વહીવટી પ્રણાલિકા પ્રસ્થાપિત થઈ. આમ થતાં સત્સંગના સર્વ અંગોને લાભ થયો.

આમ સત્સંગ સેવાના આવા કાર્યો સાથે સાથે સદ્ગુરુશ્રીનું સાહિત્ય અને ઉપદેશકલ્યાણનું કામ તો સતત ચાલુ જ હતું. સં. ૧૯૭૭ના ઉનાળામાં સદ્ગુરુશ્રી કણભા પધાર્યા. જેઠ સુદ પૂનમ પછી સદ્ગુરુશ્રી અમદાવાદ પાછા પધારવાના હતા તે વખતે કણભાના હરિભક્તોને સદ્ગુરુશ્રીએ કહ્યું : "અમારે આ વખતે ચાતુર્માસમાં અહીં કથા કરવા આવવાનો વારો છે, તે કથા જો તમે હાલ કરાવી નાંખો, તો અમારે ફરી વાર આવવું ન પડે, ને બીજા ગામોને લાભ મળે," હરિભક્તો કહે : "વરસાદની મોસમ ઘણી નજીક આવી છે, તેથી લોકો કામકાજમાં હોવાથી કથા સાંભળવા આવે નહિ, તેથી હાલ તો નહીં ફાવે." સદ્ગુરુશ્રી કહે : "અરે! વરસાદ હાલ ક્યાં છે? હજી તો વરસાદને બહુ વાર છે!" પણ હરિભક્તો સમજ્યા નહિ, ને સદ્ગુરુશ્રી તો અમદાવાદ પાછા પધાર્યા, ને શ્રીજીમહારાજની ઈચ્છાથી એમ જ બન્યું કે વરસાદ તો એક માસ મોડો એટલે અષાડ સુદ ૧૫ પછી આવ્યો ત્યારે બધાને થયું કે સદ્ગુરુશ્રીની વાત સાચી હતી, તે આપણે માની નહિ ને આપણને ખોટ આવી! પણ સદ્ગુરુશ્રીને તેનુ મનમાં કાંઈ નહીં.

હવે સદ્ગુરુશ્રીની ઉંમર સાઠ વર્ષની થઈ હતી. શરીરમાં 'વા' બહુ જ રહેતો. તેથી કોઈ વાર હાથ–પગ ઝલાઈ ગયા હોય, પણ એમને તો સહેજ પણ દેહભાવ નહીં. હાથપગમાં 'વા'ની તકલીફ જણાતી હોય ને કચ્છમાં જવાનું થાય ત્યારે હરિભક્તો કહે : "બાપજી! તમને ઊઠવા–બેસવામાં 'વા' નડે છે ને કચ્છમાં કેમ જવાશે? જરા ઠીક થાય ત્યારે જવાનું કરો તો સારું." પણ પોતે જવાનો સંકલ્પ દૃઢ કરેલ હોય

તેથી ઉતાવળા તૈયાર થઈ જાય ને હરિભક્તોને કહે : "'વા'નું કાંઇ નહિ. બાપાશ્રી પાસે જઈશું એટલે બધું ઠીક થઈ જશે !" કચ્છમાં પહોંચે, ત્યારે બાપાશ્રી પૂછે : "તમને 'વા' નડતો હતો તે હવે કેમ છે?" પોતે કહે : "અમે આપના દર્શને આવવા નીકળ્યા, તે માર્ગમાં જ ઠીક થઈ ગયું !" કેટલી આત્મીયતા ને તત્પરતા ને કેટલો દેહનો અનાદર !

સત્સંગસેવા માટે જ પોતાનું જીવિતવ્ય ન્યોછાવર કરેલું તેથી સદ્‌ગુરુશ્રીની હર પળ સતત અનેકના કલ્યાણને અર્થે જ વ્યતીત થતી.

એ અરસામાં એક વખત સદ્‌ગુરુશ્રી ગામ મણિપુર પધાર્યા. ત્યાં ભાઈઓનું મંદિર નાનું ને તેમાં સંતો આવે તો ઉતરવાની ય પૂરતી સગવડ નહીં. સદ્‌ગુરુશ્રીએ હરિભક્તોને ભેળા કર્યા, કહ્યું : "આ જગ્યાએ બાઈઓનું મંદિર કરો, નવી મોટી જગ્યા લઈ ભાઈઓનું બીજું મંદિર કરાવો." તે વખતે સદ્‌ગુરુશ્રીના સૂચનથી તે ગામના બહેચરભાઈએ પોતાનું રહેવાનું મોટું મકાન મંદિર કરવા આપી દીધું. સદ્‌ગુરુશ્રી અતિ પ્રસન્ન થયા, ને કહ્યું : "જાવ, તમારા બંનેનો (પતિ-પત્નીનો) આ છેલ્લો જન્મ, આ જન્મે જ મહારાજના સુખમાં તમને મૂકી દીધાં." નાનીસરખી સેવા ને મોટામાં મોટું વળતર !

મણિપુરના ભાઈઓના એ મંદિરનું કામ ચાલતું હતું. સદ્‌ગુરુશ્રી ત્યાં બિરાજતા હતા. તે વખતે કોલેરાનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. મંદિરના કામ માટે આવેલા કડિયા કહે : "અમે અહીં નહીં રહીએ." સદ્‌ગુરુશ્રી કહે : "કોઈ ફિકર ન રાખો, તમે ઠાકોરજીની સેવા કરો છો, તેથી તમને કાંઈ નહીં થાય, ને ગામમાં પણ સારું થઈ જશે." તે વખતે ગામના મુખ્ય માણસોએ બીજા ગામથી આવતાં ગાડાંને

ગામમાં આવવાની બાંધી કરી હતી, ને કોઈ ન છૂટકે આવે તો તેને ગામમાં હનુમાનજીનું મંદિર હતું ત્યાં દર્શન કરાવી ને પછી ગામમાં આવવા દે. તે વખતે મંદિરના કાટમાળથી ભરેલા ગાડાં આવ્યા. સદ્‌ગુરુશ્રીએ ગામના પટેલોને બોલાવી કહ્યું : "સ્વામિનારાયણ ભગવાન છે અને હનુમાનજી તેમના સેવક છે. તેથી હરિભક્તો ગાડાં લઈ અહીં આવી ભગવાનના દર્શન કરશે તેથી તેમને કાંઈ વાંધો નહિ આવે. માટે તેમને રોકશો નહિ." ત્યારે સૌને સદ્‌ગુરુશ્રીનો બહુ ગુણ આવ્યો. તેમણે પ્રાર્થના કરી કે "કૃપા કરી ગામનું રક્ષણ કરો!" સદ્‌ગુરુશ્રી પ્રસન્ન થઈ કહે : "જાઓ! હવેથી ગામમાં આ રોગ બંધ થઇ જશે!" તે જ વખતથી કોલેરાનો રોગ તદ્દન બંધ થઈ ગયો ને માણસ મર્યા નહિ.

આમ સદ્‌ગુરુશ્રી તો આ લોક-પરલોકમાં સૌનું સારું કેમ થાય તેની જ ચિંતા કરે, તે છતાં ક્યારેક કોઈ પોતાના અહંકારથી જાતે હેરાન થાય. એક વખત સદ્‌ગુરુશ્રી મેડા ગામ પધાર્યા હતા. ત્યાંના પટેલને ગામના હરિભક્તો સાથે મતભેદ થતાં તે પટેલ હરિભક્તોને હેરાન કરતા હતા. સદ્‌-ગુરુશ્રીને આ વાતની ખબર પડી, તેથી તે પટેલને બોલાવીને તેમના હિતના ઘણાં વચનો કહ્યાં પણ તે પટેલને પોતાના પદ ને મિલકતનો મદ, તે વાત માની નહિ. ઊલટાનું તે કહે : "હરિભક્તોનું ઉપરાણું લઈ તમે મને સમજાવો છો, પણ હું તો મારા ઘરનાં નેવાં રહેશે ત્યાં સુધી મારો ઠરાવ ફેરવવાનો નથી." સદ્‌ગુરુશ્રી કહે : "પટેલ! ઠરાવ તો શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના આ ભક્તોના રહેશે. તમારા ઠરાવ નહિ રહે. અમને તો કાંઈ નથી પણ ભગવાનને આવા અહંકારના વચન ગમતાં નથી, તેથી અમારી વાત મનાય તો સારું, નહિતર તો તમે જાણો." પરંતુ તે પટેલે ગણકાર્યું નહીં. સદ્‌ગુરુશ્રી તો ત્યાંથી અમદાવાદ પધાર્યા.

એ પટેલને તે દિવસંથી દિન-પ્રતિદિન નુકસાની આવતી ગઈ ને મેડા-ગામ મૂકી બીજા ગામડામાં રહેવા જતું રહેવું પડ્યુ ને વ્યવહારમાં પણ સાવ દબળ સ્થિતિ થઈ ગઈ

દરમ્યાન, સં. ૧૯૭૮ના ફૂલડોળ ઉત્સવ ઉપર મુક્તરાજ બાપાશ્રીએ વૃષપુરમા છત્રી પાસે ધર્મશાળા કરાવવાનો અને એ ઠેકાણે હનુમાનજી પધરાવવાનો વિચાર કર્યો. ગામના અને આજુબાજુના હેતરુચિવાળા તથા ભુજના મોટેરા સંત-હરિભક્તોએ એ વિચારને અનુમોદન આપ્યું યારે બાપાશ્રીએ સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીને પત્ર લખી આ અંગે તેમના અભિપ્રાય મંગાવ્યો. બંને સદ્‌ગુરુઓએ લખ્યુ "આપે સંકલ્પ કર્યો છે તે ઠીક કર્યો છે. છત્રીના ચમત્કારી સ્થાને આ થશે તે સારુ થશે વળી એ સ્થાનમાં હનુમાનજીની પ્રતિષ્ઠા થશે એટલે કેટલાક જીવ એ નિમિત્તે પણ મહારાજની પ્રસાદી સ્થાને દર્શન કરી આત્યંતિક મોક્ષના ભાગ્યશાળી થશે, કેમકે આપે ચરણારવિંદ પધરાવ્યા ત્યારે આશીર્વાદ આપેલા છે." આથી ધર્મશાળા તથા હનુમાનજીના મૂર્તિ તથા મંદિરનું કામ શરૂ કરાવ્યું.

તે પ્રતિષ્ઠાપ્રસંગ ચૈત્ર વદ બારશથી વૈશાખ સુદ ત્રીજ સુધી સત્સંગીજીવન પારાયણ વાંચવાનું નક્કી કર્યુ ને વૈશાખ સુદ ત્રીજને દિવસે હનુમાનજીની પ્રતિષ્ઠાનુ મુહૂર્ત હતું તે મુજબ અમદાવાદ સદ્‌ગુરુશ્રીને તેડાવવાના કાગળ લખી નાખેલા પણ હરિભક્તોના આગ્રહથી અને હેતભરી વિનંતીથી સદ્‌ગુરુશ્રી બિહારમા ઝરિયા-ધનબાદ તરફ પધાર્યા હતા. બાપાશ્રીને એ સમાચાર મળતાં પોતે વિચાર કર્યો કે યજ્ઞ-પારાયણના આવા મોટા કામમાં સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી વિના કેમ ચાલે તેથી પોતે ઝરિયા તાર કરાવ્યો કે તમારી યજ્ઞના કામમાં ખાસ જરૂર છે માટ તુરત આવો. તાર મળતાં સદ્‌ગુરુશ્રી તરત અમદાવાદ આવ્યા ને સંત-હરિભક્તો

સહિત કચ્છમાં વૃષપુર પધાર્યા. સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી ઉપર મુક્તરાજ બાપાશ્રીએ અત્યંત પ્રસન્નતા જણાવી કહ્યું : "સ્વામી! આ ફેરે તમે બહુ વાટ જોવરાવી. તમારે સત્સંગના કામ ઘણા તેથી એમ થાય, તો પણ ટાણે આવી પહોંચ્યા તે સારું થયું. હવે તમે જાણો ને તમારું આ બધું કામ જાણે!" સદ્‌ગુરુશ્રી કહે : "ભલે! આપ જેમ રાજી થાઓ તેમ, અમારે તો આપનો રાજીપો જોઈએ." આમ કહી બાપાશ્રીએ પોતે તો જેમ કોઈ મહેમાન હોય તેમ પોતાના માથેથી કામ ઉતારી નાખ્યું! સદ્‌ગુરુશ્રીએ તથા સંતોએ ગામેગામ કંકોત્રીઓ લખી નાખી, અને યજ્ઞ–પારાયણના ઉત્સવની તૈયારીઓ કરાવવા માંડી. હજારો સંત–હરિભક્તોના આનંદમંગળ ને ઝાકઝમાળ વચ્ચે યજ્ઞ–પારાયણનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. સૌ કોઈને શીરા અને સુખડીના પ્રસાદથી તૃપ્ત કર્યા. દિવ્ય મુક્તો, દિવ્યસ્થાન અને દિવ્ય ઉત્સવ! બાપાશ્રીએ હનુમાનજી પધરાવતાં કહ્યું : "હે હનુમાનજી! તમે વનમાં બહુ સેવા કરી મહારાજને રાજી કર્યા છે, તેમ જ કેટલાય મોટા મોટા કામો કર્યા છે, તેથી એ મહાપ્રભુને તમે અત્યંત વહાલા છો. હવે તમે આ પ્રસાદીના સ્થાને બેસી જે કોઈ ભૂતપ્રેતવાળા કે દુ:ખી–દરિદ્રી તમારી પાસે આવે તેના ઉપર દૃષ્ટિ કરી 'સ્વામિનારાયણ ... સ્વામિનારાયણ' એ મહામંત્ર ઉચ્ચારણ કરાવી એ સર્વેના અનેક પ્રકારના દુ:ખ ને સંકટ મહારાજના પ્રતાપે નાશ કરજો." પોતે તથા સદ્‌ગુરુઓએ હનુમાનજીનું પૂજન કરી પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી, ત્યાં તો ઉત્સવિયા મંડળીઓએ ઉત્સવની રમઝટ બોલાવવા માંડી. એ સમયે તળાવની ચારે તરફ ચંદન પુષ્પ ને અગરબત્તીની સુગંધ સુગંધ થઈ રહી. સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજીએ એ વખતે બાપાશ્રીને પૂછયું : "આ હનુમાનજીનું નામ શું?" બાપાશ્રી કહે : "એમનું નામ

ભીડભંજન હનુમાનજી.''' સૌ કોઈ 'શ્રીજીમહારાજની જય', 'ભીડભંજન હનુમાનજીની જય' એમ ઊંચા સાદે બોલ્યા. ત્યારે સદ્‌ગુરુશ્રીએ ફરી કહ્યું : "અહીં દર્શન કરવા આવનારને વરદાન આપો." બાપાશ્રી તો અઢળક ઢળ્યા હતા, કહે : "સ્વામી ! આ હનુમાનજી સારંગપુરના હનુ-માનજીની પેઠે કામ કરશે, ને જે કોઈ અહીં દર્શન કરવા આવશે તેને અમે અક્ષરધામમાં તેડી જઈશું." શ્રીહરિજીની દિવ્ય કૃપા બાપાશ્રી અને સદ્‌ગુરુશ્રી નિમિત્તે વરસી રહી !

યજ્ઞની ધામધૂમ પત્યા પછી એક દિવસ સદ્‌ગુરુઓ તથા મૂળીના સંતો બપોરના વાડીએ નહાવા ગયા ને ત્યાં સંતોએ બાપાશ્રીને પૂછ્યુ "બાપા દરેક મંદિરમાં ઠાકોરજી પધરાવ્યાને સો વર્ષ થાય ત્યારે શતવાર્ષિક પાટોત્સવ કરાય છે, તેમ મહારાજે મૂળીમાં શ્રી રાધાકૃષ્ણદેવ પધરાવ્યા તેન આવતી સાલે સં. ૧૯૭૯માં સો વર્ષ પૂરા થાય છે, તો હ આ શતવાર્ષિક પાટોત્સવ કરવાનું કેમ કરવું? આ પાટોત્સ સાવ ઢૂકડો આવ્યો તેનું અમારે શું કરવું? બાપાશ્રી થો વાર નેત્ર મીંચી રહ્યા પછી કહે : "પાટોત્સવ તો કરજો. વર્ષનો સમૈયો આવે તે કર્યા વિના કેમ ચાલે? શ્રીજીમહારાજ કામ છે, તે પોતે પૂરું કરશે. તમે મહારાજને સંભારી નિમિત્તે ગામેગામ ખરડા કરવા જશો તો હરિભક્તો કરશે. કોઈ પ્રકારની ચિંતા રાખ્યા વિના મહારાજ તથા મો આગળ રાખીને આ કાર્ય કરજો. એટલે એ કોઈ વા વાંધો નહિ આવવા દે." પછી બાપાશ્રી કહે : "અહીં ર બધું કામ પતી ગયું છે. તમે કાલે જ નીકળો ને પાટોત્સ સમૈયો ધામધૂમથી કરવાની તૈયારી કરવા માંડો. અમે ભેળા જ છીએ." વૃષપુરથી નીકળતી વખતે બાપા સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને કહ્યું : "પાટોત્સવ મૂંઝાશો મા. મહારાજ અને અમે દિવ્યદેહે તમારા ભે

છીએ, પણ જે ઠેકાણે કામ પડે ને સંભારશો ત્યાં ય આમ આવીને ઊભા રહીશું ને પાટોત્સવના સમૈયામાં પણ આવીશું.'' આમ કહી અતિ પ્રસન્નતા જણાવી. સંતો સૌ ઘણા રાજી થયા.

સદ્‌ગુરુઓ તથા સંતહરિભક્તોએ મૂળી, આવી મોટા મોટા હરિભક્તોને અષાડ સુદ એકાદશીને દિવસે બોલાવી શતવાર્ષિક પાટોત્સવ બાબત વાત કરી. તે વર્ષે વરસાદ ખેંચાયો હતો. પાટોત્સવ માટે ખરડા કરવા જવાનું હતું. દિવસો થોડા હતા, દિવસો વીતતા જતા હતા, વરસાદ લંબાયે જતો હતો. પૂરતા વરસાદ વિના વર્ષ સારું પાકે નહિ, ને તો ખરડામાં હરિભક્ત છૂટથી આપી શકે નહી. સદ્‌ગુરુશ્રી પોતે ય સમર્થ પણ બાપાશ્રીને પ્રાર્થનાપત્ર લખ્યો. "આ દેશમાં વરસાદ મુદ્દલ નથી તેથી સાવ દુષ્કાળ વર્ષ છે. આવા વખતમા ખરડા ન થાય, માટે જો દયા કરીને વરસાદ કરો તો પાટોત્સવ કરવાની હિમત આવે, નહિ તો દેશકાળ જોતાં એ વિચાર બંધ રહે તેવું જણાય છે" કાગળ મળતાં જ બાપાશ્રીએ જવાબ લખાવ્યો કે તમે પાટોત્સવનો વિચાર કાયમ રાખજો ને ખરડા કરવા નીકળજો. વરસાદ ઘણો થશે ને વર્ષ સારું પાકશે. આ પત્ર મળ્યો કે સંતો હિંમતમાં આવી ગયા ને ખરડો કરવા નીકળ્યા ત્યાં તો માર્ગમાં જ વરસાદ થવા માંડ્યો. પછી તો ગામેગામથી ને જિલ્લે જિલ્લેથી વરસાદ થયાના સમાચાર આવવા લાગ્યા. સૌ હરિભક્તોએ ઉમંગથી સારી રીતે સેવાઓ કરવા માંડી.

આમ હરિભક્તોમાં ફરીને સદ્‌ગુરુશ્રી મૂળીના શતવાર્ષિક પાટોત્સવની તૈયારી કરાવતા હતા, ને પાટોત્સવને મહિનો પણ પૂરો રહ્યો ન હતો. આથી મુક્તરાજ બાપાશ્રીને શતવાર્ષિક પાટોત્સવ ઉપર મૂળી તેડી લાવવા સ.ગુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સાધુ મુક્તવલ્લભદાસજી તથા આશાભાઈ મહા સુદ બીજને દિવસે ભુજ મંદિરમાં પહોંચ્યા. ત્યાં શ્રી ઠાકોરજીના

દર્શન કરી સંતોને મળ્યા ત્યાં તો એવા સમાચાર મળ્યા કે બાપાશ્રી હમણાં માંદા છે તે મૂળી આવી શકે તેમ જણાતું નથી. સદ્‌ગુરુશ્રી કહે : "એ તો અમે ને બાપાશ્રી જાણીએ, પણ તમે સંતો જરૂર આવજો." તે પછી સદ્‌ગુરુશ્રી ઘોડાગાડી ભાડે કરી વૃષપુર સવારે દસ વાગ્યે પહોંચ્યા. બાપાશ્રી પોતાના ઘરના બારણામાં ઊભા હતા, તે મળ્યા ને બોલ્યા : "આવડલી વાર ક્યાં લગાડી વીરા!" સદ્‌ગુરુશ્રીએ બધી વિગત જણાવી. પછી સદ્‌ગુરુશ્રીએ કહ્યું : "આપને ચરણે 'વા' છે તેને શેકો છો, તેનું કેમ કરશો?" બાપાશ્રી કહે : "તેને તો રજા આપીશું!" પછી પુરાણી નંદકિશોરદાસજી સ્વામીના નામથી છપાયેલી કંકોત્રીઓ સદ્‌ગુરુશ્રી સાથે લાવેલા, તે કચ્છના ગામડાઓમાં મોકલી દીધી. સદ્‌ગુરુશ્રી તે પછી તરત નીકળી ભુજ પાછા આવી સીધા તાર ઑફિસે ગયા. બાપાશ્રી મૂળીએ યજ્ઞમાં પધારે છે એવા સમાચાર મૂળી, મુંબઈ, અમદાવાદ, કલકત્તા, ઝરિયા, કટક વગેરે સ્થળોએ તારથી આપી દીધા.

મહા સુદ ત્રીજની વહેલી સવારે બાપાશ્રી વૃષપુરથી ભુજ સ્ટેશને પધાર્યા. સદ્‌ગુરુશ્રી વગેરે સૌ ત્યાં હાજર હતા. બાપાશ્રી કહે : "અમે યજ્ઞ કરવા જઈએ છીએ ને આ ટાણે જ શ્રીહરિકૃષ્ણમહારાજનો યજ્ઞ શરૂ થઈ ગયો. અમે મહારાજના સંકલ્પથી જય જયકાર કરીને પાછા આવીશું."

ભુજથી તૂણા આવી આગબોટમાં બેસી જામનગર થઈ રાજકોટ પધાર્યા. સદ્‌ગુરુશ્રી તો સૌની સતત ખબર રાખનારા —માતાથી યે વિશેષ. બાપાશ્રીને કહે : "આ સમૈયાનું કામ તાબડતોબ થયું છે માટે વાસણ, બળતણ તો ભેગું કર્યું છે, પણ પાગરણ કે ઓઢવાનું બિલકુલ છે જ નહિ, માટે ટાઢને રજા આપો તો સારું!" સત્સંગીઓ માટેની કેટલી સજાગતા!

બાપાશ્રી કહે : "ચાર દિવસ માટે રજા આપીશું. એક લૂંગડે જ ચાલે એટલી રહેશે, વધુ નહિ રહે." તેમ કરતાં મૂળી સ્ટેશને પહોંચ્યા. ધામધૂમથી સ્વાગત થયું.

વસંતપંચમીની સવારમાં પાટોત્સવનો સમૈયો હોવાથી હજારો માણસોને જમાડવા, પાકશાળામાં શીરો તૈયાર કરી, સીમેન્ટથી તૈયાર કરેલા મોટા મોટા હોજ ભરતા હતા. ત્યાં ચોથની રાત્રીએ બાપાશ્રીએ સ. ગુ. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને મોકલ્યા કે જોઈ આવો કે શીરાનું કેમ છે? આજ્ઞા થતાં તેઓશ્રી પાકશાળામાં આવ્યા ને જોયું તો શીરો ઘણો તૈયાર થઈ ગયેલો, તેમ લોટ, ગોળ, ઘી વગેરે બીજો સામાન પણ ઘણો હતો. તે વાત તેમણે બાપાશ્રી પાસે આવીને કરી. બાપાશ્રી કહે : "હવે શીરો કરવાનું બંધ રખાવી આવો." સદ્‌ગુરુશ્રીને તો બાપાશ્રી બોલે એટલે તેમાં તર્ક થાય નહિ, તેથી એ પાછા પાકશાળામાં જઈ શીરો કરવાનું બંધ કરાવી આવ્યા. સવારમાં સ્વામી ગુણાતીતદાસજી વગેરે સંતો કહે : "મનુષ્ય ઘણા છે તે કદાચ ખૂટે ને પૂરું ન થાય તો એ ટાણે અમારી લાજ જાય, માટે હજી શીરો થવા દો." આ વાત બાપાશ્રીએ જાણી. તેઓશ્રી કહે : "અમે કચ્છમાંથી આ યજ્ઞ અમારો જાણીને અહીં આવ્યા છીએ, તે લાજ જાય તો અમારી જાય, તેથી અમારે ખૂટવા દેવો નથી. લાજ રાખવી તે તમારા હાથમાં નથી, એ તો શ્રીજીમહારાજના પ્રતાપથી અમારા હાથમાં છે!" પછી વળી કહે : "અમારે તો અડધો શીરો પણ વરવા દેવો નથી, ઘણો વધશે ને ગાડાં ભરીને ગામેગામ વહેંચાશે ને ભાડાં ખરચી ખરચીને થાકી જશે તો પણ ખૂટશે નહિ." એમ કહી પોતે પાકશાળામાં પધાર્યા, ને સાકરની પ્રસાદી દરેક હોજમાં નાખી. પછી તો શીરો અખૂટ બની ગયો! શીરો હતો કે શ્રીહરિની કૃપા હતી? —બંને અખૂટ હતાં! મૂળીના એ શતવાર્ષિક પાટોત્સવમાં

બાપાશ્રી દ્વારા શ્રીહરિજીની કૃપા પણ અઢળક વરસી, ને સૌને શીરાની પ્રસાદી પણ અખૂટ પહોંચી !

વસંતપંચમીના આ પાટોત્સવ યજ્ઞમાં હજારો હરિભક્તો ને અન્ય મુમુક્ષો આવેલા કે જેની ગણતરી જ ન થઈ શકે. જ્યાં ને ત્યાં ભીડ, ભીડ ને ભીડ. કીર્તન – ઢોલ – નગારા– ચોઘડિયા – આરતી – ઉત્સવ, બસ આનંદ – આનંદ ને જય – જયકાર ! પાટોત્સવના દિવસે મોટા મોટા દરબારોએ હર્ષભર્યા મંદિરના ઘૂમટ ઉપર ઊભા રહી ચોકમાં રૂપિયા ઉછાળી સંભારણું કર્યું. સાંખ્યયોગી બાઈઓએ મંદિરના નવા કળશ કરાવરાવ્યા. સર્વત્ર જાણે શ્રીહરિજીમહારાજની કૃપા છવાઈ ગઈ.

શ્રીહરિજીના પ્રતાપથી શ્રીરાધાકૃષ્ણદેવ–શ્રીહરિકૃષ્ણમહારાજનો શતવાર્ષિક પાટોત્સવ રંગેચંગે ને આનંદોત્સવથી ઊજવાયો. કોઈ વિઘ્ન નડ્યું નહિ, ને સર્વત્ર જયજયકાર થઈ ગયો. આખા ઉત્સવમાં સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી ક્રૂવાથંભ જેવા અડીખમ મદદમાં ઊભા રહ્યા હતા.

કચ્છથી આ સમૈયે આવેલા સંઘને બાપાશ્રીએ કહ્યું કે અમારા પૌત્ર જાદવજીને આંખે તકલીફ છે તેની દવા કરવા અમારે અમદાવાદ જવું પડશે. બાપાશ્રી રોકાયા છે ને અમદાવાદ તરફ પધારે છે તેની જાણ થતાં ગામેગામના હરિભક્તો સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામીને વિનંતી કરવા લાગ્યા કે અમને બાપાશ્રીનો લાભ અપાવજો. સૌના વતી સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ બાપાશ્રીને કહ્યું : “ આ સભામાં હરિભક્તો અમને કહે છે કે બાપાશ્રીને લઈને અમારે ગામ દર્શન દેવા પધારો. આપ પધારો તો સૌ – નાના, મોટા, બાઈ, ભાઈ બધાં – ને દર્શનનો લાભ મળે, જેને સત્સંગ ન હોય તેને ય બીજબળ થાય. વળી ઝાડ, પહાડ, પશુ, પક્ષી આદિ જીવો દૃષ્ટિમાં આવે તેનું પણ કામ થઈ જાય.” બાપાશ્રી કહે :

"સ્વામી! અમે તો હવે એકે ય ઠરાવ અમારો રાખ્યો નથી. પણ જીવનાં કલ્યાણ કેમ થાય એટલો જ સંકલ્પ છે."

મૂળીથી બાપાશ્રી, સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી અને બીજા સંતો સહિત વઢવાણ થઈને અમદાવાદ પધાર્યા.

સૌ હરિભક્તોને જાણ થઈ ગયેલી કે બાપાશ્રીનો લાભ લેવા માટે સદ્‌ગુરુશ્રીને મળી તેમના માર્ગદર્શન મુજબ કરવું. સરસપુર મંદિરમાં સદ્‌ગુરુશ્રી પાસે હરિભક્તોના મેળા થવા લાગ્યા. બાપાશ્રીએ તો આ વખતે અનંત જીવોના કલ્યાણનો કળશ ચડાવ્યો હતો! સદ્‌ગુરુશ્રી તેના સૂત્રધાર હતા! ડૉ. નાગરદાસભાઈની સલાહ અનુસાર બાપાશ્રીના પૌત્ર જાદવજી-ભાઈની દવા ચાલતી થઈ હતી.

બાપાશ્રી સાથે સદ્‌ગુરુશ્રી અનંત જીવોના કેવળ કલ્યાણ માટે, સૌના ઉપર રાજી થઈ, ગામેગામ ફર્યા. અમદાવાદથી મેડા થઈ મણિપુર પધાર્યા. ત્યાં મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી, ઘેરઘેર પધારી સૌને રાજી કર્યા. ત્યાંથી જોશીપુરા, ખંડરપરા થઈ દેવપરા આવી રાત રહ્યા. બીજે દિવસે કલ્યાણપરા થઈ ધર્મપુર પધાર્યા. ત્યાં (મહા સુદ) એકાદશીનું ફરાળ કરી ઘોઘામઢ, પંઢરપુર થઈ વિશોતપરા પધાર્યા. રાત રોકાયા. ત્યાંથી ગાડામાં બેસી કડી પધાર્યા. શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારી, પ્રસાદી વહેંચી ઘેરઘેર પધારી સૌને રાજી કર્યા. કુંડાળ ગયા, પાછા કડી આવી રાત રોકાયા. ત્યાં ઉનાવાના હરિભક્તોએ આવી પ્રાર્થના કરી તેથી સદ્‌ગુરુના આગ્રહથી બાપાશ્રી ગામ ઉનાવા પધાર્યા. સૌને કથાવાર્તાથી રાજી કર્યા ને બાપાશ્રીને હાથે સૌના ઉપર પાણી છંટાવી મોક્ષના વચન આપ્યા. ત્યાંથી દોલારાણાના વાસણા પધાર્યા. મંદિરમાં દર્શન કરી, હરિભક્તોના ઘેરઘેર પધારી રાત રહ્યા. ત્યાંથી કલોલ થઈ આદરજ, ધમાસણા થઈ અમદાવાદ પાછા પધાર્યા.

હરિભક્તોનાં આગ્રહ ને ત્વરાથી રાજી થઈ બાપાશ્રી ફરી અમદાવાદથી નીકળી સદ્‌ગુરુશ્રી—સંત હરિભક્તો સહિત જેતલપુર, અસલાલી, રાયપુર, વહેલાળ, કણભા, કુજાડ, બાકરોલ, કાળી, મોટેરા વગેરે ગામોમાં પધાર્યા. સૌને દર્શન-સેવાનો લાભ આપી રેલ્વે માર્ગે સૂરત પધાર્યા. ત્યાંથી પાછા વળતા વડોદરા થઈ વડતાલ દર્શને પધાર્યા. વડતાલથી મોટર માર્ગે નળકાંઠા વિસ્તારના ગામોમાં દર્શન દેવા પધાર્યા. કુંડળ, નાનોદરા, દેવધોલેરા, કેસરડી, ઝાંપ, વનાળિયા, મેંટાળ, રેથળ, વાસણા, ઉપરદળ થઈ વાંસવા પધાર્યા. ત્યાં બાઈઓના મંદિરમાં મૂર્તિ પધરાવી, ત્યાંથી અમદાવાદ પધાર્યા.

તે વખતે જાણ્યું કે બાપાશ્રીના પૌત્ર જાદવજીભાઈની આંખની દવા હજુ એક મહિનો ચાલશે. દરમ્યાન કરાંચીના હરિભક્તોના તાર તથા કાગળ આવેલા કે આપ સૌ કૃપા કરી કરાંચી પધારો. ત્યારે બાપાશ્રી સદ્‌ગુરુશ્રીને કહે: "સ્વામી! તમે ભેળા ચાલો તો આપણે કરાંચી જઈ આવીએ. ત્યાં સુધી અહીં જાદવજીની દવા પણ થાય." સદ્‌ગુરુશ્રી તો લાભ અપાવવા જ બેઠા હતા! તેમણે તરત જ કરાંચી તાર કરાવ્યો.

રેલ્વે માર્ગે સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી સ્વામી, પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામી, દેવજીવનદાસજી સ્વામી, મુક્તવલ્લભ-દાસજી સ્વામી તથા બાપાશ્રીના અનન્ય સેવક આશાભાઈ વગેરે સાથે બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી કરાંચી પધાર્યા. કરાંચીનું આખું સ્ટેશન હરિભક્તો-મુમુક્ષુઓથી ઊભરાતું હતું. મુક્તરાજ બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામીશ્રીના પ્રભાવશાળી સ્વરૂપથી સૌ કોઈ આકર્ષાતા. હરિભક્તોએ અતિ ભાવથી ધામધૂમથી સ્વાગત કર્યું. કરાંચીના મુક્તો લાલુભાઈ, મહાદેવભાઈ, સોમચંદભાઈ વગેરેએ બાપાશ્રી અને સદ્‌ગુરુ-શ્રીનો લાભ સૌ કોઈને મળે તેમ કથા-વાર્તા, પધરામણી,

રસોઈ, પ્રસાદીના કાર્યક્રમ ગોઠવ્યા. હરિભક્તોને હોંશ હોવાથી સૌને ગુલાલ ઉડાડી રાજી કર્યા. હરિભક્તોને તો લાભ લેવાનો અતિશય ઉમંગ. સત્સંગ સમાજ સહિત બાપાશ્રી-સંતોના ફોટોગ્રાફ પાડચા. સભામાં ને આસને કથાનો તો સોંપો પડે જ નહીં. બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રી ચમત્કારી વાતો કરી સૌને શ્રીજીમહારાજના મહિમા ને દિવ્યભાવ દઢ કરાવતા.

દસ દિવસ કરાંચીમાં રહી સૌને સુખિયા કરી બાપાશ્રી ને સદ્‌ગુરુશ્રી અમદાવાદ જવા માટે નીકળ્યા. ટ્રેનમાં બેસી ડાંગરવા સ્ટેશને પહોંચ્યા ત્યાં સદ્‌ગુરુશ્રા વૃંદાવનદાસજી સ્વામીશ્રી સાથે ડાંગરવા-કરજીસણના હરિભક્તો વહેલી સવારે ત્રણ વાગ્યે દર્શને આવેલા, તેમને રાજી કરી, સીધા અમદાવાદ સ્ટેશને આવ્યા. શેઠ બળદેવભાઈની મીલમાં પધાર્યા. ત્યાં બાપાશ્રી લગભગ એક માસ રોકાયા ને સદ્‌ગુરુશ્રીએ સૌને તેમનો અમૂલો લાભ અપાવ્યો.

હવે સદ્‌ગુરુશ્રી બાપાશ્રીને લઈને વિરમગામ પધાર્યા. મંદિરમાં ને હરિભક્તોના ઘરે પધારી સૌને ન્યાલ કર્યા. વિરમગામ રાત રોકાઈ ડાંગરવા, જરવલા, બામણવા, વગેરે ગામોમાં દર્શન દઈ પાટડી પધાર્યા. મંદિરમાં તથા મુક્તરાજ નાગજીભાઈને ત્યાં પધારી સૌને લાભ આપી રાત્રિ રોકાયા. ત્યાંથી પાછા અમદાવાદ પધાર્યા.

જાદવજીભાઈની આંખે હવે સારું થઈ ગયું હતું, પણ ઝાલાવાડના હરિભક્તોની અંતરની ઈચ્છા હતી કે સદ્‌ગુરુશ્રી બાપાશ્રીને લઈને તેમના ગામોમાં પધારે તો સારું. સદ્‌ગુરુશ્રીની વિનંતીથી બાપાશ્રી, સદ્‌ગુરુશ્રી તથા સંતહરિભક્તો સહિત વિરમગામ થઈ માંડળ, ત્રેંટ થઈ રામગ્રી પધાર્યા. ત્યાંથી સેડલા, ગેંડિયા થઈ લીલાપુર આવ્યા. ત્યાંથી ધ્રાંગધ્રા, ભારદ, સોલડી, હળવદ, વાંટાવદર, રાસંગપુર, ધનાળા, પ્રતાપગઢ, ધાંટિલા, માલણિયાદ પધાર્યા.

પાછા હળવદ, ધ્રાંગધ્રા થઈ સુરેન્દ્રનગર, બોટાદ થઈ પાળિયાદ પધાર્યા. ત્યાંથી તુરખા થઈ ગઢડા પધાર્યા. ગઢડામાં શ્રી ગોપીનાથજી મહારાજ — શ્રીહરિકૃષ્ણમહારાજના દર્શન કર્યા. પ્રસાદીના દિવ્ય સ્થાનોએ આ મુક્તમંડળે આખો દિવસ દર્શન કર્યા. ત્યાં ભાવનગરથી પ્રાર્થનાપત્ર આવ્યો. સદ્‌ગુરુશ્રીને તેમાં લખેલું : "આપના ઉપર અમને વિશ્વાસ છે, આપ જરૂરથી બાપાશ્રીને લઈને અહીં પધારશો ને અમને સુખિયા કરજો." તેથી બાપાશ્રી, સંતો–હરિભક્તો ભાવનગર પધાર્યા. બે દિવસ રહ્યા. નાના–મોટા સૌને રાજી કરી દીધા. ત્યાંથી ટ્રેનમાં સુરેન્દ્રનગર આવી ટ્રેન બદલી મૂળી પધાર્યા. મૂળીથી બાપાશ્રી કચ્છમાં જવા માટે નીકળ્યા. સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી, મુક્તવલ્લભદાસજી સ્વામી તથા આશાભાઈ બાપાશ્રી સાથે પધાર્યા. ટ્રેનથી વાંકાનેર, રાજકોટ થઈ જામનગર પધાર્યા. સંતહરિભક્તોનો આગ્રહ હોવાથી ત્યાં રોકાઈ સૌને સુખિયા કર્યા. ત્યાંથી નીકળી તૂણા બંદર થઈ ભુજ દર્શન કરી વૃષપુર પધાર્યા.

આમ, મુક્તરાજ બાપાશ્રીએ સદ્‌ગુરુશ્રી સાથે બે મહિના સુધી ગામેગામ ને ઘરેઘર પધારી અનંત જીવોને સુખિયા કર્યા. નાના–મોટા–બાઈ–ભાઈ–ગાય–ભેંસ–ઘોડા સૌ જીવોને કૃપાદષ્ટિથી ન્યાલ કર્યા. બાપાશ્રીની ઉંમર ૭૮ વર્ષની ને સદ્‌ગુરુશ્રીની ૬૨ વર્ષની. આ જૈફ ઉંમરે ઘેર ઘેર પધારી, પોતાના પરિશ્રમનો સહેજ પણ વિચાર કર્યા વિના કેવળ કરુણા કરી સૌને દર્શનદાનથી મૂર્તિના સુખમાં રાખી દીધા.

મુક્તરાજ બાપાશ્રી અને સંતો વૃષપુરમાં આવ્યા પછી હરિનવમીના સમૈયા પર ભુજ દર્શને પધાર્યા. ત્યાં ચાર દિવસ રહીને પાછા વૃષપુરમાં આવી ચૈત્ર વદ દશમથી અમાસ સુધી 'શિક્ષાપત્રીભાષ્ય'ની પારાયણ બેસારી. કચ્છના બધા ગામેગામના સહુ હરિભક્તો દર્શન કરી ગયાં. તે પછી

નારાયણપુર, સુરજપુર જઈ પાછા વૃષપુર પધાર્યા. ત્યારે બાપાશ્રીએ અતિ પ્રસન્નતા બતાવી સદ્‌ગુરુશ્રીને અમદાવાદ તરફ જવા રજા આપી. નીકળવા ટાણે ચંદન–પુષ્પથી પૂજા કરી મળ્યા. બાપાશ્રી કહે : "આ ફેરે તમે સત્સંગમાં ફરીને ઘણો સમાસ કર્યો, ને અનંત જીવોને મહારાજ સન્મુખ કર્યા. આવા સંત અનંત બ્રહ્માંડમાં ખોળતાં ન મળે."

આ રીતે સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી આત્યંતિક કલ્યાણની રસરેલ ચલાવી અમદાવાદ પધાર્યા.

સદ્‌ગુરુશ્રી જ્યાં જ્યાં પધારે ત્યાં જ્ઞાનયજ્ઞો તો ચાલુ જ હોય. જેતલપુર મંદિરમાં સદ્‌ગુરુ ભગવતચરણદાસજી સ્વામી મહંત હતા, તેમના સાધુ શાસ્ત્રી થયેલા હતા, તે છતાં તેઓ સદ્‌ગુરુશ્રીને જેતલપુર તેડાવીને વચનામૃતની કથા પ્રસંગે જ્ઞાનવાર્તાઓ કરાવતા. સદ્‌ગુરુશ્રી કહેતા : "અક્ષરધામમાં જે દિવ્યમૂર્તિ, છપૈયામાં જે પ્રગટ થયા તે મનુષ્યરૂપ મૂર્તિ ને હાલ મંદિરમાં બિરાજમાન પ્રતિમારૂપે મૂર્તિ તે એક જ છે. એક રોમનો પણ ફેર નથી. આ મૂર્તિ તે ઉપાસ્ય મૂર્તિ છે. આ મૂર્તિનું જ ધ્યાન–ભજન કરવાનું છે. આમ કરવાથી ને સમજવાથી, મનન કરવાથી ને નિદિધ્યાસથી છેવટે સાક્ષાત્કાર થાય છે. આપણને સત્સંગ મળ્યો, મહારાજ ઓળખાયા, તેથી આપણે છતે દેહે મહારાજને પામ્યા. દેહ પડચે પામીશું તેમ નહીં. આવી સમજણનો અહર્નિશ કેફ રહેવાથી મહારાજથી એક અણુમાત્ર છેટું ન લાગે."

સદ્‌ગુરુશ્રી કેવળ સત્સંગસુધારણા માટે જ પ્રવૃત્ત ન હતા. તેમની પ્રવૃત્તિ સર્વતોગ્રાહી હતી. સાહિત્યની પ્રવૃત્તિ તો આટ–આટલા બહુવિધ કાર્યોમાં પણ ચાલુ જ હતી. વાંચનારા જિજ્ઞાસુઓ વાંચીને રાજી રાજી થઈ જાય તેવી વચનામૃત–રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાને વધુમાં વધુ ઉપયોગી બનાવવા માટે સદ્‌ગુરુશ્રી જુદાં જુદાં સૂચનો ઉપર વિચારણા કરતા જ

રહેતા હતા. તેમને થયું કે જુદાં જુદાં વિષયોવાર વચનામૃતનાં પ્રશ્ન—કૃપાવાક્યો—બાબતો તારવી દીધી હોય તો અભ્યાસુને તે ખૂબ ઉપયોગી થાય. આમ વિષયોની વિશદ અનુક્રમણિકા બનાવવામાં આવી. તેને અ—આ—ઈ ક્રમમાં ગોઠવવામાં આવી. બે હજારથી વધુ વિષયોને તેમાં આવરી લેવામાં આવ્યા. તેવી જ રીતે રહસ્યાર્થ ટીકા ઉપરથી વિષયવાર અનુક્રમણિકા તૈયાર થઈ જેમાં હજારથી વધુ વિષયોને આવરી લેવામાં આવ્યા. ધ્યાનથી કોઈ વિચારે તો તેને સમજાય કે આ વિષયોની અનુક્રમણિકા બનાવવા માટે કેટલો ખંત, કેટલી કાળજી, કેટલી મહેનત, ધીરજ, ચીવટ ને ચોકસાઈ પ્રયોજવામાં આવ્યા હશે. સદ્‌ગુરુશ્રીની પ્રેરણાથી મોટા મોટા વિદ્વાનો સતત કાર્યરત રહેતા, સદ્‌ગુરુશ્રી પાસેથી સૂચનો—સમજણ મેળવતા, સદ્‌ગુરુશ્રી એ બધાની ભેળા ને ભેળા હોય તેમ કામ કરનારા સૌ અનુભવતા. આ રીતે વચનામૃતની શ્રીમુખવાણી ઉપરની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાને આખરી ઓપ અપાયો.

શેઠ બળદેવભાઈએ બાપાશ્રીને તથા સદ્‌ગુરુશ્રીને રાજી કરવાની તક ઝડપી લીધી. તેમણે વચનામૃત ગ્રંથ રહસ્યાર્થ ટીકા સાથે—છપાવવાની જવાબદારી સંભાળી. શેઠ બળદેવભાઈ સદ્‌ગુરુશ્રીના સમાગમથી ખૂબ બળિયા થયેલા, તેમનું ધ્યાન—ભજન અને સેવાનું ઉત્તમ અંગ. વળી, જ્ઞાની, ભોળા ને વિશ્વાસી પણ એવા, તેથી સદ્‌ગુરુઓ તથા બાપાશ્રીની સહેજે કૃપા થઈ હતી. સાધારણ આર્થિક સ્થિતિમાંથી પોતાની મહેનત, બુદ્ધિબળ, હોશિયારી ને શ્રીહરિકૃપાથી ઉત્તરોત્તર આગળ વધી, ગુજરાતની તે વખતની પ્રથમ કક્ષાની "નિટિંગ" મીલના માલિક બન્યા હતા. મીલઉદ્યોગમાં તેમનું મોટું નામ હતું. નિયમ, નિશ્ચય ને પક્ષ—એ ત્રણે અંગની તેમની દૃઢતા જોઈ બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીનો તેમના ઉપર સંપૂર્ણ રાજીપો હતો. એક અસાધારણ પ્રસંગે તેમને ભારે આર્થિક નુકસાન

વેઠવાનો કપરો વ્યાવહારિક પ્રસંગ ઊભો થયો. તેઓ મૂંઝાઈ ગયા, તે વખતે સદ્ગુરુશ્રીની પાસે ગયા. સદ્ગુરુશ્રી તો અંતર્યામી ને માતૃતુલ્ય! તરત બોલ્યા : "શેઠ, શ્રીજીમહારાજ બધું સારું કરી દેશે." તે જ રાત્રે શેરબજારમાં અસાધારણ તેજી આવી ને શેઠની સઘળી આર્થિક સંકડામણ દૂર થઈ ગઈ. સદ્ગુરુશ્રીના અદ્ભુત પ્રતાપના એમને અસંખ્ય અનુભવ હતા. તેથી તેઓશ્રી સંપૂર્ણપણે સદ્ગુરુશ્રીમાં વિશ્વાસ રાખતા.

હવે રહસ્યાર્થ ટીકા તૈયાર થયેથી છપાવવાનો વિચાર સં. ૧૯૬૯માં બાપાશ્રી અમદાવાદ પધાર્યા ને બારેજડી મીલમાં હતા ત્યારે જ સદ્ગુરુશ્રીના સૂચનથી શેઠ બળદેવ-ભાઈએ રજૂ કર્યો હતો. તેથી તે કામ પૂરું થતાં, છપાવવાની સેવા તેમણે લીધી તે સોનામાં સુગંધ ભળી. સં. ૧૯૮૧માં રહસ્યાર્થવચનામૃત છપાવવાનું કામ અમદાવાદમાં શરૂ થયું.

શેઠ બળદેવભાઈ તથા બહેચરભાઈ 'વચનામૃત–રહસ્યાર્થ' ગ્રંથ છપાતો હતો તેના ફરમા જેમ જેમ છપાતા જાય તેમ લઈને સદ્ગુરુશ્રીને બતાવવા લાવતા. સદ્ગુરુશ્રી સૌને ખંત, ચીવટ ને ખટકો રાખી પ્રૂફ સુધારી ઉત્તમ કામ કરવાનું કહેતા. કામ કરનારા દરેકના ઉપર સદ્ગુરુશ્રીનો અપાર રાજીપો. તેમને કોઈ નાનું નહીં, મોટું નહીં; શ્રીમંત નહીં, ગરીબ નહીં— સૌના ઉપર રાજીપાની રેલમછેલ!

તે અરસામાં ભુજમાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને ખૂબ મંદવાડ થઈ ગયો. મુનિસ્વામી પુરાણી કેશવપ્રિયદાસજીને તેઓ એક દિવસ કહેવા લાગ્યા : "મહારાજ ને બાપાશ્રી આ બેઠા છે, દિવ્ય તેજોમય સ્વરૂપ છે. સાથે સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી આદિ મુક્તો પણ દિવ્ય તેજોમયરૂપે છે ને સુખસુખના ઢગલા છે!" એમ કહી ઊંડા ઉતરી ગયા. તે દિવ્યભાવ જણાવતા,

સદ્‌ગુરુ નિર્ગુણાનંદ બ્રહ્મચારી મહારાજ ચૈત્ર સુદ પૂનમની સાંજે ભૌતિક દેહનો ત્યાગ કરી શ્રીજીમહારાજને સુખે સુખિયા થઈ ગયા. બ્રહ્મચારી મહારાજ તો હેતની મૂર્તિ ને બાપાશ્રીના પરમ લાડીલા. હજી ઉંમર તો માત્ર ઓગણસાઠ વર્ષની હતી. સૌ કલ્યાણવાંછુના પરમહિતેશ્રી અને સ્વજન એવા બ્રહ્મચારી મહારાજ ધામમાં જતાં સૌને મોટી ખોટ પડી. સદ્‌ગુરુશ્રીએ વાવેલા વૃક્ષ રૂપી બ્રહ્મચારી મહારાજ—પોતાની ઘેઘૂર ઘટાથી અનેકને આશ્રય આપી અનેકને સુખિયા કરી, મૂર્તિમાં સમાઈ રહ્યા. સદ્‌ગુરુશ્રીને પણ પરમસખારૂપ સ્વજનની અવરભાવમાં ખોટ પડી. પરભાવમાં સદાય વિચરનારા સદ્‌ગુરુશ્રીને તો સદાય ભેળા ને ભેળા જ હતા!

સદ્‌ગુરુ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી ધામમાં જતા તેમની સ્મૃતિ માટે ભુજમાં લાલશંકરભાઈએ વચનામૃતની પારાયણ બેસાડી. તે પ્રસંગે અમદાવાદ તથા મૂળીથી સંતોને તેડાવ્યા. સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી, સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી, પુરાણી ધર્મકિશોરદાસજી વગેરે સંતો ભુજ પધાર્યા. પારાયણની સમાપ્તિ પ્રસંગે સદ્‌ગુરુશ્રીએ બ્રહ્મચારી મહારાજના હેતની અને સ્થિતિની વાતો કરી સૌને પોતાના જીવનનો આદર્શ શું હોવો જોઈએ તે અંગે નિર્દેશ કર્યો. સદ્‌ગુરુશ્રીએ આત્યંતિક કલ્યાણની ગંગા જ જાણે પૃથ્વી ઉપર ઊતરાવી લીધી! બાપાશ્રી દ્વારા શ્રીજીમહારાજની કૃપા અનરાધાર વરસતી હતી, સદ્‌ગુરુશ્રીએ તેને ઝીલી લઈ કલ્યાણગંગા વહેતી કરી દીધી! ધન્ય છે મહાપ્રભુજી શ્રીજીમહારાજની અસાધારણ કૃપાને, ધન્ય છે મુક્તરાજ બાપાશ્રીની કરુણાને, ધન્ય છે સદ્‌ગુરુશ્રીના આપણા ઉપરના મહદ્ ઉપકારને! વારી વારી જઈએ!

એક મહિના સુધી સંત–હરિભક્તોએ અવનવા સુખ લીધા. સદ્‌ગુરુશ્રી તો બાપાશ્રીનો લાભ સૌને કેમ વધુ મળે

તેનું સતત ધ્યાન રાખે. બાપાશ્રીની આજ્ઞા થતા જેઠ માસમાં સૌ અમદાવાદ તરફ આવ્યા.

સં. ૧૯૮૧ના ભાદરવા માસ સુધીમાં વચનામૃતનું છાપવાનું કામ સંપૂર્ણ થયું. ત્યારબાદ પુસ્તકો બાંધવાનું કામ શરૂ થયું. સદ્‌ગુરુશ્રીએ મુક્તરાજ બાપાશ્રીને આ સમાચાર મોકલી જણાવ્યું : "સં. ૧૯૮૨ના કાર્તક સુદ ૧૧ પ્રબોધિની એકાદશીના સમૈયે વચનામૃતના પુસ્તકો તૈયાર થઈ જશે. પુસ્તકો કોઈને પણ આપ્યા પહેલા, પ્રથમ પુસ્તક ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને અર્પણ કરીશું, ને ત્યાર બાદ બીજે વિતરણ કરીશું. તો આપ અમારા સૌ ઉપર રાજી થઈ આશીર્વાદ આપશો." બાપાશ્રીએ જવાબ લખાવ્યો : "વચનામૃત છપાવવાનું કામ સારી રીતે પતી ગયું ને હવે પ્રબોધિનીના સમૈયે પુસ્તક પ્રકાશિત થશે, તે જાણી અમો સૌ રાજી થયા છીએ. વચનામૃત એ તો શ્રીમુખવાણી પરાવાણી છે, શ્રીજી-મહારાજની વાણીનો જેમ છે તેમ મહિમા જાણી જે કોઈ વાંચશે તેનો આત્યંતિક મોક્ષ થશે. તમો પ્રથમ પુસ્તક ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને સમર્પણ કરશો તે યથાર્થ છે, કેમકે આચાર્ય મહારાજ સત્સંગના ધણી છે, ને શ્રીજીમહારાજના પુત્ર છે."

સં. ૧૯૮૨ના કાર્તિક સુદની પ્રબોધિની એકાદશીનો સમૈયો અમદાવાદમાં ધામધૂમથી ઊજવાયો. તે પ્રસંગે કાર્તિક સુદ પૂર્ણિમાને રોજ શ્રી પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના 'વચનામૃત'—શ્રી કચ્છદેશે વૃષપુરનિવાસી અનાદિ મુક્તરાજ અબજીભાઈએ કરેલી 'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા' સહિત—પ્રકાશિત થયા. જ્ઞાનનો પૂર્ણ ચંદ્ર ઊગ્યો! તે દિવસે પ્રસિદ્ધકર્તા પરીખ બળદેવદાસ વલ્લભદાસ પુસ્તક લઈને ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજની પાસે ગયા ને સાદર સમર્પિત કર્યું.

સર્વ કારણના કારણ, પરાત્પર, સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની શ્રીમુખવાણી તે વચનામૃત, 'વચનામૃત' એટલે સર્વોત્તમ ગ્રંથ. તેના ઉપર શ્રીજીમહારાજના અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીએ યથાર્થ સમજૂતી આપી, 'રહસ્યાર્થ ટીકા' રચી તેને, સૌ મુમુક્ષુઓનું હિત જેને હૈયે સદાય રમતું રહ્યું હતું એવા સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ ઉત્તમ રીતે સંપાદિત કરી. અનન્ય સેવક શેઠ બળદેવભાઈએ પુસ્તકની ઉત્તમ છપાઈ કરાવી, સત્સંગસમસ્તની સેવામાં ઉત્તમ દિવસે સમર્પિત કર્યું. કોઈ પણ પાસાથી જુઓ : રહસ્યાર્થટીકા એટલે અનુભવ દિવ્ય વાણીનો ઉદધિ!

સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ પોતાની એકાશી વર્ષની આખી ઉંમર દરમ્યાન શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેવા અને અન્યને તેમ રાખવાના અલૌકિક મહદ્ કાર્ય ઉપરાંત મુક્તરાજ અબજીબાપાશ્રી પાસેથી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરાવી પોતે સંપાદિત કરી. આ મહદ્ કાર્ય ને જ્ઞાનનું અખંડ સદાવ્રત સ્થાપવા બદલ સત્સંગસમસ્ત સદ્‌ગુરુશ્રીનો યાવત્‌ચંદ્રદિવાકરૌ ઋણી રહેશે. સદ્‌ગુરુશ્રીના એ મહદ્ ઉપકારનો બદલો કોઈનાથી ક્યારેય વળી શકે તેમ જ નથી! એ તો મહારાજની મૂર્તિનું સુખ આપવા માટે જ પધાર્યા હતા!

કાર્તિક વદમાં કચ્છમાં કુંભારિયા ગામમાં મિસ્ત્રી ગોવામલભાઈ ધામમાં જતાં તેમની પાછળ 'સત્સંગી જીવન'ની પારાયણ બેઠી હતી. તે પ્રસંગે અમદાવાદથી સદ્‌ગુરુશ્રી તથા સંત–હરિભક્તો પધાર્યા હતા. મુક્તરાજ બાપાશ્રી પણ વૃષપુરથી પધાર્યા. તે વખતે સદ્‌ગુરુશ્રીએ વચનામૃત ગ્રંથનું પુસ્તક બાપાશ્રીને સાદર સમર્પિત કર્યું. ત્યાર બાદ ત્યાં હાજર રહેલા સર્વેને એ પુસ્તક આપ્યા, ત્યારે કોઈને થયું : "વચનામૃત ગુજરાતી ભાષામાં છે તેમાં ટીકા શું કરવાની હશે? ને ટીકાના

કર્તા મુક્તરાજ બાપાશ્રીને લખ્યા છે, તે શું તેમણે ટીકા કરી હશે?" તે વાત જાણી બાપાશ્રીએ સભામાં વાત કરી: "વચનામૃત છે તે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુના મુખકમળની વાણી છે, ને તેનો રહસ્યાર્થ સમજવો અતિ ગુહ્યમાં ગુહ્ય ને ગહન છે તેથી પોતાની મેળે તે રહસ્યાર્થ સમજવામાં આવે નહિ. એ તો અખંડ મૂર્તિમાં રહેતા હોય ને શ્રીજીમહારાજની મરજી જાણતા હોય એવા અનાદિ મુક્ત સમજાવે ત્યારે સમજાય માટે સર્વેને સમજાય તે સારુ વચનામૃતની ટીકા વચનામૃતના આધારે પ્રશ્નોત્તરરૂપે અમે કરી છે, ને સ્વામી-ઈશ્વરચરણદાસજીએ તે લખી લીધી છે. આ ટીકા પ્રમાણે વચનામૃતમાંથી શ્રીજીમહારાજનો મહિમા સમજશે તે સર્વેને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિમાં રાખશે ને મૂર્તિમાં રહેવું – તે જ આત્યંતિક મોક્ષ છે."

વળી સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને પ્રશ્ન પૂછ્યો: "આ વચનામૃત–રહસ્યાર્થ પ્રદીપિકાની પારાયણ કરે તો શું ફળ થાય?" બાપાશ્રી કૃપા કરીને બોલ્યા: "આ પારાયણ જે કરાવે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની સિદ્ધિને પામે અને પારાયણ કરાવનાર પારાયણ કરાવીને તે પારાયણને અંતે નહાતા હોય તે પાણીમાં મહિમાએ સહિત જે નહાય અથવા તે પાણી માથે ચઢાવે તેનાં પંચ મહાપાપ બળી જાય." પછી વળી સદ્‌ગુરુશ્રીએ પૂછ્યું: "કેટલી પારાયણ વાંચવાથી આત્મામાં અખંડ મૂર્તિ દેખાય?" બાપાશ્રી કહે: "પાંચ પારાયણે, અને આજ્ઞા યથાર્થ પાળીને દિવસ દિવસ પ્રત્યે પાઠ કરે તો તેનું આત્યંતિક કલ્યાણ થાય." બાપાશ્રીના આ શબ્દોથી સર્વેના સંશય ટળી ગયા અને 'વચનામૃત'ના પુસ્તકો ચપોચપ સૌએ પ્રેમથી માગી લીધા.

મુક્તરાજ બાપાશ્રીના પુત્ર કાનજીભાઈને આંખમાં શૂળ

વાગેલી, તેથી આંખની દવા કરાવવા માટે તેમને અમદાવાદ લઈ જવાનું નક્કી કર્યું. સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી તથા તેમના સંતો અને ડૉ. નાગરદાસભાઈ કાનજીભાઈની સાથે અમદાવાદ આવ્યા. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી સ્વામીના મંડળ વૃષપુર બાપાશ્રી પાસે રોકાયા. કાનજીભાઈની દવા થોડા દિવસો સુધી ચાલે તેમ હતી. તેથી અમદાવાદમાં સૌને થયું કે જો તે નિમિત્તે બાપાશ્રી અમદાવાદ પધારે તો અનેકને તેમનો લાભ મળે. તેથી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા શેઠ બળદેવભાઈએ પ્રાર્થનાપૂર્વક આગ્રહ કરી અમદાવાદ આવવા બાપાશ્રીને તાર કર્યો. બાપાશ્રી કૃપા કરીને તે નિમિત્તે, બંને સદ્‌ગુરુઓ તથા અન્ય સેવકો જોડે માગશર માસમાં અમદાવાદ પધાર્યા. આ વખતે બાપાશ્રી સરસપુર મંદિરમાં ઉતર્યા, જેથી વધુટને વધુ હરિભક્તો તેમનો લાભ લઈ શકે. શેઠ બળદેવભાઈ ડૉ. નાગરદાસભાઈ, વહેલાળવાળા ચતુરભાઈ, વગેરે હરિભક્તો કાનજીભાઈની આંખોની દવા કરાવતા હતા.

બહેચરભાઈને તથા તેમના પિતાશ્રીને એવો ભાવ કે બાપાશ્રી કૃપા કરીને તેમના ઘરે રૂપાપુરી–દરિયાપુરમાં જમવા પધારે તો સારું. તેમણે સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી દ્વારા પ્રાર્થના કરાવી. બાપાશ્રી કહે : “ભલે, બહેચરભાઈને તો રાજી કરવા જ પડે ને?” તે વખતે આઠ-દસ જણની રસોઈ કરેલી ને બાપાશ્રી તો પચાસ હરિભક્તોને લઈને તેમને ત્યાં પધાર્યા. બધાંને તેમાંથી જમાડ્યા, ત્યાં બીજા ૪૦–૫૦ હરિભક્તો દર્શને આવ્યા, તેમને ય જમાડ્યા! બહેચરભાઈને ખરેખર રાજી કરી દીધા!

થોડા દિવસ બાપાશ્રી અમદાવાદ (સરસપુર) રહ્યા ત્યાં કાનજીભાઈને આંખે આરામ થયો. સૌ હરિભક્તો વતી સદ્‌-ગુરુશ્રીએ કચ્છ પાછા જતાં પહેલાં હરિભક્તોને દર્શન–

સેવાનો લાભ આપવા વિનંતી કરી. એથી સદ્‌ગુરુશ્રી સહિત બાપાશ્રી ડૉ. નાગરદાસભાઈના આગ્રહથી વિરમગામ પધાર્યા. ત્યાં થોડા દિવસ રહ્યા. ત્યાંથી ડૉ. મણિલાલભાઇની પ્રાર્થનાથી વઢવાણ પધાર્યા. ત્યાંથી ધ્રાંગધ્રા, હળવદ, માથક, સરા, કોંઢ થઈ મૂળી પધાર્યા. લીંબડીમાં દરબાર તરફથી દિવાન ઝવેરભાઈનું બહુ આગ્રહભર્યું આમંત્રણ હતું તેથી લીંબડી પધાર્યા. રાજ્ય તરફથી ધામધૂમથી સામૈયું થયું. મંદિર પધાર્યા ત્યાંથી દરબારમાં પધરામણી કરાવી. સૌના મોક્ષનું વરદાન આપી, ત્યાંથી રામગ્રી થઈ અમદાવાદ પધાર્યા. સદ્‌ગુરુશ્રીએ સૌને ઘેર બેઠાં ગંગા જેવો લાભ કરાવી આપ્યો!

કચ્છ તરફ પાછા વળતા સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી બાપાશ્રીની સાથે ગયા. જામનગર રસ્તે કચ્છમાં પધાર્યા. ને થોડા દિવસે રજા મળતાં સદ્‌ગુરુશ્રી પોષ વદમાં અમદાવાદ પાછા પધાર્યા.

અમદાવાદ આવી સદ્‌ગુરુશ્રી મુક્તરાજ બાપાશ્રીની વાતોના સંપાદનના કામમાં જોડાયા. સંત–હરિભક્તોની અવિરત વણઝાર તો ચાલુ ને ચાલુ. કથા–સમાગમનો લાભ તો સતત દીધા જ કરે.

સંવત ૧૯૮૨ના ભાદરવા માસમાં મુક્તરાજ અબજી-બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો. થોડા દિવસ સુધી તો મુનિ સ્વામી પુરાણી કેશવપ્રિયદાસજી સ્વામી વગેરે સંતો તથા હરિભક્તોએ સેવા કરી અને અમદાવાદ સદ્‌ગુરુશ્રીને સમાચાર ન જણાવ્યા. મંદવાડ તો લાંબો દેખાડ્યો તેથી મુનિસ્વામીએ બાપાશ્રીની આજ્ઞા લઈ પત્ર લખી સદ્‌ગુરુશ્રીને જણાવ્યું. તે વાંચી સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી વગેરેને તો એમ થયું : 'જાણે ઊડીને કચ્છમાં જઈએ! આટલા દિવસ આપણને કેમ ખબર આપી નહિ હોય!' ચિંતા કરતાં સૌ સદ્‌ગુરુઓ, સંતો–મોટેરા હરિભક્તો ગામેગામથી વૃષપુર આવી પહોંચ્યા.

સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીએ બાપાશ્રી પાસે બેસીને બહુ જ પ્રાર્થના કરી, ત્યારે તેમના માથે હાથ મૂકીને બાપાશ્રી બોલ્યા : "સ્વામી તમે હિંમત રાખો, કાંઈ મૂંઝાશો નહીં, બધું સારું થઈ જશે. આ મંદવાડ જણાવ્યો તેમાં, જેમ નદીઓ સમુદ્રમાં હડેડાટ આવે તેમ તમે સૌ ભેગા થઈ ગયા. મંદવાડને લીધે કોઈને એમ પણ ન થાય કે આ વારે વારે કેમ આવતા હશે!" સૌને હિંમત આવી, સૌ આનંદથી સેવામાં જોડાયા.

સદ્‌ગુરુશ્રીની સેવાથી બાપાશ્રી બહુ પ્રસન્નતા બતાવતા. એક વાર બાપાશ્રી ખાટલામાં સૂતા હતા ને સંત-હરિભક્તો વીંટાઈને બેઠા હતા, તે વખતે બાપાશ્રી ખાટલામાં સૂતા સૂતા જ સદ્‌ગુરુશ્રીને બાઝી પડ્યા ને બહુ હેત જણાવી બોલ્યા : "મારી સંભાળ લીધી, મારી સંભાળ લીધી." પછી બોલ્યા : "અમારો આરો કરજો, એટલે આ ને આ ફેરે મહારાજના સ્વરૂપનું જ્ઞાન સમજી લેજો." સદ્‌ગુરુશ્રી કહે : "તમારો આરો તો બધાય મૂર્તિમાં આવી રહે ત્યારે જ થાય ને?" બાપાશ્રી કહે : "હા, એ જ. સર્વે મૂર્તિમાં આવે તો અમારો આરો આવે."

ધીરે ધીરે બાપાશ્રી સાજા થવા લાગ્યા, પણ શરીરમાં ખૂબ અશક્તિ જણાવતા. સવાર-સાંજ-રાત કથા તો ચાલુ જ હોય. બાપાશ્રી કૃપા કરીને વાતો કરે. સદ્‌ગુરુશ્રી હવે તે વાતો લખી લેવાની સેવા મુનિસ્વામી કેશવપ્રિયદાસજી સ્વામી તથા મુક્તરાજ સોમચંદભાઈ પાસે પણ કરાવવા લાગ્યા. એકવાર સદ્‌ગુરુશ્રી બાપાશ્રીને કહે : "બાપા! દેહ પહેલા દેખાડતા હતા તેવો દેખાડો ને!" કેટલી આત્મીયતા ને એકતા! બાપાશ્રી કહે : "તમારે સેવા કરવા માટે આવો રાખ્યો છે, આ સેવા બહુ મોંઘી છે!"

બાપાશ્રીની તબિયત ઠીક થતી જોઈને તથા દિવાળી સાવ નજીક હોવાથી ગૃહસ્થ હરિભક્તો તથા કેટલાક સંતો રજા લઈને પોતપોતાના ગામે ગયા. બાપાશ્રીએ સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી સ્વામીને પૂછ્યું : "સ્વામી ! તમારે જાવું છે કે રહેવું છે ?" સદ્‌ગુરુશ્રી કહે : "અમારે તો જેમ સ્વામી (ઈશ્વરચરણદાસજી) કહે તેમ કરવાનું છે." ત્યારે સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી બોલ્યા : "મારે તો આપને મૂકીને ક્યાંય જવું નથી." એ સાંભળી બાપાશ્રીએ અતિ પ્રસન્નતા જણાવી. સદ્‌ગુરુશ્રીની દાઢીએ એક હાથ રાખી અને બીજો હાથ મસ્તક ઉપર રાખ્યો અને હલાવીને કહ્યું : "આવા અલૌકિક સાધુ ક્યાંથી મળે ! આવા સાધુ અક્ષર-કોટી સુધી ક્યાંય નથી." આમ બાપાશ્રીએ સદ્‌ગુરુશ્રીની સાધુતા ને સામર્થ્યની પ્રશંસા કરી.

આ રીતે લગભગ બે માસ સાથે રાખી સંત-હરિભક્તોને આનંદ-ઉત્સવ ને કિલ્લોલ કરાવ્યા. બાપાશ્રીની ખૂબ પ્રસન્નતા જોઈ સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીએ એક દિવસ બાપાશ્રીને પૂછ્યું : "અમે આપની વાતો લખી લીધી છે તે છપાવીએ ?" બાપાશ્રી કહે : "તમે વચનામૃત છપાવ્યા તે વાંચીને અનેક મુમુક્ષુઓ ન્યાલ થયા છે, માટે વાતો પણ છપાવજો તેથી અનંત જીવનો આત્યંતિક મોક્ષ થશે."

બાપાશ્રીએ સૌ સંત-હરિભક્તોને રજા દીધી, પણ સદ્‌-ગુરુશ્રીને તો અમદાવાદ જવાની જરાય ઈચ્છા ન હતી, પરંતુ બાપાશ્રીની આજ્ઞા થઈ. બધા સંતોની સાથે તેમને પણ નીકળવું પડ્યું.

ફાગણ માસમાં કરાંચીના હરિભક્તોને બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીના સેવા-સમાગમનો લાભ લેવાની તીવ્ર ઈચ્છા થઈ. તેઓને થયું કે બાપાશ્રી-સદ્‌ગુરુશ્રી જો કરાંચી પધારે તો આબાલવૃદ્ધ સૌ કોઈને તેમનો અઢળક લાભ મળે.

બાપાશ્રીને સીધા મળીને વિનંતી કરીએ, ને 'અલમસ્ત જાત ઓલિયા' તે ના પાડી દે તો! તેથી કરાંચીના હરિભક્તોએ શેઠ સાંવલદાસભાઈને સરસપુર સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી પાસે મોકલ્યા. તેમણે સદ્‌ગુરુશ્રીને વિનંતી કરી કહ્યું કે તમે ભેળા વૃષપુર ચાલો ને બાપાશ્રીને તેડી કરાંચી પધારો. એવી રીતે પ્રાર્થના કરી તેથી સદ્‌ગુરુશ્રી સંતમંડળ સાથે વૃષપુર જવા તૈયાર થયા. રાત્રે વૃષપુર આવી બાપાશ્રીના દર્શન કર્યા. સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને કરાંચી પધારવા પ્રાર્થના કરી! બાપાશ્રી કહે: "અત્યારે મારાથી કરાંચી નહિ આવી શકાય, તમારે જવું હોય તો જાઓ. અમે કાંઇ તમારા જેવા બાવા નથી, તમારે તો 'બાવો ઊઠ્યો ને બગલમાં હાથ' એવું છે! અમે તો ગૃહસ્થ કહેવાઈએ, તે ઘર, વાડી તથા છૈયા-છોકરાંની વગેરે ઘણી જાતની ચિંતા હોય, તેથી એમ તરત ન અવાય. તમે તારથી કે કાગળથી પણ અમને ખબર આપતા નથી, ને ઓચિંતાના કાળી રાતે આવીને કહો છો કે 'ચાલો કરાંચી.' બીજું બધું ય તો ઠીક, પણ મારે શરીરે હજી ક્યાં ઠીક હતું? છોકરા બંને વાડીએ ગયા છે, વળી વડતાલથી સંતો અહીં આવેલા છે તેમને મૂકીને કેમ અવાય?" સદ્‌ગુરુશ્રી કહે: "બાપા! આપ બીજી વાતો ભલે કરો! પણ આ સાંવલદાસભાઈ ભુજથી મોટર લઈને આવ્યા છે, તેથી કરાંચી તો ચાલવું જ પડશે." તરત બંને દીકરાઓને વાડીએથી બોલાવી તેમને પૂછ્યું. તેઓ બંને કહે: "બાપા! સદ્‌ગુરુશ્રી અમદાવાદથી આટલો દાખડો કરીને આવ્યા, વળી કરાંચીના હરિભક્તોને દર્શનની તાણ, માટે દર્શન દઈ આવો તો સહુ રાજી થાય!" સદ્‌ગુરુશ્રી–બાપાશ્રી વચ્ચે કેવું તાદાત્મ્ય-પણું હતું, કેટલી એકતા હતી, કેટલી આત્મબુદ્ધિ હતી, તેનું આ પ્રસંગ આબેહૂબ દર્શન કરાવે છે. બીજી સવારે બાપાશ્રીને લઈને સદ્‌ગુરુશ્રી માંડવી પધાર્યા. ત્યાંથી સદ્‌ગુરુ વૃંદાવનદાસજી

સ્વામીને કરાંચી આવવાનો તાર કરી, સ્ટીમર રસ્તે સૌ કરાંચી ગયા, ફૂલડોળના દિવસે સવારે આઠ વાગ્યે કરાંચી ઉતર્યા. હરિભક્તોના ઉત્સાહનું તો પૂછવું જ શું? બધાં હરિભક્તોએ સદ્‌ગુરુશ્રીને કહ્યું કે આપે બહુ દયા કરી તે બાપાશ્રીને સાથે લઈને આવ્યા. સદ્‌ગુરુશ્રી કહે: "બાપાશ્રી તો સ્વતંત્ર છે. એમની દયાથી તમોને આ લાભ મળ્યો છે. અમને ય અમદાવાદથી ખેંચ્યા. તમારાં બધાંના મોટા ભાગ્ય છે."

હરિભક્તોના હેતથી કરાંચીમાં 'રહસ્યાર્થપ્રદીપિકા ટીકા સહિત વચનામૃત'ની પારાયણ બેસારી, અને સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી અને સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી એ પારાયણના વાંચનારા થયા! હરિભક્તોને આનંદ, આનંદ થઈ રહ્યો.

આ રીતે બાપાશ્રી—સદ્‌ગુરુશ્રી કરાંચીમાં પંદર દિવસ રહ્યા ને અત્યંત પ્રસન્નતા જણાવી ઘેરઘેર પધાર્યા ને સૌને અસાધારણ લાભ આપ્યો. સૌને આત્યંતિક કલ્યાણના વરદાન આપી, બાપાશ્રી સ્ટીમર દ્વારા માંડવી થઈ વૃષપુર પધાર્યા ને સંતો બે દિવસ વધુ રોકાઈ ટ્રેન માર્ગે અમદાવાદ પધાર્યા. છૂટા પડતી વખતે બાપાશ્રી સદ્‌ગુરુશ્રીને કહે: "સ્વામી! હવે અમારો દેહ ખમતો નથી, ને જ્યાં જઈએ ત્યાં હરિભક્તોના હેતનો છેડો નહિ. હવે તો વૃષપુરમાં રહી મૂર્તિના સુખમાં આનંદ કરીશું, ને હવે અમારી વતી તમે સત્સંગમાં ફરજો."

પોષ મહિનામાં મુક્તરાજ બાપાશ્રીનો સદ્‌ગુરુશ્રી ઉપર પત્ર આવ્યો કે ચૈત્ર સુદ તેરસથી ચૈત્ર વદ છઠ સુધી 'સત્સંગી જીવન'ની પારાયણ–યજ્ઞ કરવાનું નક્કી કર્યું છે. બાપાશ્રીએ ફાગણ વદ ૧૪ને રોજ કચ્છના ગામેગામના હરિભક્તોને તેડાવીને કહ્યું કે મહામોટો યજ્ઞ કરવો છે, તે યજ્ઞમાં આવીને જે કોઈ જમશે તેનો આત્યંતિક મોક્ષ કરશું,

તો તે યજ્ઞમાં તમો સૌ મદદ કરજો. બીજે દિવસે સદ્‌ગુરુશ્રી અમદાવાદથી બાવીસ સંતો સાથે પધાર્યા. બાપાશ્રીના દરેક યજ્ઞમાં કંકોત્રી લખવાથી માંડીને, ઉતારા, મંડપ, રસોડું, યજ્ઞ-પારાયણ, વગેરે દરેકે દરેક વસ્તુ સદ્‌ગુરુશ્રીના માર્ગ-દર્શનથી જ થતી. બાપાશ્રીનો યજ્ઞ તે સદ્‌ગુરુશ્રીનો હતો, કેમકે સદ્‌ગુરુશ્રી બાપાશ્રીના હતા! બાપાશ્રીનો તથા સદ્‌-ગુરુશ્રીનો અદ્‌ભુત અલૌકિક પ્રતાપ હવે ગુજરાતભરમાં વ્યાપી ગયો હતો. સૌને બાપાશ્રીના આ છેલ્લા યજ્ઞની વાતની જાણ થઈ ગયેલી. કંકોત્રી મળતાં જ અદ્‌ભુત દિવ્યતા ઝીલવા સૌ આવી પહોંચ્યા. બાપાશ્રી સદ્‌ગુરુશ્રીને કહેતા : "સ્વામી! આપણે આ યજ્ઞ કરવો છે. તેમાં જે કોઈ આવે તેને મૂર્તિમાં મૂકી દેવા છે!" કેટલી મોટી વાત, ને સૌના કેટલા મોટા ભાગ્ય! શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રતાપે આ આત્યંતિક મોક્ષરૂપી અમૃત લૂંટાતું હતું!

કચ્છમાં જવું તે એ સમયમાં ઘણું કપરું હતું. બે-ચાર ટ્રેનો બદલી નવલખી કે જામનગર જાવ, ત્યાંથી આગબોટમાં બેસી સામે કાંઠે ઉતરો. ત્યાંથી ભુજ જાવ, ભુજથી ગાડું કે ઘોડાગાડી ભાડે કરો, વીસ કિલોમીટર દૂર વૃષપુર પહોંચો. તે છતાં તે વખતે કચ્છમાં હજારો માણસો દર્શન કરવા ને દિવ્યતા પામવા આવ્યા હતા.

મુનિસ્વામી કેશવપ્રિયદાસજી સ્વામી તથા પુરાણી ઉત્તમ-પ્રિયદાસજી કથાના વક્તા હતા, કથાના વક્તા. કથાના સાંભળનાર, સેવાના કરનારા—સૌને અંતરમાં આનંદ હતો. સેંકડો ઉતારા તંબુથી બનાવવામાં આવ્યા હતા, સેંકડો મકાન ખાલી કરાવી ઉતારા તરીકે વાપરવા લીધા હતા. ગામમાં ને સીમમાં જ્યાં જુઓ ત્યાં હરિભક્તો ઉભરાતા હતા. બાપાશ્રી સૌ હરિભક્તોની તાણ ને પ્રેમને જાણી દરેકે દરેકના ઉતારે પધારતા. હરિભક્તો આનંદના ઝિલણિયા કીર્તનોની રમઝટ બોલાવે, બાઈઓ કીર્તનો

ગાતા ગરબે રમે. ઠાકોરજીની પાલખી ગામમાં ફરવા નીકળે ને અદ્‌ભુત શોભા ને ઉત્સવમંડળીની રમઝટ. શેરીઓમાં ભીડ તો માય નહીં. શીરા ને સુખડીના જમણ. મુક્તરાજ બાપાશ્રી પોતે પીરસવા પધારે! એથી વિશેષ બાપાશ્રીએ મહાપ્રસાદ આપ્યો: "આ યજ્ઞમાં જે જે આવ્યા ને આ મહાપ્રસાદી જમ્યા તેનો આત્યંતિક મોક્ષ શ્રીજીમહારાજ કરશે એમ જાણજો. અમે તો સૌને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. આ સભા દિવ્ય છે. આ મુક્ત સર્વે અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં રહેનારા છે."

સદ્‌ગુરુશ્રી સદાય આનંદ ને શ્રીજીમૂર્તિના સુખની મસ્તીમાં! પણ એકેએક કાર્ય ને એકેએક હરિભક્ત ઉપર અમીદષ્ટિ સતત ચાલુ જ હોય. પ્રસંગે પ્રસંગે બાપાશ્રી પાસેથી આશીર્વાદ અપાવે ને સૌને રાજી કરે. કયા કયા ગામથી, કોણ કોણ આવ્યા, તેમને શું શું જોઈશે, તેની બધી જ સંભાળ વ્યક્તિગત રીતે લેતા હોય. સૌને એમ લાગતું કે સદ્‌-ગુરુશ્રી ખરેખર સત્સંગની મા છે. અમદાવાદ, મૂળી, ધોળકા, વડતાલ, જુનાગઢ, ગઢડા આદિ મોટા મંદિરોમાંથી સેંકડો સંતો આવેલા હતા. સૌનું ધ્યાન સદ્‌ગુરુશ્રી રાખતા ને પોતાના સેવકો પાસે રખાવતા.

યજ્ઞમહોત્સવ ઉજવી સૌ હરિભક્તો બાપાશ્રી–સદ્‌ગુરુઓની રજા લઈ લઈ વીખરાવા લાગ્યા. સદ્‌ગુરુઓના મંડળ પંદર દિવસ બાપાશ્રીના સમાગમનો લાભ લઈ નારાયણપુર થઈ ભુજ પધાર્યા. ત્યાં બાપાશ્રીનો સંદેશો મળ્યો કે સંતોને બાપાશ્રી પાછા વૃષપુર તેડાવે છે. વૈશાખ સુદ ૧૩ની સાંજે સંતો વૃષપુર આવ્યા. બાપાશ્રી કહે: "તમો આવ્યા તે બહુ સારું કર્યું. તમારા વિના સૂનું જણાતું હતું. એમ તમને ન દેખીને અમે ઉદાસ થઈ ગયા હતા, તે તમે આવ્યા તેથી બહુ આનંદ થયો."

બીજે દિવસે કથા પત્યા પછી બાપાશ્રી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને કહે : "તમને અમે પાછા તેડાવ્યા તે ઠીક થયું ને !" સદ્‌ગુરુશ્રી કહે : "બાપા ! બહુ દયા કરી." બાપાશ્રી કહે : "આ વખતે તમે ગયા પણ અમને તમારા વિના સારું લાગ્યું નહિ. અમને આ સભા વિના સૂનું લાગ્યું. આ વખતે તો તમને જવા દેવાની મારી ઈચ્છા જ થતી નથી." બાપાશ્રીએ મર્મમાં પોતાને અંતર્ધાન થવાની ઈચ્છા બતાવી, પણ કેટલાક સંતો સમજી શકચા નહીં.

વૈશાખ વદ એકમની સવારે બાપાશ્રીએ ફરી પૂછ્યું : "સ્વામી ! તમે રહેવાનું શું નક્કી કર્યું ?" સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી કહે : "બાપા મારે તો આપ રાખો ત્યાં સુધી રહેવું છે. બીજા સંતો હજી વિચાર કરે છે પણ તમે રાજી હો તેમ કરે." બાપાશ્રી કહે : "સંતોને જવાની તાણ હોય તેમ જણાય છે, તેથી જવાનું કરો. થોડા રહે ને થોડા જાય તે ઠીક નહીં." પછી વળી બોલ્યા : "તમારા ભેગા સંતો છે તેમને જવાનો વિચાર રહે છે તેથી સૌ સાથે જાઓ. રાત્રે ગાડાં આવશે તેમાં નીકળજો."

સદ્‌ગુરુશ્રી જાણી ગયા છે કે આ અંતિમ વિદાય છે, પોતાને જવું નથી, બાપાશ્રીને જવા દેવા નથી, પણ બીજા સંતોથી છૂટા પાડીને રાખવા નથી. અંતર વલોવાઈ રહ્યું છે, પણ રોકાવાની આજ્ઞા મળતી નથી.

રાત્રે બે વાગ્યા પછી ગાડાં આવ્યા. બાપાશ્રી સૌને બાથમાં ઘાલીને મળ્યા. બાપાશ્રી કહે : "સ્વામી ! આ સુખની કાંઈ તૃપ્તિ થાય તેવું છે ? લાખ વર્ષ સુધી આમ ને આમ દર્શન કરીએ, વાતો કરીએ તો ય તૃપ્ત ન થવાય." પોતે ગામ બહાર સુધી વળાવવા આવ્યા. સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીએ તો એ વખતે પણ રહેવાની બહુ ઈચ્છા જણાવી પ્રાર્થના કરી, પણ બાપાશ્રી કહે : "સ્વામી ! તમે સૌની

સાથે જ જાઓ.” એમ આજ્ઞા થવાથી સદ્‌ગુરુશ્રી કાંઈ બોલી શક્યા નહિ. સંતોના ગાડાં વિદાય થયા, ને બાપાશ્રી મંદિરમાં પધાર્યા.

સદ્‌ગુરુશ્રી તથા સંતમંડળ ભુજ સ્ટેશને પહોંચ્યા, ત્યાં ભુજના વિઠ્ઠલજીભાઇ રસોઇ–પાણી લઈ રાહ જોતા બેઠા હતા. ભુજ શહેરના કોટના દરવાજા રાત્રે બંધ થઈ જાય તે પહેલા ચોખ્ખી રસોઈના ડબ્બાઓ ઉપાડી ભુજ રેલ્વે સ્ટેશને પહોંચી સંતો પધારે તેની રાહ જોતા હતા. સૌ સંતો સ્ટેશને નહાયા, પૂજા કરી, રસોઈ જમ્યા. સ્ટેશને મોતીભાઈ સોનીને સદ્‌ગુરુશ્રીએ કહ્યું : “બાપાશ્રી ઉદાસી બહુ જણાવે છે. મારે જવું ન હતું પણ આજ્ઞા થતા જવું પડે છે. પણ જો બાપાશ્રી દેહોત્સવ કરે ને અમે સમયસર પહોંચી ન શકીએ તો બધી વિધિ છત્રી પાસેની દક્ષિણ જગ્યાએ કરજો.”

અષાડ સુદ પાંચમ ને શુક્રવારે મુક્તરાજ બાપાશ્રી આ લોકમાંથી અંતર્ધાન થયા. સદ્‌ગુરુશ્રીને અમદાવાદ તારથી સમાચાર મળતા, હેતરુચિવાળા સર્વે સંત–હરિભક્તો સહિત સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી વૃષપુર પધાર્યા. ત્યાં બાપાશ્રીના પ્રત્યક્ષપણે દર્શન ન થતાં સૌને અતિ દિલગીરી થઈ, પણ બાપાશ્રીએ અનાદિ મુક્તની સ્થિતિ કરાવવા પોતાનું પ્રગટપણું જણાવેલું હોવાથી એ સ્થિતિમાં શ્રીજીમહારાજ તથા અનાદિમુક્તનું સદાય પ્રગટપણું રહે છે એવા વિચારે શોક સમાવી દીધો. બાપાશ્રીના પુત્રો કાનજીભાઈ તથા મનજીભાઈ સાથે નક્કી કરી મંદિરમાં ‘સત્સંગીજીવન’ની પારાયણ બેસારી. સવાર–સાંજ સભામાં બંને સદ્‌ગુરુઓ સૌને ધીરજ આપવા વાતો કરતા : “જેમ શ્રીજીમહારાજ અખંડ છે તેમ બાપાશ્રી પણ મૂર્તિમાં રસબસ રહ્યા થકા અખંડ છે તથા અનંત મહામુક્તોની સભા જ્યાં મહારાજ બિરાજે છે ત્યાં છે, છે ને છે જ. આપણા ઉપર તો બાપાશ્રીએ અપાર

દયા કરી છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રાખવા એ જ એમનું કામ હતું. બાપાશ્રી તો અનાદિ મુક્તની સ્થિતિ કરાવવાને અર્થે જ દષ્ટિગોચર વર્તતા હતા. બાપાશ્રીએ ચોરાસી વર્ષમાં અસંખ્ય જીવોને ઉદ્ધાર્યા, ને છેલ્લી પ્રાપ્તિ અનાદિમુક્તની સ્થિતિ કરાવી. જે જે પોતાની દષ્ટિમાં આવ્યા, હાથ જોડચા, એટલામાં જ તેમને મૂર્તિમાં રાખવાના કૉલ આપ્યા. આવી અપાર દયાને સદાય સંભારજો."

પારાયણની સમાપ્તિ કરાવી, બાપાશ્રીને અગ્નિસંસ્કાર કર્યા તે જગ્યાએ બાપાશ્રીની સ્મૃતિરૂપ છત્રી કરાવી, સૌ હરિભક્તોને ને બાપાશ્રીના પરિવારને સાંત્વન આપી સદ્‌ગુરુશ્રી અમદાવાદ પધાર્યા.

સદ્‌ગુરુશ્રીની જવાબદારી હવે વધી હતી. અગાઉ તો મુમુક્ષુ હરિભક્તાને શ્રીજીમહારાજના અદ્‌ભુત–ઐશ્વર્યની વાતો કરી, વર્તમાન ધરાવી, ઉત્તમ પાત્ર બનાવી, સદ્‌ગુરુશ્રી તેને બાપાશ્રી પાસે મોકલી દેતા, હવે બેવડી જવાબદારી સદ્‌ગુરુશ્રીએ બજાવવાની હતી.

સદ્‌ગુરુશ્રીનું વિચરણ અને જ્ઞાનસ્રોત્ર સતત ચાલુ રહ્યા. વડોદરાના હરિભક્તોએ આવી પ્રાર્થના કરી કે આપ વડોદરા પધારી હરિભક્તોને દર્શનનો લાભ આપવા પધારો. સદ્‌ગુરુશ્રી વડોદરા પધાર્યા, આઠ દિવસ રોકાઇ જ્ઞાનદાન ને સુખ–શાંતિના વિરલ અનુભવ દઇ સૌને સુખિયા કર્યા.

કુજાડ ગામના ગરાસિયા રાયસિંહજી સદ્‌ગુરુશ્રીના પરમ શિષ્ય હતા ને શિક્ષક તરીકે નોકરી કરતા. તેમની બદલી જમિયતપુરા ગામે થઇ. તે સ્વીકારવી કે નહીં તે પૂછવા તેઓ સદ્‌ગુરુશ્રી પાસે અમદાવાદ મંદિરમાં ગયા. સદ્‌ગુરુ વૃંદાવન-દાસજી સ્વામીશ્રી તે વખતે સદ્‌ગુરુશ્રીની સાથે હતા, તેમણે કહ્યું : માસ્તરને જમિયતપુરા નહીં ફાવે. ત્યારે સદ્‌ગુરુશ્રીએ જમિયતપુરાના મુમુક્ષુ જીવોના ઉપર કૃપા કરવા કહ્યું : માસ્તરને

વાંધો નહિ આવે! ને રાયસિંહજીભાઈએ જમિયતપુરાની શાળાનો ચાર્જ સંભાળ્યો. શાળામાંથી છૂટયા પછી માસ્તર એક વેપારી વાણિયા મૂળચંદભાઈ શેઠ પાસે બેસે. તેમને સત્સંગની વાતો કરી સત્સંગી બનાવ્યા. પછી તો તેમને આખો દિવસ વચનામૃત વાંચતા કરી દીધા. તે શેઠને સદ્‌ગુરુશ્રીના વિષે અહોભાવ થયો ને દર્શનની ખૂબ તાણ થઈ, પણ પોતાને સારણગાંઠનું દર્દ હતું તેથી બહારગામ જઈ શકે તેમ ન હતા. તેથી રાયસિંહજી સદ્‌ગુરુશ્રી પાસે આવ્યા ને જમિયતપુરા પધારવા વિનંતી કરી. સદ્‌ગુરુશ્રીએ તો તેમની પરીક્ષા કરવા જમિયતપુરા આવવાની ના પાડી! તો માસ્તર પણ સદ્‌ગુરુશ્રીના પાકા શિષ્ય ને તેમની પાસેથી વિદ્યા ભણેલા હતા! કહે: જો તમારે આવવું નહોતું તો મને શા માટે જમિયતપુરા મોકલ્યો? શારીરિક રીને અશક્ત એવા એક વણિક શેઠને તમારા દર્શનની ખૂબ તાણ છે માટે પધારો ને સદ્‌ગુરુશ્રીનો રાજીપો વહી ગયો! પોતે પોતાના મંડળે સહિત જમિયતપુરા પધાર્યા. રેલ્વે રસ્તે ખોડિયાર સ્ટેશને ઉતર્યા સ્ટેશનની બહાર, હાલ જ્યાં હરિભક્તોએ રહેણાકના મકાનો કર્યા છે ત્યાં, વૃક્ષોની ઘટા નીચે રાખેલા ગાડામાં બેસી જમિયતપુરા જવા નીકળ્યા. રસ્તામાં દોતરડી નામે તળાવડીમાં સંતોએ સહિત નાહી ગાડા સાથે સામા આવેલા મુમુક્ષુઓને વર્તમાન ધરાવ્યા, બળદોને ને આજુબાજુના વૃક્ષોને પણ પાણી છાંટી આશીર્વાદ આપ્યા, ને જમિયતપુરા પધાર્યા.

ચુંબકથી જેમ લોખંડ ખેંચાઈ આવે તેમ સદ્‌ગુરુશ્રીના પ્રતાપથી અનેક મુમુક્ષુઓ ખેંચાઈ આવ્યા. રોજ ત્રણ–ત્રણ વખત સભામાં સદ્‌ગુરુશ્રી શ્રીજીમહારાજના પ્રગટ પ્રતાપની—મહિમાની—વાતો કરે ને હાજર રહેલા નાના—મોટા સૌને એમ થઈ જાય કે સદ્‌ગુરુશ્રી બસ! વાતો જ કરતા રહે, કરતા જ રહે! સદ્‌ગુરુશ્રીની કૃપાદૃષ્ટિ એવી થઈ કે અનેક મુમુક્ષુઓ

હરિભક્તો થઈ ગયા ને સૌને સદ્‌ગુરુશ્રી સાથે દિવ્ય આત્મીયતા થઈ ગઈ. સૌને એમ થઈ ગયું કે સદ્‌ગુરુશ્રી હવે પછીથી સદાને માટે અહીં જ રહે તો સારું !

સદ્‌ગુરુશ્રી કૃપા કરીને હરિભક્તોના ઘેરઘેર પધાર્યા. ઘેર ઘેર શ્રીજીમહારાજની મૂર્તિઓ પધરાવી આરતી ઉતારી, થાળ જમાડી, પ્રસાદી વહેંચે. પ્રસાદીનું પાણી છાંટી પવિત્રતા સ્થાપી દે. પૂર્વજો પ્રેત થયા હોય ને તેમનું સ્થાપન નાળિયેરમાં કર્યું હોય તો તે પોતાના હાથે ઉપાડી લે, ને ઘરનાને કહે : આ તમારા પૂર્વજોને અમે અક્ષરધામમાં મોકલી દઈએ છીએ. હવે આ જગ્યાએ સ્વામિનારાયણ ભગવાનને પધરાવી આરતી-પૂજા કરજો, ને નિ:શંકપણે ભગવાનનું ભજન કરજો. સદ્‌ગુરુશ્રીનો પ્રતાપ એવો અસાધારણ કે સૌને અંતરમાંથી હા પડી જતી. સૌ રાજી રાજી થઇ ગયા. પૂર્વજોના આવા નાળિયેર મંદિરમાં લાવી ઢગલો કરી વર્તમાન ધરાવી ને અગ્નિસંસ્કાર કરાવી દેતા ! હરિભક્તોને વ્યસન ને વહેમમાંથી મુક્ત કર્યા. અધમ જેવા જીવોનો પણ મોક્ષ કરી અક્ષરધામમાં મૂકી દીધા.

સદ્‌ગુરુશ્રીની પરમ કૃપા જમિયતપુરા ગામ ઉપર વરસી રહી. સદ્‌ગુરુશ્રી તો સદાય નિર્દોષ બાળકસહજ પ્રસન્નવદને સૌના ઉપર રાજીપો જણાવે. હરિભક્તો તરફથી રસોઇ ઉપર રસોઈ ચાલ્યા કરે. સંતો રસોઈ કરતાં હોય, સદ્‌ગુરુશ્રી મંદિરના ચોકમાં પાટ ઉપર બિરાજ્યા હોય. હરિભક્તો તો વીંટળાઈને બેઠા જ હોય. એક વખત ચૂલાના ધુમાડા સામું જોઈ સદ્‌ગુરુશ્રી કહે : સ્વામિનારાયણના ચૂલાનો ધુમાડો ય કેવો દિવ્ય ! જુઓ ! આ ધુમાડો જે તરફ જાય છે તે ભાગના હરિભક્તો બહુ બળિયા થઇ જશે ! વાતની વાતમાં અઢળક ઢળી જાય ! માઢ મેડીમાં પધરામણી થઈ ને સદ્‌ગુરુશ્રીએ

આશીર્વાદ દીધા કે આ માઢમાં કોઈ દુખિયો નહીં રહે! આ લોક ને પરલોક બંનેમાં બઢતી!

સં. ૧૯૮૮માં કરાંચીમાં પ.ભ. ડાહીબાએ પંદર દિવસની 'સત્સંગીજીવન' ગ્રંથની પારાયણ રાખી હતી, ને તે વખતે જ ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના હસ્તક બાઈઓના મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવાની હતી. તે પ્રસંગે સદ્‌ગુરુશ્રીના હેતવાળા સંતો–હરિભક્તો પણ કરાંચી પધાર્યા. સદ્‌ગુરુશ્રીએ એ વખતે લગભગ દોઢ માસ કરાંચીમાં રહીને ત્યાંના હરિભક્તોને દિવ્ય આનંદના સમંદરમાં ઝીલાવ્યા. સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી સહિત પંચાવન ઉપરાંત સંતો કરાંચીમાં રહેલા. પાર્ષદ અલગ. ત્યાંના સત્સંગીઓનો પારાવાર પ્રેમ ને સદ્‌ગુરુશ્રી માટે અસાધારણ અહોભાવ!

મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે શહેરમાંથી શ્રી ઠાકોરજી તથા ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સહિત શોભાયાત્રા નીકળી. આચાર્ય મહારાજશ્રી ચાર ઘોડાની બગીમાં બિરાજ્યા, સાથે તે જ બગીમાં સદ્‌ગુરુશ્રીને પણ બેસાર્યા. બંદરરોડ ઉપર થઈને સવારી નીકળી ને અસાધારણ ધામધૂમથી કરાંચી શહેર શોભી ઊઠ્યું. મૂર્તિપ્રતિષ્ઠા થઈ ને મંદિરમાં દિવ્ય–આનંદમાં સભાનું આયોજન થયું. સદ્‌ગુરુશ્રીનો રાજીપો હરિભક્તો ઉપર વહી રહ્યો. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ ને રાજીપો જણાવ્યા. તે પ્રસંગે સત્સંગપ્રસિદ્ધ માવદાનજી કવિ તથા પંડિત શિવશંકરભાઈ બ્રાહ્મણ પણ સભામાં પ્રશસ્તિ કાવ્યો બોલ્યા ને કરાંચીનો સત્સંગ અબજીબાપાશ્રીએ તથા સદ્‌ગુરુશ્રીએ કેવો સંવર્ધિત કર્યો તે જણાવી બાપાશ્રી ઉપર શ્લોકો બોલ્યા. સદ્‌ગુરુશ્રી તેઓ ઉપર ખૂબ રાજી થયા.

કરાંચીના અગ્રગણ્ય હરિભક્તો સાંવલદાસભાઈ ને મૂળજીભાઈ ઠક્કર એક દિવસે મંદિરે સભામાં આવ્યા.

સદ્‌ગુરુશ્રી તે વખતે સભામાં બિરાજેલા ને કથા વંચાતી હતી. બંને હરિભક્તોને સદ્‌ગુરુશ્રીને કાંઈ પૂછવું હતું, તેથી તેમણે વિનંતી કરી. સદ્‌ગુરુશ્રી કહે : ઉપર આસને જાવ. બંને જણા સભામાંથી મેડા ઉપર આસને ગયા તો સદ્‌ગુરુશ્રીને પોતાના આસને બિરાજેલા દેખ્યા! બંને હરિભક્તો તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. તરત પાછા વળી નીચે ઉતરી સભામાં જોયું, તો ત્યાં ય સદ્‌ગુરુશ્રી બેઠેલા હતા! બંને હરિભક્તો તો સભામાં આવીને દંડવત્ કરવા માંડયા, ને સૌને આ આશ્ચર્ય–ચમત્કાર જણાવ્યો.

દોઢ માસ સુધી હરિભક્તોને શ્રીહરિજીના પ્રતાપ–મહિમાના અનુભવજ્ઞાનમાં ઝીલાવી સદ્‌ગુરુશ્રી અમદાવાદ પધાર્યા.

આવી રીતે હરિભક્તોને ન્યાલ કરવાનું સદાવ્રત વહેતું હતું, ત્યારે ભવિષ્યની પેઢીનું ભાથું પણ તૈયાર થઈ રહ્યું હતું. મુક્તરાજ અબજીબાપાશ્રીની વાતો જે સદ્‌ગુરુશ્રીએ અથાક જહેમતથી એકઠી કરી રાખી હતી, તેને પ્રસિદ્ધ કરવાનું ટાણું આવી ગયું હતું. શેઠ બળદેવભાઈની રાહબરી નીચે એ પુસ્તક છાપવાનું કામ શરૂ કરાવ્યું હતું.

સં. ૧૯૮૯માં "બાપાશ્રીની વાતો—ભાગ ૧" છપાઈ ગઈ. પાંચસો બાર પાનામાં સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીની ગહન ગૂઢ રહસ્યાર્થ વાતો સમાવી દીધી હતી. કહે છે કે 'ઋતેજ્ઞાનાન્ ન મુક્તિ:' ઋત જ્ઞાન મળે ત્યારે જ મુક્તિ થાય, 'ઋત' જ્ઞાન શું? 'ઋત' એટલે સત્ય, પ્રામાણિક, ખરું, દૈવી, દિવ્ય. જેમણે 'જાતે' જાણ્યું છે, અનુભવ્યું છે તેમના દ્વારા અપાયેલું જ્ઞાન. આવું જ્ઞાન આ 'વાતો'માં છે. 'બાપાશ્રીની વાતો' એટલે મુમુક્ષુ માટે અનુભવી સદ્‌ગુરુની ગરજ સારતું અમૂલ્ય પુસ્તક.

હવે સદ્‌ગુરુશ્રીએ બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ પદ્યબદ્ધ કરેલા 'શ્રી પુરુષોત્તમલીલામૃત સુખસાગર' પુસ્તક છપાવવાની

તજવીજ કરવા માંડી. શ્રીજીમહારાજની કચ્છની લીલાઓ જે સદ્ગુરુ અચ્યુતદાસજી સ્વામીશ્રીએ એકઠી કરાવી રાખેલી તે બ્રહ્મચારી મહારાજે ક્રમવાર ગોઠવી પદ્યમાં રચી. બ્રહ્મચારી મહારાજનું હેત વેણે વેણે ને કડી એ કડી ગૂંથાતું આવે! બાપાશ્રી પણ એ પુસ્તકની સેવાથી બ્રહ્મચારી મહારાજ ઉપર બહુ રાજી થયા હતા. બાપાશ્રી એ પુસ્તકના હસ્તલિખિત ગ્રંથની પારાયણ કરાવતા હતા. આવા ઉત્તમ ગ્રંથને પ્રકાશિત કરી સત્સંગસમાજ આગળ મૂક્યો હોય તો અનેકને તેનો લાભ મળે. તેથી અમદાવાદમાં જ તે ગ્રંથ છપાવવાની ગોઠવણ કરવા માંડી.

સં. ૧૯૯૧ (ઈ.સ. ૧૯૩૫)માં ભારતદેશના પ્રમુખ સંપ્રદાયોના આચાર્યોનું સંમેલન અમદાવાદ ખાતે યોજાયું હતું. તે સંમેલનમાં શંકરાચાર્યજી પ્રમુખસ્થાને હતા ને ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ ઉપપ્રમુખસ્થાને હતા, તે વખતે પધારેલા સૌ આચાર્યોનો સત્કાર સમારંભ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર (કાળુપુર)માં યોજાયો હતો, ને તેમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એ વૈદિક સંપ્રદાય છે ને માન્ય પ્રમુખ સંપ્રદાયોમાં છે તે જાતનો ઠરાવ પણ થયો હતો. આ સઘળાં કાર્યોમાં સદ્ગુરુશ્રીનો ફાળો અનન્ય હતો. સદ્ગુરુશ્રીનું અનુભવસિદ્ધ જ્ઞાન, વચનામૃતોનું અનુપમેય અનુશીલન ને અતિ પ્રભાવશાળી વ્યક્તિત્વ સૌ કોઈને સ્પર્શી ગયું. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની જોડે જ મદદરૂપ થઈને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની વિજયપતાકા લહેરાવવામાં સદ્ગુરુશ્રી અવ્વલ નંબરે હતા, આચાર્ય મહારાજશ્રી અત્યંત રાજી થયા હતા.

# ૮. વિશેષ આધ્યાત્મિક પ્રકાશનસેવા

સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની આજ્ઞાથી શ્રી વેદવ્યાસ રચિત 'બ્રહ્મસૂત્ર' ઉપર ભાષ્ય રચ્યું હતું. તે ભાષ્યની મૂળ સંસ્કૃતપ્રત સદ્‌ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામીની પાસેથી સદ્‌ગુરુશ્રી નિર્ગુણદાસજી સ્વામીને મળી હતી, જેમણે તે મૂળપ્રત સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને આપેલી હતી. તે પુસ્તક અપ્રસિદ્ધ પડી રહ્યું હતું. તેને પ્રકાશિત કરવાનું કાર્ય સદ્‌ગુરુશ્રીએ હાથમાં લીધું. તે વખતે તેઓશ્રીને લાગ્યું કે સંસ્કૃતનો અભ્યાસ ન કર્યો હોય તેવા જિજ્ઞાસુને પણ આ સાહિત્યનો લાભ મળે તે માટે તે ગ્રંથનો અક્ષરશ: ગુજરાતી અનુવાદ કરાવ્યો હોય તો તેની ઉપયોગિતા ઘણી વધે. આથી વિદ્વાન શાસ્ત્રી ગિરિજાશંકર માયાશંકર મહેતાને રોકીને તે ભાષાંતર કરાવવા માંડ્યું. આ કાર્યમાં સદ્‌ગુરુશ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામીના શિષ્ય શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજીએ તથા અન્ય વિદ્વાનોએ સદ્‌ગુરુશ્રીની આજ્ઞાથી સેવા આપવા માંડી.

સદ્‌ગુરુશ્રીની પ્રેરણાથી મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામી 'વચનામૃત' ગ્રંથનું વ્રજભાષામાં ભાષાંતર કરવા માંડ્યા. રામાયણ ગ્રંથ જેમ વ્રજભાષામાં દોહા–ચોપાઈના કાવ્યરૂપમાં છે તે રીતે વચનામૃતનું રૂપાંતર થવા લાગ્યું. તે કામમાં પાલનપુરના રાજકવિ લાખાજીભાઈના દીકરા કવિરાજ હમીરદાનજી મદદ કરવા મૂળી જઈને રહ્યા. તે કવિશ્રી જ્યાં સુધી આખું પુસ્તક ભાષાંતર થયું, સંશોધિત થયું ને છપાયું ત્યાં સુધી મદદમાં રહ્યા.

દરમ્યાન, સદ્‌ગુરુ ઘનશ્યામજીવનદાસજી સ્વામીના શિષ્ય શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામીએ 'શ્રીજી સંમત વિશિષ્ટાદ્વૈત

સિદ્ધાંત સાગર ' નામના નવા ગ્રંથનું નિર્માણ કર્યું હતું, તેનું સંશોધન પણ સદ્‌ગુરુશ્રીએ હાથ ધરાવરાવ્યું. આમ, અનેકવિધ સાહિત્ય પ્રવૃત્તિઓથી સરસપુર મંદિર ધમધમી ઊઠ્યું !

હવે વસંતપંચમીનો સમૈયો મૂળીમાં કરી સદ્‌ગુરુશ્રી પોતાના મંડળે સહિત વિરમગામ પધાર્યા. ત્યાં રહસ્યાર્થ વચનામૃત તથા બાપાશ્રીની વાતોની પારાયણ મંદિરમાં બેઠી. સદ્‌ગુરુશ્રીના સાંનિધ્યનો હરિભક્તો અનેરો લાભ ઊઠાવે. ગામેગામના હરિભક્તો કથાનો લાભ લેવા આવે.

તે વખતે પારાયણના દિવસોમાં એકાદશી આવી. તે માટે આગલે દિવસે રાજગરાનો લોટ અધોમણ તૈયાર કરાવ્યો હતો. આગલા દિવસથી જ હરિભક્તો ઘણા આવ્યા. તેથી સંતોએ સદ્‌ગુરુશ્રીને કહ્યું : "હજી લોટ વધુ કરાવવો પડશે." સદ્‌ગુરુશ્રી કહે : "કાંઈ વધુ કરાવવો નથી; મહારાજ પૂરું કરશે." ગામના હરિભક્તોને મનમાં મૂંઝવણ થાય કે હવે શું થશે ! એકાદશીને દિવસે તો બીજા વધુ હરિભક્તો ગામડેથી આવ્યા. સદ્‌ગુરુશ્રીને ફરી પૂછ્યું, તો ફરી તે જ કહ્યું : "ચિંતા ન કરો, કાંઈ હરકત નહિ આવે." ઘણાં સંત-હરિભક્તો જમ્યા છતાં તેટલા જ લોટનો શીરો સૌને સારી રીતે જમાડ્યા પછી પણ વધ્યો ! હરિભક્તો સદ્‌ગુરુશ્રીનો પ્રતાપ જોઈ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

સદ્‌ગુરુશ્રી અમદાવાદ પધાર્યા. બ્રહ્મચારી નિર્ગુણાનંદજી રચિત "શ્રી પુરુષોત્તમલીલામૃત સુખસાગર" ગ્રંથ છપાઈ ગયો હતો. બાપાશ્રીના પરમ કૃપાપાત્ર ભુજના મહેતા ભોગીલાલભાઈ પુરુષોત્તમભાઈએ એ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો. થોડા નાના ટાઈપમાં ડબલ ક્રાઉન સાઈઝના કાગળ ઉપર છપાવતા ૬૭૨ પાન થયા હતા. શ્રીજીમહારાજની કચ્છલીલાનું હેતભર્યું પુસ્તક પ્રસિદ્ધ કરાવી અનેકને શ્રીજીને વિષે હેત પ્રેરવાનું કાર્ય થયું જાણી સદ્‌ગુરુશ્રી પ્રસન્ન થયા.

છાપકામનું તો એટલું સાહિત્ય હતું કે ખૂટે તેમ ન હતું. સદ્‌ગુરુશ્રીને રાજી કરવા સેવકો સેવામાં તત્પર હતા. સદ્‌ગુરુશ્રીની પ્રેરણાથી પુસ્તકો છપાવવા જરૂરી પૈસાની વ્યવસ્થા પણ હરિભક્તો ઉમળકાથી કરતા.

સં. ૧૯૯૨ માં સાહિત્યની શ્રેણીમાં ત્રણ પુસ્તકો ઉમેરાયા. સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામી રચિત 'બ્રહ્મસૂત્રભાષ્ય' ગ્રંથ સુંદર, સફાઈદાર શુદ્ધ છાપકામ કરાવી પ્રસિદ્ધ થયો. ડબલ ક્રાઉન સાઈઝના ૨૬૪ પાન ભરી સંસ્કૃત ભાષામાં મૂળપ્રત છાપી હતી, તે પછી શાસ્ત્રી ગિરિજાશંકરભાઈ પાસે કરાવેલું ગુજરાતી ભાષાંતર ૪૫૬ પાન ભરી છાપ્યું હતું. કુલ ૭૨૦ પાનના દિવ્યગ્રંથથી સદ્‌ગુરુશ્રીએ વિદ્વાનોને ખુશ કરી દીધા. પોતાના ગુરુ સદ્‌ગુરુશ્રી નિર્ગુણદાસજી સ્વામીએ પોતાને સોંપેલી મૂળપ્રતને સદ્‌ગુરુશ્રીએ સત્સંગ સમાજ આગળ મૂકી શ્રીહરિપ્રસન્નતા ઝીલી લીધી. શેઠ બળદેવભાઈ તથા શેઠ હીરજીભાઈ ચાવડાએ આ પુસ્તકની સેવા કરી સદ્‌ગુરુશ્રીની પ્રસન્નતા પ્રાપ્ત કરી.

શાસ્ત્રી ધર્મસ્વરૂપદાસજી સ્વામીએ રચેલા "શ્રીજી સંમત વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સાગર" કે જેમાં 'શુદ્ધ અક્ષરબ્રહ્મ વર્ણન' પણ સાથે જોડી દેવામાં આવ્યું હતું, તે પુસ્તક પ.ભ. બહેચરભાઈ ગજ્જરે છપાવી પ્રસિદ્ધ કર્યું. ક્રાઉન સાઈઝના ૩૦૦ થી વધુ પાનના આ પુસ્તકે પણ વિદ્વાનો અને જ્ઞાનીને પ્રસન્ન કરી દીધા. સદ્‌ગુરુશ્રી તો સાહિત્યની લહાણી કરવા જ માંડ્યા હતા. કેટલી પ્રેરણા, કેટલી પ્રસન્નતા, કેટલી સારસંભાળ!

પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામીશ્રીએ વચનામૃતનું વ્રજ-ભાષામાં રૂપાંતર કર્યું હતું, તે પણ આ જ વખતે પ્રસિદ્ધ થયા. સદ્‌ગુરુશ્રી આ કાર્યથી બહુ રાજી થયા. કાવ્ય યાદ રાખે

તેમ વચનામૃતો કાવ્ય દ્વારા યાદ થાય, તેથી શ્રીજીનો રાજીપો વધે. પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામીની મદદમાં રહેલા કવિરાજ હમીરદાનજી પુસ્તક છપાઈ પ્રસિદ્ધ થતા સદ્‌ગુરુશ્રીને વંદન કરી તેમના આશીર્વાદ લઈને પાલનપુર ગયા.

આ વચનામૃત ગ્રંથના વ્રજભાષાના રૂપાંતર વખતે હમીરદાનજી અપરિણિત હતા. પાલનપુર ગયા પછી તેમના લગ્ન ગયા. લગ્ન પછી થોડા જ સમયે પાલનપુરમાં તેમને ડબલ ન્યૂમોનિયા થઈ ગયો. તેમના પિતાશ્રીએ મૂળી પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામીને પત્ર લખી ખબર આપ્યા કે મારે મોટી ઉપાધિ આવી છે, પરણીને ઘેર આવ્યા ને તરત ડબલ ન્યૂમોનિયા થયો છે. પુરાણી સ્વામીએ તરત જ સદ્‌ગુરુશ્રીને પત્ર લખ્યો કે હમીરદાનજીને ગંભીર માંદગી થઈ છે, તો દયા કરીને શ્રીજીમહારાજને પ્રાર્થના કરી દેહ રહે તેવી કૃપા કરો. આ પત્ર સદ્‌ગુરુશ્રીને મળ્યો તે જ રાત્રિએ હમીર-દાનજીને દિવ્ય તેજોમય શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા સદ્‌-ગુરુશ્રીના દર્શન થયા. તે વખતે હમીરદાનજીએ સાંભળ્યું કે સદ્‌ગુરુશ્રીએ પ્રાર્થના કરી કે "આમનો ખપ છે માટે હમણાં મૂકી જાઓ ને આવરદા આપો." સદ્‌ગુરુશ્રીની પ્રાર્થનાથી શ્રીજી-મહારાજે હમીરદાનજીને સાજા કરી દીધા, ને લાંબી આવરદા દીધી. શરણાગતના યોગક્ષેમની સદ્‌ગુરુશ્રીએ સદાય રક્ષા કરી છે.

સદ્‌ગુરુશ્રીને પંચોતેરમું વર્ષ ચાલતું હતું. પગમાં 'વા'ની તકલીફ તો સતત ચાલુ હતી, પણ પોતે તો સદૈવ દેહભાવ-રહિત વર્તતા તેથી તેનાથી કોઈ પણ પ્રવૃત્તિમાં રુકાવટ આવવા દેતા નહીં. પણ હવે દેહની અવસ્થાના ભાવો જણાવા માંડ્યા હતા. પોતે તો એવા ને એવા પ્રફુલ્લિત અને શ્રીજીમૂર્તિના આનંદ સ્વરૂપ! તેમનું વિચરણ અનેકના પરમ કલ્યાણ માટે જ હતું.

કરાંચીના હરિભક્તોના વારંવાર વિનવણીના પત્રો આવે કે આપ અમને સૌને લાભ દેવા કરાંચી પધારો. હરિભક્તોના બહુ આગ્રહ ને પ્રેમને વશ થઈ સદ્‌ગુરુશ્રી સં. ૧૯૯૨નો ઉનાળો ઉતરતા કરાંચી પધાર્યા. સૌ હરિભક્તો આનંદના ઉત્સવમાં ઝીલવા માંડ્યા. 'વચનામૃત'ની પારાયણ ને સદ્‌-ગુરુશ્રીની કથા એટલે જ્ઞાનનો અવિરત ધોધ. હરિભક્તોને શ્રીજીમહારાજની મૂર્તિના યોગનો મહદ્‌ અવસર આવી ગયો.

કરાંચીમાં સદ્‌ગુરુશ્રી પંક્તિમાં પીરસતા પીરસતા લપસી જતા પડી ગયા, ને પગનું હાડકું ભાંગ્યું. સદ્‌ગુરુશ્રીની સેવામાં હરિભક્તો લાગી ગયા. સૌને સેવાનો અલભ્ય લાભ આપી સદ્‌ગુરુશ્રી અમદાવાદ પધાર્યા.

પગની તકલીફને કારણે હરવા-ફરવાનું ઓછું થઈ ગયું, પણ સત્સંગ સંવર્ધનનું કાર્ય તો એવું ને એવું ચાલતું. સદ્‌ગુરુશ્રીને થતું કે રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાવાળા વચનામૃતનો સંસ્કૃત અનુવાદ થાય તો વિદ્વાનોને લાભ મળે. જે વિદ્વાનો સાચા મુમુક્ષુ હોય તેમને આ ઉત્તમ ગ્રંથનો લાભ મળે તે જરૂરી હતું. વિદ્વાન શાસ્ત્રીઓને તે કામ માટે રોકવામાં આવ્યા. પુરાણી ધર્મકિશોરદાસજી સ્વામીશ્રી તથા મુનિસ્વામી પુરાણી કેશવપ્રિયદાસજી સ્વામીશ્રી જેવા સંસ્કૃતના અભ્યાસી સંતો મદદમાં રહ્યા. મૂળ સિદ્ધાંતો અને ભાવનો અર્થ બરાબર જળવાઈ રહે તે માટે બંને પુરાણીસ્વામી ખાસ ધ્યાન રાખતા. પ.ભ. ભલાભાઈ પટેલ પણ તે અંગે સેવા કરતા.

દરમ્યાન, 'બાપાશ્રીની વાતો'ના બીજા ભાગનું સંપાદન કાર્ય પૂરું થયું અને તે છપાવવાની શરૂઆત થઈ. એક સાથે કેટલાય પુસ્તકો, વિદ્વાનો, હરિભક્તો, સંતો ને સેવકોનું સદ્‌ગુરુશ્રી ધ્યાન રાખતા - રખાવતા. જે કોઈ સદ્‌ગુરુશ્રીની નજીક આવે તે તેમની પ્રતિભા અને વાત્સલ્યમાં લુબ્ધ બની જતા.

સં. ૧૯૯૪માં "અબજીબાપાશ્રીની વાતો—ભાગ ૨" છપાઈને પ્રસિદ્ધ થયો. સં. ૧૯૮૯માં બાપાશ્રીની વાતોનો પહેલો ભાગ બહાર પડ્યા પછી કોઈને કોઇ શંકાઓ થતી જણાઈ, તેનું શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક નિવારણ થાય તેવું ઉપોદ્‌ઘાત પ્રસિદ્ધકર્તાશ્રીએ તેમાં સાથે છપાવ્યું. સૌને સાબિત કરી દેખાડ્યું કે શ્રીજીમહારાજનું જ્ઞાન, સદ્‌ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામીનું જ્ઞાન, સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામીનું જ્ઞાન તથા મુક્તરાજ અબજીબાપાશ્રીનું જ્ઞાન—એ બધાં એક જ છે, અને એક શ્રીજીમહારાજની અપ્રતિમ મૂર્તિમાં જોડવા માટે સહાયરૂપ જ છે. 'વાતો'ના બીજા ભાગમાં અબજીબાપાશ્રીના સોથી ય વધુ પરચાઓ સમાવવામાં આવ્યા, જેથી સત્સંગમાં સૌને આ વાતો કરનાર મુક્તરાજશ્રીના મહિમાની જાણ થાય. પહેલા ભાગની 'વાતો'ના ૫૧૨ પાન અને બીજા ભાગની 'વાતો'ના ૫૮૮ પાન મળી ૧૧૦૦ પાનમાં સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રી પાસેથી સંભાળીને નોંધેલું જ્ઞાન સમાવી લીધું. આનાથી સૌને જાણ થઈ કે સદ્‌ગુરુશ્રી વારે વારે ને વર્ષોવર્ષ વૃષપુર બાપાશ્રીના સમાગમે જતા તેનાથી શું ફાયદો થયો! સદ્‌ગુરુશ્રીએ જાતે આ 'વાતો' લખી લઈ, સંપાદિત કરી જે છપાવવાની જહેમત ને પરિશ્રમ ઊઠાવ્યો તે જ જ્ઞાનપિપાસુ મોક્ષભાગી જીવાત્મા ઉપરનો પરમ ઉપકાર છે.

સદ્‌ગુરુશ્રી શેઠ હીરજીભાઈ ચાવડાના અતિ હેતભર્યા આગ્રહથી વસંતપંચમીનો સમૈયો મૂળીએ કરી રાજકોટ પધાર્યા. હીરજીભાઈને સદ્‌ગુરુશ્રી માટે અતિશય હેત ને સમર્પણભાવ હતા. સદ્‌ગુરુશ્રીની સેવા-સમાગમનો રાજકોટમાં સૌએ ખૂબ લાભ લીધો.

સદ્‌ગુરુશ્રીને જાણ થઈ કે રાજકોટના ભાઈ મણિલાલ પારેખે અંગ્રેજીમાં શ્રીજીમહારાજ ઉપર સુંદર પુસ્તક લખ્યું છે ને તેઓ અંગ્રેજી અને તત્ત્વજ્ઞાનના મોટા વિદ્વાન છે. સદ્‌ગુરુશ્રી

મણિલાલભાઈને મળ્યા. રહસ્યાર્થ વચનામૃત અંગ્રેજીમાં ભાષાંતર કરવા તેમની સાથે વાટાઘાટો કરી. મણિલાલભાઈએ એવી શરત કરી કે મારા લખેલા દરેક પુસ્તકનો કૉપીરાઈટ—પ્રસિદ્ધ કરવાનો હક્ક—હું જ રાખું છું, તેથી આ ભાષાંતર પણ મારા કૉપીરાઈટમાં રહેશે. સદ્‌ગુરુશ્રીને રુચિ એવી કે દરેક પુસ્તક સસ્તામાં સૌને ઉપલબ્ધ બની રહે તેવું કરવું, ને તેથી 'કૉપીરાઈટ' આપણી પાસે જ રાખવા. સદ્‌ગુરુશ્રી તો આર્ષદષ્ટા હતા. મણિલાલભાઈ એ સેવા કરી શકયા નહીં, તે છતાં સદ્‌ગુરુશ્રીએ મણિલાલભાઈની સરળતા ને વિદ્વતાથી રાજી થઈ તેમને આશીર્વાદ આપ્યા.

કરાંચીથી નીકળતી વખતે સદ્‌ગુરુશ્રીએ કરાંચી–મંડળની સેવામૂર્તિ ને બાળબ્રહ્મચારી મુક્તરાજ સોમચંદભાઈને કહ્યું: "હવે ક્યારે અમારી સેવામાં રહેવા આવો છો?" સોમચંદ-ભાઈ કહે: "બાપજી! આપની આજ્ઞાની જ રાહ જોઉં છું." બીજે દિવસે તેમણે નોકરીમાંથી રાજીનામું મૂકી દીધું.

સદ્‌ગુરુશ્રી અમદાવાદ પધાર્યા. સંસ્કૃતમાં વચનામૃતનું ભાષાંતર પૂરું થયું હતું. તે છપાવવા માટેનું કાર્ય સદ્‌ગુરુશ્રીની આજ્ઞા અનુસાર શરૂ થયું.

સં. ૧૯૯૪માં સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીશ્રી સાથે સદ્‌ગુરુશ્રી કડી પધાર્યા. ત્યાંથી ચુંવાળના ડાંગરવા પધારતા અગાઉ બંને સદ્‌ગુરુઓ પ.ભ. નારાયણભાઈ અમરસિંહભાઈના પ્રેમ–આગ્રહથી કમળાપુર પધાર્યા. નારાયણભાઈએ પોતાના હેતવાળા સગાંવહાલાંને બોલાવી રાખેલા. ઉત્સવ કરી, બંદૂકો ફોડી સદ્‌ગુરુઓનું સામૈયું કર્યું. તેમણે અર્ધો મણ પતાસા પ્રસાદ માટે લાવી રાખેલા, એ જાણે કે સદ્‌ગુરુશ્રી તો છુટ્ટા હાથે જ પ્રસાદી આપે! સદ્‌ગુરુશ્રીએ તે વખતે ખૂબ રાજીપો બતાવી બધાને પ્રસાદી વહેંચી ને શ્રીહરિજી તરફ સૌને ખેંચી લીધા. ત્રિભોવનભાઈ, લક્ષ્મણભાઈ, દેવજીભાઈ એ ત્રણેય

ભાઈઓને જોઈને સદ્‌ગુરુશ્રી કહે : "આ તો આપણા છે !" નાનું સરખું વાક્ય ને અનુપમ ઉપલબ્ધિ ! એ જ ક્ષણથી તે ભાઈઓ અનુપમ સેવકો બની ગયા. ત્રણેયને સદ્‌ગુરુશ્રીએ પૂજા આપી, 'વચનામૃત'—'બાપાશ્રીની વાતો'ના પુસ્તકો આપ્યા. આત્યંતિક કલ્યાણ આપી દીધું ! સદ્‌ગુરુશ્રીના એ પ્રથમ પરિચયની વાત કરતા લક્ષ્મણભાઈ કહે: "સદ્‌ગુરુશ્રીની નજર એવી કે જેના ઉપર એક વાર એ નજર પડી જાય તેને ધામમાં તેડી જ જાય—એવી ખાતરી થઈ ગઈ !" સદ્‌ગુરુશ્રી પધાર્યા પછી જાણે એ જ દેખાયા કરે, ખેતરે જાય તો તે, ઘરે આવે તો ય તે !

છ માસ પછી ત્રિભોવનભાઈથી રહેવાયું નહીં, સદ્‌ગુરુશ્રીની સેવામાં રહેવા આવી ગયા ! સદ્‌ગુરુશ્રી કહે : "સાધુ થવું છે ? કે મારું કહ્યું કરવું છે ?—તમે પાછા જાવ, લક્ષ્મણભાઈને મોકલો." કુટુંબના મોટા દીકરા તેથી કુટુંબની જવાબદારી ત્રિભોવનભાઈ ઉપર હતી, પણ કમળાપુર છોડી સદ્‌ગુરુશ્રીના સાંનિધ્યમાં અમદાવાદ કામધંધો શોધી આવી ગયા ! ને લક્ષ્મણભાઈ સદ્‌ગુરુશ્રીની સેવામાં લાગી ગયા, તે સદ્‌ગુરુશ્રીએ ભૌતિકલીલા સંકેલી લીધી તે પછી જ ઘરે ગયા !

'રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહિતના વચનામૃત'ના પ્રકાશન સાથે જે દિવ્ય પ્રકાશનની હારમાળા શરૂ થઈ હતી તે અબજીબાપાશ્રીની વાતો ભાગ–૧, ભાગ–૨, શ્રી પુરુષોત્તમ લીલામૃત સુખસાગર, વ્રજભાષામાં વચનામૃત, સંસ્કૃતમાં વચનામૃત, બ્રહ્મસૂત્રભાષ્ય, વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત સાગર સાથે લંબાતી ચાલી. પ્રકાશનકાર્યમાં હરિભક્તોએ સદ્‌ગુરુશ્રીની પ્રસન્નતા અર્થે લાખો રૂપિયા ભેટ ધર્યા.

મૂળી મંદિરના સં. ૧૯૭૯ના શતવાર્ષિક પાટોત્સવ પછી શેઠ હીરજીભાઈ જેમ જેમ સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીની કૃપામાં આવતા ગયા તેમ તેમ તેમને શ્રીજીમહારાજના

માહાત્મ્યજ્ઞાન સાથે વ્યવહારમાર્ગમાં પણ ઉત્કર્ષપણું વધતું ગયું. આથી તેઓ પોતાના દરેક કાર્યમાં શ્રીજીમહારાજની કૃપા સાથે આ સદ્‌ગુરુશ્રીની કૃપાનું ફળ છે એમ માનતા હતા. તેમના હૃદયમાં એમ જ રહેતું હતું કે જે ઉત્તમ સિદ્ધાંતવાળું જ્ઞાન શ્રીહરિએ પ્રવર્તાવ્યું છે, તે જીવનમાં યથાર્થ ઉતારીને જેઓશ્રી બીજાઓને તેનો લાભ આપે છે, તેમ જ સત્સંગની સુધારણા માટે જેમણે અઠંગ અખાડો માંડ્યો છે, તેમજ અનેક કષ્ટો તથા માનાપમાનને ન ગણકારતાં પોતાના ધ્યેય પ્રત્યે સ્વસ્થતાપૂર્વક પ્રવૃત્તિ કરી રહ્યા છે, એવા સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીનું જો જીવનચરિત્ર લખાય તો તે અતિ જનહિતમાં પરિણમે. આથી તેઓ કેટલીય વાર સદ્‌ગુરુશ્રી પાસે આ માગણી કરતા. પરંતુ દરેક વખતે સદ્‌ગુરુશ્રી તેમને અબજીબાપાશ્રીના જીવનચરિત્રની જરૂરિયાત માટે ભલામણ કરતા.

સદ્‌ગુરુશ્રીની એ અંતરની ઈચ્છા હતી કે અબજીબાપાશ્રીએ સત્સંગને જે અદ્‌ભુત આત્યંતિક કલ્યાણની ગંગામાં નવરાવ્યો છે તે મુજબ તેમનું સુંદર અને વિગતવાર જીવનચરિત્ર લખાવું જોઈએ. મુનિસ્વામી પુરાણી કેશવપ્રિયદાસજી સ્વામીએ આ અંગે થોડું લખાણ કર્યું હતું, પણ વધુ વિગતો મળે તો તે ભેગી કરીને વિસ્તારપૂર્વક લખાણ થાય તો વધુ લાભદાયક થાય, તેવા આશયથી સદ્‌ગુરુશ્રીએ સં. ૧૯૯૫માં એ સેવા અનન્ય સેવક અને બાપાશ્રીના પરમ લાડીલા, જેમને બાપાશ્રીએ પોતે 'ઠાઉકા ખંડ્યા' તરીકે પ્રમાણિત કરેલા તેવા મુક્તરાજ સોમચંદભાઈને સોંપી. સોમચંદભાઈને તો, મનગમતી દિવ્ય સાહિત્યસેવા મળી જતાં આનંદ આનંદ થઈ રહ્યો.

બાપાશ્રીની જેમણે બહુ સેવા કરી હતી એવા વૃષપુરવાળા હીરજીભાઈના પુત્ર પ્રેમજીભાઈને સાથે રાખી સોમચંદભાઈ

કચ્છના ગામેગામ ફર્યા. વૃદ્ધ હરિભક્તો પાસેથી જે જે યાદીઓ મળી તથા જે જે ફોટાઓ મળ્યા તે ભેગા કર્યા. બાપાશ્રીના અનન્ય પરિચયમાંના સદ્‌ગુરુશ્રીઓ—મોટેરા હરિભક્તો વગેરે પાસેથી જે જે કાંઈ સાહિત્ય મળ્યું તે બધું સંગ્રહવામાં આવ્યું, ત્યાર પછી બધી માહિતીને ક્રમવાર ગોઠવી, વિગતથી લખી દળદાર પુસ્તક તૈયાર થવા લાગ્યું.

દરમ્યાન, સં. ૧૯૯૬માં સંસ્કૃત ભાષામાં ટીકા સહિતના વચનામૃતો છપાઈને પ્રસિદ્ધ થયા. કેટલાય સંત–હરિભક્તો અને વિદ્વાનોની સેવા શ્રીહરિ પ્રસન્નતામાં પરિણમી. સદ્‌-ગુરુશ્રીની વાત્સલ્યભરી દૃષ્ટિ સૌને સુખિયા કરી ગઈ.

## ૯. અંતિમ મંદવાડ ને અઢળક કૃપા

સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને બાપાશ્રીએ જે જે કાર્ય સોંપ્યું તે તેમણે ઉત્તમ રીતે પૂરું પાડ્યું હતું. અનેક મુમુક્ષુઓને શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેવારૂપ અનાદિ મુક્તાની સ્થિતિ સમજાવી હતી, આવું જ્ઞાન સદાકાળ ચાલુ રહે તેવા ઉત્તમ ગ્રંથો પ્રકાશિત કર્યા હતા. સત્સંગના ઉત્કર્ષ માટે સર્વ રીતે સેવા કરી હતી, સત્સંગસુધારણા માટે નીડરતા-પૂર્વક કાર્યરત રહ્યા હતા, હજારો હરિભક્તોને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી રક્ષા કરી આ લોક–પરલોક સુધાર્યા હતા. હવે એંશી વર્ષની અવસ્થા થઈ હતી. દેહભાવ તો જરાયે હતો જ નહીં, પણ હવે આ લોકમાંથી અદ્રશ્ય થઈ જવા ઈચ્છા કરવા લાગ્યા.

હવે સદ્‌ગુરુશ્રીએ પોતાના શરીરમાં મંદવાડનો ભાવ દેખાડવા માંડ્યો. અનેક હરિભક્તોની શારીરિક–માનસિક દુઃખ દર્દોમાં રક્ષા કરી છે. શ્રીજીમહારાજની સ્વાભાવિક ચેષ્ટામાં સદ્‌ગુરુશ્રી પ્રેમાનંદ સ્વામી કહે છે તેમ

'કોઈને દુખિયો રે દેખી ન ખમાય
દયા આણી રે અતિ આકળા થાય.'

તે રીતે શ્રીજીમહારાજના સિદ્ધ મુક્તોમાં પણ શ્રીજીમહારાજના જેવા કરુણા–વાત્સલ્યના કલ્યાણકારી ગુણો વર્તાતા હોય છે, એ રીતે સદ્‌ગુરુશ્રીએ પોતાના અનેક ભક્તોના મંદવાડો પણ જાણે વાત્સલ્યવશાત્ પોતે લઈ લીધા હોય તેમ મોટો મંદવાડ અંગીકાર કર્યો. અનેક મુમુક્ષુ–હરિભક્તોને સેવાનો લાભ આપવા માટે જાણે મંદવાડ ગ્રહણ કરેલો હતો. સદ્‌ગુરુશ્રીના વિષે હેતવાળા કોઈ હરિભક્ત એવા નથી જેમણે આ મંદવાડમાં સદ્‌ગુરુશ્રીની સેવા ને દર્શન નહિ કર્યા હોય!

સદ્‌ગુરુશ્રીના મંદવાડમાં જેમને તેમની તબીબી સેવાનો અલભ્ય લાભ મળ્યો હતો તેવા સદ્‌ગુરુશ્રીના અદના સેવક ડૉ. પ્રિયકાંતભાઈ આ મંદવાડ વિષે જણાવતાં કહે છે : "સદ્‌ગુરુશ્રીના મંદવાડમાં તબીબી સારવાર કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું. સાધારણ માણસને મંદવાડ થાય તો દર્દ અમુક રીતે આગળ વધે પરંતુ સદ્‌ગુરુશ્રીએ મંદવાડમાં જે પોતાનું સામર્થ્ય બતાવ્યું છે તે તેમના સિવાય કોઈનામાં જોયું નથી. પહેલાં સદ્‌ગુરુશ્રીને મધુપ્રમેહ થયો. અમારા જ્ઞાન પ્રમાણે અને માન્યતા પ્રમાણે તે મટે નહિ, પરંતુ તે સદ્‌ગુરુશ્રીને મટી ગયો. મેં પેશાબ ને લોહી તપાસ્યાં છે, પૂરતો ખોરાક લેવા છતાં સદ્‌ગુરુશ્રીને મધુપ્રમેહ મટી ગયો. પછી પેશાબમાં આલ્બ્યુમિન નામનો ક્ષાર નીકળતો તે સદ્‌ગુરુશ્રીની ઈચ્છા હોય ત્યારે અટકી જાય! કેટલીકવાર ક્ષાર બહુ નીકળતો હોવાથી હું બહુ દિલગીર થઈ જતો ને મૂંઝાતો, ત્યારે સદ્‌ગુરુશ્રી સાન કરતાં કહે કે હવે દસેક દિવસ નહિ નીકળે. હું દરરોજ સદ્‌ગુરુશ્રીને તપાસું ને પેશાબમાં આલ્બ્યુમિન તેટલા દિવસ ન નીકળે! સદ્‌ગુરુશ્રીને પહેલાં લોહીનું દબાણ વધારે હતું, તેમાં પણ તેમની ઈચ્છા મુજબ મોટો ઘટાડો થતો. સવારે તપાસીએ તો ૧૯૦ની આસપાસ હોય, ને બપોરે તપાસીએ તો ૧૪૦ની આસપાસ હોય, ને તેમ કેટલાય દિવસ ચાલે. નાડી ઘડીકમાં ૭૦–૭૫ હોય, ઘડીકમાં ૧૩૦ પણ થાય ને છેવટના દિવસોમાં ૩૦–૪૦ નાડીના ધબકારા થાય ને સદ્‌ગુરુશ્રી તો વાતો કરતા હોય! પછીથી સદ્‌ગુરુશ્રીને શરીરે સોજા ચડી ગયા. અમારા જ્ઞાન મુજબ ને પ્રખ્યાત ડૉક્ટરોના કહેવા મુજબ સદ્‌ગુરુશ્રીનું શરીર ન રહે. સદ્‌ગુરુશ્રી સૌને કહે : 'હવે અમને રજા આપો.' સૌ હરિભક્તો રોકવા માટે પ્રાર્થના કર્યા કરે. સૌની પ્રાર્થના સ્વીકારી સદ્‌ગુરુશ્રીએ તે વખતે દેહોત્સર્ગ ન કરવાનું નક્કી

કર્યું, ને તે નિશ્ચય થતાં પેટમાં ને છાતીમાં ભરાયેલ પાણી સોસાઈ ગયું, જે બીજા માણસમાં ન થાય, ને સદ્‌ગુરુશ્રીને આરામ થવા લાગ્યો."

મંદવાડ હતો તો ય સદ્‌ગુરુશ્રાનું જ્ઞાનનું સદાવ્રત તો ચાલુ જ હતું. એક હરિભક્ત વિશિષ્ટાદ્વૈતનું સંસ્કૃત પુસ્તક લઈ આવ્યા. સદ્‌ગુરુશ્રીએ સૂતાં સૂતાં હાથ લંબાવી તે પુસ્તક ઉઘાડી એક લીટી ઉપર આંગળી મૂકીને કહ્યું : "વાંચો." – પછી સામજાવ્યું : "આ અન્વયસ્વરૂપનું વિશિષ્ટાદ્વૈત અને મહારાજ અને મુક્ત રસબસ રહે છે એ વ્યતિરેક સ્વરૂપનું વિશિષ્ટાદ્વૈત." સંસ્કૃત ભણેલા શાસ્ત્રીઓના સંશયોનું નિરસન કે વિરોધીનો પરિહાર કે સમન્વય સદ્‌ગુરુશ્રી સહજમાં સરળતા-પૂર્વક કરી આપતા!

મંદવાડની જાણ થતાં સદ્‌ગુરુશ્રીનો વિશાળ શિષ્ય સમુદાય હતો તેની ભીડ થતી. સદ્‌ગુરુશ્રીની સેવાનો લહાવો લેવા સૌ આવે. એક બાજુ સદ્‌ગુરુશ્રી મંદવાડની ચેષ્ટા જણાવે, તો બીજી બાજુએ સંત–હરિભક્તોની સભા થાય, જ્ઞાનવાર્તા સદ્‌ગુરુશ્રી પોતે કરે, જમવાની પંક્તિઓ થાય, એવું લાગે કે જાણે મોટી પારાયણ થતી ન હોય! કોઈ પૂછે કે 'બાપજી! કેમ છે?' તો પોતે જવાબ દે : "આપણે તો એક મહા-રાજની મૂર્તિ જ છે." જાણે કાંઈ માંદગી જ ન હોય તેમ સૂતાં સૂતાં સૌને બોલાવે, જમાડે, વાતો કરે. એમ જણાઈ આવે કે મોટા મુક્તોનો મંદવાડ તો અનંત જીવોના કલ્યાણ પૂરતો જ હોય, કેમકે મોટા મુક્તની સેવાના પ્રસંગમાં જે કોઈ આવે તથા તેમના દર્શન–સેવા–સમાગમ કરી સુખનો લહાવો પ્રાપ્ત કર્યો હોય, તેઓનું આત્યંતિક કલ્યાણ સહેજે થાય. આવી રીતે સદ્‌ગુરુશ્રીની સેવાચાકરી કરી કેટલાય પોતાના ધન્યભાગ્ય જાણી કૃતાર્થ થઈ ગયા.

સદ્‌ગુરુશ્રીના રાજીપામાં જે જે આવી ગયા, તે અદ્‌ભુત દિવ્ય મેવા પામી ગયા. આમ સદ્‌ગુરુશ્રીના મંદવાડમાં પણ જીવોના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા સતત ચાલુ ને ચાલુ જ હતી. ખરેખર તો, અવરભાવમાં દેખાતો મંદવાડ પણ એ પ્રક્રિયાનો જ ભાગ હતો!

સદ્‌ગુરુશ્રીની સેવાનો ને દિવ્યતાનો લાભ લેવા હરિ-ભક્તોના મંડળ બેઠા જ હોય! રાતના ૧૨–૧ વાગ્યા સુધી સતત દિવ્ય મોજ મળતી રહે. હરિભક્તોને સદ્‌ગુરુશ્રી પાસેથી ઊઠવાનું મન જ ન થાય. પરાણે ઊઠવું પડે. કેટલાય હરિભક્તો તો એ લાભ લેવા પરગામથી અમદાવાદ રહેવા આવી ગયા તો કેટલાય અમદાવાદના અન્ય સ્થળે રહેતા હોય ને સરખો લાભ લેવાનું અનુકૂળ ન પડે તેવું હોય તો ઘર બદલી સરસપુર મંદિરની નજીકના સ્થળે રહેવા આવ્યા.

જર્મન ડૉકટર—ડૉ. ગાસ્કેલ—ની સારવાર ચાલતી હતી. એક દિવસ પરોઢિયે સદ્‌ગુરુશ્રીની નાડી ૨૦ થી ૩૦ થઈ ગઈ. સેવામાં રહેલા ડૉ. પ્રિયકાંતભાઈને લાગ્યું કે હૃદયમાં લોહીનું રોકાણ થતું હશે. આ પરિસ્થિતિ ચાલુ રહે તો મગજ સુધી પહોંચતું લોહી ઓછું થવા લાગે ને તેનાથી ખરાબ પરિણામ આવે. તરત જર્મન ડૉકટરને તેડાવ્યા. તેમણે નાડી જોઈ, પણ સદ્‌ગુરુશ્રી તો રોજની જેમ વાતો કરતા હતા. જર્મન ડૉકટરને ય આશ્ચર્ય થયું. ડૉ. પ્રિયકાંતભાઈને કહે: "મૂંઝાશો નહીં, આ તો બહુ મોટા પુરુષ છે!" બહાર નીકળતી વખતે ડૉકટરે ડૉ. પ્રિયકાંતભાઈને પૂછ્યું કે તમે એમ. બી. બી. એસ. ડૉકટર થઈને આમની સેવામાં ચોવીસે કલાક રહો છો, તો તે તમારે શું સગાં થાય? પ્રિયકાંતભાઈ કહે: એ અમારા આધ્યાત્મિક પિતા છે! જર્મન ડૉકટર કહે: "ડૉકટર, તમારી પસંદગી ખરેખર વખાણવા લાયક છે. He commands his disease, the disease does not

command him. (આ મહાપુરુષ ઉપર રોગનું કાંઈ ચાલતું નથી, તેઓશ્રી કહે તેમ રોગને કરવું પડે છે!)

સદ્‌ગુરુશ્રીની છેલ્લી માંદગીમાં વિરમગામના ડૉ. નાગરદાસભાઈએ સેવાનો બહુ લાભ લીધો. પોતાના દવાખાનાની દરકાર કર્યા વગર, રોજ બપોરે વિરમગામથી ટ્રેનમાં નીકળે, અમદાવાદ જાય, ને સદ્‌ગુરુશ્રીને તપાસે, દવા કરે, ડ્રેસીંગ કરે, સેવા કરે. મોડી સાંજે નીકળે ને રાત્રે ૧૧ વાગ્યે વિરમગામ પાછા પહોંચે. આ રીતે સતત દોઢ-બે વર્ષ સુધી સેવા કરી, ન જોઈ દિવાળી, ન જોઈ હુતાશની! તેવી જ રીતે શેઠ બળદેવભાઈ, બહેચરભાઈ, મગનભાઈ, સોમચંદભાઈ, તુલસીદાસભાઈ (મીઠુભાઈ) ડૉ. મણિલાલભાઈ, શિવલાલભાઈ, લક્ષ્મણભાઈ, ત્રિભોવનભાઈ, વગેરે અનેક હરિભક્તોએ સદા તત્પર રહી સેવા કરી.

સદ્‌ગુરુશ્રીની અંતિમ માંદગીમાં પેટમાં પાણી ભરાયું. તે વખતે હાલના જેવી સારવાર હતી નહીં. પગેથી પાણી કાઢે. સદ્‌ગુરુશ્રીને એ વખતે પગમાં વ્રણ થયું. પેટનું પાણી તો સૂકાઈ ગયું, પણ પગનો જખમ નીચે ઉતરતો રહ્યો. સોજો પણ રહેતો.

સદ્‌ગુરુશ્રીએ થોડા દિવસે ફરી સૌની રજા માંગવા માંડી. "હવે અમને ધામમાં જવા દો"—એમ કહે ને સૌને ફાળ પડે! સદ્‌ગુરુશ્રીએ નબળાઈ ને માંદગી વધારે દેખાડવા માંડી, તે જાણે દેહોત્સવ કરશે તેમ લાગ્યું. સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીશ્રી મોટા મંદિરમાંથી સરસપુર મંદિર આવ્યા. સ્વાભાવિક રીતે કહે: "સ્વામી! મૂર્તિ સંભારી રાખવી." સદ્‌ગુરુશ્રી કહે: "આ ભલામણ કરવાની હોય? અહીં તો મૂર્તિ જ છે, બીજું કાંઈ નથી!" પણ મોટેરા હરિભક્તો ગદ્‌ગદ કંઠે પ્રાર્થના કરવા માંડ્યા, સદ્‌ગુરુશ્રીએ કૃપા કરી નિર્ણય બદલ્યો, ને બીજા વધુ દસ મહિના દર્શન આપ્યા.

ડૉ. પ્રિયકાંતભાઈ સદ્‌ગુરુશ્રીના પગે રોજ ડ્રેસીંગ કરે, તેને સદ્‌ગુરુશ્રી જોયા કરે. કહે : "જો, પેલો સફેદ ભાગ દેખાય છે તે કાઢી નાખ," ડૉ. પ્રિયકાંતભાઈ કાતર લઈ કાપે, પણ સદ્‌ગુરુશ્રી સ્મિત કરતા જાય. જાણે પોતાને કાંઈ થતું જ ન હોય, જાણે કે બીજા કોઈના દેહને ડ્રેસીંગ થતું હોય! મોટા ડૉકટર આવીને કહે : "પગે ઑપરેશન કરવું પડશે ને તે માટે ઘેનની દવા (ઍનેસ્થેસીયા) આપવી પડશે." સદ્‌ગુરુશ્રી કહે : "તેની કાંઈ જરૂર નથી, તમે નસ્તર મૂકો." પોતે આરામખુરશીમાં બેઠા, સહેજ પણ દુ:ખ કે દેહભાવ વરતાયો નહીં. ડૉકટર અહોભાવ પામી આશીર્વાદ માંગવા લાગ્યા!

સદ્‌ગુરુશ્રીની આટલા મંદવાડમાં આવી અદ્‌ભુત સ્વસ્થતાથી આશ્ચર્ય પામી કોઈ હરિભકતે પૂછ્યું : "બાપજી! આપના જેવી શાંતિ અને આનંદ અમને સદા કેવી રીતે રહે?" સદ્‌ગુરુશ્રી કહે : "પોતાપણું કાંઈ ન રાખીએ તો રહે!" ટૂંકા-ટચ જવાબ ને મોટામાં મોટી સમજણ!

સેવામાં રહેલા હરિભક્તોને થયું કે કોઇ વૈદ્યની દવા કરી હોય તો સારું. ફાગણ માસથી ગુજરાત આયુર્વેદ ફાર્મસી-વાળા વૈદ્યરાજ રવિશંકરભાઈ ત્રિવેદીને બોલાવી લાવ્યા. તેમની સારવાર શરૂ કરી. તેમણે સ્થળનો ફેરફાર-હવાફેર-ની સૂચના કરી. વિઠ્ઠલજીભાઈએ એ તક મળી જાણી સદ્‌ગુરુશ્રીને વિનંતી કરી : "બાપજી! આપ દયા કરીને આબુ પધારો તો હું આપના નિવાસ માટે બધી સગવડ કરી આવું. આબુ ઉપર ઉનાળામાં પણ શિયાળા જેવી ઠંડી હવા આપને બહુ જ અનુકૂળ આવશે. માટે આપ કૃપા કરી રજા આપો." વિઠ્ઠલજીભાઈનો અતિ ભાવ જાણીને તેમને રાજી કરવા સદ્‌-ગુરુશ્રી આબુ પધાર્યા. ત્યાં નખી તળાવને કાંઠે બંગલો ભાડે

રાખી સદ્ગુરુશ્રીને ત્યાં રાખ્યા. વિઠ્ઠલજીભાઈનો સંકલ્પ પૂરો કરી સદ્ગુરુશ્રી થોડા દિવસ પછી અમદાવાદ પધાર્યા.

અમદાવાદના હરિભક્તોને થયું કે અમદાવાદની આજુ-બાજુમાં ખુલ્લી જગ્યામાં કોઈ બંગલામાં સદ્ગુરુશ્રીને રાખ્યા હોય તો હવાફેર જેવું રહે. તે વખતે વાડજ વિસ્તાર નવો નવો વિકાસ પામી રહેલો. ત્યાંની ચાંપાનેર સોસાયટીના બાવીશ નંબરના બંગલામાં પોતાના સંતમંડળે સહિત સદ્-ગુરુશ્રી પધાર્યા. હરિભક્તોના મંડળનાં મંડળ દર્શને આવ્યા જ કરે. સાધુ મુક્તવલ્લભદાસજી સવાર–સાંજ રસોઈ કરતા પહેલાં થાળ સામગ્રી પર સદ્ગુરુશ્રીની નજરપ્રસાદી કરાવે. આવી માંદગીમાં સદ્ગુરુશ્રીના સાધુ આવું શું કરતા હશે, તેમ ડૉકટરને થાય! મુક્તવલ્લભદાસજીને કહે પણ ખરા કે આવી તકલીફ સદ્ગુરુશ્રીને શું આપો છો! મુક્તવલ્લભદાસજી કહે: "ભાઈ! તમને ખબર નથી; આ રસોઈ હવે ગમે તેટલાં હરિભક્તો જમશે તો પણ ખૂટશે નહીં!"

હવે મુક્તરાજ અબજીબાપાશ્રીના જીવનચરિત્રનું કામ મુક્તસ્વરૂપ સોમચંદભાઈએ પ્રેમપૂર્વક અને સઘળા ખંતથી પૂરું કર્યું હતું. તે હસ્તલિખિત ગ્રંથ લઈને તેઓશ્રી માથકથી સદ્ગુરુની પાસે જોરાવરનગર આવ્યા. (તે વખતે સદ્ગુરુશ્રી અનન્ય સેવાપરાયણ, પ.ભ. ડૉ. શાન્તિભાઈના અતિ પ્રેમને વશ થઈને જોરાવરનગર પધાર્યા હતા.) એ ગ્રંથ જોઈ સદ્ગુરુશ્રી અતિશય પ્રસન્ન થયા. પછી સોમચંદભાઈને સદ્ગુરુશ્રી કહે: હવે અહીં રહીને આ ગ્રંથની પારાયણ અમને સંભળાવો. સદ્ગુરુશ્રીની આજ્ઞા થતાં સોમચંદભાઈએ અબજીબાપાશ્રીના જીવનચરિત્રનો હસ્તલિખિત ગ્રંથ સદ્ગુરુશ્રી આગળ વાંચવા માંડયો. સોમચંદભાઈ વાંચતા હોય, સદ્ગુરુશ્રી મંદવાડને કારણે પાટ ઉપર સૂતા સૂતા તે કથા સાંભળતા હોય. એકવાર સોમચંદભાઈને લાગ્યું કે સદ્ગુરુશ્રી યોગનિદ્રામાં

જતા રહ્યા છે, તેથી તેઓ વાંચતા અટકી ગયા. તરત જ સદ્‌ગુરુશ્રી કહે : કેમ બંધ રાખ્યું ? વાંચ્યે જ રાખો, હું સાંભળું જ છું ! સદ્‌ગુરુશ્રીનો અથાક્ પ્રભાવ ને સામર્થ્ય જોઈ સોમચંદભાઈએ અહોભાવ અનુભવ્યો ને કથા કરવા માંડી. પારાયણ પૂરી થતા સદ્‌ગુરુશ્રીએ સોમચંદભાઈ ઉપર અતિશય પ્રસન્નતા જણાવી કહ્યું : " જેવું કામ થવું જોઈએ તેવું જ થયું ! હવે તેને જલ્દીથી છપાવી દો. તમે રાજકોટ જઈ હીરજીભાઈને મળી આ પુસ્તક છપાવવાની તજવીજ કરો." તે પ્રમાણે રાજકોટમાં તે પુસ્તક છપાવા માંડ્યું. સોમચંદભાઈ રાજકોટમાં રહી તેના પ્રૂફો સુધારી ઉતાવળે તે તૈયાર કરાવવા લાગ્યા. સદ્‌ગુરુશ્રી બિરાજતા હોય ત્યાં સુધીમાં તે છપાઈને તૈયાર થઈ જાય તેવી સૌના મનની ઇચ્છા હતી.

શેઠ હીરજીભાઈ સદ્‌ગુરુશ્રીના મંદવાડની શરૂઆતમાં એમ કહ્યા કરતાં કે હજી તો મારે સદ્‌ગુરુશ્રીને રાજકોટ મારે ત્યાં તેડી જઈ પારાયણ કરાવવું છે. સદ્‌ગુરુશ્રીને પૂછે : " પધારશો ને ? " પોતે રાજી થઈને કહે : " હા, હા જરૂરથી રાજકોટ આવવું છે." પણ મંદવાડ તો વધતો ચાલ્યો તેથી હીરજીભાઈથી બોલાય તેમ રહ્યું નહિ. પણ સં. ૧૯૯૮ના આસો માસની શરૂઆતમાં હીરજીભાઈ સદ્‌ગુરુશ્રીના દર્શને આવ્યા, ત્યારે સદ્‌ગુરુશ્રીએ જ સામેથી પૂછ્યું : " હીરજીભાઈ ! અમને હવે રાજકોટ ક્યારે લઈ જવા છે ? " હીરજીભાઈએ વૈદ્યરાજની સલાહ પૂછી. વૈદ્ય રવિશંકરભાઈ કહે : " આ સ્થિતિમાં કોઈ પણ ચિકિત્સક લઈ જવાની સંમતિ ન આપે, પણ જો સદ્‌ગુરુશ્રીની પોતાની આવવાની ઈચ્છા હશે તો રસ્તામાં કોઈ જાતનો વાંધો નહિ આવે." ડૉ. નાગરદાસભાઈનો પણ એ જ અભિપ્રાય પડ્યો. તે વર્ષોમાં મોટર વાહનવ્યવહાર હતો નહીં, વળી સૌરાષ્ટ્ર વિભાગમાં કેવળ મીટર ગૅજ ટ્રેનો હતી, ને અમદાવાદથી વિરમગામ સુધી બ્રોડગૅજ ટ્રેનો જતી.

વિરમગામ ગાડી બદલવી પડે તેમ હોય તો ઘણી મુશ્કેલી પડે. વહેલાળના નગીનદાસ માસ્તર રેલ્વેમાં નોકરી કરતાં હતાં. તેમણે મહેનત કરી મીટર ગૅજના ફર્સ્ટ ક્લાસના સ્પેશિયલ બે ડબ્બા ભાડે કરાવી આપ્યા. તેમાં સદ્‌ગુરુશ્રી, તેમની સેવામાં રહેતા સંતો, વૈદ્યરાજશ્રી, ડૉ. નાગરદાસભાઈ, શેઠ બળદેવભાઈ, વિઠ્ઠલજીભાઈ, આશાભાઈ, ભગવાન ભગત, લક્ષ્મણભાઈ વગેરે બેસી અમદાવાદથી મહેસાણા તરફ મીટર ગૅજમાં કટોસણરોડ જંક્શન થઈ ત્યાંથી મહેસાણા–વીરમગામની ટ્રેનમાં તે ડબ્બો જોડાવી, વિરમગામ–સુરેન્દ્રનગર થઈ રાજકોટ પધાર્યા. હીરજીભાઈ અને બીજા સૌને એમ હતું કે સદ્‌ગુરુશ્રી અહીં થોડા મહિના રોકાશે. વેસ્ટ હૉસ્પિટલના સર્જન તથા આસિસ્ટંટ સર્જનને બોલાવી સદ્‌ગુરુશ્રીના પગ બાબત ડૉ. નાગરદાસભાઈ સાથે તથા બીજા વૈદ્યોને બોલાવી શારીરિક સ્થિતિ માટે વૈદ્યરાજ રવિશંકરભાઈ સાથે મસલત કરાવરાવી. એકંદરે સૌને આશ્ચર્ય થયું કે અશક્તિ ઘણી છે, છતાં નાડીની સ્થિતિ સારી છે. સર્જન ડોક્ટરને નવાઈ તો એ લાગી કે હૃદયના ધબકારાનો અવાજ બહુ જ મંદ, પણ નાડીના ધબકારા ઘણા સારા! તેમણે સદ્‌ગુરુશ્રીની સ્થિતિને ‘યોગેશ્વરની સ્થિતિ’ ગણાવી.

સદ્‌ગુરુશ્રી કહે : “બાપાશ્રીના જીવનચરિત્રના જે પાના છપાઈ ગયા હોય તે લાવો.” આ દરમ્યાન સોમચંદભાઈ તથા અન્ય સેવકોની ચીવટથી છાપકામ પૂરું થઈ ગયેલું, પણ એ છપાયેલા પાનાને પુસ્તક–આકારે બાંધવાનું કામ બાકી હતું. મોટી સાઈઝના આશરે અગિયારસો પાનમાં આ વિસ્તૃત જીવનચરિત્ર છપાયું હતું. બધાં છપાયેલાં પાનાં સદ્‌ગુરુશ્રી પાસે લાવ્યા. સદ્‌ગુરુશ્રીએ અતિ પ્રસન્નતા જણાવી. બધાં જ સેવકો ઉપર પોતાના આશીર્વાદ વહેવડાવ્યા. હીરજીભાઈને સદ્‌ગુરુશ્રી કહે : “હવે આ પાના સૌને વહેંચી

દઈ, સમૂહપારાયણ કરી લ્યો.'' શેઠ હીરજીભાઈના એ 'ઈશ્વર ભુવન' બંગલામાં સદ્‌ગુરુશ્રીની સંનિધિમાં આસો સુદ પૂનમ —શરદપૂર્ણિમાએ—અબજીબાપાશ્રીના જીવનચરિત્રની પ્રથમ (સમૂહ) પારાયણ થઈ. સૌ હેતરુચિવાળા હરિભક્તોએ સદ્‌ગુરુશ્રી પાસેથી પ્રસાદ લીધો. રાજકોટ મંદિરમાં રસોઈ દીધી, સંત–હરિભક્તોને જમાડ્યા.

આસો સુદ ૧૩ એ રાજકોટ પધાર્યા હતા. આસો વદમાં તો સદ્‌ગુરુશ્રી કહે : "હીરજીભાઈ! તમારો સંકલ્પ હતો કે અમને રાજકોટ તેડી લાવવા, ને બાપાશ્રીના જીવન-ચરિત્રની પારાયણ કરાવવી. તમારો તે સંકલ્પ પૂરો થયો છે. હવે અમને રાજી થઈને રજા આપો!" આસો વદ આઠમ (તા. ૧–૧૧–૪૨)ને રવિવારે સદ્‌ગુરુશ્રી અમદાવાદ પાછા પધાર્યા.

સદ્‌ગુરુશ્રી રાજકોટ જવા માટે પધાર્યા ત્યારે વાડજની ચાંપાનેર સોસાયટીના બંગલેથી પધારેલા. રાજકોટથી પાછા વળતા અમદાવાદ સ્ટેશને પહોંચ્યા, ત્યાં સદ્‌ગુરુશ્રી કહે : "અમારે હવે સરસપુર જવું છે.'' સૌ હરિભક્તો ઉદાસ થઈ ગયા. સૌ જાણી ગયા કે સદ્‌ગુરુશ્રી વાડજના બંગલામાં દેહોત્સવ કરવા નથી ઈચ્છતા, પણ સરસપુર મંદિરમાં જ દેહોત્સવ કરશે. હવે સદ્‌ગુરુશ્રી વાડજ ન પધારતા સરસપુર મંદિરમાં પધાર્યા. રાજકોટ બાર દિવસ રહ્યા. ત્યાં તેમજ જતાં–આવતાં રસ્તામાં ગામેગામના હરિભક્તોને દર્શન આપી રાજી કર્યાં, કારણકે નહિતર એટલા બધા મનુષ્યો અમદાવાદ સુધી આવી સદ્‌ગુરુશ્રીના દર્શનનો લાભ ન લઈ શક્યા હોત.

હીરજીભાઈ બે દિવસ સરસપુરમાં સદ્‌ગુરુશ્રી સાથે રોકાયા. તે દરમ્યાન મંદવાડની પરિસ્થિતિ એમ ને એમ રહેતી લાગી. દિવાળી માટે થોડા દિવસ જઈ આવવા તેમને વિચાર થયો. સદ્‌ગુરુશ્રીએ તેમને રાજી થઈને જવાની રજા

આપી. ત્યારે હીરજીભાઈ કહે : "હું તો તો જાઉં, જો હું પાછો આવું ત્યારે આમને આમ દર્શન આપો તો." સદ્‌ગુરુશ્રી કહે : "ભલે. તમે અહીં પાછા આવશો તે પછી અમે દેહોત્સવ કરીશું."

હીરજીભાઈ રાજકોટ ગયા પછી સદ્‌ગુરુશ્રીની પરિસ્થિતિ બગડવા માંડી. આસો વદ ચૌદશને રોજ હીરજીભાઈને તાર કર્યો કે સદ્‌ગુરુશ્રીની તબિયત બહુ જ ગંભીર છે. તેથી હીરજીભાઈ તરત જ રાજકોટથી અમદાવાદ આવવા નીકળ્યા.

દિવાળીના દિવસે બપોરે ૧૨ વાગ્યે સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીશ્રી કાળુપુર મંદિરથી સરસપુર મંદિર આવ્યા. સદ્‌ગુરુશ્રી તે વખતે તકિયાનું ઓઠીંગણ લઈ બેઠા હતા. ને સભામાં સત્સંગભૂષણના પહેલા અંશની કથા વંચાતી હતી. વૃંદાવનદાસજી સ્વામીશ્રીએ સદ્‌ગુરુશ્રી સામે જોઈ બે આંગળી ઊંચી કરી. મર્મની ભાષા! "મહારાજ ને મુક્ત!" ત્યારે સદ્‌ગુરુશ્રીએ એક આંગળી ઊંચી કરી જવાબ વાળ્યો: "મહારાજ જ!" બંને સદ્‌ગુરુઓ અરસપરસ મર્મ કરી મરકચા. અનાદિ મુક્તો અને પુરુષોત્તમનારાયણની ઓતપ્રોતતા એવી અસાધારણ છે કે માણનારા જ જાણે!

થોડી વારે વૃંદાવનદાસજી સ્વામીશ્રીએ વળી મર્મની ભાષામાં સદ્‌ગુરુશ્રીને વિનંતી કરી કે મને પહેલા ધામમાં જવા દો અથવા આપણે બે ય જોડે ધામમાં જઈએ. હેતવાળા હરિભક્તોને એક સાથે બે કાળ પડે તે તો અતિ વસમું થઈ પડે તેવા વાત્સલ્યભાવથી સદ્‌ગુરુશ્રીએ ના પાડી. સં. ૧૯૫૧ થી સં. ૧૯૯૮ — સુડતાલીસ વર્ષોનું દિવ્ય સખ્ય! બંને સદ્‌ગુરુઓની જે જોડ સં. ૧૯૫૧ માં અબજીબાપાશ્રીની કૃપાથી જોડાઈ હતી તે અવરભાવમાં આજે પૂરી થઈ રહી હતી! શ્રીહરિજીની દિવ્યમૂર્તિમાં સદાય સાથે ને સાથે જ છે, તે છતાંય અનંત મનવારો ભરીને જીવોને શ્રીહરિજીના સ્વરૂપમાં

લઈ જવાના પ્રસન્નતાકાર્યમાં જોડાયા હતા તે કાર્ય પૂરું કરી "એક મહારાજ જ!" એ સ્થિતિમાં શ્રીહરિજીના પરમ અદ્‌ભુત સ્વરૂપમાં થીજી રહ્યા હતા.

હવે રાત્રે ૧૦ વાગ્યે હીરજીભાઈ અમદાવાદ ઉતર્યા ને સીધા સરસપુર મંદિર પહોંચ્યા. સદ્‌ગુરુશ્રી તો જાણે એમના આવવાની જ રાહ જોતા હતા! મુક્તવલ્લભદાસજી સ્વામીએ સદ્‌ગુરુશ્રીને કહ્યું: "આ હીરજીભાઈ આવ્યા" એટલે તરત પોતે આંખ ઉઘાડી. માથે હાથ મૂક્યો. તે વખતે નાડી કાંઈક ઠીક લાગતી હતી. સદ્‌ગુરુશ્રીએ હાથની સાન કરી હીરજીભાઈને પૂછ્યું: "જમ્યા?" સદ્‌ગુરુશ્રીના સેવકો હીરજીભાઈને જમાડવા લઈ ગયા. જમીને પાછા આવ્યા ત્યાં તો નાડી વધુ ધીમી લાગી. પાણી માટે પૂછ્યું તે લેવા પોતે હા પાડી. પાણીની ઝારીની નળી મોંમાં દેતાં પોતાની મેળે બે ઘૂંટડા પીધા. વધુ લેવાની ના પાડી. તરત જ નાડી એકાએક તદ્દન બંધ પડતી લાગી. સૌ ધૂન બોલતા હતા. શ્વાસ ધીમો પડવા લાગ્યો. સદ્‌ગુરુશ્રીને જમીન ઉપર લઈ રહ્યા છે, ત્યાં તો તડતડાટ અવાજ સાથે દિવ્ય પ્રકાશના અગણિત તણખા શંકુ આકારે સદ્‌ગુરુશ્રી ઉપર ખરી પડ્યા! સં. ૧૯૯૮ ના આસો વદ અમાસ — દિવાળી — તારીખ આઠમી નવેમ્બર, ઓગણીસો બેંતાલીસ — ની રાત્રે સવા અગિયાર વાગ્યે સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીશ્રીએ પોતાની દિવ્ય મનુષ્ય-લીલા શ્રીહરિજીની ઈચ્છાથી સ્વતંત્રપણે સંકેલી લીધી. પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વરૂપમાં અનંત જીવોને જોડી દેવા માટે મોકલેલ આ મંગલ દિવ્ય સદાવ્રત, એ પરમ કૃપાળુની ઈચ્છાએ, પરમ કૃપાળુના સ્વરૂપમાં વિલીન થઈ ગયું!

## ૧૦. પ્રેરક પ્રસંગો

સં. ૧૯૭૫માં વસંત પંચમીનો સમૈયો કરી સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી, સ.ગુ.શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી આદિ ઘણાં સંતો અમદાવાદ-મૂળી થઈ વૈશાખ માસમાં ભુજ દર્શને આવ્યા. બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને તો આનંદ-આનંદ થઈ ગયો. પોતે તો સદ્‌ગુરુશ્રીને રાજી કરવામાં તત્પર રહે, પણ પોતાના હેતરુચિવાળા હરિભક્તોને પણ એ સેવામાં સ્નેહથી જોડે. તેમાં ભુજના વિઠ્ઠલજીભાઈ કેશવજીભાઈ દવેને સદ્‌ગુરુના પ્રભાવથી અહોભાવ થઈ આવ્યો. બ્રહ્મચારી મહારાજ તેમને સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી પાસે લઈ ગયા અને સત્સંગમાં સદાય ચડતો રંગ રહે તેવા આશીર્વાદ અપાવ્યા. સ્વામીશ્રીની કૃપાદષ્ટિથી વિઠ્ઠલજીભાઈનું સમગ્ર જીવન બદલાઈ ગયું ને શ્રીજીમહારાજ અને મુક્તોની સેવાના કાર્યમાં તેઓએ જીવન સમર્પણ કર્યું. કેટલો બધો જીવન પલટો!

એક વખત સદ્‌ગુરુશ્રી રેલ્વેમાં જઈ રહ્યા હતા, ને શેઠ હીરજીભાઈ ભીમજીભાઈ ચાવડા મળી ગયા. સં. ૧૯૫૮માં તેઓ સદ્‌ગુરુશ્રીને મળેલા, પણ સં. ૧૯૬૦માં કોઈ કારણસર થોડો વિવાદ થતાં સદ્‌ગુરુશ્રીની આજ્ઞા માની શકેલા નહીં. તેમના પિતાશ્રી ભીમજીભાઈને તે વાતની જાણ થતાં તેમને ખૂબ દુ:ખ થયું. મનોમન સદ્‌ગુરુશ્રીને પ્રાર્થના કરી, ત્યારે સદ્‌ગુરુશ્રીએ દિવ્યરૂપે દર્શન દઈ કહેલું કે અમે હીરજીને જાળવી લેશું. તે પછી હીરજીભાઈ પરોક્ષશાસ્ત્રના અભ્યાસમાં ને વેપાર ધંધામાં લાગી ગયા, ને સત્સંગરંગ ઓછો થઈ ગયો. આમ લગભગ વીસ વર્ષે હીરજીભાઈને સદ્‌ગુરુશ્રીનો મેળાપ અચાનક રેલ્વેમાં થઈ ગયો. સદ્‌ગુરુ તો વાત્સલ્ય

મૂર્તિ. કરુણાર્દ્ર દષ્ટિએ હીરજીભાઈને જોઈ રહ્યા, તેમના ખબર અંતર પૂછ્યા, તેમનું મુંબઈનું સરનામું લીધું, ને મૂળી મંદિરના પાટોત્સવની સામાન્ય વાતો કરી, શ્રીજીમહારાજના મહિમા–પ્રતાપની વાતો કરી પાછા સત્સંગ તરફ વાળ્યા. સદ્‌ગુરુશ્રીએ રાજી થઈ ખૂબ આશીર્વાદ આપ્યા. એ પછી હીરજીભાઈની આર્થિક સધ્ધરતા ઘણી વધી. વિશેષે તો સદ્‌ગુરુશ્રીની કૃપાદષ્ટિમાં આવી જતા હીરજીભાઈ સેવા, સમર્પણ ને જ્ઞાન–ઉપાસનામાં અનન્ય અગ્રણી બની રહ્યા!

સદ્‌ગુરુશ્રી બાપાશ્રી સાથે કરાંચી પધાર્યા હતા તે દરમ્યાન વિરમગામમાં અ.મુ. ડૉ. નાગરદાસભાઈને ડબલ ન્યૂમોનિયાની સખત માંદગી થઈ ગયેલી. તેમણે કરાંચી બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રી ઉપર તાર કરાવ્યો કે દયા કરી તરત દર્શન દેવા પધારો. તે સમાચાર જાણી બાપાશ્રી તથા સંતો કરાંચીથી નીકળવા તૈયાર થયા, પણ કેટલાક હરિભક્તોને રસોઈ દેવાના સંકલ્પ અધૂરા રહેતા હતા, તેથી બાપાશ્રીએ સદ્‌ગુરુશ્રી સહિત વિરમગામમાં નાગરદાસભાઈને દિવ્યરૂપે દર્શન આપ્યા! પોતે માંદા હોવા છતાં બેઠા થઈ પગે લાગવા મંડ્યા. કહે: "બાપા! બહુ દયા કરી, આમ ઓચિંતા પધાર્યા!" બાપાશ્રી કહે: "અમે તો હજી કરાંચીમાં જ છીએ, પણ તમે સંભાર્યા તેથી દર્શન આપ્યા." એ દિવ્ય દર્શન પછી ડૉકટર સાજા થઈ ગયા.

હેતરુચિવાળા હરિભક્તોને સદ્‌ગુરુશ્રીનું દિવ્ય સ્વરૂપે માતૃવત્ રક્ષણ મળતું હતું. એક વાર રામગ્રી ગામના નારાયણભાઈ ખેતર ગયા હતા. ત્યાં તેમને ઘણો તાવ આવ્યો. તેમણે શ્રીજીમહારાજ, બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીને હેતપૂર્વક સંભાર્યા. તે સમયે સદ્‌ગુરુશ્રીના દર્શન થયાં. સદ્‌ગુરુશ્રી તેમનો હાથ ઝાલી ઘર સુધી મૂકી ગયા! હેતથી સંભારનારને તો મહારાજ તથા મુક્તો અણુમાત્ર છેટા નથી.

એક દિવસ બપોરે નવીવાડીમાં બાપાશ્રી સંત–હરિભક્તો પ્રત્યે મહારાજના મહિમાની વાતો કરતા હતા, ત્યાં કેરાના હરિભક્તના છોકરાને આંચકી આવી અને તેના બાપના ખોળામાં તે છોકરો દેહ મૂકી ગયો. તેના બાપે તે છોકરાને સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના ખોળામાં નાખ્યો. સદ્‌ગુરુ કહે : "અરે! આ શું? આનો તો દેહ પડી ગયો છે." બાપાશ્રી કહે : "સ્વામી! એ છોકરાને પાણી પાઓ, મહારાજ સારું કરશે." સદ્‌ગુરુશ્રીએ તેના મોંમાં પાણી મૂક્યું એટલે તે બેઠો થયો! બાપાશ્રી કહે : "નૈમિષારણ્ય ક્ષેત્ર હોવાથી તે બચી ગયો, ને એનું કામ પણ થઈ ગયું. સ્વામિનારાયણને ઘેર આવાં અલૌકિક કામ થાય છે."

સદ્‌ગુરુશ્રી સરસપુર મંદિરમાં બિરાજતા હતા, ત્યાં એક દિવસ બહેચરભાઈ તેમના એક મિત્ર મથુરદાસ માધવદાસને લઈને આવ્યા. મથુરભાઈ મૂળ તો શંકરાચાર્યના અદ્વૈત મતમાં માનતા હતા, પણ બહેચરભાઈના પરિચયમાં આવ્યા પછી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે ગુણભાવ થયેલો. તેઓ સદ્‌ગુરુ પાસે પ્રથમ વાર જ આવ્યા હતા અને સદ્‌ગુરુશ્રીને પૂછવા માટે એકવીસ પ્રશ્નો તૈયાર કરેલા. તેમણે મનમાં ધારેલું કે આ અઘરા પ્રશ્નોના ઉત્તર જો સદ્‌ગુરુ કરે તો તેમને મોટા પુરુષ માનવા. સદ્‌ગુરુશ્રી તો અંતર્યામી ને કરુણા સાગર! મથુરભાઈ સાથે વાતો કરવા માંડી. મથુરભાઈ જે પ્રશ્નો લઈને આવેલા તે તેઓ પૂછે તે પહેલાં જ પોતે જાણી લઈ પોતાના ઉપદેશમાં તેમના તમામ પ્રશ્નોના ઉત્તરો આપી દીધા! મથુરભાઈ અહોભાવ સાથે બોલી ઊઠ્યા કે : "મારા અનેક જન્મનો પુરુષાર્થ આજે આપની કૃપાથી ફળીભૂત થયો."

સદ્‌ગુરુશ્રીની પ્રતિભા એવી જબરી હતી કે તેમને મોટા રાજાને પણ કાંઈ કહેવું હોય તો પણ જરાય થડક ન લાગે.

એ અરસામાં જામનગરથી દરિયા કાંઠે જઈ આગબોટમાં બેસવા જવાનો રસ્તો ખૂબ જ ખરાબ હતો. તેથી મુસાફરોને ઘણી હાડમારી સહન કરવી પડતી. સૌને એ તકલીફનો અનુભવ થાય, પણ જામનગર તો મોટું રાજ્ય, તેના અમલદારોને કોણ કહે? સદ્‌ગુરુશ્રીએ તો જામસાહેબ રણજીતસિંહજી ઉપર જ સીધો પત્ર લખ્યો કે આપના રાજ્યમાં આગબોટને માટે દરિયા કાંઠે જતાં માણસોને ખૂબ જ તકલીફ થાય છે, તેનો કાંઈક બંદોબસ્ત કરવો જોઈએ. રાજાએ પોતે જ્યારે આ વાત જાણી ત્યારે અંગત રસ લઈ, તે રસ્તો સુધરાવ્યો ને સદ્‌ગુરુશ્રીએ ધ્યાન દોર્યા બદલ આભાર વ્યક્ત કર્યો અને તેમને પડેલી તકલીફ બદલ દિલગીરી વ્યક્ત કરી.

મૂળીના સ્વામી શ્વેતવૈકુંઠદાસજી તથા સ્વામી દેવજીવનદાસજી તથા બીજા સંતો ગામ સરામાં હતા, ત્યાં તેમને સદ્‌ગુરુશ્રીનો પત્ર મળ્યો કે 'બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો છે, અમે વૃષપુર જઈએ છીએ અને તમારે આવવું હોય તો આવજો.' બાપાશ્રીના મંદવાડના સમાચાર જાણી સ્વામી દેવજીવનદાસજી અત્યંત ઉદાસ થઈ ગયા. હરિભક્તોનો આગ્રહ હતો કે સંતો થોડા દિવસ સરા ગામમાં રોકાય તો વધુ લાભ મળે. પણ સંતોને એમ કે કઈ રીતે જલ્દી વૃષપુર જઈએ. એમ કરતાં રાત પડી. સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ દેવજીવનદાસજી સ્વામીને પ્રત્યક્ષ દર્શન આપી હાથ ઝાલી જગાડ્યા. સદ્‌ગુરુશ્રી કહે : "તમે ઉતાવળા ન થજો, હરિભક્તોને રાજી કરીને વૃષપુર આવજો. આ મંદવાડમાં બાપાશ્રી દેહોત્સવ કરવાના નથી."

સંતો બે દિવસ પછી નીકળી મોરબી પહોંચ્યા, ત્યાં નદીએ નહાવા જતાં, અસાધારણ ધુમ્મસ થયેલું હતું. બાજુમાં કોણ ઊભું છે તે પણ ન દેખાય. મુક્તરાજ મનસુખભાઈ કહે : "આજે આવો દિવસ છે તે બાપાશ્રી દેહોત્સવ કરવાના

હોય તેનું ચિહ્ન તો નથી ને?" સ્વામી દેવજીવનદાસજીનું હૈયું ફરી ભરાઈ આવ્યું. ત્યાં ફરી તેમને સદ્‌ગુરુશ્રીના દર્શન થયાં, કહે: "તમને સરાના મંદિરમાં કહ્યું છે, તોય કેમ ઉદાસ થઇ જાઓ છો?" ત્યારે સ્વામી દેવજીવનદાસજી શોક રહિત થયા ને મોરબીથી ભુજ થઇ વૃષપુર આવી બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીના દર્શન કર્યા.

એક વાર જમિયતપુરા ગામના હરિભક્તોને થયું કે વરસાદ વરસી રહ્યો છે, ને ખેતરમાં જવાતું નથી અને નવરાશ છે. અત્યારે જો સદ્‌ગુરુશ્રી પધારે તો કથા-વાર્તા, જોગ-સમાગમનો સૌને ખૂબ લાભ મળે. આમ વિચારી તેઓ સદ્‌ગુરુશ્રી પાસે અમદાવાદ આવ્યા ને પ્રાર્થના કરી. સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી પણ ત્યાં હાજર હતા. તેઓશ્રી કહે: "આવા વરસાદમાં સંતોને બહાર નહાવા જવા-આવવાનું ફાવશે નહિ." ત્યારે સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી બોલ્યા કે જવું હોય તો વરસાદને રજા આપી દઈએ! હરિભક્તોનો પ્રેમભર્યો આગ્રહ જોઈને સદ્‌ગુરુશ્રીએ જમિયતપુરા પધારવાની હા પાડી. બીજે જ દિવસે સંતો સહિત ત્યાં પધાર્યા. જેવા અમદાવાદથી નીકળ્યા કે વરસાદ બંધ થઈ ગયો. સંતમંડળ તે ગામ સત્તર દિવસ રોકાયા. હરિભક્તોને કથા-વાર્તાના દિવ્ય આનંદમાં રાજી કર્યા.

જમિયતપુરા ગામના હરિભક્તોને સદ્‌ગુરુશ્રી માટે અતિશય અહોભાવ થઈ ગયેલો, તેમ છતાં માતાજીના કે અન્ય જૂના મતમતાંતરોને વળગી રહેલા કચરાભાઈ પટેલને દર પૂનમે બહુચરાજી માતાજીના દર્શને જવાનો નિયમ હતો. સદ્‌ગુરુશ્રીએ એ જાણ્યું ત્યારે એમને ભગવાન શ્રી સ્વામિનારાયણનો મહિમા સમજાવી બહુચરાજી ન જવા માટે સમજાવ્યા અને દર અગિયારસે અમદાવાદ દર્શને આવવા કહ્યું. ત્યારે કચરાભાઈ કહે: "બહુચરાજી તો બહુ મોટાં દેવી

છે. અલ્લાઉદ્દીન ખીલજી બાદશાહના લશ્કરના સૈનિકોના પેટમાં કુકડા બોલાવ્યા હતા. તેમની રાખેલી બાધા પાર પાડવી જોઈએ.'' સદ્‌ગુરુશ્રી કહે : "એ માતાજી તમારા પેટમાં કુકડા નહીં બોલાવે! એ ડર છોડી તમે અમારી આજ્ઞાથી દર અગિયારસે અમદાવાદ શ્રીજીમહારાજના દર્શને આવજો.'' તે પ્રમાણે કચરાભાઈ અમદાવાદ–સરસપુર મંદિરે દર્શને જતા ને ખૂબ બળિયા સત્સંગી થયા અને તેમનું આખું કુટુંબ પણ ભગવદીય બની ગયું.

એક વાર કુજાડ ગામના માતાના ભૂવા કચરાજી ગરાસિયા પોતાના ઘરે ખાટલી ઉપર બેઠા બેઠા હોકો પીતા હતા, ત્યાં તેમને એવું દર્શન થયું કે સ્વામિનારાયણ ભગવાન અને સંતોને લઈને માસ્તર રાયસિંહજી પોતાના ઘર તરફ તેડી જાય છે. ભૂવાને ખૂબ આશ્ચર્ય થયું. તે માસ્તરના ઘેર ગયા, અને તપાસ કરી તો ત્યાં કોઈ જણાયું નહિ. પૂછતાછ કરી અને કોઈ આવ્યું નથી તેની પાકી ખાતરી કરી પાછા આવ્યા. વળી થોડા દિવસ બાદ એ જ રીતે દર્શન થયા. માસ્તર પાસે આવી બધી વાત કરી. માસ્તર કહે : "જે સંતોને તમે જોયા તેઓ રૂબરૂ મળે તો ઓળખો ખરા?" તેમ કહી કચરાજીને સાથે લઈને રાયસિંહજી સરસપુર મંદિરે આવ્યા. સદ્‌ગુરુશ્રીને જોતાં જ કચરાજી બોલી ઊઠ્યા : "આજ સંત હતા." પછી પાઘડી ઉતારી પગે લાગ્યા, ત્યાં તો અંતર ફરવા લાગ્યું. મન નિર્મળ થયું ને દિવ્ય શાંતિનો અનુભવ કરવા લાગ્યા. સદ્‌ગુરુશ્રીની વાતો સાંભળી, વર્તમાન ધરાવી સ્વામિનારાયણના સત્સંગી બન્યા. પોતાના ઘરે સ્થાપન કરેલા માતાજી તથા અન્ય દેવતાઓના સ્થાપનોને ટોપલામાં મૂકી ખારી નદીમાં સદ્‌ગુરુશ્રીના વચનથી પધરાવી દીધા! કચરાજી આમ અનન્ય સત્સંગી બન્યા.

જમિયતપુરાના પ્રેમી હરિભક્તો પ.ભ.શ્રી જોઈતારામભાઈ, પ.ભ.શ્રી શંકરભાઈ, પ.ભ.શ્રી હીરાભાઈ વગેરે અમદાવાદ

વખતો વખત આવી સદ્‌ગુરુશ્રીને જમિયતપુરા પધારવા માટે આગ્રહભરી વિનંતી કરે. તેથી એક વાર સદ્‌ગુરુશ્રી જમિયતપુરા પધાર્યા. જોઈતારામભાઈએ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહિત વચનામૃત ગ્રંથરાજની પારાયણ કરાવી. પચ્ચીસ જેટલા વિદ્વાન સંતો સાથે સદ્‌ગુરુશ્રી પધાર્યા હતા. સદ્‌ગુરુશ્રીના અદ્‌ભુત દિવ્ય પ્રતાપથી દારૂ–માંસ ભક્ષણ કરનારાઓ પણ દુર્વ્યસનો તથા દુર્વ્યવહારનો ત્યાગ કરી વર્તમાન ધરાવી સત્સંગી થયા અને સદ્‌ગુરુશ્રીની પોતાને ઘરે ભાવપૂર્વક પધરામણી કરાવી.

હરિભક્તોએ પ્રેમથી માલપૂવાની રસોઈ દીધી. હજી અર્ધા માલપૂવા ઉતાર્યા ત્યાં ઘી ખૂટયું. ઘીના બધા ઠામ ખાલી. જે છાછરમાં માલપૂવા ઉતારતા હતા તેમાં ઘી હતું તેટલું જ રહેલું. રસોઈયાએ વધુ ઘીની વ્યવસ્થા કરવા માટે કહેવડાવ્યું. યજમાન ગૃહસ્થો તો સદ્‌ગુરુ પાસે કથા–વાર્તાનો આનંદ માણતા હતા, વાત પહોંચી. સદ્‌ગુરુશ્રી જાતે ઊભા થઈ રસોઈ સ્થાને પધાર્યા. રસોઈયાને કહે : "છાછરમાં ઘી છે ને? જ્યારે તે ખૂટી જાય ત્યારે મને કહેવડાવજો! પછી મંગાવી લઈશું." ત્યાર બાદ બાકીના માલપૂવા ઉતાર્યા તો પણ છાછરમાં ઘી એટલું ને એટલું જ રહ્યું! રસોઈયા વિસ્મય પામીને સદ્‌ગુરુશ્રીના ચરણમાં પડી ગયા.

સં. ૧૯૯૪નાં ઉનાળામાં સદ્‌ગુરુશ્રી ફરી કરાંચી પધાર્યા. ત્યાંના હરિભક્તોનું મંડળ એટલું ભગવદીય કે તેમના ભાવ-ભર્યા આમંત્રણને સ્વીકાર્યા વગર ચાલે જ નહીં. એકવાર કરાંચીના હરિભક્તોના ભાવથી સદ્‌ગુરુશ્રી હરિભક્તો સહિત હવાબંદર (કિલફટોન) સમુદ્ર સ્નાન માટે પધાર્યા. સ્નાન કર્યા પછી ત્યાં એક ઘૂમટ નીચે સૌ બેઠા. થોડા હરિભક્તોને મોડેથી જાણ થઈ એટલે શહેરમાંથી ઉતાવળા ઉતાવળા ત્યાં પહોંચ્યા. તે વખતે નજીકના બસ સ્ટેન્ડે બસની રાહ જોઈને બેઠેલા બે ઓફિસર મિત્રો કુતુહલવશ થઈ સદ્‌ગુરુશ્રીની પાસે

આવ્યા. તેમાંના એક અબ્દુલ્લા નામે મુસ્લિમભાઈ હતા. તેમણે દૂરથી સદ્‌ગુરુશ્રીના દર્શન કર્યા એટલામાં એમને ભાવ–સમાધિ જેવો દિવ્ય અનુભવ થયો. સોનેરી–રૂપેરી પ્રકાશના ઝળહળાટમાં સ્વામીશ્રીના દર્શન થયા. કેટલીક દૈવી આકૃતિઓ સ્વામીશ્રીને પગે લાગતી દેખાણી અને સર્વત્ર દિવ્ય સુગંધ પ્રસરી રહી છે એવો અનુભવ થયો. તેમની ભાવાવસ્થા પૂરી થઈ એટલે સદ્‌ગુરુશ્રીએ તેમને પાસે બોલાવી પ્રસાદી આપી. અબ્દુલ્લાભાઈએ હેટ–ટોપો ઉતારી વિનમ્રભાવે નમસ્કાર કર્યા. તેમના મિત્ર મૂળજીભાઈ લાલવાણી પણ સદ્‌ગુરુશ્રીના અદ્‌ભુત પ્રભાવથી સ્તબ્ધ થઈ ગયા.

બીજે દિવસે તેઓ બંને સદ્‌ગુરુશ્રીના દર્શને આવ્યા. અબ્દુલ્લા ગુજરાતી જાણતા ન હતા. તેમજ સદ્‌ગુરુશ્રી પણ હિન્દી કે ઉર્દૂ બરોબર જાણતા ન હતા, તેમ છતાં ભાષાના જ્ઞાનની અગત્ય રહી નહીં!

અબ્દુલ્લાભાઈના મિત્ર મૂળજીભાઈએ સદ્‌ગુરુશ્રીની વાતો અંગ્રેજીમાં તેને સમજાવી. સદ્‌ગુરુશ્રીએ પાણી મંગાવી બંને ભાઈઓને વર્તમાન ધરાવ્યા અને કહ્યું: "પ્રભુને તુમ્હારા સબ ગુના માફ કર દીયા, સબ જન્મોકા પાપ જલા દિયા. તુમ ચાહે હમકો ભૂલ જાઓ, મગર હમ તુમકો નહિ ભૂલેગા. યહ સાથ નહિ છોડેગા, તુમ્હારા હાથ પકડકે અક્ષરધામમેં લે જાયેગા." અબ્દુલ્લાભાઈ સદ્‌ગુરુશ્રીના વાત્સલ્યથી ભાવવિભોર થઈ બોલ્યા: "હું તમારા દાસનો પણ દાસ છું. મારે આપની બનતી સેવા કરવી છે, તો મને આજ્ઞા કરો." સદ્‌ગુરુશ્રી કહે: "અમે લેવા નહીં પણ આપવા આવ્યા છીએ. તમે ફક્ત 'સ્વામિનારાયણ' નામના મહામંત્રનું રટણ કરજો. એમાં જપ–તપ, પૂજા–પાઠ બધું આવી ગયું."

આવા વચનથી અબ્દુલ્લાભાઈનું આધ્યાત્મિક રૂપાંતર થઈ ગયું! તેઓ કહે: "સ્વામીજી! મને નવું નામ આપો."

સદ્‌ગુરુશ્રી કહે : "નામ તો આ શરીરનું છે, અને શરીર સાથે સગાં–સંબંધીઓને નાતો છે, તેથી તેઓ ભલે તમને કોઈ પણ નામે બોલાવે. નામ બદલવાની જરૂર નથી, અંતર બદલાઈ ગયું એ જ મોટી વાત છે. છતાં તમને ઇચ્છા જ હોય તો અબ્દુલ્લાના 'અ' ઉપરથી 'આત્મારામ.' આમ અબ્દુલ્લાભાઈ તો ત્યારથી નામે ને કર્મે આત્મારામ બની ગયા !

વિરમગામના મંદિરમાં કોઈ છોકરો, "સત્સંગીનો છોકરો છું" એમ કહી રાત રોકાયેલો અને મેડા ઉપર સૂતેલો. પૂજારી નરભેરામભાઈ પણ ઘસઘસાટ સૂતેલા. મોડી રાતે તે છોકરો કવિ હમીરદાનજીનો ટ્રંક ઉપાડી ભાગી ગયો. સદ્‌ગુરુશ્રીએ પૂજારીને દર્શન દઈને એ વાત કરી. પૂજારી જાગ્યા અને સૌને જગાડ્યા. છોકરાની પાછળ કોઈને દોડાવ્યા. છોકરો બજારમાં ટ્રંક છોડીને નાસી ગયો. આ રીતે સદ્‌ગુરુશ્રીની કૃપાથી ટ્રંક બચી ગયો !

અ. મુ. ડૉ. મણિલાલભાઈના દીકરા લાભચંદ્રભાઈ અમદાવાદની કોલેજમાં અભ્યાસ કરે ને સાથે સાથે સદ્‌-ગુરુશ્રીની સેવાનો પણ લાભ લે. પરીક્ષા નજીક આવી પણ જરૂરી તૈયારી થઈ શકી ન હતી તેથી તેઓ મૂંઝાતા હતા. સદ્‌ગુરુશ્રીને એ વાતની જાણ થતાં બોલ્યા : "શ્રીજીમહારાજને ભેગા રાખો, પાસ થઈ જશો. મૂંઝાશો નહીં." પરીક્ષાનું પરિણામ આવ્યું ત્યારે લાભચંદ્રભાઈ પ્રથમ વર્ગમાં પાસ થઈ ગયા. નાની વાત ને મોટું કામ ! મોટું કામ એ અર્થમાં કે સદ્‌ગુરુશ્રીના આવા નાના-સરખા પરચાથી પણ લાભચંદ્ર-ભાઈને સદ્‌ગુરુશ્રીના વચનમાં પૂરો વિશ્વાસ તથા શ્રીજીમહા-રાજની નિષ્ઠામાં દૃઢતા થઈ.

સદ્‌ગુરુશ્રીની માંદગી વખતે આજુબાજુના ગામોના હરિભક્તો સતત દર્શન–સેવા–સમાગમનો લાભ લેતા. જમિયત-પુરાથી રાયસિંહજી માસ્તર શંકરભાઈને લઈને સદ્‌ગુરુશ્રીના

દર્શને સરસપુર આવ્યા. મંદિરના સિંહાસનની પાસેની ઓરડીમાં સદ્‌ગુરુશ્રીનો ખાટલો હતો ત્યાં તેઓશ્રી પોઢેલા હતા. મુક્તરાજ સોમચંદભાઈ ચમરી લઈ પવન નાંખતા હતા અને કમળાપુરવાળા નારાયણભાઈ ચરણ સેવા કરી રહ્યા હતા. સદ્‌ગુરુશ્રીના દર્શન કરી માસ્તર કહે : "બાપજી! આ છોકરાને આપની પાસે એક કીર્તન બોલવું છે." સદ્‌-ગુરુશ્રીની આજ્ઞા મળતાં શંકરભાઈએ પોતાનું રચેલું કીર્તન ગાયું—"શ્રીજીમહારાજ મારા નાથ, વહાલા વહારે ધાયા." કીર્તનમાં શ્રીજીમહારાજના મહિમાનો ભાવ ને કંઠની મધુરતા જોઈ સદ્‌ગુરુશ્રીએ શંકરભાઈની પીઠ થાબડી શાબાશી આપી. સદ્‌ગુરુશ્રીનો રાજીપો થતાં તેમના સમગ્ર અંગમાં પરિવર્તન આવી ગયું.

સદ્‌ગુરુશ્રી મંદવાડ દરમ્યાન જ્યાં બિરાજતા હતા તે ચાંપાનેર સોસાયટી પાસે મોટો રસ્તો બાંધવાનું કામ શરૂ થવાનું હતું. તે વિસ્તારમાં ઘણાં ઝાડ હતાં. તે કાપવા માટે કોન્ટ્રાક્ટ અપાય છે તેવી વાતની ખબર સદ્‌ગુરુશ્રીના સાધુ-શિષ્યોને પડી. તેમણે એ વાત સદ્‌ગુરુશ્રીને કરી. સ્વામીશ્રીએ શ્રીઠાકોરજીને પાણી ધરાવી તે પ્રસાદીનું પાણી મુક્તરાજ મનસુખભાઈને આપી કહ્યું : "જાંવ! જેટલા ઝાડ કાપવાના હોય તે જાણી લઈ તે ઝાડને વર્તમાન ધરાવો!" મનસુખ-ભાઈએ શ્રીજીમહારાજ તથા સદ્‌ગુરુને સંભારી ઝાડને વર્તમાન ધરાવ્યાં (હાલ જે શાંતિનગર છે ત્યાંથી આગળ વાડજ ને ત્યાંથી આગળ ચંદ્રભાગાના પુલ સુધી બધા વિસ્તારના ઝાડ) બીજે દિવસે સવારે કોન્ટ્રાકટરે આવીને જોયું તો બધાં ઝાડ નિર્જીવ થઈ ગયેલાં. પાંદડા કરમાઈને ઝૂકી પડેલાં જણાયા. પછી તેમણે ઝાડના જીવોની સદ્‌ગતિ થઈ ગઈ છે એ વાત જાણી ત્યારે તેને ખૂબ આશ્ચર્ય થયું અને સદ્‌ગુરુશ્રીના અદ્‌ભુત પ્રતાપને દેખીને કોન્ટ્રાકટર સત્સંગી બની ગયો!

ધ્રાંગધ્રાના પ.ભ. નારાયણભાઇ ઠક્કર અને તેમના મોટાભાઈ પ.ભ. ડૉ. અમૃતલાલભાઈ ઠક્કર સદ્‌ગુરુશ્રીના દર્શને વાડજ આવ્યા. એ વખતે સદ્‌ગુરુશ્રી પથારીવશ હતા, એ સ્થિતિમાં દર્શન આપતા હતા. આ બંને ભાઈઓને જોઇને સદ્‌ગુરુશ્રીએ અતિ પ્રસન્નતા જણાવી, સાંજે રોકચા, આગ્રહ પૂર્વક જમાડચા ને રાત્રે બંગલાની અગાશીમાં સૂવા માટે વ્યવસ્થા કરાવી. પરોઢના આશરે ચાર વાગ્યાના સુમારે બંને ભાઈ જાગી ગયા. વાતાવરણમાં અનેરી શાંતિ ને આનંદ પ્રવર્તાતાં હતાં. બંને ભાઈઓ કીર્તન ગાતા ગાતા અગાશીમાં ટહેલવા લાગ્યા. ત્યાં અગાશીમાંથી એકાએક નીચે જોતાં આશ્ચર્યકારક દર્શન થયા. સદ્‌ગુરુશ્રીને સાજા તાજા ભવ્ય સ્વરૂપમાં બંગલાના ચોકમાં ફરતા દીઠા! દોડતા સીડી ઉતરી નીચે આવ્યા તો સદ્‌ગુરુશ્રી પોતાના બિછાનામાં જ હતા. બંને ભાઇઓને ખૂબ અહોભાવ થઈ રહ્યો અને સદ્‌ગુરુશ્રીના ચરણોમાં ઢળી પડચા. સદ્‌ગુરુશ્રીએ તેઓના માથે હાથ મૂકી પ્રસન્નતા જણાવી ને ઘડીભર દેહભાનનું વિસ્મરણ થઈ ગયું ને દિવ્ય આનંદ ને શાંતિનો અનુભવ કરવા લાગ્યા. સદ્‌-ગુરુશ્રીએ તેમને વર્તમાન ધરાવ્યા અને 'આ તમારો છેલ્લો જન્મ' એમ આશીર્વાદ આપી કહ્યું: "તમે અમદાવાદ મંદિરમાં સદ્. વૃન્દાવનદાસજી સ્વામી પાસે જજો, તેઓશ્રી તમને છેલ્લા વર્તમાન સમજાવશે."

બંને ભાઈઓ હવે મંદિર જવા નીકળ્યા. ત્યાં પહોંચ્યા કે તરત જ સ.ગુ. વૃન્દાવનદાસજી સ્વામીએ પૂછ્યું: "તમને સ્વામીશ્રીએ અહીં મોકલ્યા?" આશ્ચર્ય સાથે તેમણે 'હા' પાડી. સ્વામીશ્રીએ રાત્રે સૂવા માટે તેઓના માટે આસનની વ્યવસ્થા કરાવી. પછી સભા પૂરી થયા બાદ રાત્રે એક વાગ્યા સુધી 'છેલ્લા વર્તમાન'ના રહસ્યની ગહન વાતો સમજાવી, મૂર્તિ-સુખના આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા. સદ્‌ગુરુશ્રીના

સમાગમ ને સાંનિધ્યના સ્વાનુભવના આધારે અ.મુ. નારાયણભાઈએ નોંધ કરી છે કે – "છેલ્લા વર્તમાન એટલે અનાદિ મુક્તાની સ્થિતિનો અનુભવ. સદ્‌ગુરુશ્રીની જ્ઞાન સમજાવવાની રીત જેમ આગવી ને ન્યારી હતી તેમ શ્રીહરિની કૃપા વરસાવવાનું તેઓશ્રીનું સામર્થ્ય પણ અજબ ને અલૌકિક હતું."

એક નવયુવક, જેના હૃદયમાં પ્રભુ પ્રાપ્તિની તીવ્ર ઉત્કંઠા હતી, સંસાર પ્રત્યે અતિ વિતરાગી હતો, યોગ્ય માર્ગદર્શક–ગુરુની શોધમાં ફરતો–ફરતો સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી પાસે આવી પહોંચે છે. "સ્વામી! મન આપની પાસે રાખો, મારે આપના શિષ્ય થઈ રહેવું છે." થોડો વખત વીતે છે ત્યાં તેના માતા-પિતા, સગાં–સંબંધીઓ આવીને સદ્‌ગુરુશ્રીને વિનંતી કરી તેને પાછો ઘેર લઈ જાય છે. ફરી વૈરાગ્યની તીવ્રતાને લીધે ઘર છોડી સ્વામીશ્રી પાસે આવે છે અને ફરી પાછા તેના વાલીઓ સદ્‌ગુરુશ્રી પાસે આવીને તે યુવકને ઘરે લઈ જાય છે. આમ નવ વાર તે યુવક સદ્‌ગુરુશ્રી પાસે આવે છે, પરંતુ તેના માબાપની રજા ન મળતાં સદ્‌ગુરુશ્રી તેને પાછો ઘરે મોકલી આપે છે. યુવકને કેટલો તીવ્ર વૈરાગ્ય! અને સ્વામીશ્રીની કેવી આકરી કસોટી! ફરી તે યુવકનો વૈરાગ્ય તેને ઘર છોડી સદ્‌ગુરુશ્રી પાસે લઈ આવે છે. હવે તેના સંબંધીઓના હાથ હેઠા પડે છે. વૈરાગ્યના પ્રબળ જોર સામે માયા–મમતાનો પરાજય થાય છે. સંબંધીઓ સદ્‌ગુરુશ્રી પાસે આવીને પ્રાર્થના કરે છે કે હવે આ છોકરો સંસારમાં નહીં રહી શકે. તેના સાચા માવતર તો આપ છો, તો આપની પાસે જ તેને રાખો એવી અમારી નમ્ર વિનંતી છે. પછી સદ્‌ગુરુશ્રી તેને પોતાની પાસે રાખે છે; એ તીવ્ર વૈરાગ્યવાન યુવક તે આપણા સ્વામીશ્રી દેવજીવનદાસજી જેમણે સદ્‌ગુરુશ્રી પાસે રહી, તેમની કૃપા સંપાદન કરી, શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરી, સર્વોત્તમ દિવ્ય સ્થિતિ પ્રાપ્ત કરી હતી.

સદ્‌ગુરુશ્રી જેવા મહાન ગુરુ મેળવવા અને તેમની કૃપા સંપાદન કરવા કેટલી બધી ત્વરા – ખપ જોઈએ અને છેલ્લી પ્રાપ્તિ અર્થે કેટલી આકરી કસોટીમાંથી પસાર થવું પડે, તે આ આદર્શ ઉદાહરણ પરથી સમજી શકાય છે.

સંતપુરુષોની કૃપા કેવળ મનુષ્યજાતિના જીવો પરત્વે જ નથી હોતી, પરંતુ પશુ–પક્ષી, ઝાડ–પાન આદિક સર્વે જીવો ઉપર એક સરખી વરસતી હોય છે. એક વખત સ્વામીશ્રી સંતોએ સહિત કમળાપુર પધાર્યા હતા, તે વખતે મંદિરે જતાં માર્ગમાં એક કૂતરું બે દિવસથી માંદુ હોવાથી સૂતેલું. તેને આફરો ચડેલો હતો. સ્વામીશ્રીએ ચાલતાં–ચાલતાં તેની ઉપર કૃપાદષ્ટિ કરી ને આગળ ચાલ્યા. પાછળ આવતા હરિભક્તોએ સ્વામીશ્રીના ચરણની રજ લઈ તે કૂતરા માથે નાંખી. તરત જ તે કૂતરાને આફરો મટી ગયો ને તે સાજું થઈ ચાલવા માંડ્યું. જેમની ચરણની રજનો આટલો પ્રતાપ, તો પોતે કેટલા સમર્થ હશે?

સદ્‌ગુરુશ્રીની માંદગી વખતે દવા કરનાર વૈદ્ય રવિશંકરભાઈ ભગવદીય હતા પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી ન હતા. તેઓ પણ સદ્‌ગુરુશ્રીની પ્રતિભાથી અંજાઈ ગયેલા. તેઓ લખે છે: "સદ્‌ગુરુશ્રીની સેવાનો લાભ નવ માસ મળ્યો. જેમ જેમ તેમના સહવાસમાં આવતો ગયો તેમ તેમ તેમના પ્રત્યેની મારી ભાવના વધતી ગઈ. આટ આટલું શારીરિક દુઃખ હોવા છતાં તેમના ચહેરા ઉપર જરાય દુઃખનો ભાવ દેખાય નહિ, જે કોઈ તેમને મળવા આવે તેમને સમદષ્ટિ રાખી આશીર્વાદ આપતા. તેઓશ્રીનું મનોબળ અપૂર્વ હતું. શારીરિક સ્થિતિ ઘણી વાર અસ્થિર જણાતી પણ મનોબળ અલૌકિક હતું. મોટા પુરુષો સૌને આશીર્વાદ આપે છે, સૌના દુઃખ કાપે છે, પારકાં દુઃખ પોતે ગ્રહણ કરીને પોતાના

દેહ દ્વારા દેખાડે છે. તેમ તેમના શરીરમાં દુ:ખ દેખાતું હતું પણ તેમને પોતાને તો કાંઈ જ દુ:ખ જણાતું નહિ. એ દુ:ખ આપણને અસહ્ય લાગે પણ તેમને દુઃખનો જરાય અનુભવ થતો ન હતો. એવા તેઓ યોગેશ્વર પુરુષ હતા. તેમણે મને જે સેવા આપેલી તે મારા અહોભાગ્ય માનું છું."

સંવત ૧૯૯૮ના પોષ માસમાં લુણસર ગામમાં ભગવાનભાઈના પિતા ખીમજીભાઈને મંદવાડ થઈ ગયો, તે વખતે તેઓ શ્રીજીમહારાજ તથા સંતોને ખૂબ સંભાર્યા કરતા, પણ તેમને દર્શન થતાં નહીં તેથી મનમાં મૂંઝાયા કરે કે મને કેમ ક્યારેય દર્શન નહિ થતાં હોય? એમ કરતાં એક દિવસ સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા સદ્‌ગુરુશ્રી વૃન્દાવનદાસજી સ્વામીને ખૂબ ગદ્‌ગદ થઈ સંભાર્યા. તે જ દિવસે શ્રીજીમહારાજ સાથે આ બંને સદ્‌ગુરુઓના દર્શન થયાં એટલે પોતાના પુત્ર ભગવાનભાઈને બોલાવી કહેવા લાગ્યા: "સૌ આવીને શ્રીજીમહારાજ અને બે સંતોના દર્શન કરો. મહારાજ મને ધામમાં તેડવા આવ્યા છે." પછી ભગવાનભાઈએ પૂછ્યું: "બાપા! બે સંતો કયા? ત્યારે કહ્યું કે, "આપણે જ્યારે અમદાવાદ ગયેલા ત્યારે સરસપુરના મંદિરમાં ઢોલિયા પર તકિયાના ઓઠીંગણે બેઠા હતા તે છે. હવે હું ધામમાં જાઉં છું." એમ કહેતાં 'જય સ્વામિનારાયણ' કરી ધામમાં ચાલ્યા ગયા.

મૂળીવાળા સ.ગુ. સ્વામીશ્રી શ્વેતવૈકુંઠદાસજીએ પોતે જણાવેલ વાતો:

(૧) એક વખત ઢુવાવાળા દરબાર રવાજીભાઈ મૂળીએ દર્શન કરવા આવ્યા હતા. ત્યાં તેમને શ્રીજીમહારાજનાં તેજોમય દર્શન થયાં, તેમાં એક પડખે સદ્‌ગુરુ સ્વામી વૃન્દાવનદાસજી અને બીજે પડખે સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી. આવાં દર્શનથી પોતાને આનંદનો પાર રહ્યો નહિ.

(૨) ગામ મેથાણવાળા પટેલ કેશવજીભાઈને મંદવાડમાં એક વખત શ્રીજીમહારાજ તથા બાપાશ્રીએ દર્શન આપી કહ્યું જે 'ચાલો, તમને અમે ધામમાં તેડી જવા આવ્યા છીએ. કેમ આવવું છે ને?' એ વખતે સદ્‌ગુરુ સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, "આમને હમણાં રાખો તો ઠીક." આથી મહારાજ તેમને એ વખત મૂકી ગયા અને મંદવાડ પણ મટી ગયો.

એક વખત જેતલપુરમાં સાધુ પુરુષોત્તમપ્રિયદાસજીને કૂતરું કરડેલું. તેની પીડા છતાં અનિવાર્ય હોવાથી તેમને મૂકીને સદ્‌ગુરુશ્રી એક દિવસ અમદાવાદ આવ્યા ત્યારે પાછળથી એ બહુ જ ઉદાસ થઈ ગયા. તે વખતે સદ્‌ગુરુશ્રીએ તેમને પ્રત્યક્ષ દર્શન આપી કહ્યું કે તમે કેમ મૂંઝાઓ છો? અમે ક્યાં ગયા છીએ? તમને સારું થઈ જશે. અને એ જ વખતે તેમને શાંતિ થઈ ગઈ.

અ.મુ.શ્રી કાનજીભાઈ અમીચંદભાઈ ગાંધીએ સદ્‌ગુરુશ્રી વિષે પોતાનો અનુભવ ટાંક્યો છે :

"સં. ૧૯૮૦ની સાલમાં હું ધ્રાંગધ્રામાં હતો, ત્યાં એક વખત દૂધ જમ્યા પછી ઊલટી અને ઝાડા થઈ ગયા. હું બહિર્ભૂમિ જવા નદી ઉપર ગયો હતો, ત્યાં બેહોશ જેવો થઈ પડી ગયો. એ વખતે સ્વામીશ્રીએ દર્શન આપી કહ્યું કે અહીંથી ઘેર જાવ, હવે ઠીક થઈ જશે. એ પળે જ મને ઠીક થઈ ગયું ને સ્વામીશ્રી અદશ્ય થઈ ગયા ને હું સાજોસમો ઘેર આવ્યો.

વળી, સ્વામીશ્રી અંતર્ધાન થયા ત્યારે હું ધ્રાંગધ્રામાં હતો, ત્યાં ભારાસરવાળા રામજી વાલજી આવ્યા હતા. તેમણે કહ્યું કે સ્વામીશ્રીના નિમિત્તે સંતહરિભક્તો પારાયણ બેસાડવાની વાતો કરતા હતા, પણ કાંઈ નક્કી થયું નથી. તે રાત્રિએ સ્વામીશ્રીએ મને સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું કે આજ સરસપુર મંદિરમાં શિક્ષાપત્રીભાષ્યની પારાયણ શરૂ થઈ ગઈ છે, તમે એ

કથામાં જરૂર આવજો. તે પ્રમાણે હું સરસપુર ગયો ને લાભ લીધો.

આવા મહાન પુરુષના જોગમાં જે જે આવ્યા તથા હજી પણ જે તેમને દિવ્યભાવે સંભારશે તેમને મહારાજ પોતાની મૂર્તિનું સુખ જરૂર આપશે."

સં. ૧૯૯૮ના આસો માસમાં સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને અ.મુ. હીરજીભાઈ રાજકોટ લઈ આવ્યાના ખબર મળતાં, અ. મુક્તરાજશ્રી મનસુખભાઈ (સરાવાળા)ને ત્યાં દર્શને જવાની તાણ બહુ થઈ, પણ તે વખતે તેમને તાવ બહુ આવતો હતો એટલે જવાયું નહિ. તેથી તેમને ઘણું જ દુ:ખ થયું, પછી સદ્‌ગુરુશ્રી ત્યાંથી પાછા સરસપુર પધાર્યા એવી ખબર મળતાં તેમની ઉદાસીનતાનો પાર રહ્યો નહિ. તેઓ રોજ સંભાર્યા કરે કે ક્યારે દર્શન દેશે? એમ કરતાં દિવાળીના રોજ રાત્રે અગિયાર વાગ્યાના સુમારે તેમને એવાં અલૌકિક દર્શન થયાં, જાણે તેજનો મોટો ડુંગરો! તેમાં અનંત મુક્તો દેખાય, વચમાં શ્રીજીમહારાજ બેઠા હતા. ત્યાં પડખે સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામી દેખાયા. પછી તો જ્યાં નજર કરે ત્યાં તેજ તેજ દેખાય, અને તે તેજમાં મુક્તોનાં દર્શન થાય, તેમ બે કલાક સુધી એ મુક્તો પરસ્પર વાતો કરતા હતા, તેથી તેમને બહુ સુખ આવ્યું. તેમને સામાન્ય રીતે કાને સંભળાતું ન હતું, પણ એ વખતે બધું સંભળાતું હતું. પછી સદ્‌ગુરુ સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી તેમને કહે: 'તમારે બહુ તાણ હતી, તેથી મહારાજ તથા દિવ્ય મુક્તોએ તમને દર્શન આપ્યાં. આ સુખ સંભારી રાખજો, હવે અમે અંતર્ધાન થઈએ છીએ.' વળી ભલામણ કરી કે 'બાપાશ્રીની કૃપામાં જે જે આવ્યા છો તે એકબીજામાં સંપ રાખજો, તો અમે રાજી થઈશું. વચન લોપીને કોઈ મોટાને ખતરાવશો નહિ. આ વાત સૌ હેતવાળાને કરજો,' એટલું કહીને અદશ્ય થઈ ગયા.

## ૧૧. સદ્‌ગુરુશ્રીની વિલક્ષણતા

કોઈ હરિભક્તને કાંઈક વ્યાવહારિક દુઃખ હોય, અગર કોઈ મંદવાડ હોય, અગર કોઈને ધ્યાન-ભજનમાં સંકલ્પ નડતા હોય, ભગવાનના સ્વરૂપમાં એકાગ્રતા ન થતી હોય, તો સદ્‌ગુરુશ્રી પાસે જઈ વાત કરે ને સદ્‌ગુરુશ્રી આશીર્વાદ આપે કે "શ્રીજીમહારાજને સંભારજો, મહારાજ સારું કરી દેશે." – અને એની આંતર–બાહ્ય મૂંઝવણ ટળી જતી. જેમ બાળકને મા પાસે જતાં હૂંફ મળે તેમ સદ્‌ગુરુશ્રી પાસે જતાં શાંતિ થઈ જતી.

સદ્‌ગુરુશ્રીના ત્યાગ–વૈરાગ્યની સરખામણીમાં બીજા બહુ થોડા જ આવી શકશે. ત્યાગ-વૈરાગ્યની બાબતમાં સદ્‌ગુરુશ્રીના અતિ કડક વલણને લીધે તેમની સેવામાં રહેનારા સાધુઓ પણ ક્યારેક મૂંઝાઈ જતા. પરંતુ આ ત્યાગની તીવ્રતાને પોતે સમાવીને રહેતા. બહારથી આવનારા કે ગૃહસ્થ હરિભક્તોને તેની બહુ જાણ થવા દેતા નહીં. પોતાની અંગત સેવામાં રહેનારા જ એ બાબતથી પરિચિત હતા. તે ત્યાગ નિષ્ઠા નકારાત્મક ન હતી, પરંતુ પોતે સદાય ભગવદ્‌સ્વરૂપના સુખમાં જ રહેતા એ કેફે કરીને પ્રભુ સિવાય જગતમાં બીજે ક્યાંય સારપ જણાતી નહિ. એ ત્યાગ–વૈરાગ્ય જ્ઞાને યુક્ત હતા. તેઓ શ્રીહરિના સ્વરૂપ સંબંધી લક્ષ્યાર્થ જ્ઞાનના જ હિમાયતી હોવાથી તેમનાં ત્યાગ-વૈરાગ્ય વગેરે મહાન ગુણો સૂક્ષ્મ અવલોકન કરનારા સિવાય બીજાને બહુ જણાય નહિ તેમ ઢાંકીને વર્તતા.

સદ્‌ગુરુશ્રી આજ્ઞા ને વર્તમાન પાળવા પળાવવા બાબત બહુ જ આગ્રહી હતા. તેમાં જરા પણ શિથિલતા ચલાવી

ન લેતા. કોઈમાં શિથિલતા જણાય તો સાચી સમજણ આપી, પ્રાયશ્ચિત્ત કરાવી તેને શુદ્ધ કરતા. તેઓશ્રી કહેતા : "સત્સંગી થાય ને જો વર્તમાન કે આજ્ઞા ન પાળે તો શ્રીજીમહારાજને ન પામે."

સમૈયા ઉપર કે બીજા દિવસોમાં સદ્ગુરુશ્રી પાસે હરિભક્તોની ભીડ સદાય જામેલી જ હોય. તેઓશ્રીની પાસે જઈને બેસીએ તેટલામાં જ અંતરમાં અલૌકિક શાંતિ અનુભવાતી. તેઓશ્રીની સહૃદયતા અગાધ હતી. જે કોઈ તેઓશ્રીની પાસે આવે તેનું દુઃખ કેમ ટળે તેની જ તેમને ફિકર રહેતી. આશીર્વાદ આપવાનો ફક્ત દેખાવ કરવાનું તેમની રુચિમાં ન હતું. કોઈ પોતાના દુઃખની વાત કરે ત્યારે તેમનું હૃદય દ્રવી જતું. તેઓશ્રી કહેતા : "શ્રીજીમહારાજ સારું કરશે." તેમનું આટલું વચન દુઃખથી ભાંગી પડેલા માટે બસ હતું. તેઓશ્રીના આશીર્વચનથી અનેકના જીવનમાં પરિવર્તન થઈ ગયાના દાખલાઓ છે. તેઓશ્રી ગરીબ વિદ્યાર્થીઓને ભણવામાં મદદ કરાવતા. વિદ્યાભ્યાસ કરતા સંતોને હરિભક્તો પાસે મદદ કરાવતા. દીન દુઃખીને આશીર્વાદ, અન્ન-વસ્ત્ર, નોકરી-ધંધો વગેરે આપી-અપાવી તેનું દુઃખ તથા મુશ્કેલીઓ ટાળતા. માંદાની પણ ચીવટ રાખી સંભાળ રાખતા-રખાવતા. આમ પોતાના જોગમાં આવનાર આલોકમાં અને પરલોકમાં બંને રીતે સુખી થાય તેમ કરતા.

'કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય.
અન્ન, ધન, વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે,
કરુણા દૃષ્ટિ રે, દેખી વાનજ વાળે.'

શ્રીજીમહારાજના આવા કરુણાસભર ગુણો સદ્ગુરુશ્રીના જીવનમાં ચરિતાર્થ થયેલા જણાતા હતા.

સદ્‌ગુરુશ્રી અતિ ઉદાર દિલના હતા. કોઈ દર્શને આવે તો તેને રસોડે જમાડે અને કોઈને વર્ણાશ્રમ ધર્મના નિયમાનુસાર અનુકૂળ ન આવતું હોય તેને કોરી પ્રસાદી જમાડે. જમવા બેસવાનો સમય ન હોય તો સાથે પ્રસાદી બંધાવે. અન્ન–સદાવ્રત તો સદા ચાલુ જ રહેતું. સંતો સદ્‌ગુરુશ્રીને પૂછીને જ સીધું વગેરે રસોડાનો સામાન લેતા. કોઈ વખત મંદિરમાં સંત–પાર્ષદની સંખ્યા હોય તેના કરતાં બે–ત્રણ ગણી વધારે રસોઈ કરાવે. કોઈને મનમાં એમ થાય કે આટલું બધું શું કામ રંધાવતા હશે? પણ જમવાના 'હરે' બોલાય ત્યાં સુધીમાં જેટલી રસોઈ કરાવી હોય તેટલા બીજા વધુ સંત–હરિભક્તો બહાર ગામથી આવી ગયેલા જ હોય. તેથી સંખ્યા પ્રમાણે રસોઈ બરોબર થઈ રહે! કોઈ વખત સદ્‌ગુરુશ્રી પ્રસાદી વહેંચતા હોય ત્યારે પ્રસાદી થોડી હોય અને પાત્ર નાનું હોય, તો પણ પ્રસાદી આપતાં ખૂટતી નહિ!

એક વાર કોઈકે સદ્‌ગુરુશ્રીને પૂછ્યું : " તમારા સ્વામિનારાયણ સંપ્રદાયમાં ડખા–બખેડા કેમ થાય છે? સદ્‌ગુરુશ્રી કહે : " કયા અવતારમાં એવું નથી બન્યું? ડખા થાય તેથી ભગવાન નથી એમ ન સમજવું. રામાવતાર તથા કૃષ્ણાવતાર વખતે શું હતું? જ્યારે ભગવાનના અવતાર થાય ત્યારે સાથે સાથે આસુરી સંપદાવાળા જીવો પણ જન્મે અને પોતાના કુસ્વભાવથી, ઈર્ષા-દ્વેષથી ડખા પણ ઊભા કરે. ત્યારે ઘણાને મનમાં એમ થાય કે એ શું ભગવાનની લીલા હશે? એમાં શું ભગવાનની મરજી હશે? અમુક અપવાદરૂપ પ્રસંગો બાદ કરતાં જીવોના સ્વભાવને લીધે જ ડખા થતા હોય છે. આપણે સત્સંગ વિખરાવવા ન દેવો. સત્સંગમાં બગાડ થતો હોય ત્યાં આંખમિંચામણા ન કરવા. સત્સંગ આપણું ઘર છે. જેવું આપણું ઘર સુધારવાનું તથા સાચવવાનું આપણને ભાન હોય છે તેવું, બલ્કે તેથી અધિક સત્સંગ અર્થે રાખવું

તો મહારાજ રાજી થાય.

જ્યારે જ્યારે પરચા–ચમત્કાર વિષે વાત નીકળે ત્યારે ત્યારે સદ્‌ગુરુશ્રી કહેતા : "ગાજવીજ ને વરસવું રે, ગાજવીજ એટલે પરચા–ચમત્કાર, વરસવું એટલે જ્ઞાન આપવું. ગાજ-વીજથી દાણા ન પાકે, વરસાદથી દાણા પાકે. માટે પાત્ર મુમુક્ષુને આત્મામાં પરમાત્માનો સાક્ષાત્કાર થાય એ જ સાચો પરચો–ચમત્કાર! અને એવી સ્થિતિ કરાવે તે સત્પુરુષ!"

સદ્‌ગુરુશ્રીનું વ્યક્તિત્વ જ એવું અસાધારણ અને આકર્ષક હતું કે મુમુક્ષુઓની વૃત્તિઓ તણાઈ જાય ને સદ્-ગુરુશ્રી વિષે અહોભાવ પ્રગટે. ગમે ત્યારે સદ્‌ગુરુશ્રીના દર્શને જઈએ ત્યારે હરિભક્તોનો સમૂહ તેઓશ્રીની સમીપ બેઠો જ હોય. બાળકોને લઈને હરિભક્તો દર્શને આવે તો બાળકોને પોતાની નજીક બોલાવી માથે હાથ મૂકી પૂછે: "નવા છો કે જૂના? આ પ્રશ્નનો શું જવાબ આપવો તે બાળકોને ન સૂઝે અને બોલી નાખે "જૂના" ત્યારે આખી સભા હસી પડે ને સદ્‌ગુરુશ્રી પ્રસન્નતા જણાવી બોલે : "નાની વાતમાં કેવાં કેવાં કામ થઈ જાય છે!" 'કોણ છો?', 'ક્યાં રહો છો?', 'ક્યાંથી આવ્યા?', 'શા માટે આવ્યા?', 'મહારાજ ક્યાં છે?', 'શું કરે છે?', 'આ સભામાં બેઠેલા સત્સંગીઓ તમારે શું સગા થાય?', 'રામ કોણ?', 'કૃષ્ણ કોણ?' 'તેઓ કેવા છે?', 'ભગવાન સ્વામિનારાયણ કેવા છે?' આમ સામાન્ય લાગતા પણ રહસ્યભર્યા પ્રશ્નો પૂછી, આપણને શ્રીજીમહારાજે કૃપા કરીને કેવા કર્યા છે' એ છેલ્લી વાત, છેલ્લી સ્થિતિ સમજાવી દેતા.

કોઈ કોઈ વાર સદ્‌ગુરુશ્રીને ફરવાનું બહુ રહેતું. કોઈ વાર રેલ્વે માર્ગે જવાના હોય ને ઉતાવળને લીધે ટિકિટ કઢાવી આપનાર કોઈ હરિભક્ત સાથે ન હોય તો પોતે જાતે સ્ટેશન માસ્તરને મળે. તેમને વિનમ્રપણે કહે કે અમારી સાથે કોઈ

ગૃહસ્થ હરિભક્ત નથી અને અમે નિષ્કંચન હોવાથી પૈસા પાસે રાખતા નથી, તો આપ ટિકિટ કઢાવી આપો. પછીથી પૈસા આપને મોકલાવી આપીશું. સદ્‌ગુરુશ્રીની પ્રતિભા એટલી પ્રભાવક હતી કે સ્ટેશન માસ્તર પોતાના પૈસાથી ટિકિટ કઢાવી ગાડીમાં બેસાડી જતા !

બાળપણથી જ સત્સંગનો પાકો રંગ લાગે ને શ્રીજી-મહારાજને જેવા છે તેવા જાણે ને તે જ્ઞાન જીવમાં પેસી જાય તેવી ભાવનાથી સદ્‌ગુરુશ્રી બાળકોના ઉત્કર્ષમાં ખૂબ રસ લેતા. સરસપુર મંદિરના મેડા ઉપર ધાર્મિક પાઠશાળા શરૂ કરાવી હતી. દર મહિને સદ્‌ગુરુશ્રી બાળકોને ભેગા કરી શાળાઓમાં જેમ પરીક્ષા લેવાય છે તેમ પરીક્ષા લેતા. બાળકો ઉપર બહુ રાજી થતા અને માથે હાથ મૂકી હેતથી તેઓને આગળ વધવા માટેનું સૂચન કરતા અને આશીર્વાદ આપતા. નબળા બાળકોને પોતે જાતે રસ લઈ શિખવતા ને તેના વિકાસ માટે બળ પ્રેરતા.

મુનિસ્વામી પુરાણી કેશવપ્રિયદાસજી સ્વામી હરિભક્તોને સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીનો મહિમા કહેતા કે— "અહો ! સ્વામીશ્રીની તો શું વાત કરવી ? એ સ્વામી તો ખરેખરા હતા. બાપાશ્રીનું બીજું સ્વરૂપ હતા. બાપાશ્રી ઘણી વાર તેઓશ્રીનો મહિમા અમને કહેતા કે : 'તેઓશ્રીના દર્શને, સ્પર્શે, તેમનો વાયરો અડે તેણે કરીને પણ અનેક જીવોના કલ્યાણ થાય છે.' એ જ એમની ખરી મહાનતા હતી."

સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી જેવા સ્વતંત્ર મુક્તપુરુષને આવવા-જવાનું તો છે જ નહિ, પરંતુ તેઓશ્રી આ લોકમાંથી મનુષ્યરૂપે અદૃષ્ય થયા, તેમ છતાં એકાગ્ર ચિત્તે ગદ્‌ગદ ભાવથી જો કોઈ તેમને સંભારે તો તેને તેઓશ્રીના પ્રત્યક્ષપણાનો અનુભવ થયા વગર રહેતો નથી. વ્યવહારમાં

ક્યારેક કોઈને મુશ્કેલી જણાય અને તેમને અંતર્વૃત્તિએ સંભારી પ્રાર્થના કરે તો તેને મુશ્કેલીમાંથી માર્ગ મળે છે. આવા અનુભવો અનેકને થયા છે અને હજુ પણ થતા રહે છે. સદ્‌ગુરુશ્રીએ આપેલ દિવ્ય સંદેશ હાલ પણ વાતાવરણમાં પ્રબળ તરંગો રૂપે ગૂંજે છે. એ ઉપદેશામૃતનું મનન–ચિંતન કરનારને ભગવાનના સ્વરૂપનો સાક્ષાત્કાર થઈ જાય એવું એ વાણીમાં બળ સમાયેલું છે.

સદ્‌ગુરુશ્રીની વિશાળ દૃષ્ટિમાં ભેદભાવની કોઈ રેખા ન હતી. તેઓશ્રીના અદ્‌ભુત વ્યક્તિત્વથી આકર્ષાઇને કરાંચીના એક ભણેલા–ગણેલા મુસ્લિમ યુવકને સ્વામીશ્રીના અલૌકિક દર્શન થતાં તેના જીવનમાં આમૂલ પરિવર્તન આવી ગયેલું. સ્વામીશ્રીએ તેને ઉદાર ભાવના અને સહૃદયતાથી અપનાવી સ્વામિનારાયણ ધર્મનો અનુયાયી બનાવ્યો. આમ જીવોના આત્યંતિક કલ્યાણ કરવાનો જ જેમનો મુખ્ય હેતુ હતો, એવા એ દયાળુ સદ્‌ગુરુશ્રીને દરેક મનુષ્ય માટે કરુણા દૃષ્ટિ હતી.

અ.મુ. પ.પૂ.શ્રી ચતુરભાઈ અમીચંદભાઈ ગાંધીએ પોતાનો સ્વાનુભાવ જણાવ્યો છે :

"સદ્‌ગુરુશ્રી પોતાના ઉપદેશ વચનોમાં મુખ્ય એ ભલામણ કરતા કે, 'શ્રીજીમહારાજે અહીં અનંત મુક્તોએ સહિત દર્શન આપી પ્રેમી ભક્તોના લાડકોડ પૂર્યા, તે સાથે ધર્મધુરંધર નિયમરૂપી દૃઢ પાળ બાંધી છે, તેની પુષ્ટિ થયા કરે તે રીતે મહાપ્રભુની બાંધેલ મર્યાદા પ્રમાણે વર્તવું. સત્સંગને વિષે સદાય આત્મબુદ્ધિ રાખવી, બધો ય સત્સંગ દિવ્ય જાણવો, કોઈનો અવગુણ ન લેવો.' આ રીતે મહાપ્રભુનાં વચનમાં વર્તાવવાનો તેઓશ્રીનો ઘણો જ આગ્રહ હતો."

અ.મુ. પ.પૂ.શ્રી સોમચંદભાઈ સદ્‌ગુરુશ્રી વિષે કહે છે :

"સ્વામીશ્રીનો હૃદયગત અભિપ્રાય જોતાં પોતે અ.મુ. બાપાશ્રી સાથે જાણે શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના

પ્રવર્તાવવા માટે જ આવેલા હોય એમ તેમની વાતો તથા તેમના દરેક કાર્યો ઉપરથી આપણને લાગે છે. એમણે તો જીવનપર્યંત અનેકના મોક્ષ કરવારૂપ પરોપકાર જ કર્યો છે, એમનામાં અપાર શૌર્ય, ધીરજ, ઉદારતા, ગંભીરતા, પરોપકારવૃત્તિ, પરદુઃખભંજનપણું વગેરે ઘણા ગુણો જોવામાં આવતા. સ્વામીશ્રી તો સત્સંગના ભૂષણરૂપ હતા.

સ્વામીશ્રીએ ગમે તેવા જીવો પર કૃપાદષ્ટિ કરી તેમનાં કલ્યાણના જ સંકલ્પ કર્યા છે, એવું મારી નજરે ઘણું જોવામાં આવ્યું છે. હું તો આ સ્વામીશ્રીની કૃપામાં આવતાં મારાં અહોભાગ્ય માનું છું."

કુજાડના પ.ભ. માસ્તર રાયસિંહજી લખે છે :

"સદ્‌ગુરુશ્રીની વાતોમાં અનાદિ મુક્તની સ્થિતિ તથા શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના સમજાવવા સાથે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનું વર્ણન તથા શ્રીજીમહારાજની આજ્ઞામાં વર્તવાની ભલામણ મુખ્યપણે રહેતા.

તેઓશ્રીની વાણીમાં મને બહુ જ મીઠાશ લાગતી, તેમ જ દિવ્યપણું જણાતું. તેમનું દયાળુપણું તથા શાંતિ પમાડવાપણું પણ ઘણું જ ઉત્તમ હતું. જીવને એ દિવ્યમૂર્તિમાં રસબસ રાખવા અને તે મૂર્તિનું સુખ ભોગવવા માટે તેમનો પૂર્ણ આગ્રહ હતો. અમારે જ્યારે જ્યારે કાંઈ મૂંઝવણ જેવું જણાતું ત્યારે ત્યારે બાપાશ્રી સાથે જાગ્રત તથા સ્વપ્નમાં આ સ્વામીશ્રી તથા સ્વામી વૃન્દાવનદાસજી એ બંને સદ્‌ગુરુઓ દર્શન આપી શાંતિ પમાડતા."

અ.મુ. શિવલાલભાઈ પારેખ પોતાનો અનુભવ જણાવે છે :

"ગમે તેવા સંકલ્પ-વિકલ્પ થતા હોય પણ તેમના દર્શન કરતાં જ શાંતિ થઈ જતી અને તેમની પાસે જ્યારે આવીએ ત્યારે મહારાજ અને મુક્તની જ વાત થતી હોય.

વળી, માળા તથા ભજનનો એવો અભ્યાસ હતો કે ઊંઘમાં પણ હાથમાં માળા ન હોય છતાં હાથ માળા ફેરવવાની પેઠે ચાલ્યા કરે અને કંઠમાં 'મહારાજ, મહારાજ' શબ્દ થયા કરે, આ મારી પ્રત્યક્ષ જોયેલી વાત છે. વાણીમાં અતિ મીઠાશ હતી, અને અતિ દયાળુ હતા. ક્યારેય પણ ગુસ્સે થતા મેં જોયા નથી. આ લોકમાં બાળકને જેમ મા જેવું કોઈ હિતકારી નથી તેમ મોક્ષાર્થીને મા તુલ્ય હતા. શરણે આવેલાના દોષ સામું ક્યારેય પણ જોતા નહીં. સદા દયા દૃષ્ટિથી જોતા, અને મા જેમ બાળકની દરેક પ્રકારની ચિંતા રાખ્યા કરે અને બાળકને સુખ થાય તેમ કરે તથા પ્રેમે કરીને લાડ લડાવે તેવી રીતે પોતાના શિષ્યોની આ લોક તથા પર લોકની ચિંતા રાખે ને જેમ સુખ થાય તેમ કરે અને અપાર સ્નેહ વરસાવે."

અ.મુ.શ્રી મનહરલાલ હીરજીભાઈ ચાવડાનું સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી વિષે મંતવ્ય :

"સદ્‌ગુરુશ્રી આ સત્સંગમાં વિચરતા હતા તેથી સત્સંગ બહુ ઉજ્જવળ તથા પ્રગતિશીલ જણાતો હતો. સંપ્રદાયમાં જો એવા પુરુષ હોય તો સંપ્રદાય શોભાયમાન રહે અને ઉજ્જવળ કીર્તિ પેદા કરે અને સત્સંગને જોશભેર આગળ ધપાવી ધર્મ તથા જ્ઞાનનો ફેલાવો કરે.

તેઓશ્રી પ્રભાવશાળી, ધર્મનિષ્ઠ તથા મહાયોગીને પણ ભુલાવે તેવા સુદૃઢ સંતપુરુષ હતા. તેમનું આત્મબળ બહુ જ દૃઢ હતું.

સ્વામીશ્રી જે જે ઠેકાણે ગયા તે તે ઠેકાણે પોતાના પ્રભાવથી સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રગતિ કરી છે. સત્સંગના માણસોને તો તેઓ ધર્મનું આચરણ કરાવતા પણ સત્સંગ બહારના માણસો ઉપર પણ તેઓશ્રીનો દિવ્ય પ્રભાવ પડતો હતો.

સ્વામીશ્રી તરફથી જે દિવ્ય શિક્ષણ આપણને મળ્યું છે, તે આપણે પચાવવું જોઈએ. તે શિક્ષણ આપણે અપનાવ્યું તો તેમની યાદ હંમેશા રહેશે અને તેમ કરીને આપણે અનેક જીવોનું કલ્યાણ સાધી શકીશું અને તો જ આપણે સ્વામીશ્રીને ઓળખ્યા ગણાશે.''

અ.મુ.શ્રી રામકૃષ્ણભાઈ રોમૈયા તેમના મહા મુક્ત પિતાશ્રી મીઠુભાઈ (તુલસીદાસભાઈ)ના સદ્‌ગુરુશ્રી વિષેના સ્વાનુભવો લખી જણાવે છે :

"આ સદ્‌ગુરુ સ્વામીશ્રીએ અનેક જીવોનાં આત્યંતિક મોક્ષ કરી કલ્યાણની સડક ખુલ્લી મૂકી છે. તે સત્સંગમાં ઘણાયે અનુભવ્યું છે. તેઓશ્રી કહેતા કે અનાદિ મુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા છે. મહારાજ સૌને સુખ આપે છે. મૂર્તિ વિના મુક્તો રહે નહિ; મહારાજ મુક્તો વિના રહે નહિ. રસબસ હોઈ રસિયા સંગ, જ્યું મિસરી પયમાંહી ભળી.' કેટલીકવાર મુમુક્ષુઓને હાથમાં પાણી આપી સંકલ્પ કરી, આશીર્વાદ આપતા કે આજથી તમને મૂર્તિમાં રાખ્યા, હવે સદાય મૂર્તિ ભેળા છો એમ માનજો.' તેઓશ્રીએ શ્રીજી-મહારાજનું સર્વોપરીપણું અને અનાદિ મુક્તના સુખ તથા સ્થિતિ સમજાવવામાં લેશ માત્ર કચાશ રાખી નથી. તેઓશ્રીએ શ્રીજીમહારાજનો સિદ્ધાંત જેવો છે તેવો પ્રવર્તાવ્યો છે. મને તો તેઓશ્રીએ કૃપા કરી ઘણીયે વાર દર્શન આપી પ્રસન્નતા જણાવી છે. આવા સમર્થ સદ્‌ગુરુની જેને ઓળખાણ થઈ, સેવા કરી રાજી કર્યા તેનાં અહોભાગ્ય !''

અમુ.શ્રી કાશીરામભાઈ આદેશરા લખે છે કે "જેમને જોતા અજાણ્યાના પણ હાથ જોડાઈ જતા, જેમને સાંભળતાં અબુધ પણ નવો પ્રકાશ પામતા, જેમને સ્પર્શતા રોમેરોમમાં

શીતળતા પ્રસરતી, એવા હતા એ દિવ્ય વિભૂતિ સદ્‌ગુરુ સ્વામીશ્રી ઈશ્વરચરણદાસજી.”

અ.મુ.શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર સદ્‌ગુરુશ્રીના અસાધારણ સામર્થ્ય વિષે જણાવે છે :

“સદ્‌ગુરુ સ્વામીશ્રીએ આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અને ત્યાગ–વૈરાગ્યાદિક મહાન ગુણો ધારણ કરી, પોતાના દિવ્ય પ્રભાવથી અનેકને શ્રીજીના સાક્ષાત્કારને માર્ગે વાળ્યા હતા. મૂર્તિસુખની પ્રાપ્તિ એ જ ઈતિકર્તવ્યતા – એ જ આપણું સર્વનું અંતિમ ધ્યેય છે એ વાત સૌને દ્રઢ કરાવતા.

પોતે પ્રખર સિદ્ધાંતવાદી હોઈ વગર સંકોચે અને નીડરપણે સત્સંગમાં પેસી ગયેલા સડા ઉપર સખત પ્રહારો કરી, દરેક પ્રત્યાઘાત સામે ઝૂઝી, તે દૂર કરી સત્સંગરૂપી બગીચાને ખીલવવામાં અનન્ય ફાળો આપ્યો છે. ભગીરથ જહેમત અને પરિશ્રમ ઉઠાવી તેઓશ્રીએ શ્રીજીના સિદ્ધાંતો અને સત્યોને તેના યથાર્થ સ્વરૂપમાં રજૂ કરી, આપણને સાચો રાહ બતાવ્યો છે. એ અંગેનું ઝીણવટથી છણાવટ કરતું સાહિત્ય પણ સાદી, સરળ ને સચોટ ભાષામાં પ્રગટ કર્યું છે. તેમાં ‘વચનામૃત રહસ્યાર્થ’ ગ્રંથ સત્સંગમાં પ્રસિદ્ધ છે.

સદ્‌ગુરુશ્રીએ અનેક પ્રયત્નો કરી શ્રીજીની સર્વોપરી ઉપાસનાનું પ્રચંડ મોજું ગામેગામ ફરીને પ્રસરાવ્યું અને તેમ કરવામાં તેઓશ્રી તેમની પ્રચંડ શક્તિ, અજબ સંકલ્પબળ અને પ્રભાવ વડે સંપૂર્ણ વિજયી નીવડ્યા છે. આમ સ્વામીશ્રીએ શ્રીહરિના સંકલ્પથી, પોતાના અસાધારણ આત્મબળ વડે સત્સંગમાં મહાન જાગૃતિ – ક્રાંતિ આણી છે. તેઓશ્રી એક વિરલ ધર્મસુધારક ને ક્રાંતિકારી દિવ્ય પુરુષ હતા.

સદ્‌ગુરુશ્રી આપણા માટે શ્રીજીની સર્વોપરી ઉપાસના, નિશ્ચય, સત્યને નીડરપણે જાહેર કરવાની પ્રચંડ શક્તિ, પરમાર્થ, દયા, ક્ષમા, અડગ ધૈર્ય વગેરે અમૂલ્ય ગુણરત્નો વારસામાં મૂકતા ગયા છે. તેને ગ્રહણ કરી જીવનમાં ઉતારીએ અને તેઓશ્રીનું દિવ્ય જીવન આપણ સર્વને તેમજ સૌ કોઈને હંમેશને માટે પ્રેરણાદાયક અને દીવાદાંડીરૂપ બની રહો એ જ શ્રી હરિના ચરણકમળમાં નમ્ર પ્રાર્થના.''

## ૧૨. સદ્ગુરુશ્રીને દિવ્ય શ્રદ્ધાંજલિ

### અદ્ભુત દરશ ઉદ્યોત !

દેહ નરાકૃતિ દિવ્ય જીવ હરિ સનમુખ જોરત,
તરણિ કિરણ તનુ તેજ તિમિર અંતર્ગત તોરત;
કવિ હમીર સંકલ્પ સિદ્ધિ કર દિ વિપેદ તરુસોં,
જ્ઞાન મુક્તિ પથ અગમ જ્ઞાત સુર ગુરુ કે ગુરુસોં.
જિહિ ક્રિયા કરન કલ્યાણ જન સ્વયં અનાદિ મુક્ત સન,
જય જયતિ વદ્ય પદ પદ્મ જુગ ચિંતામનિ ઈશ્વરચરન...૧
ચિંતનકૃત હુવ ચિત નવલ મલરહિત શરદ નભ,
જિહિ પ્રતાપ ઉર ઉપજ ભક્તિ તરુણાંબુજ સૌરભ;
પરસ જાસુ અતિ પુનિત કર્મ કલિ કલુષ નિકંદન,
અદ્ભુત દરશ ઉદ્યોત ચરિત મલયાચલ ચંદન.
સબ લોભ સહિત હોવત શમન મનસિજ ક્રોધ રૂ મોહ મદ;
વંદન હમીર મન વચન વહ પુનિ પુનિ ઈશ્વરચરન પદ...૨

—કવિ હમીરદાનજી

### સદ્ગુણનિધિ સ્વામીશ્રી

છોજી નૈષ્ઠિક બ્રહ્મરૂપ આપ, સદ્ગુણ તણા જે નિધિ;
કરવા અગણિત જીવ શિવ સરખા, જેણે કૃપા બહુ કીધી.
જ્ઞાની, ધ્યાની, અનુભવી, અતિભલા, ધીમંત કહાવો તમે;
એવા સ્વામી સમર્થ ઈશ્વરચરણ, રાજી થજો આ સમે...૧.
ભવ જળ તરવા કાજ આજ, સૌને નક્કી વડું નાવ છો;
કલ્પતરુસમ આપ કંઈક જનના, જે દિલ-દરિયાવ છો.
આવ્યા કષ્ટ અનેક નષ્ટ કરવા, સુખકંદ સાથે તમે;
એવા સ્વામી સમર્થ ઈશ્વરચરણ, રાજી થજો આ સમે...૨.

—મણિલાલ

## મૂર્તિમાં રસબસ !

જે સદ્ગુરુ શ્રીજી સાથે હતા, તે સદ્ગુરૂ અમને મળિયા છે;
અખંડ ગુલતાન રહે મૂર્તિમાં, એવા સ્વામી ઈશ્વર મળિયા છે.
જન્મમરણના સંકટ કાપી, અહંતામમતા માન તજાવ્યું છે;
કર્તાપણાનું ભાન ભુલાવી, જીવનમુક્ત સ્થિતિ સમજાવી છે.
તન મન ધન મુકાવીને, મૂર્તિમાં રસબસ રાખ્યા છે;
ઓતપ્રોત વાણાતાણા પેઠે, તદ્રૂપ તલ્લીન કરી મૂક્યા છે.
અખંડ આજ્ઞાનું પાલનકર્તા, શ્રીજી સર્વોપરી ઓળખાવ્યા છે;
સદ્ગુરુ સ્વામી ઈશ્વર એવા, આણંદસુન કે' દગે દેખ્યા છે.

પારેખ ધીરજલાલ આણંદજી – ગઢપુર

## श्रद्धांजलि

सत्संगमें रमते रहे, रमते रहेंगे सर्वदा ।
अज्ञानीयोमें ज्ञानको, भरते रहेंगे सर्वदा ॥
अब तक किया था स्थूलसे, विचरण सभीके हृदयमें ।
सूक्ष्मतासे अब करेंगे, बास सबके हृदयमें ॥ .... १
पंचभौतिक देहसे, उपकार था जितना किया ।
करते थे स्वयं 'हरि', पर कार्य कारणसे हुआ ॥
ऐसे महात्माके निधन पर, शोक करना व्यर्थ है ।
उनकी दिवंगत आत्मा, से तो हमें ही हर्ष है ॥ .... २
वे तो अनादि मुक्त थे, सत्संगके वे प्राण थे ।
धर्मनंदनके धनुष पर, मान लो ये बाण थे ॥
एसे परम सद्गुरु चरणमें, प्राप्त हो त्रय अंजलि ।
स्वीकार करिये, स्वामी ! मेरी स्नेहसे श्रद्धांजलि ॥ .... ३

—ओ. के. प्रधान – टँडावरुड

## અંજલિ

સદ્ધર્મને સતત જીવનમાં વણેલ,
જ્ઞાની તણા પથ મહીં પૂરતાં પળેલ;
વૈરાગ્ય એ જીવનસૂત્ર ટકાવી રાખ્યું,
નિષ્કામભક્તિ સઘળે જગમાંહી સ્થાપી ... ૧

ત્યાગી ખરેખર બની વળી ત્યાગ સાધ્યો,
સત્સંગવિશ્વ થકી દૂર કુસંગ કાઢ્યો;
સત્‌જ્ઞાન કેરી સરિતા જગમાં વહાવી,
અજ્ઞાનતા જગથી દૂર તો નસાડી ... ૨

મૂર્તિ સુખે જન અનંત સુખી કર્યા છે,
સ્વૈશ્વર્યથી સકલને સુખ ખૂબ આપ્યું;
દષ્ટિ વડે જનતણા સહુ પાપ ધોઈ,
મુક્તિતણા સકલને બહુ દાન દઈ ... ૩

સિદ્ધાંતવાદ ગુરુના[1] ગુરુનો[2] જણાવી,
ફેલાવિયો જગતમાં ન્યૂનતા ન રાખી;
ટાળી દીધું તિમિર જે જીવમાં વસેલું,
કૈં કાળથી ઝગતી જ્યોત બધે જગાવી. ... ૪

સૌ કાર્ય એ નિજતણા કરી આજ પૂર્ણ,
ધામે ગયા સુખ અનંત મહીં બિરાજ્યા;
એ પ્રોજ્જવળી દીપતી જ્યોત જગે રહેશે,
તેને કરું નમી સદા શતધા પ્રણામો ... ૫

—સુધાત્મજ

---

૧. અ.મુ. સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી.
૨. અ.મુ. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી.

# સ્વામીશ્રીનું મધુર સ્મરણ

જે સ્નીગ્ધતા તળે પ્રફુલ્લી અમે રહ્યા'તા,
થતાં ઉદય રવિ જેમ સૂર્યમુખી જ થાતા;
ને અભય હસ્ત તળે સભય છતાં અભય થતાં,
ને પ્રેમપાલવ તળે નાચતા કૂદતા'તા;
પ્રફુલ્લ મૃદુ મુખે અમને બોલાવી,
રક્ષતા ભય થકી અમને ફોસલાવી;
વીસરતા અપરાધ સઘળા બાળ જાણી,
ન વઢતા કોપતા ક્ષપતા કરુણા જ આણી.
ગયા તે છોડી એકાએક,
જરા ન આણ્યો દિલે વિવેક.
પણ અરે હજી મધુર સ્મરણ જતું જ ક્યાં ના,
ગુંજે હજી શ્રવણે હૃદયે ગુંજતું જ્યાં;
અહો અભાગી ભુલાયે એ સઘળું જ ક્યાંથી,
સેવાયો હસ્તપાલવતળે શીશુ હતો જ જ્યાંથી;
થયો સંતુષ્ટ સબળ સતત પયપાનથી,
એ સઘળું વીસરે કેમ ભલે તું મરે મથી.

હે પ્રભુ!

સાંભળજે આ અરજ તું મારી,
ન દેજે માયાએ ફસાવા તું તારી;
રીઝું ઘણો કરે કરુણા જો એવી,
જાણું મનુષ્યચરિત્ર સઘળું આ તેવી;
પામું છું શાંતિ માંગી હું મુખે,
થઈએ સુખી શ્રીજી આપ તણા જ સુખે.

—દીપચંદ ઓધવજી ખત્રી, હળવદ



અનાદિ મુક્ત સદ્દગુરુ શ્રી વૃંદાવનદાસજી સ્વામી

# અનાદિ મુક્તરાજ

## સદ્‌ગુરુ

# શ્રી વૃંદાવનદાસજી સ્વામીનું

## જીવનદર્શન

## ૧. સંતકૃપા અનિવાર્ય ....

સૂર્યમંડળ આકાશમાં ઘૂમ્યા કરે છે, પ્રધાન ગ્રહો પણ ચોપાસ વીંટાયેલા હોય છે. તે સૂર્યોદય અગાઉ પણ દેખાય અને સૂર્યાસ્ત પછી પણ દેખાય. સદૈવ સૂર્ય ફરતી ભ્રમણ-કક્ષામાં રહેવું ઉચિત માનીને પોતપોતાની ભ્રમણકક્ષાનો ભંગ નથી કરતા. સૂર્ય સામી મીટ માંડી રાખીને પોતપોતાની ધૂનમાં ભમ્યા જ કરે છે. તેમ અનંતકોટિ બ્રહ્માંડમાં જ્યાં જેમ પ્રકાશવું ઘટે ત્યાં સૂર્યરૂપી પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને ગ્રહોરૂપી દિવ્ય મુક્તામંડળ પ્રગટ થયા કરે છે. સુખપિપાસુ મુમુક્ષુઓ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી રૂપી ચુંબક તરફ ખેંચાઈ એ દિવ્યમૂર્તિમાં ચોંટી જાય છે. સાથે રહેલાં મુક્તો પણ પોતપોતાની સ્થિતિમાં રહી ભગવાનની મસ્તીના કેફયુક્ત ડોલતા એટલે વિચરણ કરતા થકા જડ-ચૈતન્ય જે જે જોગમાં આવે તેને મહાપ્રભુજીની વ્યતિરેક મૂર્તિનો જેવો પોતાને સંબંધ છે તેવો સાક્ષાત્ સંબંધ કરાવી દે છે. આવા મુક્તોનું આ પૃથ્વી ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાનના વિચરણકાળની આગળ કે પાછળ દેખાવું એ તો એ સમર્થ ભગવાનની ઈચ્છા ઉપર જ અવલંબે છે, અને જીવોના પરમ કલ્યાણ માટેની મહાપ્રભુજીની પરમ દયાળુતાની મહાન યોજનાના એક ભાગરૂપે જ તે હોય છે. આવી રીતે આગળ કે પાછળથી પધારેલા મુક્તોની મહા અલૌકિક કક્ષા અનુભવથી જ કળાય છે.

માળી બગીચો સૂનો ન મૂકે તેમ સત્સંગરૂપી બગીચાનું પોષણ ને પ્રગતિ માટે મુક્તોનું પ્રાગટ્ય ને વિચરણ સતત ચાલુ જ હોય. પણ

'જળ જળ કમળ ન નીપજે,
વન વન અગર ન હોય,'

તેમ ભગવાનના અપરોક્ષ સંબંધેયુક્ત સુવાસ પ્રસરાવતા મુક્તા ઓળખવા એ કલમ કઠણ છે. ધૂળ અને કચરામાંથી લોઢું જ ચુંબકને ચોંટી પડે તેમ મુમુક્ષુને જ એવા સંત ઓળખાય ને તે જ મોક્ષ સાધી લે.

આવા મુક્તો પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે મુમુક્ષુઓ તેમનાથી પ્રભાવિત થાય, અને તેમનું અનુકરણ કરે. એમાં પણ મુમુક્ષુનું ભલું થાય તે માટે મુક્તો પોતે તો પૂર્ણકામ હોવા છતાં મુમુક્ષુતાનો અદલ પાઠ ભજવતા હોય છે. દાખલા તરીકે, અ.મુ. સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામી આ પૃથ્વી ઉપર શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા તે અગાઉ ત્રેવીસ વર્ષ પહેલાં દષ્ટિગોચર થયા. પોતે તો શ્રીહરિજીની ઈચ્છાથી જ અક્ષરધામથી પધાર્યા હોવા છતાં, મુમુક્ષુઓને શીખવવા, નાનપણથી જ ભગવાન પામવાની લગની દેખાડી. 'ભગવાન ન મળે તો જીવવું શા માટે ?' – એમ કહી ભગવાન મેળવવાની અતિશય ત્વરા દેખાડી. ઘરનું બંધન ન થાય તે માટે જાણી જોઈને ગાંડાની માફક વર્ત્યા, તીર્થોમાં ભગવાન શોધવા નીકળી પડ્યા. રામાનંદ સ્વામી મળતાં તેમને ગુરુ કરીને તેમની પાસે રહ્યા. પછી સહજાનંદ સ્વામી – શ્રી સ્વામિનારાયણ ભગવાન – મળ્યા ત્યારે શરૂમાં જાણે તેમનો મહિમા બરાબર સમજાયો ન હોય તેમ જણાવ્યું ! રામાનંદ સ્વામીએ દિવ્યરૂપે દર્શન દઈ મહિમા સમજાવ્યો ત્યારે વિશેષતા જાણીને 'જય સદ્ગુરુ સ્વામી' એ આરતી રચી આનંદ છલકાવ્યો. તે પછી શ્રીજીમહારાજે જ્યારે તેમને પૂછ્યું કે અમારો મહિમા કેવો જાણો છો ? ત્યારે પોતે બરાબર ન સમજતા હોય તેવી રીતે વર્ત્યા. શ્રીજીએ તેમને રવજી સુથાર પાસે મોકલ્યા. રસ્તામાં અલૌકિક અનુભવો થયા. શ્રીજીમહારાજનો સર્વોપરી યથાર્થ

મહિમા તે વખતે જ જાણ્યો હોય તેમ જણાવ્યું. અતિશય હેતે સહિત શ્રીહરિ સાથે એકતાનો અનુભવ ઊભરાવતા

પ્રીત કરત મેરો પલટચો હે અંગ,
તન મન અર્પી મીલે મનમોહનકું;
હો ગઈ એક હી અંગ;
મુક્તાનંદ મહદ્ યહ આશ્ચર્ય,
બીનહિ અંગ ન ઉમંગ;
પ્રીત કરત મેરો પલટચો હે અંગ.

—ના ઉદ્‌ગારો સરી પડ્યા. આ રીતે સૌ મુમુક્ષુઓને શીખવાડવા પોતે સદાય સત્સંગનો ચડતો રંગ જણાવ્યો. શ્રીજીમહારાજે શ્રીમુખે સાક્ષી પૂરી કે મુક્તાનંદ સ્વામીને સત્સંગમાં આવ્યા ત્યારથી સદાય ચડતો ને ચડતો રંગ છે. (વચનામૃત સા. ૩) અક્ષરધામમાં શ્રીહરિજીની મૂર્તિમાં સદાય રસબસ રહ્યા થકા પૃથ્વી ઉપર પ્રગટ થયા તો ય મુમુક્ષુને પૂર્ણતા પમાડવા કેવો અદલ પાઠ ભજવ્યો? સમર્થ હોવા છતાં અજ્ઞાની જીવનાં માન-અપમાન, ભૂખ-દુઃખ, માર અને ઝેર સુધ્ધાં અંગીકાર કરી જીવોને મોક્ષ માર્ગે વાળ્યા. આ રીતે, શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી કેવળ કૃપા કરીને આવા મુક્તોને અનંત જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વી ઉપર મોકલ્યા કરે જ છે.

આવા જ એક મુક્ત કચ્છ જિલ્લાના ભારાસર ગામમાં સંવત ૧૯૦૬માં પ્રગટ થયા. બાલ્યાવસ્થામાં નામ શામજીભાઈ હતું, જેઓ સત્સંગમાં અ.મુ. સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી નામના મહાન સંત તરીકે પ્રસિદ્ધિ પામ્યા. અનેક જીવોને શ્રીહરિજીના સુખમાં જોડનાર આ સદ્‌ગુરુશ્રીનું પ્રેરણાદાયી જીવનદર્શન સૌ કોઈને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનું સુખ પ્રાપ્ત કરવામાં સહાયક બનશે.

બાળપણથી જ સત્સંગના સંસ્કાર, દેવદર્શન ને સંતસમાગમમાં રુચિ, જેથી ધર્મપરાયણતાનું અંગ દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામતું ગયું. રત્ન તો પ્રથમથી જ કીમતી હોય પણ જેવા પાત્રને હાથે ચડે તેવી કીમત અંકાય. ભરવાડને હાથ હીરો આવ્યો પણ સાચા ઝવેરીના હાથમાં પડતાં સાચી કિંમતનું ભાન થાય, તેમ બાલ્યાવસ્થાથી જ મુક્તોના અંગમાં આકર્ષણ તો હોય જ, પણ સામેથી એવા જ મુક્ત જ્યારે ઓળખાવે ત્યારે ઓળખાય ને ખરી ખબર પડે.

તે રીતે, સંવત ૧૯૨૩માં ભુજમાં શ્રી નરનારાયણ દેવની સાથે શ્રી હરિકૃષ્ણમહારાજને પધરાવ્યા ત્યારે આદિ આચાર્ય મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ કચ્છમાં પધાર્યા હતા. સુખપુર, માનકુવા, ભારાસર આદિ ગામોમાં પધરામણી થતાં ભારાસરમાં આ શામજીભાઈને આચાર્ય મહારાજશ્રીની ખૂબ ભાવથી સેવા કરવાનો લાભ મળ્યો. અનુભવી ઝવેરી જેવા આચાર્ય મહારાજશ્રીએ શામજીભાઈ રૂપી હીરાનું મૂલ્ય પારખી લીધું. શામજીભાઈએ પણ આચાર્ય મહારાજશ્રીની સેવાનો અનેરો લાભ લીધો. પોતાની સત્તર વર્ષની ઉંમર હતી, સેવાની ઊંડી સમજ ને ધગશ હતી. જરૂરી ચીજવસ્તુઓ લાવીને હાજર કરે, હળવાશથી પગ દબાવે, ગરમીમાં ભીના કપડાંથી પવન નાખે વગેરે સેવાથી મહારાજશ્રી ખૂબ પ્રસન્ન થયા. લક્ષ્મણ ભગત નામના પોતાના પાર્ષદ પાસેથી લઈને આચાર્ય મહારાજશ્રીએ ૩૫ કોરી (તે સમયનું કચ્છી નાણું) આપી અમદાવાદ આવવા સૂચન કર્યું. મહારાજશ્રીએ શામજીભાઈમાં રહેલી જગત વ્યવહાર પ્રત્યેની અરુચિ અને ભીતરી સાધુતા જોઈ લીધી હતી. અનુભવીને ઈશારો પૂરતો થઇ પડે. ને શામજીભાઈએ ઘર છોડ્યું. ગુપચુપ ખારી રોલ થઈ વહાણમાં વવાણિયા બંદર ઉતરી પગે ચાલતા અમદાવાદ પહોંચી ગયા.

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સં. ૧૯૨૪માં ધામમાં પધાર્યા, ને શ્રી કેશવપ્રસાદજી મહારાજ ગાદી પર આવ્યા. પિતૃતુલ્ય આચાર્ય મહારાજશ્રીના વાત્સલ્યને સંભારતા શામજીભાઈ દિવ્ય સત્સંગનો લાભ વધારે કોની પાસે રહેવાથી મળશે તેનો નિષ્કામવૃત્તિથી અભ્યાસ કરવા લાગ્યા. કાર્યકુશળતા, સેવાનું અંગ ને હોશિયારી જોઈ આચાર્ય મહારાજશ્રીએ કોઠારી સ્વામીને વહીવટમાં મદદ થવા તેમને પ્રેર્યા. ધ્યાન, ભજન, કથાવાર્તા તથા ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવામાં ગૌણતા આવશે એમ જાણી એમની સાથે રહેવા તેઓએ અરુચિ બતાવી. એ રીતે ભંડારી અને ગવૈયા સંત પાસે રહેવા પણ અરુચિ બતાવી. અંતે, સેવાભાવી સંત સદ્‌ગુરુશ્રી માધવજીવનદાસજી સ્વામી પાસે રહેવાનું પસંદ કર્યું. સ્વામીશ્રીએ મંદિરના બાંધકામની સેવામાં મૂક્યા. મિસ્ત્રીઓ સાથે ખડે પગે ઊભા રહી સેવા બજાવે. આ રીતે થોડો સમય વીત્યા બાદ સ્વામીશ્રીએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કેશવપ્રસાદજી મહારાજ પાસે સાધુદીક્ષા અપાવી. સાધુજીવનની ભીતરમાં ઝળકતાં લક્ષણો મૂર્તિમાન દેખાવા લાગ્યાં. 'વૃંદાવનદાસ' નામ મળ્યું. નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ વર્તમાન ઉપરાંત, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યે સહિત ઉત્તમ પ્રેમલક્ષણા ભક્તિ દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામતી ગઈ. સંસ્કૃત શાસ્ત્રોનું જ્ઞાન જાણવા ઇચ્છા થઈ. ગુરુએ રાજીપો જણાવી ભણવા મૂક્યા. ધાર્યા કરતાં ઓછા સમયમાં પુરાણી–પદ પ્રાપ્ત કર્યું, ને કથાવાર્તા કરવાનું શરૂ કર્યું. કથાવાર્તાની શૈલીથી વિદ્વાન સંતો ને શ્રોતા-ગણ રાજી થતા.

એક વખત સદ્‌ગુરુશ્રી માધવજીવનદાસજી સ્વામીએ કહ્યું : સાધુરામ! જો સત્સંગમાં થોડાં વહેલાં આવ્યા હોત તો મોટા મોટા નંદ સંતોના દર્શન થાત ને તેમની કૃપાનો પણ લાભ

મળત. ત્યારે સ્વામી કહે : શ્રીજીમહારાજે કૃપા કરીને આપશ્રીને મારા માટે રાખ્યા છે તે મારાં મોટાં ભાગ્ય છે. આપની સેવા અને સમાગમથી સર્વે નંદસંતોના આશીર્વાદનો ભાગ્યશાળી જ થયો છું ને આપની કૃપાથી મારી ઈચ્છાઓ પરિપૂર્ણતા પામી છે, તો આપશ્રી મારા ઉપર ખૂબ રાજી થાઓ. ગદ્ગદિત ઉદ્ગારોથી ગુરુ ખૂબ પ્રસન્ન થયા ને ગુરુ–શિષ્યની એકતા પરમ કૃપાળુ પરમાત્માની એકતાના માર્ગે આગળ વધવા લાગી.

સદ્ગુરુશ્રી માધવજીવનદાસજી સ્વામીનું સત્સંગસેવાનું અંગ અને મમતા તેમને અમદાવાદ મંદિરના મહંત પદે ખેંચી ગઈ. ગુરુ સાથે શિષ્ય પણ તણાયા. અધિકારની અરુચિ છતાં વણઈચ્છ્યા પદને મહારાજની મરજી જાણી વધાવી લીધું. દેવ, આચાર્ય, સંતો, હરિભક્તોની સેવાની ખંત અને શુદ્ધ વહીવટથી આખાયે સત્સંગમાં સર્વે ખૂબ સંતોષ અનુભવતા. થોડો સમય જતાં, આચાર્ય મહારાજશ્રીએ વૃંદાવનદાસજી સ્વામીશ્રીની સેવા અને સત્સંગ પ્રત્યેની લાગણી જોઈ તેમની ધોળકા મંદિરના મહંત તરીકે નિમણૂક કરી. અધિકારમાં પોતાને જરાયે રુચિ નહીં, ખરેખર તો અણગમો, તે છતાં સત્સંગની સેવાનું અગત્યનું કાર્ય શુદ્ધ રીતે થાય તો સત્સંગ અને સત્સંગના ધણી રાજી થાય એવી ભાવના સહ મહંતાઈ સ્વીકારી ધોળકે આવ્યા.

અક્ષરધામતુલ્ય ધોળકામાં શ્રી મોરલીમનોહરજી મહારાજ સ્વરૂપે શ્રીહરિજીનું પ્રગટપણું ને સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી – અદ્ભુતાનંદ સ્વામી જેવા સંતોની વિચરણભૂમિરૂપ પ્રસાદી-સ્થાન. તેમાં નિષ્કામભાવે દેવ, સંતો ને હરિભક્તોની સેવા કરનાર, ધર્મભક્તિના પ્રેમભર્યા ને વૈરાગ્યવંત અંગે યુક્ત મહંતશ્રીની કાર્યકુશળતાભરી વહીવટી દષ્ટિથી વાતાવરણ વધુ

પવિત્ર અને અંતરને શાંતિ આપનાર બન્યું. શ્રી મોરલી-મનોહર દેવનાં દર્શન કરતાં સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામીની પદપંક્તિ

સૂનત બંસી મેરી શૂધ વીસરી,
કહા જાનું કહા કીન;
સૂને કોન અબ શીખ જક્તાકી,
હું ભઈ હરિમેં લીન.

—આવી એકતાનો ભાવ વૃદ્ધિ પામ્યા વિના રહે ખરો? મહંતશ્રીના મનમાં રહ્યા કરે છે કે જે કરવાનું છે તે રહી જાય છે, પણ એવી તક ક્યાં મળે? મહંતશ્રી પોતાના વર્તનથી મુમુક્ષુને શીખવતા હતા: પાત્રતા પૂરી હોય તો ભગવાનની કૃપા થતાં વાર કેટલી?

'શિક્ષાપત્રી'ના શ્લોક ૧૧૧માં શ્રીજીમહારાજે કહ્યું છે કે મુક્તો અતિ સ્નેહે કરીને મૂર્તિમાં લીન રહે છે, ત્યારે તો ભગવાન એકલા જ હોય એમ જાણવું. મુક્તોની મૂર્તિમાં રહેવારૂપ આ સ્થિતિને સ.ગુ.શ્રી બ્રહ્માનંદ સ્વામીએ વર્ણવી છે:

રસબસ હોઈ રહી રસિયા સંગ,
જ્યૂં મિસરી પયમાંહી ભળી.

તે જ સ્થિતિનું વર્ણન સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી, સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામી, સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામી. સ.ગુ.શ્રી ભૂમાનંદ સ્વામી, સ.ગુ.શ્રી અચિંત્યાનંદ વર્ણી વગેરે મુક્તોએ પણ કર્યું છે. શ્રીહરિજીની પરમ અદ્‌ભુત અનુપમેય મૂર્તિમાં સાકારપણે રોમેરોમ રસબસ રહી, સ્વામીસેવક ભાવે, સળંગ મૂર્તિના સુખને એકકાળાવિચ્છિન્નપણે અનુભવે છે એવા આ મુક્તોની અનાદિ મુક્ત એવી સંજ્ઞા છે. શ્રીજીમહારાજની મૂર્તિનું સર્વોત્કૃષ્ટ સુખ માણવાની સ્થિતિ તે આ અનાદિ મુક્તની સ્થિતિ છે. શ્રીહરિજીના આ ગૂઢ રહસ્યને સમજાવીને એ સ્થિતિનો જીવને છતે દેહે

સાક્ષાત્કાર કરાવનાર એવા અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા કચ્છમાં વૃષપુર (બળદિયા) ગામે સં. ૧૯૦૧ માં પ્રગટ થયા હતા. અનંત જીવોને શ્રીહરિજીના સુખમાં અનાદિ મુક્તની સ્થિતિ કરાવતા થકા, અ.મુ. અબજીબાપાશ્રી, સં. ૧૯૫૧ માં ધોળકા પાસેના ઉપરદળ ગામે ત્યાંના સ્નેહી હરિભક્ત રામજી-ભાઈને ત્યાં સંઘે સહિત પધાર્યા હતા. ત્યાંથી સંઘ ધોળકા દર્શન માટે આવ્યો. કચ્છી હરિભક્તોનો દેખાવ જ એવો કે જાણે મૂર્તિમાન સત્સંગ. અંતરમાં ભગવાન સિવાય કોઈ સંકલ્પ જ નહિ. અંતર્વૃત્તિવાળા જ સૌ દીસે. આવા ભગવદ્ ભક્તોની સરભરામાં મહંતશ્રીએ જરા ય ખામી ન રાખી. નહાવા–ધોવાની સગવડ, યોગ્ય ઉતારા–આસન, ઠાકોરજીના થાળ, કથાવાર્તા, ટાણે ટાણે જળપાન વગેરે સેવાથી સંઘને ખૂબ રાજી કર્યો. અમદાવાદ મંદિરના સુપ્રસિદ્ધ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીશ્રીના શિષ્ય સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી પણ તે વખતે સંઘની સાથે હતા. સંતહરિભક્તોની સભા થઈ તેમાં મોખરે આસન અબજીબાપાશ્રીનું, સૌને બાપાશ્રીની વાતો સાંભળવાની તાણ, સર્વ સભાજનોની નજર બાપાશ્રી સામે મંડાયેલી હતી. આ બધું જોઈને ધોળકાના મહંત સ્વામીશ્રી વૃંદાવનદાસજી વિચારે કે હરિભક્તો તો ઠીક પણ આ સદ્‌ગુરુ જેવા સંતો અબજીબાપા પાસે શું કામ બેસી રહેતા હશે? શાસ્ત્રોના અભ્યાસીને એમની પાસેથી શું નવું સાંભળવાનું હશે? આવું વિચારતા એ પણ સભામાં બેઠા. બાપાશ્રીએ પૂછયું : "સ્વામી! શું કરવા આવ્યા છો ને શું કરો છો?" સ્વામીના અંતરના સૂરને વેગ મળ્યો અને બોલ્યા : "કરવાનું છે તે આ જન્મે તો થાય તેમ લાગતું નથી." બાપાશ્રી કહે : "તો બીજો જન્મ ધરો ને!" સ્વામી કહે : "એમ શી રીતે થાય?" બાપાશ્રી કહે : "કરો સંકલ્પ કે હવેથી બીજો જન્મ!" સ્વામી કહે : "આમ બોલે કાંઈ બીજો

જન્મ થઈ જતો હશે?" બાપાશ્રી કહે : "હા! હા! શું કામ ન થાય, કરો સંકલ્પ!" સ્વામી કહે : "લ્યો, ત્યારે! હવેથી બીજો જન્મ!" ત્યાં જ વૃત્તિઓ બદલાવા લાગી, અંતરમાં અનેરી શાંતિનો સંચાર થવા લાગ્યો. બાપાશ્રી કહે : "ધ્યાન કરો, ઊંડા ઊતરો, ત્યાં તો સ્વામીની વૃત્તિ એક તાર મૂર્તિમાં જોડાઈ ગઈ ને દિવ્ય તેજના અંબારમાં શ્રીજીમહારાજના દર્શન થયા. આનંદની સીમા ન રહી. બાપાશ્રી પાસે શું છે જેથી મુમુક્ષુઓ વીંટાયેલા રહે છે તે પ્રત્યક્ષ પ્રમાણ અનુભવ્યું, કોઈને ય પૂછવાની જરૂર ન રહી.

આ રીતે, શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીના પરમ કૃપાના અંગભૂત, અનંત જીવોના આત્યંતિક કલ્યાણના મહદ્ પરોપકારી કાર્યમાં મહંત સદ્ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી પણ જોડાઈ ગયા. મુમુક્ષુઓએ કેવી રીતે ઉત્તમ પાત્રતા સિદ્ધ કરવી તે પોતાના જીવનમાં દેખાડ્યું. હવે પાઠ ભજવવાનો હતો — મુમુક્ષુએ એ સુખમાં કેવી રીતે થીજી જવું તે બતાવવાનો. મનોમન નિર્ણય કરી લીધો કે હવે તો અબજીબાપાશ્રી ભેળા જેટલું રહેવાય તેટલું રહીને આ સુખનો જ અનુભવ કર્યા કરવો. આ સિવાય બીજું બધું ખોટી થવા જેવું છે. આવું વિચારી મહંતાઈ મૂકી દીધી. સ.ગુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી સાથે હેત થતાં તેમની જોડ બની ગયા. કચ્છમાં બાપાશ્રીના દર્શન-સમાગમે જાય ત્યારે બંને સદ્ગુરુઓ મંડળે સહિત સાથે જ જાય. સત્સંગમાં હરિભક્તો તેડાવે ત્યાં પણ બંને સાથે જ હોય. સત્સંગનું કોઈ કાર્ય કરવું હોય ત્યારે પણ સાથે જ! સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી એમ કહેતા કે આ સ્વામી ઈશ્વરચરણદાસજી જે કરે તેથી હું ક્યારેય નોખો નથી; એ એન્જિન છે ને અમે ડબ્બા છીએ! આવો એકાત્મભાવ કેળવી સત્સંગમાં શ્રીહરિરસની દિવ્ય લહાણી પીરસવા લાગ્યા.

## २. साध्नोति इति साधुः

ટાણું થાય ને બાળકને માતા સાંભરે, તેમ સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામીને નિત્ય અ.મુ. અબજીબાપાશ્રીના સમાગમની ઉત્કંઠા જાગે. એક વખત વૃષપુરમાં લખાઈ વાડીમાં બાપાશ્રીની વાતો સાંભળી શ્રીહરિજીના સુખમાં ઊંડા ઊતરી ગયા. તે જ રીતે, જન્માષ્ટમીના સમૈયા ઉપર બાપાશ્રી મૂળી પધાર્યા હતા ત્યારે સ્વામીશ્રીએ તેમની પાસે પ્રસાદની માગણી કરી. બાપાશ્રી કહે: ધ્યાન કરો, પ્રસાદ મળશે! ને આસને જઈ ધ્યાન કરતાં સ્વામીશ્રી મૂર્તિના સુખમાં ઊંડા ઊતરી ગયા ને અતિ સુખનો અનુભવ થયો. આમ વારંવાર બાપાશ્રીની કૃપાથી શ્રીજીમહારાજના નવીન ને નવીન સુખના અનુભવો થતા ગયા; જ્યારે ને ત્યારે નવાં નવાં સુખની ખુશબોમાં ખેંચાઈ જતા. આમ બાપાશ્રીના સાંનિધ્ય–સમાગમથી નિત્ય નવીનતા અનુભવતા રહ્યા! સ્વામીશ્રી કહેતા કે શ્રીહરિજીની મૂર્તિના દિવ્ય સુખની નવીનતા અનંત કાળ સુધી ચાલ્યા જ કરશે એવું અનુભવાય છે. એ નવીનતાના આનંદની લહાણ સત્સંગમાં ખપવાળા મુમુક્ષુને પીરસતા જ રહ્યા.

એક વખત ચાવડા હીરજીભાઈ ભીમજીભાઈ સ્વામીશ્રીના દર્શને આવ્યા. તેમને તેમની વિલાયતની પેઢીના ભાગીદાર સાહેબે કહેલું કે તમે તમારા ગુરુના દર્શને જાઓ ત્યારે મારા નમસ્કાર કહેજો ને 'સાધુ' શબ્દનો ભાવાર્થ શું છે તે પૂછી જોજો. આ વાત તેમણે સ્વામીશ્રીને કરી ત્યારે સ્વામીશ્રી ખૂબ રાજી થયા ને કહ્યું કે:—

साध्नोति इति साधुः

"જે પોતાનો તથા બીજાનો મોક્ષ સાધે તે સાધુ." ટૂંકો છતાં સંપૂર્ણ જવાબ જ્યારે હીરજીભાઈએ એમના મિત્રને જણાવ્યો ત્યારે તેમને સદ્‌ગુરુશ્રી પ્રત્યે ખૂબ આદર થયો. એ જ પ્રમાણે બીજા ભાગીદારને આ સ્વામીશ્રીની વાત કરી ત્યારે તેઓ રૂબરૂ દર્શન કરવા આવ્યા. દર્શન થતાં ભાવવિભોર થઈ ગયા ને સ્વામીશ્રીના હાથે વર્તમાન ધરાવ્યા. આવો દિવ્ય પ્રભાવ તેમની વાણી અને દર્શનમાં અનુભવવા મળતો. જિજ્ઞાસુ વ્યક્તિઓના પ્રશ્નો/શંકાઓનું સમાધાન સ્વામીશ્રી પોતાની અનુભવ વાણી દ્વારા સરળ શબ્દોમાં કરી દેતા. તેમની વાદ–વિવાદથી પર, શાંત–ગંભીર ને જ્ઞાનસભર અમૃતવાણી ને અંતર્વૃત્તિએ યુક્ત મુખાકૃતિથી સૌના અંતર શાંત થઈ જતાં. આથી મોટા મોટા સંત–હરિભક્તો પણ તેમને 'જ્ઞાનવેત્તા', 'જ્ઞાનાચાર્ય', 'આદર્શ સંત' તથા 'સહિષ્ણુતાની મૂર્તિ સમા સંત' તરીકે બિરદાવતા.

સ.ગુ. વૃંદાવનદાસજી સ્વામીશ્રી ભાવથી સેવા કરનાર હરિભક્તોને ઝીણવટથી સમજાવતા કે સેવાભાવ સાથે જ્ઞાનની ખાસ જરૂર છે. કેવળ સેવાથી બીજબળ થાય પણ મોક્ષ જે ભગવાનની મૂર્તિની પ્રાપ્તિ તે ન થાય. ભગવાનના સ્વરૂપને સંપૂર્ણ રીતે જાણવું તે જ્ઞાન. આવા જ્ઞાને સહિત, મૂર્તિસ્વરૂપ મુક્તપુરુષને ઓળખી તેમની સેવા કરે તે છતે દેહે જ ન્યાલ થઈ જાય છે. સૌ મુમુક્ષુઓને છેલ્લો જન્મ કરાવી છેલ્લી ઉત્તમ પ્રાપ્તિ કરાવવાની જ જેમને ખંત છે એવા સદ્‌ગુરુશ્રીની પ્રાપ્તિ થવી એ શ્રીહરિજીની પરમ કૃપાનો જ ભાગ છે. અનંત જન્મનાં સુકૃત ઉદય થયા હોય તેવા મુમુક્ષુને જ આવા સંતોનો ભેટો થાય છે. એવા યુગપુરુષ સંતનું પ્રગટપણું જ ભગવાનની ખરેખરી કૃપા છે.

શ્રીજીમહારાજે કહ્યું છે કે સંતોએ સ.ગુ. ગોપાળાનંદ સ્વામી – મુક્તાનંદ સ્વામી જેવા થવું ને હરિભક્તોએ અ.મુ. પર્વતભાઈ – દાદાખાચર જેવા થવું. ધામમાંથી શ્રીહરિજીના સંકલ્પથી જીવોના કલ્યાણ કરવા પ્રગટ થયા હોય એવા સંત–મુક્તોના યોગથી મુમુક્ષુઓ ઉત્તમ સ્થિતિવાળા બને છે. એવા સંત–મુક્તો ક્યારેય એ કામમાંથી નિવૃત્તિ પામતા નથી. એવા મુક્તો અનેક જીવોને જોગ–સમાગમ, સેવા કે કેવળ દૃષ્ટિમાત્રથી કૃપા કરીને ધામમાં મૂકી દેતા હોય છે. પોતાને સર્વ સિદ્ધિઓ વશ વર્તતી હોય છે પણ તેનો ઉપયોગ પોતે ધારણ કરેલા દેહને માટે કરતા નથી, પણ તેનો ઉપયોગ કેવળ મુમુક્ષુ જીવના કલ્યાણને અર્થે જ કરે છે. આવા પરોપકારી સંતથી ભગવાન જરીય દૂર નથી, અખંડ ભેળા રહે છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ છે કે અનંત મનવારો ભરીને જીવોને ધામમાં લઈ જવા છે, તે સંકલ્પ આવા મુક્તો દ્વારા મૂર્તરૂપ પામતો જાય છે. સ.ગુ. વૃંદાવનદાસજી સ્વામી એવા જ એક સંત હતા.

## ૩. સંત સામર્થ્ય

અ.મુ. સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામીના એવા ઘણાય પ્રસંગો છે, જેને આપણે ચમત્કારમાં ગણાવી શકીએ. પણ એમાં ચમત્કાર જેવું કાંઈ નથી, એ તો એમના સાહજિક દિવ્ય પ્રભાવનો જ એક ભાગ છે. શ્રીજીમહારાજની મૂર્તિમાંથી દિવ્ય સુખના ધોધમાં નિત નવીન આશ્ચર્યો પ્રગટ થતાં હોય છે; એમાં અખંડ મશગૂલ એવા મુક્તોને આ લૌકિક ભાવમાં જણાતા ચમત્કારો નજરમાં જ આવતા નથી. મોટા મુક્તો મુમુક્ષુઓને આ લોકના ભૌતિક ચમત્કારોનું ક્ષુલ્લકપણું સમજાવી, શ્રીહરિની મૂર્તિના દિવ્ય સુખમાં જોડી દે છે—એ જ એમનો મોટો ચમત્કાર...

એક વાર મૂળીમાં સદ્ગુરુશ્રી પધાર્યા હતા. બળોલના હરિભાઈ ને શેદલાના કાનજીભાઇ તેમની પાસે બેઠા હતા. તેમણે પૂછ્યું : પરોક્ષમાં શુકજી આદિક સિદ્ધદશાવાળા જેવા સર્વત્ર વ્યાપક ને જ્યાં દેખાવું હોય ત્યાં સંકલ્પથી દેખાય એવા આપણા સત્સંગમાં હશે? ત્યારે સદ્ગુરુશ્રી કહે : આ સત્સંગમાં ધન, સ્ત્રીના ત્યાગી બાળપણથી બ્રહ્મચર્યાદિક નિયમે યુક્ત ભગવાનને ભજનારા છે, તેથી તેવા હોય જ! એમ કહી પોતાના જેવું જ નાના પરમહંસનું સ્વરૂપ સંકલ્પથી પ્રગટ કર્યું ને સ.ગુ.શ્રી બાળકૃષ્ણદાસજી સ્વામીને બોલાવવા મોકલ્યું. સદ્ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીના સંકલ્પનો સંદેશો સાંભળી તેમને જવાબ દેવા સ.ગુ.શ્રી બાળકૃષ્ણદાસજી સ્વામીએ પણ પોતાનો સંકલ્પ નાના પરમહંસરૂપે પ્રગટ કરી સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી પાસે મોકલ્યો ને કહ્યું કે સ્વામી હમણાં આવે છે, પછી સ.ગુ.શ્રી બાળકૃષ્ણદાસજી સ્વામી આવ્યા,

ત્યારે બંને સદ્‌ગુરુઓ મર્મમાં હસ્યા. બંને હરિભક્તોએ જાણ્યું કે આવા સિદ્ધદશાવાળા સંતો સત્સંગમાં વિચરે છે ખરા.

રેથળ ગામના મંદિરમાં કૂવો ખોદ્યો, પણ પાણી નીકળ્યું નહીં. સદ્‌ગુરુશ્રી ત્યાં પધાર્યા ને શિષ્યને કહ્યું : કૂવામાંથી તુંબડે કરી પાણી કાઢો, પગ ધોઈએ. શિષ્ય કહે : કૂવામાં પાણી નથી. સદ્‌ગુરુશ્રી કહે : કૂવો કાંઇ ખાલી ન હોય, જાવ તો ખરા. ત્યારે સ્વામી અક્ષરપ્રિયદાસજી તથા સ્વામી બાળકૃષ્ણદાસજી કૂવે ગયા ને તુંબડાથી પાણી સિંચી લાવ્યા. એમ સંકલ્પે કરી કૂવામાં પાણી કર્યું.

ગામ ભદ્રેસીના મોહનલાલ વણિક મૂળીમાં સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામી પાસે આફ્રિકા કમાવા જવા માટે રજા લેવા ગયા. સદ્‌ગુરુશ્રીએ ના પાડી ને કહ્યું : મહારાજ અહીં અનાજ આપશે, કાંઈ જવું નથી. બીજે દિવસે મોહનભાઈ કાંઈક કામે અમદાવાદ આવ્યા ને સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીને આફ્રિકા જવા માટે પૂછ્યું. સદ્‌ગુરુશ્રી કહે : તમને ગઈ કાલે મૂળીમાં હરિનારાયણદાસજી સ્વામીએ ના પાડી ને આજે હું શી રીતે હા પાડું? આવી રીતે સાક્ષાત્કાર સ્થિતિવાળા સંતો બધું જાણતા હોય પણ સામર્થ્ય ઢાંકીને વર્તતા હોય.

માલણિયાદના ગાંધી મોતીભાઈ, અમીચંદભાઈ, ચતુરભાઈ આદિ હરિભક્તોએ તેમના ગામના દલવાડી નથુભાઈને વિનંતીપત્ર લખી આપી ગાડું લઈને ધ્રાંગધ્રા મોકલ્યા. ત્યાં પધારેલા સંતોના મંડળને માલણિયાદ પધારવા આગ્રહભરી વિનંતિ કરી. તે ગાડામાં સ્વામીશ્રી શ્વેતવૈકુંઠદાસજી, સ્વામીશ્રી સંતદાસજી, સ્વામીશ્રી હરિચરણદાસજી તથા સ્વામીશ્રી (નાના) સનાતનદાસજી વગેરે સંતો માલણિયાદ આવ્યા. તે રાત્રે સંતોને મૂર્તિમાન ગંગાજીએ દર્શન દઈ કહ્યું કે મને મૂળીમાં

બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ તથા સદ્‌ગુરુશ્રી વૃંદાવન-દાસજી સ્વામીએ માલણિયાદની નદીમાં જવાની આજ્ઞા કરી છે કે જેથી સંતોને પાણી વિના તકલીફ ન પડે. તે જ રાત્રે રણમલપુરમાં માસ્તર નરભેરામભાઈને પણ ગંગાજીએ દર્શન દઈ ઉપર પ્રમાણે જ કહ્યું હતું. નદીમાં બિલકુલ પાણી ન હતું, વરસાદ પણ થયો ન હતો, તે છતાં તે જ રાતથી નદીમાં પાણીનો પ્રવાહ ચાલુ થયો. જેટલા દિવસ સંતો માલણિયાદ રહ્યા તેટલો વખત નદીમાં પાણી રહ્યું. સંતો ત્યાંથી મૂળી પધાર્યા, ત્યારે ત્યાં બિરાજતા સદ્‌ગુરુ શ્રી વૃંદાવન-દાસજી સ્વામીને સંતોએ વાત કરી : "માલણિયાદની નદીમાં ગંગાજી આવ્યા છે." ત્યારે સદ્‌ગુરુશ્રી કહે : "આવ્યા છે કે આવ્યા હતા !" બીજે દિવસે માલણિયાદથી મૂળી આવેલા ભાઈએ સમાચાર આપ્યા કે સંતો માલણિયાદથી નીકળ્યા તે જ રાત્રે નદીમાંથી પાણીનો પ્રવાહ લુપ્ત થઈ ગયો હતો ! ત્યારે સૌને ખાતરી થઈ કે સંતોને પાણી વગર તકલીફ ન પડે તે માટે ગંગાજીને મોકલનાર તો સદ્‌ગુરુશ્રી જ હતા.

## ૪. પરમ સુખ તરફ મુમુક્ષુઓ

મોટામાં મોટો ચમત્કાર કયો? મુમુક્ષુને મુક્તોની કૃપાથી પોતાના આત્મામાં શ્રીહરિજીની દિવ્ય મૂર્તિના તેજોમય દર્શન થાય તે. એ સિવાયના બીજા ચમત્કારો ક્ષુલ્લક છે.

સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી એક વખત ગામ કારિયાણા પધાર્યા હતા. ત્યારે બજાણાના કારભારી ઠક્કર ખુશાલભાઈ તે ગામમાં નવું મંદિર થયું હતું, તેમાં સિંહાસન માટે વાત કરવાની ઈચ્છાથી કારિયાણે સદ્‌ગુરુશ્રીની પાસે આવ્યા. ત્યારે સદ્‌ગુરુશ્રીએ એમની મંદિર કરવાની સેવાથી પ્રસન્નતા બતાવી અને પૂછ્યું: "ગામનું મંદિર તો થયું પણ તમારું મંદિર કર્યું છે?" ત્યારે ખુશાલભાઈ કહે: "બાપજી! એ કાંઈ સમજાયું નહીં." સદ્‌ગુરુશ્રી કહે: "પોતાના આત્મામાં શ્રીજીમહારાજની મૂર્તિ દેખાય ત્યારે મંદિર પૂરું થયું કહેવાય." ખુશાલભાઈ કહે: "એ તો આપ કૃપા કરો તો થાય." ત્યારે સદ્‌ગુરુશ્રી અતિ પ્રસન્ન થઈ કહે: "મૂળી મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજ બિરાજે છે તે મૂર્તિને અંતરમાં ધારો." ખુશાલભાઈએ ધ્યાનમાં બેસી એ મૂર્તિ ધારી કે તરત જ તેમના આત્મામાં દિવ્ય મૂર્તિના ઝળહળાટ દર્શન થયા. તે સમયથી ખુશાલભાઈને જીવનપર્યંત તે મૂર્તિના એવા દર્શન થતા રહ્યા.

એક વખત સદ્‌ગુરુશ્રી પાટડી પધાર્યા હતા. ગોરૈયા ગામના લવજીભાઈ દર્શને આવ્યા. તેમણે સદ્‌ગુરુશ્રીને કહ્યું: "મને વર્તમાન ધરાવો." સદ્‌ગુરુશ્રીએ તેમને પૂછ્યું: "વર્તમાન ધરાવીને શું કરશો?" લવજીભાઈ કહે: "જીવનું કલ્યાણ કરશું." ત્યારે સદ્‌ગુરુશ્રી તેમના ઉપર પ્રસન્ન થયા ને કહ્યું: "અમદાવાદ મંદિરના રંગમહોલમાં શ્રી ઘનશ્યામ મહારાજની

મૂર્તિના દર્શન કર્યા છે?" તો કહે: "હા." "એ મૂર્તિને અંતરમાં ધારો." લવજીભાઈ ધ્યાન કરીને કહે: "બાપજી! એ મૂર્તિ ધારી." પછી સદ્‌ગુરુશ્રી કહે: "એમ ધારો કે એ મૂર્તિ અમદાવાદથી ચાલીને ગાડીમાં બેસી વીરમગામ થઈને અહીં આવી, પછી મંદિરમાં આવી. હવે તમારા હૃદયમાં જુઓ." લવજીભાઈ થોડી વાર ધ્યાનમાં બેસી રહ્યા, પછી કહે: "હા! હવે બરાબર દેખાય છે, ને બીજે રૂપે મહારાજ ત્યાં પણ રહ્યા છે." સદ્‌ગુરુશ્રીએ પૂછ્યું: "આંખે દેખો છો?" તો કહે: "હા." સદ્‌ગુરુશ્રી લવજીભાઈની છાતીએ હાથ અડાડી કહે: "આત્મામાંહી જુઓ." ત્યારે થોડી વાર ધ્યાનમાં બેસી રહી લવજીભાઈ બોલ્યા: "માંહી પણ દેખાય છે ને દેહ તો મંદિર જેવડો થઈ ગયો અને હું હવે મહારાજની સમીપે જ છું." એ રીતે તેઓને શ્રીહરિજીના પરમ દિવ્ય દર્શન થઈ ગયા જે એમને મહાપથારી પર્યંત અખંડ રહ્યા. પાત્ર મુમુક્ષુને સદ્‌ગુરુશ્રી આવા વર્તમાન ધરાવતા!

ઢુવાના દરબાર રવાજીભાઈ બહુ મોટા હરિભક્ત હતા. તેમના આગ્રહને વશ થઈ, એક વાર સદ્‌ગુરુશ્રી કચ્છમાંથી પાછા વળતાં મોરબીથી ઢુવા પધાર્યા. ત્યાં સદ્‌ગુરુશ્રી શ્રીજી-મહારાજની મૂર્તિના સુખની વાતો દરબારશ્રી આગળ કરતા હતા, ત્યારે તેઓને એવા અલૌકિક દર્શન થતાં કે સદ્‌ગુરુશ્રી જે સુખની વાતો કરે છે તે સુખને સદ્‌ગુરુશ્રી શ્રીહરિજીની દિવ્ય તેજોમય મૂર્તિમાં રસબસપણે રહીને અખંડ ભોગવી રહ્યા છે. દરબારશ્રીને તેથી સદ્‌ગુરુશ્રીનું અતિ અલૌકિકપણું અનુભવ-વામાં આવ્યું.

મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના સં. ૧૯૭૯ના શતવાર્ષિક પાટોત્સવ નિમિત્તે ખરડો કરવા સદ્‌ગુરુશ્રી ઝરિયા જતા હતા. ટુંડલાથી ગાડી બદલવાની હતી ત્યાં ગાડીમાં જગ્યા રોકવા માટે સંતો આગળ ગયા ને ગાડીના એન્જિન તરફના ડબ્બામાં જગ્યા રોકી. સદ્‌ગુરુશ્રી

ગાડીમાં બેસવા આવ્યા ત્યારે તેઓશ્રી તેમની સાથેના પુરાણી સ્વામીશ્રી ધર્મકિશોરદાસજીને કહે : સંતોએ રોકેલી જગ્યાવાળા ડબ્બામાં આપણે નથી બેસવું, બીજે ચાલો. તે જગ્યા શોધતાં શોધતાં ગાડીના પાછળના ભાગના ડબ્બામાં જઈ બેઠા. હવે સંતોએ આગળના ડબ્બામાં જે જગ્યા રોકેલી તે ડબ્બામાં અલીગઢના વકીલ પ્યારેલાલજી સહકુટુંબ બેઠા હતા. થોડી વારે તે ડબ્બામાં કોઈ અધિકારી સાહેબ બેસવા આવ્યા અને અગાઉથી ડબ્બામાં બેઠેલા હતા તે સૌને બીજે જગ્યા શોધવી પડી. તેથી સંતો અને પેલા વકીલ જગ્યા શોધતાં શોધતાં સદ્‌ગુરુશ્રી જે ડબ્બામાં બેઠેલા ત્યાં આવીને બેઠા. ગાડી ઊપડી ને સદ્‌ગુરુશ્રીએ તો શ્રીજીમહારાજના મહિમાની વાતો કરવા માંડી તેથી વકીલ અને તેમના પુત્રો ખૂબ શાંતિ પામ્યા ને રાજી થયા, તેઓએ સદ્‌ગુરુશ્રી પાસે વર્તમાન ધરાવ્યા ને બોલ્યા : ખૂબ લાભ મળ્યો! રસુલાબાદ સ્ટેશન નજીક તે ગાડીને અકસ્માત નડ્યો અને જે ડબ્બામાં સંતોએ જગ્યા રોકી હતી તે જ ડબ્બાને નુકસાન થયું ને ત્યાં બેઠેલા અધિકારીનાં મેડમનો દેહ પડી ગયો. આમ, મોટા પુરુષની ક્રિયામાં સામાન્ય જનને ખબર ન પડે, ને સામાન્ય જન પોતાની મેળે આમ–તેમ કર્યા કરે તેમાં કાંઈ સુખ ન આવે. એ તો સર્વ ઘાટ–સંકલ્પનો ત્યાગ કરી મોટા પુરુષની અનુવૃત્તિમાં રહીએ તો જ આ લોક ને પરલોક બેય સુધરે.

ત્યાગ અને વૈરાગ્યની મૂર્તિ સમા સદ્‌ગુરુશ્રી તપ, બ્રહ્મચર્ય, ધૈર્ય, ક્ષમા વગેરે સાધુતાની ગુણસંપત્તિના ભંડારથી ભરપૂર એવા સંત હતા. મહારાજ અને મુક્ત – એ સિવાયની બીજી વાતો કરતા નહિ. તેમનો દિવ્ય પ્રભાવ જ એવો હતો કે કોઈ હરિભક્ત તેમની પાસે સકામભાવથી કોઈ માયિક સુખની માગણી કરી શકે નહિ, પરંતુ જોગ કરનાર હરિભક્ત વ્યાવહારિક મુશ્કેલીઓમાંથી સરળ રીતે પાર ઉતરી જતા ને

સફળતા મેળવી આ લોક ને પરલોકનો આનંદ સર્વ ક્ષણે માણી રહેતા. પાત્ર મુમુક્ષુ હરિભક્ત વર્તમાન ધરાવવા આવે ત્યારે તેનો હાથ પકડી સદ્‌ગુરુશ્રી તેના જીવાત્માને મૂર્તિના સુખમાં મૂકી દેતા અને તે હરિભક્તને દૃઢ પ્રતીતિ થઈ જતી કે તેના અનેક જન્મના કર્મ શ્રી સ્વામિનારાયણ ભગવાને કૃપા કરીને બાળી દીધાં છે, તેના ચૈતન્યને ચોખ્ખો કરી દીધો છે ને પોતે એ દિવ્ય સ્વરૂપનું સુખ ભોગવી શકે તે માટે એને ભાગવતીતનુ એટલે શ્રીહરિજીનું સાધર્મ્યપણું આપી દીધું છે, ને એ દિવ્ય મૂર્તિમાં રોમેરોમ રસબસ કરી દીધો છે. સદ્‌ગુરુશ્રી સમજાવતા: "આ રીતે રસબસપણે ચૈતન્ય શ્રીહરિજીમાં લીન થઈ રોમેરોમ સુખ લેવા માંડે ત્યારે દેખાય કોણ? મહારાજ જ! તો પછી વર્તમાન ધરાવનાર કોણ? મહારાજ! વર્તમાન ધારનાર ક્યાં? મૂર્તિમાં લીન રસબસ! પછી કોણ દેખાય? એક મહારાજ જ! આ રીતે વર્તમાન ધાર્યાનું સુખ હવે ભોગવવું. જ્યાં સુધી અવરભાવ સાંભરે છે ત્યાં સુધી આ વર્તમાનરૂપ જાણપણાના દરવાજે ઊભા રહેવું કે 'શ્રીજીમહારાજે મારા ચૈતન્યને મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, શ્રીજીમહારાજ છે.' હાથેવાળો થયા પછી ક્યારેય સંકલ્પ થાય છે કે આ મારો પતિ હશે કે કેમ? મને ઘરમાં રાખશે કે કેમ? આ તો અક્ષરધામના પતિ પૂર્ણ પુરુષોત્તમ વર મળ્યા, હાથેવાળો કરી પોતાની મૂર્તિમાં ચૈતન્યને અખંડ રસબસ ભાવે લીન કરી દીધો, પછી સંકલ્પ કરવાની જગ્યા રહી? મહારાજ ને મુક્ત–સદાય ભેળા. દેખાય કોણ? મહારાજ જ! વર્તમાન ધરાવ્યા, તેનો આવો કેફ રાખવો." આમ, સદ્‌ગુરુશ્રી સહજમાં મુમુક્ષુને દિવ્ય મૂર્તિની દૃઢતા કરાવી દેતા. શાસ્ત્રો વાંચીને, કંઠસ્થ કરીને, તપની સિદ્ધિ પાછળ ભમીને, તીર્થોમાં આથડીને કે વ્રતદાનમાં હજારો રૂપિયા ખર્ચીને મુમુક્ષુ સત્સંગની સાચી દિશાનો

રંચ ન પામે, પણ આવા સંતની કૃપા થતાં ભગવાન સિવાય બીજું બધું ગૌણ થઈ જાય તેવા 'કારણ સત્સંગ'ની તેને પ્રાપ્તિ થઈ જાય છે.

એક વાર એક હેડમાસ્તર સદ્‌ગુરુશ્રી પાસે આવ્યા. સદ્‌ગુરુશ્રી તો એકધારી મૂર્તિની જ વાતો કર્યે જતા હતા, તે સાંભળી તેઓ બોલ્યા કે સ્વામી! તમે એકલી મૂર્તિની જ વાતો કર્યા કરો છો. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા, શ્રીજીમહારાજના પરચા–ચમત્કાર, લીલા કે અન્ય પ્રસંગો વગેરેની વાતો કરતા જ નથી! ત્યારે સદ્‌ગુરુશ્રી કહે: તમે નિશાળમાં કઈ ચોપડી ભણાવો છો? હેડમાસ્તર કહે: સાતમી. સદ્‌ગુરુશ્રી કહે: કેમ પહેલી–બીજી ચોપડીવાળાને નથી ભણાવતા? તો તે કહે: પહેલી–બીજીવાળાને અમારા એસિસ્ટંટો (નીચેવાળા સાહેબો) છે તે ભણાવે છે. ત્યારે સદ્‌ગુરુશ્રી હાસ્યયુક્ત મીઠાશથી બોલ્યા: તમે કહ્યું એવી વાતો કરનારા અમારે પણ એસિસ્ટંટો છે! કેવો ટૂંકો ને સંપૂર્ણ સત્ય સમજાવતો સચોટ જવાબ!

કણભાવાળા ભલાભાઈના ભાણેજ ચતુરભાઈએ બારેજામાં નવા મકાન કરાવ્યા હતા. ત્યાં પધરામણી નિમિત્તે સદ્‌ગુરુશ્રી મંડળે સહિત પધાર્યા હતા. સંતો આવ્યા જાણી હરિભક્તો દર્શને આવ્યા. તેમાં ઘણાને ગુરુરૂપ હરિ–પોતાના ગુરુને પ્રત્યક્ષ ભગવાન માનવાની–દૃઢતા હતી. તે બધાંને 'પ્રત્યક્ષ ભગવાન' શબ્દથી શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપને વર્ણવ્યું છે તે વચનામૃતોનો અભ્યાસ વધારે હતો તેથી તે સંબંધી પ્રશ્નોની ચર્ચા ચાલી. સદ્‌ગુરુશ્રી વાત કરે તેમાં તેઓશ્રીના વેણ ઉપર વેણ લાવી તે બધાં ચર્ચા કરવા લાગ્યા. તે છતાં સદ્‌ગુરુશ્રીએ તો ધીરજ ભરી મૃદુ અમૃતવાણીથી, વચનામૃતોની જ સાખે શ્રીજીમહારાજનો પ્રત્યક્ષભાવ એવો સુંદર રીતે સમજાવ્યો કે તે સર્વે શાંત થઈ ગયા ને તેમણે જાણ્યું કે આ ખરેખર

મોટા પુરુષ છે. સદ્‌ગુરુશ્રી પાસે દીનતા કરી વર્તમાન ધરાવ્યા ને કંઠી બંધાવી, ઉપદેશ ગ્રહણ કરી ધન્ય થયા.

દેશ-પરદેશથી સત્સંગી હરિભક્તો સદ્‌ગુરુશ્રીના દર્શને આવે. ક્યારેક સાથે અપરિચિત મુમુક્ષુઓ પણ આવે. ગહન વિષયના પ્રશ્નો પૂછાય. સદ્‌ગુરુશ્રીની સમજાવટની શૈલી તદ્દન સરળ. વિદ્વાનોને પણ મૂંઝવે તેવા ગહન વિષયોનું વિવેચન સદ્‌ગુરુશ્રી તદ્દન અભણને પણ જીવમાં ઉતરી જાય તેવી સરળ રીતે કરે, તે સાંભળી સૌ કોઈને અહોભાવ થઈ આવે. સૌને થાય કે સદ્‌ગુરુશ્રી દરેક વાત પોતાના પ્રત્યક્ષ અનુભવથી કહે છે. તેવી સભામાં વાત નીકળે : 'શિક્ષાપત્રી'માં શ્રીજી-મહારાજે કહ્યું છે, કે અમારો મત વિશિષ્ટાદ્વૈત છે, તે 'વિશિષ્ટાદ્વૈત મત' એટલે શું? ત્યારે સદ્‌ગુરુશ્રી વાત કરે : દ્વૈત એટલે બે. અદ્વૈત એટલે એક (એક એટલે બીજો અભેદપણે મટી જાય તે રીતે એક) અને વિશિષ્ટ અદ્વૈત એટલે બે છતાં એક : મહારાજ ને મુક્ત—બે. મુક્ત મૂર્તિમાં રોમેરોમ રસબસ, પયસાકરવત્ લીન, એટલે દેખાય કેવળ મહારાજ. મહારાજ સદા સાકાર. મુક્તો શ્રીજીકૃપાથી મહારાજ જેવા જ સાકાર. સાકારે સાકારનું મિલન એવી એકતા, છતાં સુખદાતા ને સુખભોક્તાનો નાતો. સ્વામીસેવક-ભાવની ઉત્તમ દઢતા. સ્વામી ક્યારેય ન ભૂલાય ને સેવકને પોતાનું અસ્તિત્વ ક્યારેય સાંભરે નહિ. એક મહારાજ જ ! આ રહસ્ય સમજવા પ્રયત્ન ન કરે તે બોલે કે મૂર્તિ કાંઈ પોલી છે તે મુક્તો માંહી પેસી જાય ! પણ નિરાકાર એવા જીવને પોતાના જેવો સાકાર કરીને પોતાના સાકાર સ્વરૂપમાં સમાવી લેવા — એ સદા સાકારમૂર્તિ પરમાત્મા શ્રી પુરુષોત્તમ નારાયણનું અલૌકિક-પણું છે. સર્વ સામર્થીએ યુક્ત ભગવાનમાં આ સામર્થ્ય-કળા ન હોય એમ કહીએ તો ભગવાનને આપણે સર્વશક્તિમાન શી રીતે કહી શકીએ? ભગવાનમાં તો અપાર વિશિષ્ટતાભરી

કળાઓ સમાયેલી છે અને ક્ષણે ક્ષણે અપાર વિશિષ્ટ આશ્ચર્યોભર્યા સુખની કળાઓ ઉત્પન્ન થયા જ કરે છે, એવું અપરિમિત, અકળ, અગમ્ય સુખ અનાદિ મુક્તો શ્રીહરિજીમાં પયસાકરવત્ રસબસ ભાવે લીન થઈ એકકાળાવછિન્નપણે ભોગવ્યા કરે છે, તે છતાં એ મૂર્તિ નથી થતી પુષ્ટ કે સુખના ધોધ વહાવ્યા છતાં નથી પડતી દૂબળી! કીડી પર્વતને ઉપાડી શકશે? મચ્છર આકાશની અનંતતાનો પાર પામી શકશે? ક્યાં ખદ્યોત જેવો જીવ ને ક્યાં પૂર્ણ પુરુષોત્તમ પરમાત્મા! સંત સથવારે પુરુષોત્તમ વડે જ પુરુષોત્તમની પ્રાપ્તિ. આ વિશિષ્ટાદ્વૈત. એક મહારાજ જ! આ રીતે સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી "મહારાજ જ!"નો મંત્ર જીવને સહજપણે શીખવાડી દેતા.

આત્યંતિક કલ્યાણના માર્ગે આગળ વધવા ઈચ્છતા મુમુક્ષુએ પોતાનું જીવન કેવી રીતે જીવવું જોઈએ તે સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી પોતાના જીવન વ્યવહારથી શીખવતા. પોતે અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીના યોગમાં આવ્યા તે અગાઉ પણ એક બુદ્ધિપ્રતિભાસંપન્ન, જ્ઞાની, પુરાણી અને વ્યવહારકુશળ સંત તરીકે જાણીતા થયેલા, અને સત્સંગ સેવાના અનેક કાર્યોમાં તેમનો સહયોગ મેળવવા સૌ કોઈ ઈચ્છતા, તે છતાં સદ્‌ગુરુશ્રી કાર્યમાં એટલું જ જોડાતા કે જેટલું અતિ આવશ્યક હોય. પોતે એમ કહેતા કે રખેને આપણું જ કાર્ય આપણને એવા બંધનમાં ન નાખી દે કે જેથી તેમાંથી પાછા વળવાનું કઠણ પડે. અ.મુ. બાપાશ્રીના યોગમાં આવ્યા પછી તો વારંવાર 'એક મહારાજ જ!' કહીને સહયોગી મુમુક્ષુને સર્વ ક્ષેત્રથી લૂખા કરી એક મહારાજમાં જ જોડવા રાત્રિદિવસ કથાનો અખાડો ચાલુ રાખતા. મુમુક્ષુઓ અવારનવાર દર્શને આવી આ કથામૃતનો લાભ લેતા. સભામાં એક શ્રોતા હોય કે હજાર હોય — એ

સંખ્યાની અભીપ્સા વગર પૂર્ણતાનો પ્રવાહ સદ્‌ગુરુશ્રી વહાવે રાખતા અને મુમુક્ષુઓ તેમાં ડૂબકી દઈ પાવન થઈ જતા. એક મહાપ્રભુજીમાં જ સંપૂર્ણપણે જોડાઈ શ્રીહરિરસ પીરસવા સામી જ તેઓશ્રીની નજર! સદ્‌ગુરુશ્રીએ કોઈનેય પૂછ્યું નથી કે સભામાં મોડા કેમ આવ્યા કે કાલે કેમ નહોતા આવ્યા! કોઈ તેમના આસને આવતા બંધ થઈ જાય તો તેનું કારણ જાણવા પણ તેઓશ્રીએ ક્યારેય સંકલ્પ કર્યો નહિ હોય! એક શ્રીહરિજીની દિવ્યમૂર્તિ સિવાય સદ્‌ગુરુશ્રીને કશાયમાં કશો જ રસ ન હતો – તે તેમના જીવનમાંથી સ્પષ્ટપણે દેખાયા કરતું. અનિયમિત મુમુક્ષુઓ નિ:સંકોચપણે તેઓશ્રીનો સમાગમ કરી શકતા!

સદ્‌ગુરુશ્રીની શ્રીહરિજીમાં આવી સંપૂર્ણ એકાગ્રતા છતાં ગઢડાના છેલ્લા પ્રકરણના નવમા વચનામૃતમાં શ્રીજીમહારાજે પાણિયારીનું દૃષ્ટાંત દીધું છે કે તેનું ધ્યેય કૂવામાંથી પાણી સિંચવાનું છે પણ નજર કેટલે ઠેકાણે રાખે છે, દોરડું પલળે નહિ, કોઈ અપવિત્ર જળના છાંટા પડે નહિ, ઘડો ફૂટે નહિ, પોતે કૂવામાં પડી જાય નહિ, છતાં ઉતાવળ એવી કે મોડું થાય નહિ, એમ મૂર્તિમાં જ વૃત્તિ રાખતા થકા સત્સંગની વૃદ્ધિ સામી પણ નજર રાખતા. પોતે કહેતા: 'નિશાન ચૂકવું નહિ ને મુકામ મૂકવું નહિ.' શ્રીહરિજીએ સ્થાપન કરેલ સત્સંગની પ્રણાલિકા બરાબર જળવાય તેનું પોતે સદાય જતન કરતા. તેમાં ઊભા થતા અવરોધો સામે ખડે પગે ઊભા રહેતા. દેવ, આચાર્ય, સંત, હરિભક્તો, મંદિરો, તેની મિલકત વગેરે સત્સંગ બગીચો ફાલ્યો ફૂલ્યો રહે ને કોઈનાય હિતને આંચ ન આવે એ નજરમાં પણ પાછી પાની કર્યા વગર ભોગ આપવા સદાય મોખરે ઊભા રહેતા. કાયરપણાનો રંચ કે મૂર્તિના સંબંધમાં લેશ પણ ઓટ આવવા દીધી નથી.

સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી એટલે ધૈર્ય અને

ગંભીરતાની મૂર્તિ. મર્યાદા ને શિસ્તમાં અજોડ. બાળસુલભ સરળતા અને આધ્યાત્મિક મસ્તીનો કેફ, તે છતાં સર્વ પ્રસંગે નિશાન એક શ્રી અક્ષરધામના અધિપતિને રાજી કરવા સામું જ. વાત્સલ્યસભર મુખમુદ્રા ઉપર સદાય આનંદની ફોરમ પ્રસરેલી જ હોય. એકલા બેઠા હોય કે સભામાં હોય, વાતો કરતા હોય કે મૌન હોય, કોઈ મહત્ત્વના પ્રસંગમાં રોકાયેલા હોય કે નિવૃત્ત સહજતામાં રમણ કરતા હોય, થાકેલા હોય કે મંદવાડ ગ્રહણ કર્યો હોય, કોઈ ચંદન–પુષ્પ–કુંકુમથી પૂજા કરતા હોય કે અપમાનિત વાતાવરણ આંટા મારતું હોય કે ઘેરી વળ્યું હોય છતાં સદાય પ્રસન્નતાનો એક સરખો ભાવ જણાતો હોય! જીવના અવળા સ્વભાવથી દોરવાઈને કોઈ હેરાનગતિ કે અવરોધો ઊભા કરે તો તેને દેખીને સદ્‌ગુરુશ્રીનો સમાગમ કરવા આવતા હરિભક્તો અકળાય પણ સદ્‌ગુરુશ્રીના સ્વરૂપનો ભાવ રંચમાત્ર ન ફરે. પોતે હરિભક્તોને સમજાવે : "આ તો આપણામાં રહેલા અંતઃશત્રુઓ કે હલકા સ્વભાવ નિર્મૂળ થયા છે કે રહી ગયા છે તેનું ભાન કરાવવા શ્રીજી-મહારાજ તેમને પ્રેરણા કરે છે. આપણું અંતર સાફ કરવાની ભગવાન આપણને તક આપે છે, એ એમની કેટલી કૃપા કહેવાય! જો આવા સૂચક પ્રસંગે આપણે વ્યથા અનુભવીએ કે અકળાઈને કાંઈ ઉધામો કરી બેસીએ તો મહારાજ રાજી ન થાય!" આવું સાંભળી હરિભક્તોનાં તન અને મન સદ્‌ગુરુશ્રીના ચરણોમાં ઝૂકી પડતાં.

## ૫. સંત સાંનિધ્યના લાભ

અનાજ કોઈને ભૂખ્યા રાખતું નથી, પાણી કોઈને તરસ્યા રાખતું નથી, પવન કોઈને ગૂંગળાવતો નથી, પ્રકાશ કોઈને અંધારામાં રાખતો નથી, આકાશ કોઈને ધક્કો મારતો નથી. પરમ કૃપાળુ પરમાત્માએ સર્જેલા આ તત્ત્વોના સુખકર ગુણો જીવપ્રાણીમાત્રને આનંદ આપે છે. તો સુખનું મૂળ સ્વરૂપ કેટલું કૃપાવંત હશે! પણ જેમ ખાતાંપીતાંય ઝાડા-ઊલટી થાય, પ્રકાશમાંય આંખનાં પડળ ન ઉઘડે, ખુલ્લા અવકાશમાંય નશાબાજો ચકરી ખાઈ પછડાટ ખાધા કરે, એવી પોતાના અંગની કસરમાં કોઈનોય દોષ ખરો? તેમ આ જીવાત્માને આવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન, દિવ્ય કલ્યાણકારી મુક્તો ને સત્સંગનું સંપૂર્ણ સુખ મળ્યું છતાં પોતામાં રહેલા દોષ ને કસરરૂપ ઘાટ-સંકલ્પ તજી ન શકીએ, હાથ પકડે ને છોડાવી દઈએ, નાવમાં બેસારે ને પડતું મૂકીએ, એમાં ભગવાન ને સત્પુરુષ શું કરે? માટે ઝટ જાગી, પાછી વૃત્તિ કરી, કસર કાઢી, દોષમાત્રનું પાણી કરી આંખ વાટે વહાવી એ મહાપુરુષોનાં ચરણ પખાળિયે.

અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રી કહેતા :

'નહિ આવે ફેરી, નહિ આવે ફેરી;
આ અવસર નહિ આવે ફેરી.'

પંક્તિમાં પકવાનો પિરસાતાં હોય, સૌ ઉમંગભર જમતાં હોય ને વચમાં બેઠાં થકા કોઈ જમી ન શકે ને ભૂખ્યા રહી જાય, એમાં જમાડનારનો શો દોષ? આવી બ્રહ્મસભામાં દિવ્ય ભાવના અભાવવાળા જનો આવા લહાવાથી લૂખા લૂખા રહેતા હોય, આવા મુક્તો સાથે આપોપું કરી દિવ્ય ભાવ

ન માણી શકે, તેમના ઉપર આવા મુક્તોને દયાભાવ જ ઊપજે ને કે બિચારા ગંગાના મધ્ય નીરમાં ય તરસ્યા રહ્યા!

અક્ષરધામમાંથી અવની પર પ્રગટેલા ભગવાન અને સર્વ મુક્તો આ દિવ્ય સત્સંગની સ્થાપના કરી અદશ્ય થયા થકા દિવ્યરૂપે એ ગુણરત્નાકર સત્સંગ પર અમૃત નજર રાખી રહ્યા છે, ને એ અમૂલ્ય સુખનો ખજાનો સૌ કોઈને લૂંટવા ખુલ્લો મૂકી દીધો છે. જે કોઈ ગ્રાહક આવે તેને મદદ કરે છે. કોઈ લ્યો! કોઈ લ્યો! લેવાય એટલું લઈ જાઓ! એ અમૃત ખજાનો તે અણુએ અણુ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ છે. માંહી પડ્યો તેને પોતાનું સમગ્ર અસ્તિત્ત્વ ભુલાઈ જાય છે ને સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીનો મહામંત્ર જ ગુંજી રહે છે: "એક મહારાજ જ!"

કોઈ સત્સંગી આવે તો બીજા સંતો સરભરાનું પૂછે ને કહે, પણ સદ્‌ગુરુશ્રી તો ભગવાનના સંબંધમાં તેનું અંગ કેમ વૃદ્ધિ પામે એ જ સરભરામાં મશગૂલ હોય. ખરા ખપવાળા મુમુક્ષુ તો સદ્‌ગુરુશ્રી પાસે આવી પોતાની સરભરાની દરકાર જ ન રાખે, સહેજે જે કાંઈ હોય તેનાથી ચલાવી લે, પણ સદ્‌ગુરુશ્રી કેમ વધુ રાજી થાય એવો ભાવ પ્રધાનપણે રાખી સદ્‌ગુરુશ્રીના મુખે ઝરતા દિવ્ય મૂર્તિના સુખના અનુભવના મહારસનો લાભ જેટલો વધુ લેવાય તેટલો લે. સદ્‌ગુરુશ્રી પણ રાજી થઈને પીરસવામાં કસર ન રાખે. ફરી આવું ટાણું મળે કે ન મળે!

"આજની વાતું કીજિયે રે, કાલ કોણે દીઠી છે."

નવા આદરવાળા હરિભક્તોને પણ જૂના આદરવાળાની પંક્તિમાં ભેળવતાં વાર ન કરે. એક જ વાર જીવનમાં જોગ થયો હોય ને લક્ષ્યાર્થ થઈ જાય તો એને ક્યારેય ભગવાનથી નોખાપણું ન લાગે. પોતે નૈમિષારણ્ય ક્ષેત્ર રૂપ બની જાય. સદ્‌ગુરુશ્રીની આવી અઢળક કૃપા સર્વ મુમુક્ષુ પર વરસતી.

જમિયતપુરાના હરિભક્તો અમદાવાદ કાળુપુરના મંદિરમાં સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી પાસે આવી કહે : બાપજી! અમારે ગામ પધારો! તે વખતે ભરપૂર ચોમાસાનો વખત હતો, આકાશમાં ઘટાટોપ વાદળોનો ગઢ ખડકાયેલો હતો, સૂર્ય તો ક્યાંય શોધ્યો ય દેખાતો ન હતો, જાણે કે મુમુક્ષુના હૃદયાકાશમાં ભગવાન સમા સૂર્યનો સંબંધ ચાહતા જીવાત્માને કામ, ક્રોધ, લોભ આદિ વાદળો ઘેરી વળ્યા હતા! સદ્‌ગુરુશ્રી મંદ હાસ્ય કરતાં કહે : આવા વાતાવરણમાં સંતોને ફાવશે? જાણે કહેતા ન હોય કે હૃદયાકાશ પર જામેલા અજ્ઞાનના પડળો દૂર કરવાની તમારી તૈયારી છે? પછી કહે : છતાં પૂછો મોટા સ્વામીને! સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી વિષે વાત કરે ત્યારે તેમને 'મોટા સ્વામી' કહી સંબોધે. હરિભક્તો સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીના આસને પ્રાર્થના કરવા આવ્યા. પૂરી વાત કહી રહ્યા ત્યાં સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી ત્યાં આવ્યા. સ.ગુ. ઈશ્વરચરણદાસજી સ્વામી કહે : લો, આ મોટા સ્વામી આવ્યા. બંને સદ્‌ગુરુઓ મોટા પણ મર્યાદા કેવી! એ જાણે કે હું નાનો થઈ જાઉં ને એ જાણે કે હું નાનો થઉં. એમ કરી બંને મોટા પુરુષો પોતામાં રહેલી મોટપને મુમુક્ષુના જીવમાં ઘાલી દે ને સર્વત્ર મોટપ પાથરી દે. સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી કહે : સ્વામી! આ જમિયતપુરાના હરિભક્તો તેડવા આવ્યા છે તે શું કહીએ? સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી કહે : આવી વરસાદની હેલીમાં ફાવશે? ઈશ્વર સ્વામી બોલ્યા : વરસાદને રજા દેશું! જાણે કહેતા ન હોય કે મુમુક્ષુના હૃદયાકાશરૂપી અંતરમાં રહેલો અંધકાર દૂર કરી દઈશું! વૃંદાવન સ્વામી કહે : તો ભલે! ને બીજે દિવસે ગાડાં જોડી ખોડિયાર રેલ્વે સ્ટેશને સામા આવવા આજ્ઞા કરી.

સૂર્ય તો ક્ષિતિજમાં ક્યાંય ઊંડો હોય છતાં પરોઢનો ઉજાસ તેના આગમનની ચાડી ખાય છે, તેમ હરિભક્તોના અંતરનો અંધકાર સળવળવા લાગ્યો. ઉજાસ રૂપ આનંદની શેડો એને ભેદવા લાગી, ને બીજા દિવસે ગાડાં જોડવાના સમયે વરસાદ વરસતો અટકી ગયો હતો ને સૌના હૈયામાં વ્યાપેલી ઘેરી ઘટામાં પ્રકાશ પથરાવા લાગ્યો.

"સર્વે સખી જીવન જોવાને ચાલો રે" એ સ.ગુ.શ્રી ભૂમાનંદ સ્વામીના કીર્તનની કડીઓનો નાદ વાતાવરણને વધુ ઉજ્જવળ કરવામાં મદદરૂપ થયો. રસ્તામાં પથરાયેલા કાદવને પણ બળદો પગ પછાડી પછાડી જાકારો દેતા હોય તેમ માથું ધુણાવતા ને પૂંછ ફરકાવી માંખ–મચ્છરોને ઉડાડી હરિભક્તોને બોધ દેતા હતા. અજ્ઞાનરૂપ કાદવને કચરતા ને અંતઃશત્રુઓ રૂપી માંખ–મચ્છરને ઝાપટ મારતા મારતા ઉતાવળે સદ્‌ગુરુઓના શરણમાં જઈ ઝૂકી પડો એમ કહેતા દેખાયા!

ચોપાસ વ્યાપેલી દિવ્ય આનંદની લહરીમાં લહેરાતાં લહેરાતાં હરિભક્તો સ્ટેશને પહોંચી ગયાં ને રેલગાડી આવતાં તેમાંથી ઉતરતાં સદ્‌ગુરુઓના દિવ્ય સુખરૂપ મહેરામણના મોજા પ્રસરાવતા ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા લેટી પડ્યાં. હરિભક્તોને સદ્‌ગુરુશ્રી પકડી પકડી ઊભા કરે છે, બાથમાં ઘાલીને ભેટે છે. ઊપડેલી રેલગાડીમાં બેઠેલાં મુસાફરો પણ આવો દિવ્ય લાભ લેવા આતુર હોય તેમ બારી–બારણાંમાં માથાં ઝૂકાવી રહ્યા, પણ પૂરી મુમુક્ષુતા જાગ્રત ન થાય ત્યાં સુધી માયાનો બળવાન વેગ જીવને ભગવાનથી દૂર ખેંચી જાય છે, તેમ રેલગાડી એ સૌને તાણી ગઈ! પછી તો રહ્યા સદ્‌ગુરુઓ ને હરિભક્તો. સદ્‌ગુરુશ્રીએ ગ્રહણ કરેલી વૃદ્ધા-વસ્થાને કારણે હરિભક્તોને સેવાનો વધુ લાભ મળ્યો. સ.ગુ.શ્રી

ઈશ્વરચરણદાસજી સ્વામીને ઘોડા ઉપર બેસાર્યા ને સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામીને બે હરિભક્તોએ હાથ સાંકળીને બનાવેલ હીંચકે બેસાર્યા, ખંભારૂપ સળિયા સદ્‌ગુરુશ્રીએ પકડયા ને સંઘ ગાડાં જ્યાં છોડયાં હતાં તે તરફ ઉપડયો.

'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ'

એ કીર્તન ગાતાં ગાતાં સૌ ગાડાંની નજીક આવ્યાં. નિરાંતે બેસી વાગોળતા બળદોના કાને

'પ્રેમાનંદ તો રે એ છબી નીરખી થયા નિહાલ'

એ નાદ પહોંચ્યો ને કાન ફફડાવતા એકદમ ઊભા થઈ ગયા. તેમને સદ્‌ગુરુઓના ચરણમાં આળોટવા આવવું છે, પણ અછોડાના બંધને અટકી ઊંચા પૂંછ કરી આતુર નજરે આ દિવ્ય સંઘના દર્શન કરી રહ્યા છે. તળાવની પાળે છૂટેલાં ગાડાંની પાસે સદ્‌ગુરુઓ પધાર્યા અને આતુર નજરે ઊભેલા બળદો પર સૌ પ્રથમ કૃપા વરસાવી. સંતો પાસે તળાવમાંથી પાણી મંગાવી બળદોને વર્તમાન ધરાવી પાણી છાંટયું. આંખો ઢાળી માથું ધરતાં સદ્‌ગુરુએ બળદોને માથે હાથ ફેરવ્યા ને સદ્‌ગુરુઓ અઢળક ઢળ્યા ને કહ્યું : 'છેલ્લો જન્મ.' સૌ ધન્ય થયા. અબોલ પ્રાણીએ શીખવેલી એ શરણાગતિની રીતને હરિભક્તો પામી ગયા. તળાવને તીર્થસ્વરૂપ કરવા, શ્રીજીમહારાજને દિવ્ય સ્વરૂપે અખંડ ભેળા ધારી, સંતોએ સ્નાનવિધિ શરૂ કરી. હરિભક્તોને પણ ખેંચ્યા. તળાવની મધ્યમાં, છાતી સમાણા નીરમાં સૌને આત્યંતિક મોક્ષરૂપ મૂર્તિના સુખના વર્તમાન ધરાવ્યાં. 'સ્વામિનારાયણ ભગવાનની જય'ના નાદનાં વધામણાં વચ્ચે કાંઠે ઊભેલાં નાનાં બાળકોને પણ સદ્‌ગુરુશ્રીએ તેડી મંગાવ્યાં ને દિવ્ય મૂર્તિના સુખના દાનનો મહાયજ્ઞ શરૂ કર્યો.

બળદની કાંધે ધૂંસરાં મંડાયાં. સદ્‌ગુરુ અને સંતોએ ગાડાંમાં સ્થાન લીધું. ગાડાંની આગળ, આજુબાજુ ને પાછળ

હરિભક્તો સદ્‌ગુરુઓની અમૃત નજરમાં રહેવા આગળ–પાછળ થઈ જતાં.

"વા'લા રમઝમ કરતાં કાન, મારે ઘેર આવો રે,"
સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામીને સૌએ હૃદયમાં બિરાજમાન કરી ભાવવિભોર થઈ તેમનું આ કીર્તન ગાવા લાગ્યા. વળી,

"મારે આજ પ્રીતમ ઘેર આવશે;
જોઈ રહી છું પ્રીતમજીની વાતડી;
ધન્ય ધન્ય ઘડી છે આજની;"

આવા વાતાવરણને અનુરૂપ ઊર્મિઓ ઉમટાવતાં ઉમટાવતાં ગામના પાદરમાં ગાડાં આવ્યાં, ને

"મારે આજ પ્રીતમ ઘેર આવિયા"

એ પદપંક્તિ જ્યાં શરૂ થઈ, ત્યાં તો રાહ જોઈ ઊભેલા આતુર ગ્રામજનો પણ ભેળા ભળ્યા ને મહોલ્લાઓને નાકે નરનારી–બાળકો આ સંઘને દર્શને દોડી આવ્યાં. સૂર્યનારાયણ પણ વાદળો ભેદીને આ દિવ્ય સમૂહનાં દર્શને આવ્યાં હોય તેમ તેનો સોનેરી પ્રકાશ છાઈ રહ્યો.

મંદિરના દરવાજે ગાડાં છૂટયાં, સંતો ઉતર્યા, મંદિરમાં પ્રવેશ કર્યો. અક્ષરધામમાં અખંડ બિરાજમાન શ્રીહરિજીનું દિવ્ય સ્વરૂપ, મનુષ્યરૂપે પ્રગટેલા ધર્મ–ભક્તિના બાળ એવા મનુષ્ય સ્વરૂપ અને પોતાના સંકલ્પથી સ્થળે સ્થળે બિરાજતા એવા મહાપ્રભુજીના પ્રતિમા સ્વરૂપમાં એક રોમનો ય ફેર નથી – આવા શ્રીહરિજીના સ્વમુખના કલ્યાણકારી કથનની અ.મુ. અબજીબાપાશ્રીના રાજીપાથી જેમણે સાક્ષાત્ પરાકાષ્ટા પ્રાપ્ત કરી છે, એવા સદ્‌ગુરુશ્રીઓ–સંતો મંદિરમાં પ્રતિમા સ્વરૂપને સાષ્ટાંગ દંડવત્ કરી, ભાવયુક્ત દર્શન–નમસ્કાર કરી, પરસ્પર ભેટતાં 'જય સ્વામિનારાયણ' કહી આસન ઉપર સ્થાન લીધું. ઠાકોરજીને જળપાન કરાવી પ્રસાદી જળ પીધું, ને સૌને લાભ

દેવા સદ્‌ગુરુશ્રીએ થાક ગ્રહણ કર્યો હોય તેમ આસને માથું અઢેલી ચરણ લંબાવ્યા. હરિભક્તોને સંતકૃપાએ સૂઝ પ્રગટ થઈ કે આપણો અનંત જન્મનો થાક ઉતારવા સદ્‌ગુરુશ્રીએ થાક ગ્રહણ કર્યો છે, ને નજીક આવ્યા, પગ દબાવવા લાગ્યા, દર્શન–સ્પર્શના ભાગ્યશાળી થયા. કોઈ હરિભક્તો ઊભા ઊભા પંખાથી પવન નાખવા લાગ્યા. હરિભક્તોથી મંદિર આખું ઠસાઠસ ભરાઈ ગયું. સદ્‌ગુરુશ્રીએ કૃપારસની થોડી વાતો કરી કહ્યું કે હવે સૌ ઠાકોરજીને જમાડવા જાઓ, ને બપોર પછી ચાર વાગ્યે મહારાજ જાગે ત્યારે આવજો. આવી આજ્ઞા થતાં સૌ હરિભક્તો સંતોને ચરણસ્પર્શ–નમસ્કારે યુક્ત જય સ્વામિનારાયણ કરી ઘરે ગયા.

ચાર વાગતામાં તો સૌ પાછા આવ્યા. ઠાકોરજીનાં ને સંતોનાં દર્શન કરી બેઠા. બાળક ભૂખ્યું હોય પણ મા પ્રથમ તેને સાફ કરશે, સ્વચ્છ બનાવીને જમાડે, તેમ આ સદ્‌ગુરુઓએ ભગવાનના મહિમારૂપ ભોજન પીરસવા સાથે સાફસૂફી પણ શરૂ કરી. ભગવાનને વ્યસનો ગમતાં નથી. જેની સૂગથી ભગવાન ને સંતો છેટા રહે તેવાં વ્યસનો આપણામાં ન હોવાં જોઈએ. ડુંગળી, લસણ, હીંગ, ચા, બીડી, તમાકુ, છીંકણી, પાન, દારૂ, માટી, ચોરી, વ્યભિચાર, જુગાર આદિ સર્વે કુટેવો અને બીજા પણ દોષને કારણે ઈર્ષ્યા, માન, ક્રોધ, લોભ, અહંકાર વગેરે અનેક અંતઃશત્રુઓ વકરે છે. એ સર્વે દોષને સમજાવી, તેના લીધે જીવને કેવાં કેવાં ભયંકર દુઃખો ભોગવવાં પડે છે તે વાત સમજાવી. વળી, એ સર્વેના વળગાડને લીધે આ જીવ કેવાં કેવાં પાપકર્મ કરવા પ્રેરાય છે, તે સમજાવ્યું. આ બધું ખુદ જીવાત્માને પોતાને જ ગમતું નથી, છતાં બંધન અને પાપકર્મોની જડમાંથી છૂટી શકતો નથી. ભગવાન અને સંતનો ભેટો થતાં કૃપાથી આ સર્વ બંધનમાંથી છૂટવાનો જીવને લાભ મળે છે. એવો લાભ

આજ તમો સૌને મળ્યા છે, તો આવો ઢૂંકડાં! તમારા સર્વેનાં પાપ બાળીને ચોખ્ખા કરી દઈએ.

ભૂખે મરતાને અમૃત સરખું ભોજન ને તાપમાં બળ્યા–ઝળ્યાને શીતળ છાયા મળે તો કોઈને ય પૂછવા રહે ખરા? સંતોના આસન અડોઅડ સૌ ખસીને આવી ગયા ને માયરામાં હાથેવાળા ટાણે કન્યાને વર્તાતા આનંદ સમી ઊર્મિઓ સૌના અંતરે ઊમટી. સંત પાસે પાણીનો લોટો મંગાવી સૌના હાથમાં જળ રેડી સૌને વર્તમાન ધરાવ્યાં. કોઈ કોરા કાગળ સમા, કોઈ જુદી છાપવાળા, કોઈ ચૂંથાયેલા, દબાયેલા, અશક્તો – સર્વે પર કૃપાનો ધોધ વરસ્યો ને સૌને બળ પ્રેરી દીધું. સર્વે પાપકર્મ ને દૂષણોથી શુદ્ધ કર્યા. સાઠ કે એંસી વર્ષ સુધી હોકા, બીડી કે બીજાં વ્યસનોની. ગુલામીમાં જકડાયેલાં કોઈ કોઈએ અશક્તિ બતાવી હાથ જોડી કહ્યું: બાપજી! અમારાથી આ નહિ છૂટે! કોઈ તો એવા બંધાણી કે રાતમાં ત્રણ–ત્રણ વખત હોકામાં તમાકુ ને દેવતા બદલે. વળી, સૂતાં સૂતાં પીવાય તે માટે લાકડાની પાટ ને બેઠા ઘાટનો હોકો ને રબ્બરની નળી જેવી સગવડો રાખે! જન્મ-સાથી વ્યસન તેમને ડોળા દેખાડી રહ્યું છે! પણ સદ્‌ગુરુઓને જોઈ વ્યસન થરથરે છે કે આ સાધુઓ આપણું નિકંદન કાઢશે. કોઈ પણ માતા બાળકનો શત્રુ રહેવા દે ખરી? સદ્‌ગુરુશ્રી કૃપા કરી બોલ્યા: ભલે તમે પીજો! શક્તિશાળી તો હિતેચ્છુઓની હૂંફે શત્રુઓનો સામનો કરે પણ અશક્ત તો માતાની ગોદમાં લપાય. એને કાંઈ ન કરવું પડે, મા બળવાન બની શત્રુઓનો એવો પીછો કરે કે તે બાળકને પજવવાની ખો ભૂલી જાય! એવા શરણાગતોને સદ્‌ગુરુના સંકલ્પથી શારીરિક સંજોગો એવા ઊભા થયા કે વ્યસનો ઝેર બની ગયાં ને એનો અતિ અભાવ થઈ ગયો. બીજી વખત સદ્‌ગુરુઓ પધાર્યા ત્યારે હાથ જોડી પ્રાર્થના કરે કે બાપજી!

તમારું વચન અમારાથી ન મનાયું પણ બિમારી એવી આવી કે વ્યસનો ઝેર જેવાં લાગે તે ગયાં. અમોને ખાત્રી છે કે તમે જ અમારા ઉપર કૃપા કરીને અમને તેમાંથી છોડાવ્યાં. હવે વર્તમાન ધરાવો. ખજાનો સંપૂર્ણ વહેંચી દેવા જે પધાર્યા હોય તે કાંઈ શરણાગતને દરિદ્રી રહેવા દે ખરા? સદ્‌ગુરુશ્રી કહે: આવો, આવો, બધાં જ આવો! આ વખતે સૌને મૂર્તિનાં સુખનાં વર્તમાન! આપણો હાથ ઝાલી શ્રીજીમહારાજે ચૈતન્યને પોતાના સ્વરૂપ સરખો કરી દિવ્ય મૂર્તિમાં રસબસ સંપૂર્ણ સુખનો ભોક્તા કર્યો. હવે તમારું તો પૂરું પણ તમારા સંબંધમાં આવશે તેનું ય પૂરું! આ વાતનો અમલ આવે તે સૌને કેટલો આનંદ વર્તે, કાંઈ બાકી રહે ખરું! કશું બાકી નથી. ઊંડા ઊતરી અનુભવવાનું જ બાકી છે.

આ રીતે સદ્‌ગુરુઓ ગામડે ગામડે પધારે ને શ્રીહરિજીની મૂર્તિના સુખની લહાણી કરે!

અમદાવાદ મંદિરમાં સદ્‌ગુરુશ્રીના આસને સભામાં બંને સદ્‌ગુરુઓ બિરાજેલા. એક હરિભક્ત તેમના સાતેક વર્ષના છોકરા સાથે દર્શને આવ્યા. દર્શન કરી સભામાં બેઠા. છોકરાને ઊભો રાખી સદ્‌ગુરુશ્રીએ પૂછ્યું: 'નવા છો કે જૂના?' છોકરાએ મનમાં થોડીક ગડમથલ કરી જવાબ આપ્યો: 'જૂના.' સભામાં હાસ્ય રેલાયું. જવાબનું સમર્થન કરતાં સદ્‌ગુરુશ્રી બોલ્યા: "અત્યારે નવા લાગે પણ પૂર્વે જોગમાં આવ્યા હોય ત્યારે આ જોગની રુચિ થાય." એવી રીતે સદ્‌ગુરુશ્રી નાના બાળકોને પૂછે: કોણ છો? ધીરે ધીરે બાળકો જવાબ જાણી ગયેલા. બાળક: મહારાજના મુક્ત.

સદ્‌ગુરુશ્રી: મુક્ત ક્યાં રહે છે?

બાળક: મહારાજની મૂર્તિમાં.

સદ્‌ગુરુશ્રી: કેવી રીતે?

બાળક : હાથમાં હાથ, પગમાં પગ, આંખમાં આંખ, મુખમાં મુખ, મસ્તકમાં મસ્તક એમ સર્વાંગે રોમેરોમ રસબસ અનાદિ મુક્તોની પંક્તિમાં.

સદ્‌ગુરુશ્રી : તો આ દેખાય છે તે કોણ ?

બાળક : મહારાજ.

સદ્‌ગુરુશ્રી : મહારાજ શું કામ દેખાય ?

બાળક : જીવનાં કલ્યાણ કરવા.

સદ્‌ગુરુશ્રી : બીજા દેવ–ઐશ્વર્યાર્થીઓને તમારાં દર્શન ખરાં ?

બાળક : ના.

સદ્‌ગુરુશ્રી : એને દર્શન કરવાં હોય તો શું કરવું પડે?

બાળક : મનુષ્ય તરીકે જન્મ લઈ અનાદિ મુક્તનો જોગ કરી મૂર્તિમાં જોડાવું પડે.

સદ્‌ગુરુશ્રી : જીવનાં કલ્યાણ કેમ થાય?

બાળક : મહારાજ ને મુક્તની કૃપાદષ્ટિમાં આવે, હેતે સહિત દર્શન, સ્પર્શ, સેવા, સમાગમ કરે તો કલ્યાણ થાય.

આ રીતે, બાળકોને ઊંચામાં ઊંચા તત્વજ્ઞાનનું ભણતર ભણાવી દે! શ્રીજીમહારાજ ને મુક્તોની અલૌકિક કૃપાનું ભાન કરાવી દિવ્ય આનંદ આપતા હોય એ જ ગુરુ– સાચા સદ્‌ગુરુ!

સદ્‌ગુરુશ્રી સૌ હરિભક્તોને વહેમથી મુક્ત કરી નિર્ભય બનાવતા. જંત્ર–મંત્ર, દોરા–ધાગા ને ભૂવાઓના બંધનથી છોડાવ્યા. કોઈના ઘરમાં કે કોઈ મનુષ્યને ભૂતપ્રેતની કનડગત હોય તો તેઓ સદ્‌ગુરુશ્રીને પ્રાર્થના કરતાં. સદ્‌ગુરુશ્રી શ્રીજી-મહારાજની ચરણરજ ને પ્રસાદીનું પાણી આપી એ સ્થળે

'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ' કરતાં છાંટવા કહે. તેમ કરતાં તે સ્થળેથી તે મનુષ્યને ઉપાધિ નિર્મૂળ થઈ જતી. સદ્-ગુરુશ્રીના સંકલ્પથી આવા પ્રેતાત્માઓનો ઉદ્ધાર થઈ જતો. આ સિવાય કોઈને મંદવાડ હોય કે કોઈને મહારોગ હોય, દેહ પડી જાય તેમ હોય તેવા પ્રસંગોમાં પણ હરિભક્તોને આશીર્વાદ દઈ રક્ષા કરી હોય તેવા ઘણાં દાખલાઓ છે. આ બધું જોતાં એમ લાગે કે સદ્‌ગુરુશ્રી ખૂબ સામર્થ્યે યુક્ત હતા, પણ તેમને તો આ બધું સાહજીક જ હતું. સાચું સામર્થ્ય તો અધમ એવા જીવનો મોક્ષ કરી મૂર્તિનો સુખભોક્તા કરવો એ છે, અને આ કામ કરવા માટે જ પૃથ્વી ઉપર જેમનું અવતરણ હતું એવું તેમના જીવનદર્શનથી આપણને ચોક્કસ અનુભવાય છે.

## ૬. અનાદિ મુક્ત કેવા હોય?

સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીની એવી તો દિવ્ય પ્રતિભા હતી, એવું તો અલૌકિક આકર્ષણ હતું કે એમના પ્રત્યક્ષ પરિચયમાં આવેલા હરિભક્તો એમના સંબંધે સહેજ વિચાર કરે તેટલામાં જ જાણે આજે પણ સદ્‌ગુરુશ્રીને પોતાના આસને અઢેલીને અર્ધ સૂતેલા દેખે! સહજ રીતે અંતર્દષ્ટિ કરી એક આંગળી કે બે આંગળીઓ હલાવતા દેખાય. પાસે બેઠેલા હરિભક્તોને આ મર્મ જાણવા ઈચ્છા થાય પણ અવિવેકપણું લાગવાની બીકે સંકલ્પ રોકી લે. ત્યાં સદ્‌ગુરુશ્રી બોલે: મહારાજ ને મુક્ત! એમ કહી બે આંગળીઓ દેખાડે. પછી બોલે: મુક્ત ક્યાં રહે? મૂર્તિમાં રસબસ! પછી મહારાજ એકલા જ દેખાય! એમ કહી એક આંગળી દેખાડે. આમ મૂર્તિમાં અનંત અનાદિ મુક્તો કિલ્લોલ કરતા થકા મૂર્તિનાં નવાં નવાં સુખ ભોગવે છે ને આ વાતથી અજાણ પરમએકાંતિક મુક્તો સન્મુખ રહ્યા થકા સુખ ભોગવે છે. તેમને મહારાજ એકલા જ દીસે છે. એમ સદ્‌ગુરુશ્રી અંત:વૃત્તિએ યુક્ત એકલા જ બેઠા હોય કે ફરતી હરિભક્તોની ઠઠ જામી હોય, પણ પોતે તો શ્રીહરિજીની દિવ્ય મૂર્તિનો એકકાળાવચ્છિન્ન મહારસ માણતા જ હોય! ખપવાળા આવે તો પીરસવાય માંડે. આમ અનાદિની વાત તો અનાદિ જ જાણે. જેણે અમૃત જોયું નથી તેના આગળ અમૃતરસભોગી ગમે તેટલી વાતો કરે પણ વાતોથી કાંઈ અમૃતના સ્વાદની અનુભૂતિ થાય? પણ વાતમાં વિશ્વાસ લાવી જોગ કરે ને કહે તેમ શ્રદ્ધાએ સહિત વળગી પડે તો ફળ પામે. દેહ છતાં એ દિવ્ય મૂર્તિના અમૃત રસની મઝા માણવી એ તો મહા દુર્લભ છે. શ્રીજીમહારાજ કૃપા કરે તો વાર ન લાગે, પણ

કૃપાના પાત્ર થવું પડે. અબજીબાપાશ્રીએ પાણીને રહેવાના પાત્રનું દષ્ટાંત આપ્યું છે. તળાવ, સરોવર, નદી. જેવું પાત્ર તેટલું જળ સમાય. સૌથી મોટું પાત્ર સમુદ્ર છે. હજારો નદીઓનું જળ એક સામટું ઠલવાયા કરે તો ય દોરાવા જેટલો ય આગળ ન વધે. એવો પાત્ર થાય તો સુખમાં તલ્લીન થઈ જાય. સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી આવા સમુદ્ર સરખા, પરમહંસ પંક્તિના સંત–મુક્ત સમા, અનાદિ મુક્ત હતા.

જેવા સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી તેવા જ સદ્‌ગુરુશ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી. બંનેની દિવ્ય સ્થિતિ. સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી પાસે જાઓ કે સ.ગુ.શ્રી ઈશ્વરચરણ-દાસજી સ્વામી પાસે જાઓ, જે ત્યાંથી મળે તે જ અહીંથી મળે. લૌકિક પ્રશ્નનું નિરાકરણ જોઈતું હોય કે અલૌકિકનું! દેખાય બે જુદાં, પણ અલૌકિક એકાત્માપણું. કોઈને દેહ મૂકવા ટાણે દર્શન થાય ત્યારે પણ શ્રીજીમહારાજ, બાપાશ્રી સાથે બંને સદ્‌ગુરુ હોય! કુજાડમાં એક ગરાસિયા હરિભક્તને થોડા દિવસના આંતરે બે વખત દર્શન આપ્યાં ત્યારે પણ શ્રીજીમહારાજ, બાપાશ્રી ને સાથે બંને સદ્‌ગુરુ! જ્યારથી અબજીબાપાશ્રીનો જોગ થયો ને શ્રીજીમહારાજના દિવ્ય સુખનો અનુભવ થયો ત્યારથી અબજીબાપાશ્રીનો સમાગમ કરવા કચ્છમાં જાય ત્યારે પણ સાથે જ હોય. ગુજરાત, ઝાલાવાડ, કરાંચી, ઝરિયા કે હૈદ્રાબાદ–ક્યાંય પણ વિચરે ત્યાં ભેળા જ હોય! આવી લૌકિક અને અલૌકિક એમની એકતા આપણને શ્રીજીમહારાજ સાથેની એકતાનું ભાન કરાવે. અબજીબાપાશ્રી પણ બંને સદ્‌ગુરુઓનો મહિમા કહેતા: “આ સંત તો બ્રહ્મની મૂર્તિઓ છે. આ સંતના દર્શન દુર્લભ છે. આ સંત સાંભરે તો મૂર્તિ સાંભરે. સંતો! તમારા સામર્થ્યની તો તમને ય ખબર નથી. ખદ્યોત જેવો અધમ જીવ હોય તેને તમો હાથ

ઝાલીને ફેંકો તે ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચી જાય! અંતકાળે જીવને શ્રીજીમહારાજ સાથે દર્શન દઈ ધામમાં તેડી જાઓ છો. આવરદા ન હોય ને આ લોકમાં રહેવાની ઈચ્છા હોય તેને રાખી પણ જાઓ છો. કોઈને આવરદા પડી મુકાવીને પણ મૂર્તિના સુખે સુખિયા કરો છો. તમારા તો સંકલ્પો ચાલે છે.''

સદ્‌ગુરુશ્રી એવા મહત્પુરુષ હોવા છતાં મુમુક્ષુઓને છેલ્લામાં છેલ્લી સમજણનું અંગ વૃદ્ધિ પામે તે માટે બાપાશ્રીને પ્રશ્નો પૂછી સૌને જાણવા માટેના રહસ્યજ્ઞાનને છતું કરાવતા. એક વાર સદ્‌ગુરુશ્રીએ બાપાશ્રીને પ્રશ્ન પૂછ્યો : મોટા અનાદિ (મુક્ત) મળ્યા પછી શું કરવું? ત્યારે બાપાશ્રી કહે : મૂર્તિમાં રસબસ થઈને આનંદના સમુદ્રમાં ઝીલવું. તે મૂર્તિનું સુખ યથાર્થ જણાય તો માયિક સુખ સર્વે ખારાં થઈ જાય. સદ્‌ગુરુશ્રીની તો એ જ સ્થિતિ — મૂર્તિના સુખમાં ઝીલવાની.

સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીની સાધુતાની શી વાત કરવી! સત્સંગ પ્રાધાન્ય અંગરૂપ ધર્મ, ભગવાનમાં અતિ સ્નેહેયુક્ત પ્રેમલક્ષણા ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, આત્મનિષ્ઠા, સત્સંગસેવા ભાવના, સંત–હરિભક્તો પ્રત્યે માહાત્મ્યે સહિત દિવ્યભાવ, જીવોમાં મુમુક્ષુતા જાગ્રત થાય અને મુમુક્ષુ એક ભગવાનમાં જ જોડાય એ માટે પોતે અને પોતાના જોગવાળા સર્વે એક શ્રીહરિરસમાં જ આસક્ત, હરતાં–ફરતાં, ખાતાં–પીતાં, સૂતાં–જાગતાં, નિવૃત્તિમાં કે કામકાજની પ્રવૃત્તિમાં ઈન્દ્રિયો – અંતઃકરણની વૃત્તિ એક ભગવાનમાં જ જોડાયેલી હોય. આવી તપ, ત્યાગ, વૈરાગ્યેયુક્ત સાધુતા જ્યાં હોય ત્યાં મુમુક્ષુને પકડી પકડીને ન લાવવા પડે. એ તો જેમ ગળપણ હોય ત્યાં કીડીઓ આવી જ જાય, તેમ મુમુક્ષુઓ સદ્‌ગુરુશ્રીની સાધુતા માણવા ટોળે વળતા.

"ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઊલટી પલટ્યું આપ, સંત તે સ્વયં હરિ."
(સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદ સ્વામી)

સદ્‌ગુરુશ્રીનો પ્રભાવ જાણી મોટા પંડિતોને પણ તેઓશ્રીની પાસે આવવાનું મન થતું. જ્ઞાન અને વિદ્યા સંપાદન કરેલા પંડિતો દૂરથી ઝળકતા લાગે, પણ સદ્‌ગુરુશ્રીના અનુભવજ્ઞાનની નજીક જ્યારે આવતા ત્યારે નિસ્તેજ થઈ જતા જોવા મળતા. ધ્રાંગધ્રાના એક વિદ્વાન બ્રાહ્મણ સદ્‌ગુરુશ્રી પાસે આવ્યા. સદ્‌ગુરુશ્રી આગળ હરિભક્તોની સભા ભરાયેલી હતી. વિદ્વાન તો સભામાં આગળ આવીને બેઠા. મનમાં એમ કે સ્વામિનારાયણના સાધુને કાશીના જ્ઞાનની વાત કરી સરસાઈ દેખાડું. તે સદ્‌ગુરુશ્રીને કહે: આપ તો વૃદ્ધ થયા, જીવનમાં કાશીની યાત્રા પણ કરી જ હશે. તુરત જ સદ્‌ગુરુશ્રી બોલ્યા: તમે કઈ કાશીની વાત કરો છો, નાની કાશી કે મોટી કાશીની? પંડિતજીની ગાડી એકદમ અટકી ગઈ! અચકાતાં અચકાતાં આગળ વધવા પ્રયત્ન કર્યો ને બોલ્યાં: કાશી કેટલી છે? સદ્‌ગુરુશ્રી કહે: બે. પંડિતજી કહે: બીજી કાશી કઈ? સદ્‌ગુરુશ્રી કહે: એક કાશી તમે કહો છો તે અને બીજી કાશી તે અક્ષરધામ, જેમાં અમે હાલ રહીએ છીએ તે, જેમાં રહ્યા થકા અમે વાતો કરીએ છીએ તે! આ સાંભળી પંડિતજી સ્તબ્ધ થઈ ગયા. સદ્‌ગુરુશ્રી કહે: તમે કહો છો તે કાશીએ જઈને મુમુક્ષુ કરવતિયા પાસે કરવત મુકાવે ત્યારે મોક્ષ થાય છે એમ માને, પણ જીવનના ભોગે લોકોએ એવો મોક્ષ લેવાનું બંધ કર્યું અને શ્રી સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાંથી પધાર્યા. મોક્ષ માટે દેહ પર કરવત મુકાવે એવા આતતાયી મુમુક્ષુ પર કૃપા કરી દેહને બદલે તેના માયિક કર્મો પર કરવત મૂકી! અનંત જન્મોનાં કર્મો બાળીને ખાખ કરી દીધાં, શરણે લીધાં ને પોતાની ભક્તિ કરાવી સર્વોપરી એવું જે દિવ્ય અક્ષરધામ

તેની પ્રાપ્તિ કરાવી. અક્ષરધામમાં બેઠા થકા જ સ્વયં મહારાજ અને મુક્તો સંકલ્પે કરીને જીવોના મોક્ષ માટે પૃથ્વી ઉપર મનુષ્ય જેવા જણાય છે. તેમનો યોગ થતાં અનંત જીવો પોતાનો મોક્ષ સાધી એ દિવ્ય અક્ષરધામમાં જાય છે તે બીજી કાશી! આવી ઘણી વાતો સદ્‌ગુરુશ્રીના મુખે સાંભળી પંડિતજી વિસ્મય પામ્યા ને પોતાના હૃદયમાં સદ્‌ગુરુશ્રીની છાપ અંકિત કરી પગે લાગ્યા અને શ્રીહરિજીના આશ્રિત બની ગયા.

કોઈ હરિભક્ત તીર્થ કરવા નીકળ્યા હોય કે જઈને આવ્યા હોય ને સદ્‌ગુરુશ્રીના દર્શને આવે ત્યારે પ્રસંગ નીકળે ત્યારે સદ્‌ગુરુશ્રી પૂછે: 'કેટલું ખર્ચ કરી આવ્યા?' હરિભક્ત કહે: 'બસો' કે 'પાંચસો'—જે થયું હોય તે કહે. ત્યારે સદ્‌ગુરુશ્રી કહે: 'આ બધાં રૂપિયા તમે કૂવામાં નાખી આવ્યાં. અમને તો મહારાજની મૂર્તિ, તેમના સંબંધવાળા મુક્તો અને તેમની વાતોના આનંદ સિવાય બધું ય ખોટી થવા જેવું લાગે છે. બધે ય રખડીએ ને ભગવાન કે તેમના મુક્તાના તો દર્શને ય ન થાય, તેમના દિવ્ય સ્વરૂપના આનંદની રસભરી વાર્તા સાંભળવા ન મળે, તેમનો મહિમા—નિશ્ચય જાણવા ન મળે, તો ભગવાન ઓળખાય શી રીતે? એમાં હેત કેમ કરીને થાય? ને ભગવાનથી વંચિત રહેતાં કલ્યાણ શી રીતે થાય? નકરું ખોટી જ થયા ને? સદ્‌ગુરુશ્રી મુક્તાનંદ સ્વામી કહે છે:

કાશી કેદાર કે દ્વારકા દોડે,
પણ જોગની જુક્તિ ન જાણી રે;
ફેરા ફરીને પાછો ઘરનો ને ઘરમાં,
ગોધો જોડાણો જેમ ઘાણી રે.
પીધા વિના પ્યાસ ન ભાંગે,
પંડ્ય પર ઢોળે મર પાણી રે;

મુક્તાનંદ મોહનસંગ મળતાં
મોજ અમૂલખ માણી રે.
સ્વામિનારાયણનું સ્મરણ કરતાં,
અગમ વાત ઓળખાણી રે.

અમે તો ખોટી થયા એમ કહીએ છીએ, પણ આપણા ગુરુ અ. મુ. મુક્તાનંદ સ્વામી તો ઘાંચીના બળદ સમા ગણે છે. માટે જે કાંઈ કરવું તે સમજીને કરવું. સમજ્યા વિના કરીએ તો લાભ ન થાય, સમયની ખોટ જાય. એટલો સમય જો કોઈ ભગવાનના મુક્ત શોધી કાઢીને તેમનો જોગ કરી ભગવાનની વાતો સાંભળીએ તો જીવમાં બહુ બળ આવે. આ તો વખન બગાડચો, રૂપિયા ખોયા ને લૂખા ને લૂખા રહ્યા!

સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી સર્વ સામર્થ્ય યુક્ત હોવા છતાં પોતાનું ઐશ્વર્ય ઢાંકીને વર્તતા. મુક્તાને પોતામાં રહેલું ઐશ્વર્ય જગતને જણાવવા સામી નજર કદાપિ ન હોય. પણ વધુ ને વધુ જીવો ભગવાન સન્મુખ કેમ થાય? એ જ એક તમન્ના હોય. સમાગમ કરવા આવે તેને કાંઈક સામર્થ્ય જણાવવાની જરૂર પોતાને લાગે તો થોડુંક જણાવે તે પણ એટલા માટે કે તે બીજે માયામાં ન લપટાય ને ભગવાનમાં જ જોડાય. તેને ભગવાનની સર્વોપરીતા સમજાવવા માટે અવતાર–અવતારીના ભેદનું જ્ઞાન પરિપૂર્ણ દેખાડી દઢ નિશ્ચય કરાવી ઉપાસના પાકી કરાવી દે અને અનાદિ મુક્ત અને પરમ એકાંતિક મુક્તાની સ્થિતિના ભેદની વિગત પણ સમજાવી દે, જેથી ઉત્તમ સુખ ભોગવવાનાં તમન્ના જાગે અને છતે દેહે અખંડ મૂર્તિમાં રસબસ છું એવું જાણપણું રાખી એવા ધ્યાને યુક્ત અંતર્વૃત્તિએ મૂર્તિ ધારી સુખ ભોગવવા માંડે. એવા ગરજુ મુમુક્ષુને ચાર પ્રકારના પ્રલય જે નિત્ય, નૈમિત્તિક, પ્રાકૃત ને આત્યંતિક તેનું સંપૂર્ણ જ્ઞાન આપે જેથી માયાનું કાર્ય ખોટું થઈ જાય ને ભૂલમાં ય તે સામી નજર ન જાય.

એને ભગવાનના અક્ષરધામનું સીમા રહિતપણું, સગુણપણું –નિર્ગુણપણું, અન્વયપણું ને વ્યતિરેકપણું સમજાવી દે. વળી સમજાવે : "મહાકાળ, નરનારાયણ ને મૂળપુરુષ રૂપ ઈશ્વરોની કાર્યશક્તિ જે માયા છે તે ઉત્પત્તિ વખતે વિસ્તાર પામે છે, તેની સ્થિતિ થાય છે ને કાળે કરીને પ્રલય થાય છે. જ્યારે પ્રલય થાય છે ત્યારે માયા મૂળપુરુષમાં લીન થાય છે. એવા અનંત કોટિ ઈશ્વરો છે. ઈશ્વરોના નિયંતા વાસુદેવબ્રહ્મ પોતાના બ્રહ્મધામમાં રહ્યા થકા પોતાની શક્તિએ કરીને મૂળ-પુરુષના કાર્ય પર નિયંત્રણ રાખે છે. બ્રહ્માંડની ઉત્પત્તિ ટાણે એ મૂળપુરુષ પોતાનું ધામ જે ગોલોક ત્યાં રહી માયા સાથે જોડાઈ પ્રધાનપુરુષ, મહતત્ત્વ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ, વૈરાટ પુરુષ, બ્રહ્મા, વિષ્ણુ, શિવનું સર્જન કરી બ્રહ્માંડ રચે છે. એવા અનંત બ્રહ્માંડોનું સર્જન થાય છે. આત્યંતિક પ્રલય વખતે તે બ્રહ્માંડોનો સંકેલો કરી મૂળપુરુષ પોતાના સ્વામી વાસુદેવબ્રહ્મની સમીપે જઈ ધ્યાન કરીને તેમનું સુખ ભોગવે છે. એવા અનંત કોટિ વાસુદેવબ્રહ્મ પોતાના સ્વામી મૂળઅક્ષરની ઉપાસના કરે છે. તેના તેજદ્વારે દર્શનથી સંતોષ માની પોતાને મળ્યું જે ઐશ્વર્ય તેમાં પરિપૂર્ણતા માની રાચે છે. મૂળપુરુષાદિક ઈશ્વરો અને માયાના કાર્યમાં, જીવ–પ્રાણી-માત્રમાં અન્વય શક્તિએ વ્યાપક એવા મૂળઅક્ષરો પણ અનંત છે. અનંતકોટિ મૂળઅક્ષરો શ્રીજીમહારાજના એક રોમના પ્રકાશની કિરણમાં પરમાણું માફક ઊડતા ફરે છે. આવી મોટપ શ્રીજીમહારાજના અક્ષરધામની કહેતાં તેમના પ્રકાશની છે. આ પ્રકાશરૂપે એટલે અન્વય સ્વરૂપે પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન મૂળઅક્ષરથી માંડીને જીવપ્રાણીમાત્રમાં અણુએ અણુમાં વ્યાપીને રહેલા છે. આમ પોતાનું વ્યાપકપણું સર્વમાં સર્વોપરી સત્તાએ યુક્ત છે. જીવ ઉપર બ્રહ્માથી લઈને મૂળઅક્ષરપર્યંત સર્વનો પણ વ્યાપ ને

કાબુ છે, પણ જ્યારે જીવને ભગવાન કે ભગવાનના મુક્તનો મેળાપ થાય છે ત્યારે કોઈનું કાંઈ ચાલતું નથી, ને જીવાત્મા સેવકભાવે, અક્ષરધામમાં કે શ્રીહરિજીની મૂર્તિમાં રહી દિવ્ય સુખભોક્તા બનીને રહે છે. આવા સર્વોપરી શ્રીજી-મહારાજની પ્રાપ્તિ થતાં તેમના સુખ આગળ અન્ય સૌ ભૂમિકાઓ તુચ્છ લાગે ને તે મૂર્તિ સિવાય ક્યાંય હેત ન રહે. સર્વ ઠેકાણેથી લૂખો થઈ એક દિવ્યમૂર્તિના સુખમાં જ જોડાય. જેને છતે દેહે દઢપણે આવા ભગવાનના મહિમાનું પરિપૂર્ણપણું સમજાણું છે, તે ભક્ત નિર્વિકલ્પ સ્થિતિવાળો છે ને એ સુખને પામી જ રહ્યો છે, લેશમાત્ર અધૂરાપણું નથી. તેના માથે કાળ, કર્મ, માયાનો હુકમ ચાલતો નથી. નિ:શંકપણે ભગવાનનું ભજન કરી અખંડ આનંદેયુક્ત વર્તે છે. તેનું તો કલ્યાણ થઈ જ ચૂક્યું છે પણ તેને વિષે જે હેત રાખે છે ને જે વિશ્વાસ રાખી જોગ કરે છે તેનું પણ તેના જેવું જ કલ્યાણ થાય છે. મહારાજની કૃપાનો આવો અલૌકિક પ્રતાપ છે." આવા દિવ્ય જ્ઞાનની સંપૂર્ણ લટક સદ્‌ગુરુશ્રી વાતની વાતમાં દઢ કરાવી દેતા ને મુમુક્ષુ આ લોકમાં ને પરલોકમાં આનંદની મસ્તી માણતું જીવન જીવતો, અનેરા ઉત્સાહમાં સર્વ ક્ષણે દિવ્યાનંદ અનુભવતો થઈ જતો.

એક વાર એક હરિભકતે સદ્‌ગુરુશ્રીને પૂછયું : સંતકૃપા વડે પુરુષોત્તમરૂપ દૃષ્ટિ કરી પુરુષોત્તમને પામી, પુરુષોત્તમરૂપ વર્તતા મુક્તોને નહાવું, ધોવું, પૂજા–પાઠ, કથા–વાર્તા, વ્રત –ઉપવાસ, દર્શન–આરતી, વગેરે સાધનો કરવાની જરૂર ખરી? સદ્‌ગુરુશ્રી કહે : એમને જરૂર નથી ને એવાં સાધનો એ મુક્ત કરતાં પણ નથી. એ તો પુરુષોત્તમની મૂર્તિમાં રહી સર્વ સાધનાના ફળરૂપ દિવ્ય સુખમાં રસબસભાવે કિલ્લોલ જ કરે છે, પણ જ્યાં સુધી આ લોકમાં એવા મુક્ત દર્શન આપે

છે ત્યાં સુધી સાધનિક મુમુક્ષુ જીવોને મોક્ષમાર્ગમાં ખેંચવા માટે શ્રીજીમહારાજ પોતાના સંકલ્પ દ્વારે વિચરી એ સર્વ પ્રસન્નતાનાં સાધન કરે છે. સ.ગુ.શ્રી મુક્તાનંદ સ્વામી કહે છે કે :

હરિ હરિજનની ગતિ છે ન્યારી,
દેહદર્શી દેખે તેને પોતા જેવા સંસારી.

હરિભકતે પૂછ્યું : ભક્તિ એટલે શું ? સદ્‌ગુરુશ્રી કહે : પ્રગટ ભગવાનમાં માહાત્મ્ય જ્ઞાને સહિત સ્નેહ તે ભક્તિ. ત્યારે પૂછ્યું : પ્રગટ કોને કહેવાય ? તો કહે : ભગવાન અથવા ભગવાનના અવતારરૂપ સંત પૃથ્વી ઉપર વિચરતા હોય તેમને ઓળખીને તેમની જે સેવા કરવી તે પ્રગટની ભક્તિ તુલ્ય કહેવાય. એવા પ્રગટ સંતના જોગ વિના પોતાની મેળે ભગવાનનો સાક્ષાત્કાર થતો નથી. તે સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે :

જેમ હીરો હીરા વડે વેંધીયે,
તેમ થયો સહજ સમાવ;
સંત તે સ્વયં હરિ.
એમ સંતમાં રહ્યા છે શ્રીહરિ,
માટે સંત છે સુખનું ધામ;
સંત તે સ્વયં હરિ.

એમ પ્રગટેલા દીવા વડે જ દીવો પ્રગટે છે.

એક વખત અ.મુ. નારાયણભાઈ અમદાવાદ મંદિરમાં સાંજે સદ્‌ગુરુશ્રીના દર્શને ગયા. કથાની સમાપ્તિ થયા પછી તેમણે સદ્‌ગુરુશ્રીને છેલ્લા વર્તમાન ને મૂર્તિના સુખની વાતો સમજાવવા પ્રાર્થના કરી. ત્યારે સદ્‌ગુરુશ્રીએ રાત્રિના બે વાગ્યા સુધી વાતો કરી. આટલું મોડું થતાં સદ્‌ગુરુશ્રી કહે : હવે મહારાજને પોઢાડો. ત્યારે નારાયણભાઈએ પૂછ્યું : મુકતો સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી રહિત છે અને જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ

અવસ્થાથી પર છે, તો ય નિદ્રા લેતા, ખાતા વગેરે ક્રિયા કરતા જણાય છે; તે શું? સદ્‌ગુરુશ્રી કહે: એમને મતે તો એ ક્રિયા છે જ નહિ. પર્વતભાઈ એક અઠવાડિયું જમ્યા કે પાણી ય પીધા વગર સંપૂર્ણ સ્વસ્થ હતા. અબજીબાપાશ્રી બબ્બે મહિના સુધી સમાધિમાં રહેતાં તો પણ અશક્ત નહોતા જણાતા. ગઢપુરમાં ચાર સંતો અન્નકૂટ માટે ઓરડો ભરેલી મીઠાઈ જમી ગયા. પરમહંસ સંતો નિદ્રાનો ત્યાગ કરી માળા કે ધ્યાનમાં રાત્રિઓ વિતાવતા. એમ એવા મુક્તોને તો દેહનો ભાવ જ નથી, પછી દેહની ક્રિયા કરવાની પણ શું જરૂર હોય? પણ એ તો શ્રીજીમહારાજ જીવના કલ્યાણ વાસ્તે ખાવું-પીવું, નહાવું-ધોવું, આસન-નિદ્રા આદિક સેવા ગ્રહણ કરે છે, જેથી જીવો સરળતાથી મોક્ષ પ્રાપ્ત કરી શકે. નારાયણભાઈએ વળી પૂછ્યું: મુક્તોને નિરાવરણ દષ્ટિ થઈ જાય છે. આપશ્રી આ દિવાલ પાછળ શું છે તે દેખો છો? ત્યારે સદ્‌ગુરુશ્રી કહે: આ દિવાલ પાછળ શું છે તે દેખીએ તેમાં શું, અનંત બ્રહ્માંડ સોંસરું દેખીએ છીએ! તમારે જે પૂછવું હોય તે પૂછો! મહારાજ ને મુક્તોને કોઈ આવરણ આડું આવતું નથી. એ તો સદાય નિરાવરણ જ છે. અક્ષરધામમાં રહ્યા થકા વિચરણ કરતા દેખાય તેમને કયું આવરણ હોય? એક દિવ્ય મૂર્તિ સિવાય કોઈ વાત એમની નજરમાં નથી. સદ્‌ગુરુશ્રીની આવી અલૌકિક દિવ્ય સ્થિતિ જાણી નારાયણભાઈએ સદ્‌ગુરુશ્રીના ખોળામાં માથું મૂક્યું ને સદ્‌ગુરુશ્રી પણ ખૂબ જ રાજી થયા, બંને હાથ તેમના માથે મૂકી વાંસો થાબડી, સર્વ આવરણો થકી નિરાવરણ કરી દિવ્ય મૂર્તિના સુખના અનુભવી કરી દીધા! કૃપામૂર્તિ સંત સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીશ્રીને લાખ લાખ વંદન!!

અ.મુ. અબજીબાપાશ્રી કહેતા: "આ ટાણું મળવું બહુ દુર્લભ છે. વીજળીના ઝબકારે મોતી પરોવી લેવું.

ઓચિંતાનો દેહ પડી જાય કે ઓચિંતાનો જોગ મટી જાય, માટે આ કરો, આ કરો, બીજું બધું પડચું મૂકો. અમારે ઘેર તો એક મૂર્તિનો જ વેપાર છે. મૂર્તિ વિના બીજે રોગી વાની ઊડે છે.'' સદ્ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી પણ આમ જ કહેતા; મુમુક્ષુ જીવો અનુકરણ કરે ને ભગવાનમાં જોડાય તે માટેનો આ ખેલ હતો, લીલા હતી. આ લીલાથી કંઈકનાં કામ થઈ ગયાં, થાય છે અને થશે. મહારાજ ને મુક્તોએ આત્યંતિક કલ્યાણનો ધોરી માર્ગ બાંધ્યો છે, તો મહારાજ ને મુક્તો સામે સુરતા રાખી સમય સુધારી લેવો. આજે તો એવો કૃપાસાધ્ય યુગ છે કે આવા સંતમુક્તો આપણને જાળવી જાળવીને ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચાડી દે છે, તો ગરજવાન થઈ છેડો ધરી કામ સુધારી લેવું.

શ્રી સ્વામિનારાયણ ભગવાન કૃપા કરીને આ પૃથ્વી ઉપર પધાર્યા ને વિચર્યા તે દરમ્યાન તે સમયગાળામાં જે મુક્તો સાથે પધાર્યા તે સૌએ અનેક જીવોને શ્રીહરિજીના સ્વરૂપને વિષે જોડચા. ગૃહસ્થાશ્રમી મુક્તોમાં અ. મુ. શ્રી પર્વતભાઈ એવા જ મોટા મુક્ત હતા. પોતે શ્રી હરિજીની મૂર્તિમાં રસબસ રહી સુખ માણતા હતા, પણ સત્સંગમાં, ગામમાં કે ઘરમાં કોઈને એમની સર્વોત્તમ આધ્યાત્મિક સ્થિતિની ખબર ન હતી, એ તો જયારે શ્રીજીમહારાજે પોતે સૌને સમજ પાડી ત્યારે સૌએ જાણ્યું. ભરસભામાં શ્રીજીમહારાજે પર્વતભાઈને પૂછચું કે તમને કેટલા વર્ષ થયા? ત્યારે તે કહે: સાઠ વર્ષ થયા, પણ તમારી મૂર્તિ સિવાય ક્યારેય કાંઈ દેખ્યું હોય તો પાંચસો પરમહંસના સમ! સાંતી હાંકતાં હાંકતાં માનસી પૂજા કરે તેમાં શ્રીહરિજી પ્રત્યક્ષપણે દહીં – સાકર – રોટલા જમે! સંતહરિભક્તોએ સહિત શ્રીહરિજી તેમને ત્યાં પધાર્યા ત્યારે તેઓ તો મહારાજની પાસે બેસી ગયા, 'ઘરના ધણી ઘરે આવ્યા, પછી મારે કોઈની સરભરા શું કરવાની' એમ કહી બધું શ્રીહરિજીની સેવામાં

અર્પણ કર્યું. પોતાના ચરણમાં અડસઠ તીર્થો દીકરાને દેખાડ્યા હતા. સંકલ્પ કરે ને ચોવીસ અવતાર દેખતા. દીકરો કંઠપ્રાણ સ્થિતિમાં હતો ત્યારે મહારાજનું તેડું આવતા, દીકરાને તે જ સ્થિતિમાં મૂકી ગઢડા જવા નીકળ્યા હતા. વાડી રખેવાળને સોંપી ગઢપુર જાય ને ત્યાં રહ્યા થકા રખેવાળ પોતે ચોરી કરતો હોય તો તેની રખેવાળી કરે! પરસેવે નીતરતા ધૂળ ભર્યા પર્વતભાઈ ખેતરેથી આવે ને શ્રીહરિજી એમને 'મારો વા'લીડો આવ્યો' કહી ભેટે ને પોતાની ગાદી પર બેસારે. પર્વતભાઈ મૂર્તિમાં રહીને ઊડે, દેહનું ભાન છોડી દે, ત્યારે એકાત્મભાવે શ્રીજીમહારાજને કાંટા–ઝાંખરાના ઉઝરડા થાય! ગઢપુર દર્શને જાય ને ક્યારેક તો અઠવાડિયા સુધી અન્નપાણી લીધા વગર મહારાજના દર્શનમાં જ તૃપ્તિ માણ્યાનો સૌને અનુભવ કરાવે. રાજાભાઈ નામના નિઃસ્પૃહ હરિભક્ત મહારાજ પાસે સાધુ થવા જાય, તેમને મહારાજ આજ્ઞા કરે કે પર્વતભાઈનું સાંતી હાંકવા જાઓ, અમે બોલાવીએ ત્યારે આવજો, ને ચૌદ વર્ષે બોલાવ્યા ત્યારે ગયા ને સાધુ થઈ રહ્યા. આવા નિઃસ્પૃહી હરિભક્તોને જેમની સેવામાં ખુદ શ્રીહરિજી મોકલે તેવા પર્વતભાઈની સ્થિતિ કેટલી? ગામના હરિભક્તોને મહારાજ ભલામણ કરે કે પર્વતભાઈની સેવામાં રહેજો. સાઠ સંતોના મંડળે સહિત સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા સમર્થ સંતને મંડળધારી કરી અગત્રાઈ પર્વતભાઈની પાસે છ મહિના માટે મોકલ્યા. ત્યારે ગામના સીમાડામાં કાળ પેસી ન શકે તેટલી દિવ્યતા. આવા સંતોની સભા ઝાડને છાંયે બેઠેલી ને બાવળનું વૃક્ષ હસ્યું; પર્વતભાઈ કહે મુક્તો તેની છાંયામાં બેઠા તેથી આનંદ પામી હસે છે, પૂછો તેને. બાવળે પોતાનું હસવાનું એ જ કારણ કહી બતાવ્યું! ધામમાં જવા ટાણે કહે કે આ ટાણે મારી નજરે ચડ્યા તે સર્વેને હું શ્રીજીમહારાજને લઈને ધામમાં તેડવા આવીશ. આવું સામર્થ્ય ને આવાં આશ્ચર્યભર્યાં

જીવનભરના જેના પ્રસંગો છે છતાં ય સાવ સાદા ગરીબડા જેવા લાગે ને તેમની મહાનતાનો કોઈને અણસાર પણ ન આવે. એ જ એમની સુખભોક્તાની સ્થિતિની સાક્ષી પૂરે છે! તે છતાં વર્તમાન કેવાં પાળે? શ્રીહરિએ સંતોને ખટરસનાં વર્તમાન આપ્યા ત્યારે પર્વતભાઈ પણ એ રીતે વર્ત્યા! છતાં કોઈ કાંઈ જાણી ન શકે કે પર્વતભાઈ આવાં કડક વર્તમાન પાળે છે! એ તો મહારાજ પોતે બધાંને કહી દેખાડે ત્યારે સૌ પર્વતભાઈનો મહિમા સમજી ધન્યતા અનુભવતા. શ્રીહરિ એક વાર શેરડી જમાડતા હતા ત્યારે પર્વતભાઈ આવ્યા. તેમને પ્રસાદી આપવા માંડી ત્યારે કહે: મારા ઈષ્ટદેવ ન જમે ત્યાં સુધી મારાથી પ્રસાદી ન લેવાય! મહારાજ કહે: તમારો ઈષ્ટદેવ તો હું છું, હું તો જમું છું. બીજો કોઈ ઈષ્ટદેવ છે? ત્યારે કહે: આ સંતો પણ મારા ઈષ્ટદેવ છે, એ ખટરસને ખોટા કરી બેઠા છે ને મહારાજ! હું શેરડી શી રીતે જમાડું? એ જ ટાણે સંતોને તેડાવી શ્રીહરિજીએ ખટરસના વર્તમાન છોડાવ્યાં! આવા મહાન સ્થિતિવાળા પર્વતભાઈ છતાં ય આખા સત્સંગનો કેવો મહિમા, કેવું દાસપણું ને કેવો દિવ્યભાવ? આવા સંતો–મુક્તો શ્રીહરિજી સત્સંગને વિષે લાવ્યા હતા. સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીશ્રી પણ શ્રીહરિ–ઈચ્છાથી પધારેલા એવા પ્રતાપી મહામુક્ત હતા. આવા અનાદિ મુક્તોને મુમુક્ષુ માટે મહારાજ મોકલતા જ રહે છે. તે તેમની આપણા ઉપર અપાર કૃપા છે.

## ૭. "પારસથી પારસ કેમ થવાય?"

જ્ઞાની જાણે કે હું સમજાવી દઉં, લેખક જાણે કે હું લખાણમાં લપટાવી લઉં, સંગીતજ્ઞ જાણે કે હું સૂરોમાં શોભાવી દઉં! આમ સર્વ ક્ષેત્રના નિષ્ણાતો વિચાર્યા જ કરે છે કે આવા મહારાજ અને આવા મુક્તોને આપણે જગતમાં ઝળકાવી દઈએ! રજકણ જાણે કે હું પર્વતને પરખાવી દઉં, બિંદુ જાણે કે હું સમુદ્રનો સાર કાઢી લઉં! પણ ભગવાનના આ દિવ્ય સ્વરૂપના અગાધ ઊંડાણને નાનકડી ચાંચ કેમ માપી શકે? એ તો એમને આશરે જઈ, સમગ્ર અસ્તિત્વ સમર્પણ કરી ઓગળી જાય ત્યારે જ એ સર્વોપરી સ્વરૂપને પમાય. શ્રીહરિજીના લાડીલા આપણા સદ્‌ગુરુશ્રી વૃંદાવન-દાસજી સ્વામીના જીવનનું વર્ણન આ દિશામાં આગળ વધતા મુમુક્ષુઓને દીવાદાંડીરૂપ બની રહેશે. તેમની મહાનતા અનુભવવાની હતી, મુમુક્ષુઓએ તે અનુભવી હતી ને કૃતકૃત્ય બન્યા હતા.

પાટડીમાં અ.મુ. નાગજીભાઈને અબજીબાપાશ્રીની કૃપાથી સાક્ષાત્કારની સ્થિતિ થયેલી. તેમણે સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી તથા સ.ગુ.શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી સાથે સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામીને પાટડી તેડાવેલા. ત્યારે મોતીલાલભાઈ નામે એક ઉત્તમ મુમુક્ષુ સદ્‌ગુરુઓના જોગમાં આવ્યા. સદ્‌ગુરુઓની દિવ્ય પ્રતિભાથી તેઓ અંજાયા. તેમની સાથે ને સાથે કચ્છમાં પણ દર્શને ગયા. આમ એક જ ધારો અઢી માસ પર્યંત આવા નિર્ગુણ, કલ્યાણકારી સંતો ભેળા રહેવાનો લાભ મળ્યો. માહાત્મ્યે સહિત શ્રદ્ધા, ભક્તિ ને નિષ્કામભાવે હેત હતાં. અનાદિ મુક્તની સ્થિતિની સમજણ – મૂર્તિમાં રસબસ રહેવાની ઘેડચ બેસતાં – સદ્‌ગુરુઓએ તેમના

જીવમાં મૂર્તિ પધરાવી સુખભોક્તા કર્યા. અમદાવાદ રહેવા આવી સદ્‌ગુરુશ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામીનો જોગ કરતા. તે સદ્‌ગુરુશ્રી ધામમાં પધારતા, સરસપુર સ.ગુ.શ્રી ઈશ્વરચરણ-દાસજી સ્વામીનો જોગ કરવા જતા. આ સદ્‌ગુરુએ અમદાવાદ મંદિર નજીક પડે તેથી સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામીનો જોગ કરવા તેમને સૂચવ્યું. તેથી સ.ગુ.શ્રીના આસને એમની સાથે અન્ય અનેક મુમુક્ષુ હરિભક્તોએ પણ શક્ય તેટલો એકધારો સમાગમ શરૂ કર્યો. શ્રીજીમહારાજ ને અનાદિ મુક્તોનો અગાધ મહિમા, સુખભોક્તાની રીત, ઉત્તમ સ્વામીસેવકભાવે મુક્તોની શ્રીહરિ સંગ એકતાનો અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય દૃઢ કરાવી સદ્‌ગુરુશ્રીએ સૌને ઉત્તમ પાત્ર બનાવ્યા. શ્રીહરિજીના પ્રતિમા સ્વરૂપમાંથી પ્રતિમાભાવ અને મનુષ્યરૂપે વિચરતા મુક્તોમાંથી મનુષ્યભાવ ટાળી દિવ્યભાવ કરાવ્યો. સિદ્ધસ્થિતિવાળા મુક્તો શ્રીહરિજીની મૂર્તિનું સુખ સન્મુખભાવે લે છે, જેમને પરમ એકાંતિક મુક્તોની સ્થિતિ કહે છે, તેની સમજ આપી સત્સંગમાં એકાંતિક ને ચાલોચાલ હરિભક્તોની રીત પણ સમજાવી. ઝાડમાં રસ વ્યાપીને રહ્યો છે તેમ મૂર્તિમાં અનાદિ મુક્તો સેવકભાવે રહ્યાં છે ને છાલ વૃક્ષને ચોંટી રહી છે તેમ પરમ એકાંતિક મુક્તો રહેલા છે. કોઈનાય આવરણ સિવાય સૌને આગવી મૂર્તિ! એ રીતે સુખભોક્તાપણું છે તે વાતનો અનુભવ કરાવ્યો. વળી મૂળઅક્ષરથી માંડીને જીવપર્યંત ઐશ્વર્યાર્થીઓના અને માયા સબળિત દેવોની વિગત સમજાવી શ્રી સ્વામિનારાયણ ભગવાન એ જ એક પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે એ વાતની પણ દૃઢતા કરાવી દીધી. શ્રીજીમહારાજે સ્થાપેલ સત્સંગ બગીચો ખીલવનાર સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી જેવા પરમહંસો, પર્વતભાઈ જેવા ગૃહસ્થો તેમ જ દાસપંક્તિમાં સ.ગુ. નિર્ગુણદાસજી સ્વામી તથા સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી

સ્વામી આદિ સંતો તથા અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીની કૃપાનો લાભ મોતીલાલભાઈ સહિત અનેક હરિભક્તોએ સદ્‌ગુરુશ્રીની કૃપાથી અનુભવ્યો. ત્યારે સૌ પોતાના મહા મોટા ભાગ્ય માની સંતસાંનિધ્યમાં અપૂર્વ આનંદ માણવા લાગ્યા.

એક વખત સદ્‌ગુરુશ્રી પાટડીથી મૂળી જવા માટે સ્ટેશને બેઠા હતા, ત્યાં ટપાલખાતાનું કામ કરતા એક હરિભક્ત સદ્‌ગુરુશ્રી પાસે આવી કહે : હું જ્યારે ધ્યાન કરું છું ત્યારે રાતા–પીળા એવા તણખા દેખાય છે તે શું હશે? સદ્‌ગુરુશ્રી કહે : પૃથ્વી, જળ, તેજ, વાયુ વગેરે આવરણનું પ્રધાનપણું હોય ત્યાં સુધી એમ જણાય. મંદિરમાં દર્શને આવતા રહેજો, મહારાજ બધું સારું કરશે. પછી થોડા વખતે સદ્‌ગુરુશ્રી પાટડી પધાર્યા ત્યારે તેઓ મંદિરમાં આવ્યા. સદ્‌ગુરુશ્રીએ તેમને ધ્યાનના અંગની વાત કરી માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા ને તેમની વૃત્તિ મહારાજની મૂર્તિમાં તદાકાર થઈ ગઈ. ત્રણ કલાક ધ્યાનમાં ઊંડા ઊતરી ગયા. જાગીને સદ્‌ગુરુશ્રીને દંડવત્ કરતાં દીનપણે પ્રાર્થના કરી કે મારા ઉપર બહુ દયા કરી, મારો જન્મ સુફળ કર્યો. સદ્‌ગુરુશ્રી કહે : આ રીતે મહારાજમાં વૃત્તિ નિરંતર રાખજો, તો અખંડ સુખમાં રહેવાશે. એમ કૃપા જણાવી સુખિયા કર્યા.

એકવાર ધ્રાંગધ્રામાં બાળમંડળને સદ્‌ગુરુશ્રીને પ્રસન્ન કરવાની બહુ જ ધગશ થઈ! પણ રીત ન જાણે કેમ કરી પ્રસન્નતા મેળવવી. અ.મુ. પ.પૂ. સોમચંદભાઈને વાત કરી : અમારે સદ્‌ગુરુશ્રીને પ્રાર્થના કરવી છે કે તેઓશ્રી અમો સૌ બાળકો પર પ્રસન્ન થઈ રૂડા આશીર્વાદ આપે. એ માટે કાંઈક કરો. ભાવતું'તું ને વૈદે બતાવ્યું પછી કાંઈ કસર રહે ખરી? સોમચંદભાઈ પણ અક્ષરધામમાંથી સદ્‌ગુરુઓ સાથે આવેલા મહામુક્ત હતા. બાપાશ્રી અને સદ્‌ગુરુઓ સાથે રહી સત્સંગમાં

આનંદોત્સવની પ્રસંગે પ્રસંગે રમઝટ બોલાવતા. બાપાશ્રીને રાજી કરી 'ઠાવકા પંડ્યા' ને 'ગરીબડા સેવક' સમી આશીર્વાદની છાપો પામી ચૂક્યા હતા. સદ્‌ગુરુશ્રી ક્યાં બિરાજે છે તેની તપાસ કરાવી તો સદ્‌ગુરુશ્રી હરિભક્તોને ત્યાં પધરામણીએ ફરતા હતા. અ.મુ. ગાંધી વેલશીભાઈને ત્યાં બાળકોને લઈને સોમચંદભાઈ પહોંચી ગયા ને સદ્‌ગુરુશ્રીને પ્રાર્થના કરી કે આ બાળકો આપશ્રીનો રાજીપો ને આશીર્વાદ ઝંખે છે તો કૃપા કરો! ત્યાં જ બાળકો ઉપર અમૃતદૃષ્ટિ કરી ને બોલ્યા: ભલે મહારાજ! બાળકોએ પ્રાર્થના શરૂ કરી :

નમન હું કરું વિશ્વ પાડને, કરગરી કહું ભક્તિબાળને;
અરજ માયરી ઉરમાં ધરો, વિપત માયરી શ્રીહરિ હરો.

આવી પ્રાર્થના સાંભળી સદ્‌ગુરુશ્રી ખૂબ જ પ્રસન્નતા જણાવી બોલ્યા: અમો સદાય તમારી સાથે છીએ એમ માનજો. આજથી તમોને ભેગા રાખ્યા છે. મહારાજની સેવા–ભજન–કીર્તન કરજો. આમ આશીર્વાદ આપી સર્વના માથે હાથ મૂકી ખૂબ રાજી થયા. ધ્રાંગધ્રા સત્સંગમંડળ દિવ્ય મોજ માણી ગયું!

આવા સત્સંગના વાતાવરણમાં ઊછરતા કૂમળા ફૂલ જેવા એક સાવ નાના બાળકને સદ્‌ગુરુશ્રીએ સહજ પૂછ્યું: "તું ક્યાંથી આવ્યો છે?" ત્યારે તે કહે: "અક્ષરધામમાંથી આયો છું." "શું કરવા આવ્યો છું?" તો કહે: "લમવા! લમીને પછી મહારાજ મને અક્ષલધામમાં લઈ જશે!" એમ કહી તેણે વડીલવૃદ્ધનો (સદ્‌ગુરુશ્રીનો) પગ લઈ માથે મૂક્યો, છાતીએ ચાંપ્યો ને બથમાં ઘાલીને મળ્યો! શું તેનો આ ખેલ સત્સંગના દિવ્યભાવના પડેલા એક પડઘાના રણકાર સમો નથી લાગતો!

કારિયાણીમાં સદ્‌ગુરુશ્રી મંડળે સહિત પધાર્યા. પટેલ નારાયણભાઈએ બ્રાહ્મણ નરભેરામભાઈ પાસે રસોઈ કરાવીને સંતોને થાળ જમાડવા વિનંતી કરી. સદ્‌ગુરુશ્રી કહે: રસોઈ

તો સંતો કરશે. ત્યારે નરભેરામભાઈ બોલ્યા : મારા હાથની રસોઈ જમાડવામાં વાંધો ખરો? સદ્‌ગુરુશ્રી કહે : તમે વર્તમાન ધાર્યાં નથી તેથી ન જમાડાય. ત્યારે તેઓ કહે : તો તમે વર્તમાન ધરાવો. સદ્‌ગુરુશ્રી કહે : એમ રસોઈ જમાડવા વર્તમાન ન ધરાવાય! ઠાકોરજીના થાળની પવિત્રતા જળવાય એવી ક્રિયા પહેલા શીખવી પડે. નરભેરામભાઈ સાચા મુમુક્ષુ હતા, તેમને સદ્‌ગુરુશ્રીનો ગુણ આવ્યો. વર્તમાન લેવા ઉત્કંઠા જાગી, ને અમદાવાદ આવી બ્રહ્મચારી બાળમુકુંદાનંદજી પાસે વર્તમાન ધાર્યા, કંઠી બાંધી. કારિયાણી પાછા આવી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરી સદ્‌ગુરુશ્રી પાસે આવી વર્તમાનની માગણી કરી. ત્યારે અંતર્યામીપણું જણાવી સદ્‌ગુરશ્રી બોલ્યા કે તમે બાળમુકુંદાનંદજી બ્રહ્મચારી પાસે વર્તમાન ધરાવ્યા છે ને! પણ જો મારી પાસે વર્તમાન ધરાવવાં હોય તો હું કહું તેમ કરવું પડશે. આ આડું તિલક કરો છો તેને બદલે અમારી માફક ઊર્ધ્વપુંડ્ર તિલક ચાંદલે સહિત કરવું પડશે, ઠાકોરજીને ધર્માદો આપવો પડશે વગેરે, વગેરે. આ સર્વ વાતોની હાથ જોડીને હા પાડતાં સદ્‌ગુરુશ્રીએ વર્તમાન ધરાવ્યાં, આશીર્વાદ આપ્યા ને તેમનું ભગવત્ ભક્તિનું અંગ દિવસે દિવસે વૃદ્ધિ પામતું ગયું. આમ સદ્‌ગુરુશ્રીના જોગથી સત્સંગમાં ખેંચાઈ આવ્યા.

ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને જનોઈ આપવાના શુભ પ્રસંગે અ. મુ. અબજીબાપાશ્રી સંઘે સહિત અમદાવાદ પધાર્યા હતા, ત્યાંથી વડતાલ દર્શને આવ્યા ને આંબાવાડિયામાં ઉતારો કર્યો. બાપાશ્રીએ સંઘના હરિભક્તોને વારાફરતી જાગવાની ભલામણ કરી. ત્યારે કાણોતરના બાપુભાઈ કહે: બાપા! હું ચોકી કરીશ. તે આખી રાત જાગીને સંઘ ફરતી પ્રદક્ષિણાઓ કરતાં તેમણે ચોકી કરી. સવારે નાહી, પૂજા કરી બાપુભાઈ જ્યારે બાપાશ્રીના દર્શને આવ્યા

ત્યારે બાપાશ્રી કહે: તમે ભારે સેવા કરી. આ સેવા બદલ તમને શું આપીએ? ત્યારે તે કહે: બાપા! આ સંઘે સહિત કાણોતર પધારો. બાપાશ્રી કહે: અત્યારે તો નહિ અવાય, પણ ટાણે આવી પહોંચીશું! એમ કહી રાજીપો બતાવ્યો. બાપુભાઈ કાણોતર ગયા ને સંઘની રાહ જુવે. એમ કરતાં તેઓ માંદા પડ્યા ને બાપાશ્રીને સંભારવા લાગ્યા. ત્યારે ખાટલામાં સૂતાં સૂતાં તેમને સંઘે સહિત બાપાશ્રી તથા સંતોની મધ્યસ્થ શ્રીજીમહારાજ બિરાજે છે એવા દર્શન થયા. ત્યારે તે બોલ્યા: આપેલા વચન પ્રમાણે બાપાશ્રી શ્રીજીમહારાજને લઈને પધાર્યા ખરા! આ વખતે સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી નળકાંઠાના ગામડાંઓમાં ફરતા હતા. ત્યાં દેવથળના ડાહ્યાભાઈ સદ્‌ગુરુશ્રીના દર્શન કરવા આવેલ. તેમને સદ્‌ગુરુશ્રીએ વાત કરી કે અત્યારે કાણોતરના બાપુભાઈને બાપાશ્રી દિવ્ય સંઘે સહિત દર્શન આપે છે! આમ મોટા પુરુષ દિવ્ય દૃષ્ટિએ સઘળું જાણતા- દેખતા હોય છે.

માલવણ ગામના સુંદરભાઇ નામના ખોજા સત્સંગી –સંતો પ્રત્યે ખૂબ ગુણભાવ રાખતા. એક વખત સદ્‌ગુરુશ્રીની વાતો સાંભળી ખૂબ પ્રભાવિત થયા. સદ્‌ગુરુશ્રીએ તેમને પૂછ્યું: કેમ! કલ્યાણની હા પડે છે? ત્યારે તેઓ કહે: તમારે સંતોને શું? તમે તો જડ અને ચૈતન્ય જેના ધારો તેનાં કલ્યાણ કરી નાખો! ત્યારે સદ્‌ગુરુશ્રી કહે: જડનાં કલ્યાણ કરવા સહેલાં, પણ તર્કબુદ્ધિવાળા વિશ્વાસ ન રાખે, મોટા પુરુષના વચન ન માને તેનું કલ્યાણ થવું કઠણ. વચન મનાય તો કલ્યાણ થાય. એમ કહી સુંદરભાઈને કલ્યાણ થવાનું વચન આપ્યું. આવા કૃપાવંત હતા આ સદ્‌ગુરુશ્રી!

સદ્‌ગુરુશ્રીના મંદવાડ વખતે તેમનો ખાટલો મંદિરમાં માંદા સાધુ માટેની જગ્યા જે 'ઈસ્પિતાલ' તરીકે ઓળખાય છે

તેમાં હતો. પોતાની મેળે ઉઠી બેસી શકે તેવી પરિસ્થિતિ ન હતી, છતાં ઘણાં હરિભક્તોએ સદ્‌ગુંરુશ્રીને વહેલી સવારે, મંગળા આરતી પહેલાં, શ્રી ઘનશ્યામ મહારાજની પ્રદક્ષિણા કરતા રંગમોહોલમાં દેખ્યા. સદ્‌ગુરુશ્રીએ દિવ્ય તેજોમય દર્શન દઈ હરિભક્તોને રાજી કર્યા હોય એવા પણ ઘણાં દાખલા છે. વળી મંદિરમાં પધરાવેલી મૂર્તિઓમાંથી મહારાજ પ્રગટ થઈ સદ્‌ગુરુશ્રી સાથે વાત કરી હોય, દિવ્યદર્શન આપ્યા હોય તેવા ઘણાં અનુભવો પણ થયાં છે. આવાં તો અનેક અનુભવો છે, પણ સદ્‌ગુરુશ્રીની સાચી મહાનતા કાંઈ એ લખવાથી વિશેષ વધી જતી નથી. એમની મહાનતા તો એમની શ્રીજી-મહારાજની મૂર્તિના સુખભોક્તાની સ્થિતિની હતી અને અન્યને સુખભોક્તા કરી દેવામાં સમાયેલી હતી, જે ચિરકાળ પર્યંત પ્રેરણાદાયી રહેશે.

આવા સંતની મોટપ તો શ્રીહરિએ શ્રીમુખે કહેલ છે, તે સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'શ્રી પુરુષોત્તમ પ્રકાશ', પ્ર. ૪૧માં જણાવે છે :

સંત હું ને વળી હું તે સંત રે,
એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મૂર્તિ રે,
એમાં ફેર નથી એક રતિ રે.

કોઈ પણ લેખક કે કવિ આવા સંતનો મહિમા સમજી સમજીને શું સમજાવી શકશે? ખુદ પરમાત્મા એક જ વાતમાં સંતની પૂર્ણતા છતી કરે છે 'સંત તે હું ને હું તે સંત' આટલું જાણી એમ થાય છે ને કે ઉત્તમ શ્રેય એવા સંતના સમાગમથી એવા સંત બનવામાં છે!

આવા સંતને પારસમણિ સાથે સરખાવી કવિ પ્રીતમદાસ રજૂઆત કરે છે :

એક પારસથી પારસ બને,
એક પારસથી હેમ હોય;
એક પારસ લોહને કુંદન કરે,
સો વર્ષે લોહ નવ હોય.

આવા સંતોનાં જીવનચરિત્રો લખવાં, વાંચવાં એ પારસમણિને લોઢું સ્પર્શે તેવી જ પ્રક્રિયા છે. પુસ્તક દ્વારા, સંત વાર્તા વાંચીએ કે કોઈના મુખે એ વાર્તા સાંભળીએ કે એવા સંત પાસે રૂબરૂ જઈ તેમને સેવીએ – આ સર્વે પ્રત્યક્ષ સંત-સમાગમ જેવો જ લાભ છે. છતાં લોઢું તે લોઢું જ કેમ? એ વાત સમજાવતાં બાપાશ્રી કહે છે: "જોગ તો કરો છો પણ ઉપર ઉપરનો. એમાં શું દહાડો વળે? મોટા પુરુષનો જોગ તો અંતરથી ને બહારથી જીવ જોડીને કરવો જોઈએ. સંતના દુ:ખે દુ:ખી થવાય તો બહારથી જીવ જોડચો કહેવાય. તે કેમ તો જેમ આપણા દેહમાં એક અંગનું દુ:ખ આખા ય દેહને દુ:ખી થતો દેખાડે છે તેમ સંતના દુ:ખનો સ્પર્શ આપણા અંગોઅંગમાં થાય તો બહારથી જીવ જોડચો કહેવાય. અને આ સંત દિવ્ય મૂર્તિ છે, કલ્યાણના દાતા છે ને પુરુષોત્તમરૂપ છે, એમની સેવા ભગવાનની સેવા તુલ્ય છે, એમ માની સર્વે ઘાટ સંકલ્પોનો ત્યાગ કરી અંતર્વૃત્તિએ પોતાના જીવાત્માને સંત સાથે જોડે એટલે સંતને પોતાનું સ્વરૂપ માની મહારાજ સાથે એકતા કરે અને એવી એકતામાં તૂટક વૃત્તિ થતાં દેહ પડી જાય એવું વસમું લાગે તો જાણવું કે અંતર્વૃત્તિએ જીવ જોડચો છે." આ રીતે પારસમણિ–લોઢાંનો સંબંધ થાય ત્યારે પારસ થવાય!

આવા સંત આપણને મળ્યા, તેમને ઓળખાવનારા પણ મળ્યા. આપણને સાચી જાણ થઈ છતાં ય માયાના ખાબોચિયામાં ખદબદ કર્યા કરીએ તો વખત વહી જશે! અનંત કોટિ બ્રહ્માંડ અને ઠેઠ મૂળઅક્ષર પર્યંત એવી કોઈ

વસ્તુ નથી કે જે શ્રીજીમહારાજ અને તેમના મુકતોથી અધિક કે વિશેષ હોય ! આ લોકનું તો બધું છાણ- માટીનાં રમકડાં જેવું છે. કયું સારું ને કયું ખરાબ ! તે વાત સમજાવતાં બાપાશ્રી કહેતા કે બાળકને હીરો ને કોડી આપીએ તો તે ઘડીકમાં કોડી ફગાવી દે ને હીરાથી રમે ને વળી ઘડીકમાં હીરો ફગાવી, કોડીથી રમે ! આવાં મહારાજ ને મુક્તો મળ્યા છે તો આવી આપણી બાળક સમી સમજણનો ત્યાગ કરી દેવો જોઈએ. સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી જેવા સંતનો જોગ થાય ને સાચા ભાવે જોડાઈ જવાય તો છેક મહારાજની મૂર્તિમાં રસબસ કરી મૂકે !

એક પારસથી પારસ બને,
એક પારસથી હેમ હોય;
એક પારસ લોહને કુંદન કરે,
સો વર્ષે લોહ નવ હોય.

આવા સંતોનાં જીવનચરિત્રો લખવાં, વાંચવાં એ પારસમણિને લોઢું સ્પર્શે તેવી જ પ્રક્રિયા છે. પુસ્તક દ્વારા, સંત વાર્તા વાંચીએ કે કોઈના મુખે એ વાર્તા સાંભળીએ કે એવા સંત પાસે રૂબરૂ જઈ તેમને સેવીએ – આ સર્વે પ્રત્યક્ષ સંત-સમાગમ જેવો જ લાભ છે. છતાં લોઢું તે લોઢું જ કેમ? એ વાત સમજાવતાં બાપાશ્રી કહે છે: "જોગ તો કરો છો પણ ઉપર ઉપરનો. એમાં શું દહાડો વળે? મોટા પુરુષનો જોગ તો અંતરથી ને બહારથી જીવ જોડીને કરવો જોઈએ. સંતના દુ:ખે દુ:ખી થવાય તો બહારથી જીવ જોડયો કહેવાય. તે કેમ તો જેમ આપણા દેહમાં એક અંગનું દુ:ખ આખા ય દેહને દુ:ખી થતો દેખાડે છે તેમ સંતના દુ:ખનો સ્પર્શ આપણા અંગોઅંગમાં થાય તો બહારથી જીવ જોડયો કહેવાય. અને આ સંત દિવ્ય મૂર્તિ છે, કલ્યાણના દાતા છે ને પુરુષોત્તમરૂપ છે, એમની સેવા ભગવાનની સેવા તુલ્ય છે, એમ માની સર્વે ઘાટ સંકલ્પોનો ત્યાગ કરી અંતર્વૃત્તિએ પોતાના જીવાત્માને સંત સાથે જોડે એટલે સંતને પોતાનું સ્વરૂપ માની મહારાજ સાથે એકતા કરે અને એવી એકતામાં તૂટક વૃત્તિ થતાં દેહ પડી જાય એવું વસમું લાગે તો જાણવું કે અંતર્વૃત્તિએ જીવ જોડયો છે." આ રીતે પારસમણિ–લોઢાંનો સંબંધ થાય ત્યારે પારસ થવાય!

આવા સંત આપણને મળ્યા, તેમને ઓળખાવનારા પણ મળ્યા. આપણને સાચી જાણ થઈ છતાં ય માયાના ખાબોચિયામાં ખદબદ કર્યા કરીએ તો વખત વહી જશે! અનંત કોટિ બ્રહ્માંડ અને ઠેઠ મૂળઅક્ષર પર્યંત એવી કોઈ

વસ્તુ નથી કે જે શ્રીજીમહારાજ અને તેમના મુક્તોથી અધિક કે વિશેષ હોય ! આ લોકનું તો બધું છાણ-માટીનાં રમકડાં જેવું છે. કયું સારું ને કયું ખરાબ ! તે વાત સમજાવતાં બાપાશ્રી કહેતા કે બાળકને હીરો ને કોડી આપીએ તો તે ઘડીકમાં કોડી ફગાવી દે ને હીરાથી રમે ને વળી ઘડીકમાં હીરો ફગાવી, કોડીથી રમે ! આવાં મહારાજ ને મુક્તો મળ્યા છે તો આવી આપણી બાળક સમી સમજણનો ત્યાગ કરી દેવો જોઈએ. સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી જેવા સંતનો જોગ થાય ને સાચા ભાવે જોડાઈ જવાય તો છેક મહારાજની મૂર્તિમાં રસબસ કરી મૂકે !

## ૮. દિવ્ય ખજાનાનું દાન

અમદાવાદમાં સદ્‌ગુરુશ્રીનાં દર્શને મૂળીથી સંતો આવેલા તે આસને સભા ભરાઈને બેઠી હતી. સભામાં સ્વામીશ્રી ભગવત્સ્વરૂપદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી પણ હતા. સદ્‌ગુરુશ્રી મહારાજના દિવ્ય સુખની વાતો કરતા હતા. તેમણે પૂછ્યું : મહારાજનું સુખ ટાઢું સારું કે ઊનું? ત્યારે સંતો કહે : સુખ તો ટાઢું સારું! ત્યારે સદ્‌ગુરુશ્રી બોલ્યા જે રોટલી–રોટલાં ઊનાં હોય તો સારાં લાગે, દસ પંદર દિવસનાં ટાઢાં કાંઈ સારાં લાગે? મહારાજે ને મોટા મુક્તોએ ચમત્કાર જણાવી કોઈને સુખ આપ્યાં હોય, એવી થઈ ગયેલી વાતો કરવી તે ટાઢું સુખ કહેવાય; અને મહારાજનું ધ્યાન કરતાં મૂર્તિમાંથી જે નવાં નવાં સુખ મળે તે ઊનું (તાજું–તરતનું) સુખ કહેવાય! મોટા મુક્ત થઈ ગયેલા ચમત્કાર–પ્રતાપની વાત કરતા કરતા પોતે જોગ કરનારને મૂર્તિના દિવ્ય સુખમાં રમણ કરતા કરી દેતા.

સદ્‌ગુરુશ્રી ભુજ પધાર્યા હતા ને સભામાં શ્રીહરિજીના મહિમાની વાતો કરતાં કરતાં

"રસબસ હોઈ રહી રસિયા સંગ
જયૂં મિસરી પયમાંહી ભળી"

એ કીર્તનની ટૂંક બોલ્યા ને કહ્યું : મૂર્તિમાં રસબસ રહેવું એ છેલ્લો સિદ્ધાંત છે. ત્યારે ભુજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી કહે : આ વાત સમજાણી નહિ. સદ્‌ગુરુશ્રી કહે : નહિ સમજાય ત્યાં સુધી ગરબડ છે, અને ટાણું આવશે ત્યારે સમજાશે અને મનાશે. પછી સંતો અ.મુ. અબજીબાપાશ્રી પાસે વૃષપુર આવ્યા ને બ્રહ્મચારી પણ પાછળથી વૃષપુર આવ્યા. સભામાં બાપાશ્રી અનાદિ મુક્તની મૂર્તિમાં રસબસ રહેવાની સ્થિતિની વાત કરતા હતા તે સાંભળી બ્રહ્મચારી મહારાજને તે સ્થિતિની

પ્રતીતિ થવા માંડી. સભા પૂરી થતાં બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ બાપાશ્રી પાસે આવી પ્રાર્થના કરી કે આ વાતો થઈ તે પ્રમાણે સુખ આવે એવી દયા કરો. બાપાશ્રીએ હાથમાં પાણી આપી મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા, ને તરત જ નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ. શ્રીજીમહારાજ કચ્છમાં સાત વર્ષ વિચર્યા હતા તે બધાં પ્રસાદી સ્થાનોના દિવ્ય દર્શન થવા લાગ્યાં. લીલા ચરિત્રો ઈદમ્ દેખાયાં. તે લીલા ચરિત્રનો 'પુરુષોત્તમ લીલામૃત સુખ સાગર' નામનો ગ્રંથ તૈયાર કર્યો. આમ, સદ્‌ગુરુશ્રીના સૂચનથી રસબસ રહેવારૂપ અનાદિ મુક્તની સ્થિતિ અબજીબાપાશ્રીની કૃપાથી પામ્યા, પોતે એમ કહેતા કે શ્રીજીમહારાજે મારા ચૈતન્યને આકર્ષણ કરીને મૂર્તિમાં રાખ્યો છે.

સદ્‌ગુરુશ્રી એક વાર નળકાંઠાના ગામડાઓમાં ફરતા હતા. રસ્તામાં એક મુમુક્ષુ મળ્યો. તેને મહારાજના મહિમાની વાતો કરી ને વર્તમાન ધારવા કહ્યું. વર્તમાન ધારવા પાણી માટે પોતાના સાધુ કૃષ્ણકેશવદાસજીને કહ્યું : જુઓ તો તુંબડીમાં ગરણું લીલું છે? તેઓએ ખંભેથી તુંબડી ઉતારી ત્યાં તેમાં પાણી ભરેલું દેખાયું! પાણી જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. વર્તમાન ધરાવ્યાં ને પોતે પણ પાણી મહારાજને ધરાવ્યું. આમ, મુમુક્ષુને ભગવાનમાં જોડવા નવીનતા પ્રગટ કરતાં મહામુક્તને જરા પણ વાર લાગતી નથી.

સદ્‌ગુરુશ્રીએ મૂળીમાં એક વખત વાત કરી કે આપણે ત્રણ ચોપડીનું જ્ઞાન જાણવું, તેમાં બધુંય આવી જાય. તેમાં પહેલી ચોપડીનું જ્ઞાન તે ગઢડા પ્રથમ પ્રકરણનું પહેલું વચનામૃત, જેમાં મહારાજે મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની વાત કરી છે. મૂર્તિનું મનન કરવું, ચિંતવન કરવું. બીજી ચોપડીનું જ્ઞાન તે ગઢડા મધ્ય પ્રકરણનું તેરમું વચનામૃત.

તેમાં કહ્યું છે કે તેજના સમૂહને મધ્યે શ્રીજીમહારાજ સદાય બિરાજમાન છે, એ મૂર્તિને ફરતા મુક્તામંડળ ભરાઈને બેઠાં છે, તમે પણ ત્યાં જ બેઠા છો, એ વાતનું અખંડ અનુસંધાન રાખવું. સર્વ વાતમાં એ વાતનું બીજ લાવવું. દેહ રહે ત્યાં સુધી એ વાત કરવી અને ભાગવતીતનું પામ્યા પછી એટલે મૂર્તિરૂપ થયા પછી પણ એ જ વાત કરવાની છે. ત્રીજી ચોપડીનું જ્ઞાન તે ગઢડા છેલ્લા પ્રકરણનું છેલ્લું (ઓગણ-ચાલીસમું) વચનામૃત. તેમાં આત્મા–પરમાત્માના જ્ઞાનનો વેગ લગાડી દેવો, આત્મા જે ચૈતન્ય તેને મહારાજે આકર્ષણ કરી મૂર્તિમાં રાખ્યો છે એ રીતે રહેવું, એ વાતનો વેગ લગાડવો, એ વાત રગેરગમાં ઉતારવી. એ ત્રણ ચોપડી જાણે તેને મોક્ષનું બધુંય ભણતર ભણાઈ ગયું. આવું ભણતર ભણી મોક્ષમાર્ગ સિદ્ધ કરવો. મહારાજ વિના બીજા કોઈનું વર્ણન ન કરવું. ખંડન તો કોઇનું ય ન કરવું.

એક વાર સદ્‌ગુરુશ્રી મૂળીમાં સંતોએ સહિત પધાર્યા હતા. સંતોને થાકેલા જાણી આરામ કરવા કહ્યું અને પોતે થોડી વાર આડે પડખે થઇ, બેઠા થઈ ધ્યાન કરવા લાગ્યા. ઘણી વાર ધ્યાન કર્યું, પછી નેત્ર મીંચેલા ને બે હાથની ચપટી વગાડી આનંદ ભરી મુખમુદ્રાએ યુક્ત ડોલતા જાય. હરિભક્તો સદ્‌ગુરુશ્રીના આવાં ભાવે યુક્ત દર્શન કરવા સામે બેઠા. ઘણી વારે નેત્ર ઉઘાડી હરિભક્તોને જોઈ બોલ્યા કે થોડી વાર સૂઈ જાઓ. હરિભક્તો કહે : બાપજી! તમે તો સૂતા નથી. ત્યારે સદ્‌ગુરુશ્રી કહે : અમારાં સૂવા એવા! એમ કહી :

या निशा सर्व भूतानाम् तस्याम् जाग्रति संयमी ।

એ શ્લોક બોલ્યા.

એક વખત કેળાંનું ઝુમખું હાથમાં પકડી બોલ્યા કે આ કેળાંને એકબીજાનો કેવો સંબંધ છે, અને છાલ ઉતારીએ

એટલે રસ જ નીકળે, એમ મહારાજ ને મુક્ત ભેળા જ, એવી દઢતા થાય તો કાંઈ બાકી ન રહે. એમ કહી કેળાંની પ્રસાદી આપતાં બોલ્યા કે આ કેળાં ન જાણજો, મૂર્તિ અપાય છે એમ જાણજો. આજ મહારાજની દયા બહુ છે, વાતની વાતમાં મૂર્તિ આપી દે! એમ કહી સૌને મળ્યા ને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા.

સદ્‌ગુરુશ્રીને એક વાર તાવ આવ્યો હતો ત્યારે કોઈ હરિભક્તને કહ્યું : આ તાવ મને આપો. ત્યારે સદ્‌ગુરુશ્રી કહે : "તાવ કોઈને ન અપાય! મૂર્તિ માગો તો આપીએ! આ સમયે મહારાજની કેટલી દયા છે? મૂર્તિ આપવાનું સદાવ્રત ચલાવ્યું છે, નહિતર લાખ જન્મ ધરો તો ય મૂર્તિ ન મળે તે આજ સુગમ છે."

એક વખત રેલ્વેમાં બેઠા હતા, ત્યારે સદ્‌ગુરુશ્રીએ સંતોને વાત કરી : આપણે ગાડીમાં બેઠા એટલે કાંઈ ન કરવું પડે, તેમ મૂર્તિ આધારે જે વર્તે તેને કાંઈ ન કરવું પડે. શ્રીજીમહારાજની મૂર્તિ રાખે એટલે પૂર્ણકામ ને માલવાળા, મૂર્તિ વિનાના હોય તે અપૂર્ણ ને નમાલા!

એક વખત હરિભક્તો કીર્તન બોલતા હતા. સદ્‌ગુરુશ્રીએ પૂછ્યું : ક્યાં રહીને બોલ્યા? કોઈએ કહ્યું : મૂર્તિમાં રહીને! ત્યારે સદ્‌ગુરુશ્રી કહે : પોતાને બોલવું ન પડે ને મહારાજ બોલે છે ને ક્રિયા પણ એ જ કરે છે એમ જણાય ને ચૈતન્ય તો રસબસભાવે સુખભોક્તા થકો મૂર્તિ ભેળો રહે ત્યારે ખરું. આવું અખંડ અનુસંધાન રાખવું અને આવું જ મનન કર્યા કરવું. એમ કહી

સર્વેના કારણ શ્રીહરિ રે,
સર્વેના કહાવિયા શ્યામ.

એ ટૂંક બોલ્યા.

ઉનાવામાં હરિભક્તોને ઘેર પધરામણી વખતે આરતી બોલતાં બે કડી બોલ્યા ને બંધ રખાવી સદ્‌ગુરુશ્રી વાત કરવા લાગ્યા : પૃથ્વીથી લઈને આકાશ સુધી ઠસાઠસ સભા છે તેમાં ઓતપ્રોત મહારાજ ને મુક્તો રહ્યા છે ને આખું ય બ્રહ્માંડ ઝળઝળાટ થઈ રહ્યું છે ને સર્વત્ર આરતી ઉતરે છે. એમ કહી આરતી શરૂ કરાવી. આવી અલૌકિક ચમત્કારિક વાતથી હરિભક્તો આરતીના દિવ્યાનંદમાં ગરકાવ બની ગયા.

એક હરિભક્ત છોકરાને લઈને વર્તમાન ધરાવવા સદ્‌ગુરુશ્રી પાસે આવ્યા. સાકરને નારિયેળ ભેટ મૂક્યા. વર્તમાન ધરાવીને સદ્‌ગુરુશ્રી બોલ્યા : આજ શ્રીજીમહારાજને ઘેર બહુ મોટાં કામ થાય છે. આ બાળક મહારાજના સુખનો અધિકારી થઈ ગયો. આવો મોટા મુક્તનો વિશ્વાસ હોય તો તેને મોટા મહારાજ પાસે લઈ જાય, વાંધો ન આવે. એમ કહી હાથમાં નારિયેળ લઈ બોલ્યા જે આમાંથી ટોપરું નીકળે છે તેમ સંત પાસે ભગવાન છે એવી જીવમાં હા પડે એટલે થયું. વર્તમાન મહારાજ ધરાવે છે અને સંત ભેગા છે, એમ જાણવું.

એક વખત સદ્‌ગુરુશ્રી સંતોએ સહિત જોરાવરનગરમાં પધાર્યા હતા. પાસે સેવકો હતા તેમને રાત્રે જગાડીને કહ્યું જે "આવો સૌને મળીએ, અહીં નવું સંભારણું થાય! એમ કહી વાત કરી : આ મળવું બહુ મોંઘું છે પણ મહારાજની દયાથી સોંઘું થયું છે. આ તો ઠેઠ મૂર્તિમાં મળાય છે એમ જાણજો. મહારાજ ને અનંત મુક્ત! બધું ય ભેળું ને ભેળું જ! આવો ભાવ રાખીએ ત્યારે છેલ્લી પ્રાપ્તિ મનાય. આવું ભારે સંભારણું જોરાવરનગરનું ભૂલશોમા! એ ખરે ટાણે બહુ કામ આવશે. મોટાનો રાજીપો બહુ મોટું કામ કરે છે એમ જાણજો." એમ કહી સૌને માથે હાથ મૂક્યા ને કહ્યું : 'એક મૂર્તિ સામું નજર રાખવી, મૂર્તિ વિનાની બીજી બધીએ વાત અધૂરી છે એમ જાણવું.' આમ અમૃતરસના સદાવ્રતની સદ્‌ગુરુશ્રી અખંડ લહાણ વરસાવતા.

લખમશી ભક્તને એક વખત અમદાવાદના સભામંડપની ચાલી પાસે સદ્‌ગુરુશ્રીના અંગમાંથી પ્રકાશ નીકળે છે એવાં દિવ્ય તેજોમય દર્શન થયાં હતાં. વળી ઉનાવામાં ચોમાસાની કથા કરવા બંને સદ્‌ગુરુઓ – સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી તથા સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી – સાથે ગયા હતા, ત્યારે પણ મંદિરમાં બંને સદ્‌ગુરુઓએ દિવ્ય રૂપે દર્શન દીધાં હતાં. આ લખમશી ભક્ત કરાંચી હતા, ત્યાં તેમને સદ્‌ગુરુશ્રીએ દિવ્યરૂપે દર્શન દઈ કહ્યું : હું ધામમાં જવાનો છું, તું આવીને દર્શન કરી જા. તે પછી ત્રણ દિવસ પછી સદ્‌ગુરુશ્રી ધામમાં પધાર્યા હતા.

## ૯. અંતિમ દર્શન અને કૃપાવર્ષા

સંવત ૧૯૯૯માં સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીની ઉંમર પંચાણું વર્ષની હતી. હવે આ લોકમાંથી અદશ્ય થવું હોય તેમ ગામેગામ પધારી હેતવાળા હરિભક્તોને મહારાજની મૂર્તિના દિવ્ય આશીર્વાદ દઈ ઘણા રાજી કર્યા. છપૈયા, કરાંચી, ગુજરાત–સૌરાષ્ટ્રના ગામડાંઓ ફરી વળ્યા. સૌને શુભાશીર્વાદ આપી પોતે અમદાવાદ પધાર્યા. છેલ્લે કરજીસણ પધાર્યા, ત્યાં મંદિરના ચોકમાં તુલસીના વૃંદ ઘણાં હતાં, તેમાંથી પોતાની અંતિમ વિધિની તૈયારી રૂપે પોતે તુલસી કાષ્ટ પોતાની સાથે અમદાવાદ લાવ્યા હતા.

સં. ૨૦૦૦ના કારતક વદી અમાસની રાત્રિએ ૧૦–૪૫ વાગ્યે સદ્‌ગુરુશ્રીએ બહુ જ સાધારણ મંદવાડ દેખાડી મનુષ્ય-લીલા સંકેલી લીધી. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ આત્યંતિક કલ્યાણનું એક સદાવ્રત પોતાના સ્વરૂપમાં સમાવી દીધું! ધામમાં પધાર્યા પછી પણ હેતવાળા હરિભક્તોને ધીરજ દેવા દિવ્યરૂપે ઘણાંને દર્શન આપી રાજીપો જણાવ્યો હતો.

આમ સારા ય સત્સંગમાં શ્રીજીમહારાજના સર્વોપરી જ્ઞાનનો જયજયકાર કરી સદ્‌ગુરુશ્રી ૯૬ વર્ષની ઉંમરે આ ભૌતિક દેહનો ત્યાગ કરી શ્રીહરિસ્વરૂપમાં લીન થઈ ગયા. સત્સંગમાં હરિભક્તોને માટે સદ્‌ગુરુશ્રી માવતર તુલ્ય હતા. ગુનેગાર બાળકને સર્વ ઠેકાણેથી જાકારો મળે ને ક્યાંય જવાનું એનું મન ન ઠરે ત્યારે માને ખોળે માથું મૂકી નીતરતી આંખે હયું હલકું કરે, માનો મીઠો હાથ રગેરગમાં શીતળતા પ્રસારે ને આનંદ મગન થઈ માની શીખ માની સર્વત્ર ફરે, તેમ

મુમુક્ષુ આધિ, વ્યાધિ ને ઉપાધિમાં ઘેરાઈ જાય ને દિશ ન સૂઝે ત્યારે સદ્‌ગુરુશ્રીના ચરણે શિર ધરી, તેમના દ્વારા મહારાજની શરણાગતિ સ્વીકારે, સર્વ મૂંઝવણ મટી જાય ને મહારાજના દિવ્ય સુખના આનંદની મસ્તી માણતો જીવનભર ઝળકતો રહે. આવું સુખ, શાંતિ ને આનંદનું વિશ્રામ સ્થાન સદ્‌ગુરુશ્રીનું શરણું હતું.

આવી મમતાની મૂર્તિ સમા માતા તુલ્ય સંત આ લોકમાંથી જતા રહ્યા, પણ શું તેઓશ્રી જતા રહે ખરા? ભલે ઉપરથી વિયોગ જણાય, પણ તેઓશ્રી તો મનુષ્યરૂપે જેમ વિચરણ કરી મીઠો હાથ પ્રસારી જીવાત્માને ઊંડે ઊંડે સુધી ટાઢક પહોંચાડતા તેમ જ હવે ભીતરમાં રહીને શીતળતા સર્વત્ર પ્રસારી રહ્યા છે. સાચા માતૃત્વની મૂર્તિ સમી સંત વિભૂતિઓ સદા ય દિવ્ય સ્વરૂપે મુમુક્ષુઓનું સેવન કર્યા જ કરે છે. શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજી પોતાની દિવ્યકૃપાની વર્ષાના એક ભાગરૂપે આવા દિવ્ય સંત શિરોમણિને અનંત જીવોના કલ્યાણને વાસ્તે સત્સંગમાં મોકલ્યા કરે એવી મહાપ્રભુજીના શ્રીચરણોમાં આર્તભરી નમ્ર પ્રાર્થના કરીએ.

આ જગતમાં દીકરા–દીકરીના સગપણ કરવાં હોય છે ત્યારે સામાન્ય રીતે સૌ કોઈ છોકરા–છોકરીના માબાપના સંસ્કાર સામી નજર કરે છે, મોસાળના સંસ્કાર સામી નજર કરે છે, છોકરાનાં મિત્રમંડળ સામી પણ નજર કરે છે. તેમ આવા વિચારવંત જનોને સંસ્કારનું શોધન કરતાં કરતાં સંસ્કારનું મૂળ જે સત્સંગ તેની પ્રાપ્તિ થાય છે અને સત્સંગમાં પણ તેમને જે સંત, મુક્ત કે ગુરુ મળે તેમનું અણિશુદ્ધ વર્તન જોઈને જ વળગે, વળી તેમના ગુરુ કોણ હતા, કેવા હતા, કોના સમાગમમાં હતા, વગેરેનો પણ અભ્યાસ કરે. વળી તેઓશ્રીનો શિષ્યવર્ગ તેઓશ્રીના સમાગમથી

કેવો વર્તનશીલ બન્યો છે, તે તપાસે. એ બધી રીતે સારું લાગે ત્યાં જ જીવ જોડે તો ભગવાનની પ્રાપ્તિ થાય! આ મુજબ અવલોકન કરીએ તો સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામી અનાદિ મુક્તરાજ અબજીબાપાશ્રીનો જોગ–સમાગમ કરતા. અબજીબાપાશ્રી તો શ્રીજીમહારાજના સંકલ્પથી આ લોકમાં પ્રગટ થયેલા અનાદિ મહામુક્ત હતા, જેમને સત્સંગમાં મોટા મોટા સદ્‌ગુરુઓએ પ્રમાણ કરેલા છે. સ.ગુ.શ્રી અચ્યુતદાસજી સ્વામી કે જે ત્રણે ય અવસ્થામાં મહારાજની મૂર્તિ અખંડ દેખતા તેમણે અબજીબાપાશ્રીને બાળપણમાં વર્તમાન ધરાવતી વખતે જ આર્શવાણી કહેલી કે આ તો મહામુક્ત છે, જોગ-વાળા સૌને સુખિયા કરશે. અ. મુ. સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સ.ગુ.શ્રી નિર્ગુણદાસજી સ્વામી બાપાશ્રીનો મહિમા જાણી તેમનો જોગ–સમાગમ કરવા સૌને ભલામણ કરતા ને પોતાનું શિષ્યમંડળ તો બાપાશ્રીને સોંપી દીધું હતું. ભુજ મંદિરના મહંત સ.ગુ. શ્રી અક્ષરજીવનદાસજી સ્વામી પણ બાપાશ્રીનો મહિમા જાણી ખૂબ હેત રાખતા. તેવી જ રીતે કચ્છના સુપ્રસિદ્ધ મુક્તરાજ લક્ષ્મીરામભાઈ તથા અ.મુ. બા શ્રી સૂરજબા પણ બાપાશ્રીનો અતિશય મહિમા જાણતા. સૂરજબાના શિષ્ય અ.મુ. બા શ્રી ધનબા કે જેમણે કચ્છમાં ઘણા બ્રહ્મયજ્ઞો કરી આખા ય કચ્છના સત્સંગસમાજને શ્રીહરિરસભર્યો મહાપ્રસાદ વારંવાર જમાડી તૃપ્ત કર્યા છે, તેઓ પણ પોતાના સર્વ બ્રહ્મયજ્ઞપ્રસંગે બાપાશ્રીને મોખરે રાખતા. બાપાશ્રી તો કૃપાદષ્ટિએ જ સૌને જોતા–પોતાને ઓળખે અથવા ન ઓળખે, સેવા કરે કે ઉપાધિ કરે, જડ હોય કે ચૈતન્ય હોય—એ સર્વ જીવોને આશીર્વાદે સુખિયા જ કરતા. આવા મહામુક્ત અબજીબાપાશ્રીને જીવ સોંપી શ્રીહરિજીના સાક્ષાત્કારનું અનુપમેય સુખ માણ્યું છે એવા સિદ્ધમુક્ત સ.ગુ.શ્રી વૃંદાવનદાસજી સ્વામી હતા. સદ્‌ગુરુશ્રીને

સ.ગુ.શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી સાથે અતૂટ આત્મીયતા હતી. તે બંનેની જોડ હતી, તે બંને સદ્‌ગુરુઓએ બાપાશ્રી પાસેથી શ્રીજીમહારાજની મૂર્તિના દિવ્ય સુખનો અખૂટ લાભ લીધો છે ને સત્સંગમાં સૌને અપાવ્યો છે. સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીને વિષે મૂળીના મોટા સંતો સ.ગુ.શ્રી હરિનારાયણદાસજી સ્વામી, સ.ગુ. બાળકૃષ્ણદાસજી સ્વામી, સ.ગુ. ગુણાતીતદાસજી સ્વામી, સ.ગુ. શ્વેતવૈકુંઠદાસજી સ્વામી, સ.ગુ. ભગવત્‌સ્વરૂપદાસજી સ્વામી, સ.ગુ. ધર્મકિશોરદાસજી સ્વામી, સ.ગુ. ગોપીવલ્લભદાસજી સ્વામી તથા અમદાવાદના સંતો સ.ગુ.શ્રી ઘનશ્યામજીવનદાસજી સ્વામી, સ.ગુ. ધર્મસ્વરૂપ-દાસજી સ્વામી, સ.ગુ. દેવજીવનદાસજી સ્વામી, સ.ગુ. કપિલ-ચરણદાસજી સ્વામી, સ.ગુ. હરિપ્રસાદદાસજી સ્વામી, સ.ગુ. બાળમુકુંદદાસજી સ્વામી, આદિ સંતોને આત્મબુદ્ધિ ને મહિમા વર્તતો. દંઢાવ્ય, ખાખરિયા, ભાલ, નળકાંઠા, ઝાલાવાડ, કચ્છ આદિ પ્રદેશના હરિભક્તોને સદ્‌ગુરુશ્રીના જોગથી સદ્‌ગુરુશ્રી વિષે મા-બાળક સમું હેત વર્તતું. એ હરિભક્તો પણ કેવાં વર્તનશીલ! હાલ સરસપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રહેતા સ.ગુ.શ્રી હરિજીવનદાસજી સ્વામીએ સદ્‌ગુરુશ્રીના છેવટના વર્ષોમાં શિષ્ય તરીકે સેવા કરવાનો અલભ્ય લાભ લીધો છે. તેઓશ્રીનું જીવન આ સદ્‌ગુરુશ્રીની મહાનતાની આજે સ્મૃતિ કરાવી જાય છે.

અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય, ધનનો ત્યાગ, નિષ્કામાદિક પંચ વર્તમાનની દઢતા, સેવાભાવ, સાદાઈ, ખોટા આડંબર કે મોટપનું નામનિશાન ન મળે, ભગવાનની મૂર્તિ સિવાય બીજે ક્યાંય લોભ કે લાલચ જોવા ન મળે – એવા અનેક સદ્‌ગુણોના ભંડાર સમા, સદ્‌ગુરુશ્રીના આ શિષ્ય સ.ગુ.શ્રી હરિજીવનદાસજી સ્વામીના દર્શનથી આપણું અંતર ઠરે છે. પોતાને સદ્‌ગુરુશ્રી પાસેથી મળેલ ઉપદેશરૂપી મૂડી ખુલ્લી

મૂકતાં કહે છે: સત્સંગમાં નિયમથી કામ થાય એવું બીજી કોઈ રીતે ન થાય. સત્સંગમાં બેપરવાઈ ન થાવું. મારાથી બીજાં બધાં મોટાં છે એમ મનમાં માનવું. નિર્માનીપણું રાખવું. આબાલવૃદ્ધ સૌએ યમ-નિયમે યુક્ત એવા સંતનો સમાગમ કરવો. પ્રવાહ સાથે ઝાડ જેવા અટંટ ન થવું, ધ્રો (ધરો) જેવા નિર્માની થવું. અટંટ-અક્કડ રહે તે પૂરમાં ઝાડની જેમ ઊખડીને ખેંચાઈ જાય ને ધ્રોની જેમ નમી જાય તો પ્રવાહ વહી જાય, આમ વર્તાય તો સત્સંગમાં નમ્રતાથી ધરો સરખી લીલાશ પથરાઈ રહે. લા'ય લાગે ત્યારે લાકડાં ખેંચી લઈ આગ સમાઈ જાય તેમ કરવું, પણ સંકોરણાં ન સંકોરવાં. શાંતિ થાય એમ કરવું. સત્સંગની આવી ઉત્તમ તક મળી છે તે સાચવી જાણવી, નહિતર તક જતી રહેતા ફરરરર ઊડી જવાય! મોક્ષથી પડી જવાય! આપણો વાંક હોય તો હાથ જોડવા. મારા જેવો હોશિયાર કોઈ નથી એમ માને તેના કર્મ ફૂટ્યા જાણવા! સત્સંગમાં કોઈ આપણને આંગળી ચીંધે તેવા ન થાવું. કાતર કાપે ને સોય સાંધે, કાતર જેવા ન થવું, સોય સમા રહેવું. આપણે સૌના દાસ થઈ રહેવું. વલખાં ન કરવાં. મૂર્તિ હૃદયાકાશમાં દેખાય ત્યારે ધ્યાન ખરું, બાકી વલખાં! સભામાં સત્સંગમાંથી કોઈ પાછો પડી ન જાય એ રીતે વાત કરવી. સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામી કહેતા: "ધર્માદો ખાય તે મહાપાપી છે. જૂના સાધુ ધર્માદો ઉઘરાવવા જાય તે ગામમાંથી કોઈ રસોઈ ન આવે તો ઝોળી માગીને જમતા પણ ધર્માદામાં આવેલ વસ્તુ મૂળ મંદિરમાં પહોંચાડતા, પણ તેમાંથી કાંઈ ઉપયોગમાં ન લેતા. આવું અણીશુદ્ધ વર્તન રાખીએ તો આપણો અવગુણ કોઈને ન આવે; સત્સંગમાં સૌને સમાસ થાય. સદાય દાસપણું રાખી ધ્યાન-ભજન કરી, એક મહારાજ સિવાય કાંઈ ન રહે એમ કરવું......"

આવા કલ્યાણકારી ગુણોએ યુક્ત શિષ્યો જેમને હતા અને જેમણે અસંખ્ય મુમુક્ષુઓ ઉપર શ્રીહરિજીની કૃપા વરસાવી તેમને દિવ્ય સુખના ભોક્તા કર્યા હતા તેવા દિવ્ય વિભૂતિ સદ્‌ગુરુશ્રી વૃંદાવનદાસજી સ્વામીનું પથદર્શક જીવન સંક્ષિપ્તમાં પૂરું કરી, સત્સંગની સેવામાં અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

## : દિવ્ય પૂષ્પાંજલિ :

### वृन्दावनीय बोधः

(અ.નિ. અ.મુ. વાડીલાલ માંડલિયા રચિત અષ્ટક)

— उपजाति —

श्री दिव्यमूर्तिं प्रणिपत्यपूर्वं लिखामितच्छ्री पुरुषोत्तमीयं ।
श्री स्वामि वृन्दावन बोधमंत्र समासतो सज्जन रंजनाय ॥ १ ॥

દિવ્યમૂર્તિ એવા શ્રીહરિજીને પહેલાં નમસ્કાર કરીને શ્રીજીમહારાજને લગતો સ્વામીશ્રી વૃંદાવનદાસજીનો બોધ ને હું અહિંયાં સજજનોના આનંદ માટે લખું છું. ॥ ૧ ॥

त्यक्तवा तु सर्वं निजदेहभावं ब्रह्मस्वरूपं न तु देहरूपं ।
मत्वा स्वजीवं, हरि दिव्यरूपे संयोजनीयं करणीय मेतत् ॥ २ ॥

સર્વે દેહભાવનો ત્યાગ કરીને, પોતાના જીવને દેહથી જુદો બ્રહ્મસ્વરૂપ માનીને મહારાજના દિવ્ય સ્વરૂપમાં જોડવો તે આપણું કર્તવ્ય છે. ॥ ૨ ॥

ध्यायन्यदा द्रक्ष्यति दिव्यमूर्तिं चैतन्यवृत्त्यांकिलदिव्यभावात् ।
तदा हरिस्तं प्रतिलोमरूपं कृत्वा स्वमूर्तौ सुखमाददाति ॥ ३ ॥

ધ્યાન કરતાં કરતાં ચૈતન્યવૃત્તિએ, દિવ્યભાવે કરીને જ્યારે દિવ્યમૂર્તિ એવા મહારાજને જુએ ત્યારે મહારાજ તેને પ્રતિલોમ કરીને પોતાની મૂર્તિમાં રાખીને સુખ આપે છે. ॥ ૩ ॥

यो वर्तमानं हृदिधारयित्वा सर्वं तु तस्मै हरयेददाति ।
तं मूर्तिरूपं निजमूर्ति लग्नं मीनो यथा के स तथा करोति ॥ ४ ॥

જે વર્તમાનને હૃદયને વિષે ધારણ કરીને બધું એટલે તન, મન, ધન સર્વે મહારાજને અર્પણ કરે છે તેને મહારાજ પોતાના જેવા ને પોતાની મૂર્તિમાં જળમાં માછલાં હોય તેમ નખશિખ કરે છે. ॥ ૪ ॥

ज्ञातो नयावन्हरिरिड्यमूर्तिः प्राप्ता न मुक्तस्थिति मत्रतावत् ।
मूर्तौ निमग्नस्य करोति धार्मी क्रियां तथा दिव्यसुखंददाति ॥ ५ ॥

જ્યાં સુધી ભગવાનનો મહિમા યથાર્થ નથી સમજાણો ત્યાં સુધી મુક્તસ્થિતિ થાય નહિ. મૂર્તિમાં રહ્યા પછી તેની ક્રિયા બધી મહારાજ કરે છે ને દિવ્ય એવાં જે સુખો તે આપે છે. ॥ ૫ ॥

प्रधान जीवाक्षर वासुदेव-यन्ता हरिर्मुक्तगणा ह्यनंताः ।
दिव्याक्षरेऽसौ निज दिव्यमुक्तैः ससेवितो यः परमं पदं नः ॥ ६ ॥

જીવકોટી, મૂળપુરુષ, વાસુદેવબ્રહ્મ કે અક્ષરકોટી વગેરેને નિયમમાં રાખનારા એવા મહારાજ છે. મુક્તો અનંત છે. દિવ્ય એવા અક્ષરધામમાં પોતાના દિવ્ય મુક્તોથી સેવાયેલા એવા મહારાજ તે આપણી પરમપ્રાપ્તિ છે. ॥ ૬ ॥

अपारपारः खलु दिव्यमूर्तिः व्यापी सुखानि प्रददाति नित्यम् ।
स्वामी सुखार्थाः प्रतिलोमरूपाः व्याप्याश्चमुक्ताहरिसेवकाश्च ॥ ७ ॥

મહારાજનો મહિમા અપાર છે, મહારાજ દિવ્યમૂર્તિ છે, વ્યાપક, સર્વ સુખના આપનારા છે, સ્વામી છે; મૂર્તિમાં પ્રતિલોમરૂપે રહેલા મુક્તો સુખને ભોગવનારા છે, સેવક છે ને વ્યાપ્ય છે. ॥ ૭ ॥

स्वशिष्यवर्गं निज दिव्य बोधैः संयोजयन्त हरि दिव्यरूपे ।
वृन्दावनं निर्गुणदासशिष्ययुग्मं भवघ्नं प्रणमामि नित्यम् ॥ ८ ॥

પોતાના દિવ્ય ઉપદેશ વડે પોતાના શિષ્યવર્ગને મહારાજની દિવ્ય મૂર્તિમાં જોડતા, સદ્‌ગુરુ સ્વામીશ્રી નિર્ગુણદાસજી સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ સ્વામી ઈશ્વરચરણદાસજી સ્વામીના જોડીરૂપ એવા ભવનો નાશ કરનારા એવા સદ્‌ગુરુ સ્વામી વૃંદાવનદાસજીને હું હમેશા પ્રણામ કરું છું. ॥ ૮ ॥

# ૧૦. ઉપદેશામૃત

૧

સ્વામીશ્રીએ કૃપા કરીને વાત કરી જે શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત અનાદિ મુક્તો રસબસ ભાવે સુખ લીધા જ કરે છે; ત્યારે કોઈકે પૂછ્યું જે અનાદિનો અર્થ શું? ત્યારે પોતે કહે જે હું અખંડ છું–આમ હતો અને પછી આમ થયો એમ નહિ, સદાય આમ જ છું–મૂર્તિરૂપ છું. મહારાજે મને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરી રાખ્યો છે તેથી સદાય સુખભોક્તા છું.

૨

જેને શ્રીજીમહારાજની મૂર્તિ આવી તેને સર્વ આવ્યું. ચિંતામણિ, કામદુઘા, કલ્પવૃક્ષ એ સર્વના કરનારા મહારાજ છે તેથી એ ઉપમાથી એમને ઓળખાવાય એમાં શું મહિમા કહેવાણો? કાંઈ નહિ. મહારાજ આવ્યા એટલે સર્વ આવી ગયું અને સર્વ સાધનની સમાપ્તિ થઈ ગઈ એમ જાણવું.

૩

મહારાજની મૂર્તિમાં રહ્યા તેને મહારાજથી જરાય છેટું નહિ. તેને તો પુરુષ, વાસુદેવ બ્રહ્મ, અક્ષરબ્રહ્મ આદિ સર્વનો લય થઈ ગયો. એક મહારાજના તેજરૂપ આકાશ રહ્યો, પછી તેમાં એક મૂર્તિ રહી એટલે એ આકાશનો પણ લય થઈ ગયો. તેથી સાવ ટુંકડું થયું અને એ મુક્ત થયો. તેને તો મહારાજ સાથે રસબસપણું, દાતા ભોક્તાપણું, સ્વતંત્ર–પરતંત્રપણું, નિયામક–નિયામ્યપણું અને સ્વામી સેવકપણું છે–કહેતાં મહારાજ સ્વામી અને પોતે સેવક. એમને તો સેવા પણ એ. એ વિના બીજું કાંઈ છે જ નહિ. એમ કહીને પર્વતભાઈની વાત કરી કે તેમણે મહારાજ પાસે સમ

ખાઈને કહ્યું જે હું આ લોકમાં આવ્યો નથી, મેં કાંઈ કર્યું નથી, તેમ તમારી મૂર્તિ વિના બીજું કાંઈ દેખ્યું પણ નથી. એવી રીતે આ ભાવવાળાને – સ્થિતિવાળાને સમ ખાઈને કહેવું પડે તેમાં કાંઈ વાંધો જ નહિ.

૪

જીવને જ્યાં સુધી કામ, ક્રોધ, લોભાદિ મોસલ બેઠા હોય ત્યાં સુધી પોતાનો માલ ધીરેધીરે બધોય ખાઈ જાય. એ તો જ્યારે મોસલ જાય ત્યારે માલ બચે. એ મોસલ કેવા છે? તો ઘરમાંથી (દેહમાંથી) બહાર જ નીકળવા દે નહિ અને ઘરમાં બેઠાબેઠા ખાવા માગે. પછી તો દુ:ખનો પાર ન રહે. માટે મોટાને વિષે જીવ જોડી સમજણે કરીને મોસલ કાઢી મૂકવા. સમજણ-વાળાને કેવું છે? તો જેમ બસોંહ બખ્તરિયા માલ સાચવવા સાથે લીધા હોય તેનો માલ કોઈથી લેવાય નહિ, તેમ સમજણવાળાને ભય ન રહે; માટે સમજણ કરવી પડશે. જો સમજણ ન હોય અને મહારાજ તેડવા આવે તો તેને ક્યાં મૂકે છે? તો જ્યાં સમાસ થાય ત્યાં સમજણ કરવા મૂકે છે. પછી સમજણ પૂરી થાય એટલે મહારાજના દિવ્ય સુખમાં પહોંચે.

૫

શ્રીજીમહારાજનો અસાધારણ મહિમા કોણ જાણી શકે? દેહધારી મહારાજનો મહિમા બરાબર જાણી શકે નહિ. મહા-રાજની મૂર્તિમાં રસબસ રહે તેને મહારાજના મસ્તકે મસ્તક, હાથે હાથ, ચરણે ચરણ એમ સર્વાંગે રસબસ ભાવ હોય, તેથી એ ખરો મુક્ત કહેવાય.

૬

સ્વામીએ રામપુરવાળા દેવરાજભાઈને પૂછ્યું જે સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ તેને જાણો છો? ત્યારે તે કહે બરાબર ખબર નથી; આપ દયા કરી સમજાવો. પછી સ્વામીશ્રી

બોલ્યા જે આ દેખાય તે સ્થૂળ, ઘાટ સંકલ્પ થાય તે સૂક્ષ્મ, માયિક પદાર્થના અવ્યક્ત રાગ રહે તે કારણ અને ઐશ્વર્યના રાગ રહે અથવા સારુપ્ય મનાય તે મહાકારણ કહેવાય.

૭

સભામાં હરિભક્તોએ સ્વામીશ્રીને પૂછ્યું જે તન, મન, ધન અર્પણ કરે એટલે પોતાનું કાંઈ રહે નહિ. પછી તેમાંથી કોઈ પાછું લે તેનું પાપ કે નહિ? ત્યારે સ્વામી કહે જે, જેને મહારાજ અથવા મોટા મળે અને વર્તમાન ધરાવી અનાદિ મુક્તાની પંક્તિમાં રાખે, તે તન, મન, ધન અર્પણ કર્યા પછી કયા હાથે વસ્તુ લઈ શકે? કેમકે તન અર્પણ કર્યું તે ભેળા હાથ પણ અર્પણ થઈ ગયા માટે લઈ શકાય જ નહિ અને લે તો તેણે કાંઈ અર્પણ કર્યું જ નથી અને એકાંતિક હોય તેણે તન, મન, ધન અર્પણ કર્યા કેમ કહેવાય? તો કોઈ વંદે, નિંદે, પૂજા કરે તેનો સમભાવ થઈ જાય અને કામાદિક દોષ વ્યાપે નહિ ત્યારે તન અર્પણ કર્યું કહેવાય. મન અર્પણ કર્યું ક્યારે કહેવાય? તો પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈ ધૂળ તથા કાંકરા નાંખે તો જેવું વસમું લાગે તેવું મૂર્તિ વિના બીજું મનન થાય તો વસમું લાગે ત્યારે મન અર્પણ કર્યું કહેવાય. ધન અર્પણ કર્યું ક્યારે કહેવાય? તો દશાંશ વિશાંશ શ્રી ઠાકોરજીને અર્પણ કરે અને પોતાના ઘરનું દ્રવ્ય હોય તે પણ કુમાર્ગે ન વાપરે તો ગૃહસ્થે ધન અર્પણ કર્યું કહેવાય. અને ત્યાગી તો પોતાનું કાંઈ છે જ નહિ એમ વર્તે અને કોઈ વસ્ત્રાદિકે સેવા કરે તે પણ ધર્મામૃત પ્રમાણે રાખે અને તેથી અધિક જણાય તો જે મંદિરમાં પોતે રહેતા હોય ત્યાં ઠાકોરજીના કોઠારે આપી દે. એવી રીતે પોતાપણું ન રાખે તો ત્યાગીએ ધન અર્પણ કર્યું કહેવાય.

૮

ઝાડીમાં ભવડાં રહેતાં હોય તે માર્ગે જનારનું બધુંય

લૂંટે. લૂગડાં જેવી વસ્તુ પણ રહેવા દે નહિ. તેમ કામ, ક્રોધ, લોભ, માન, મોહ, મત્સરાદિ ભવડાં છે તે આ જીવનાં દાન, પુણ્ય, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ભક્તિ આદિ માલ લૂંટી લે છે. તે ભવડાં કેવી રીતે જાય? તો મૂર્તિના પ્રતાપથી જાય. માટે આપણે મૂર્તિને બહુ જ જતન કરીને સાચવવી, તો બધુંય સચવાણું. પછી એમ બોલ્યા જે તિજોરીનું ગાડું સૂનું રાખ્યું હોય અને થોરિયાના ગાડા ઉપર બસેંહ બખ્તરિયા બેસાર્યા હોય તે કેવું લાગે? તેમ માયિક પદાર્થની રાત્રિ-દિવસ સંભાળ રાખે—જાળવ્યા કરે અને મહારાજની મૂર્તિરૂપી તિજોરી સૂની મૂકે એટલે તેને તો સંભાળે પણ નહિ, તે એવું કહેવાય! માટે આપણે એમ ન કરવું, ખટકો બહુ રાખવો.

૯

એક સંતે સ્વામીશ્રીને ફૂલનો હાર પહેરાવ્યો. તે હાર હાથમાં લઈને સ્વામી એમ બોલ્યા જે આ હાર ઝાઝા કરવા હોય તો થાય કે નહિ? ત્યારે દેવરાજભાઈ બોલ્યા જે થાય. પછી સ્વામી કહે કેવી રીતે થાય? ત્યારે દેવરાજભાઈ કહે કે જેટલા મુક્ત મૂર્તિને પામ્યા છે તે સર્વે ભેગા હોય જ, તેથી મહારાજે હાર પહેર્યો એટલે મૂર્તિ ભેગા જેટલા મુક્ત છે તેટલાએ હાર પહેર્યા એમ જણાય; એમ અનંત હાર થયા. કારણ કે અનંત મુક્ત મૂર્તિમાં રસબસ ભાવે સુખ લીધા જ કરે છે. પછી સ્વામી બોલ્યા કે બરોબર દષ્ટિ પૂગી. એવી જ રીતે મહારાજને ચાંદલો કરીએ તે ભેળા અનેક મુક્તાને પણ ચાંદલા થયા – એવી લટક હાથ આવે તો ભગવાન રાજી થાય અને સુખ આવે.

૧૦

શ્રીજીમહારાજ તેજને મધ્યે બિરાજે છે એમ કહ્યું છે. એ તેજ તે શું? એમ કહીને સ્વામીશ્રી બોલ્યા જે મહારાજની મૂર્તિનું તેજ જેને અક્ષરધામ કહે છે તે. અનાદિ મુક્તાને તો મૂર્તિ એ જ અક્ષરધામ છે. માટે મૂર્તિ આવી એટલે સર્વ આવ્યું એમ જાણી મૂર્તિને મૂકી તેજને ઈચ્છવું નહિ. આ જીવ આદિ સૃષ્ટિથી ભક્તિ કરતા આવે છે અને ધોવાતા જાય છે. એમ અનંતવાર ભક્તિ કરતાં કરતાં ચોખ્ખા થાય છે. એટલે જન્મ-મરણ રૂપી મેલ જાય છે. પછી એ મૂર્તિને પામે છે.

૧૧

સભામાં મુક્તાના ભેદની વાત થતી હતી. તે પ્રસંગે સ્વામી બોલ્યા જે એકાંતિક જીવન મુક્તા કહેવાય. પરમ એકાંતિક વિદેહી મુક્તા કહેવાય અને અનાદિ કૈવલ્ય મુક્તા કહેવાય. આ મુક્તો કેવી રીતે ઓળખાય? તો એકાંતિક હોય તે સાધને કરીને મૂર્તિમાં જોડાય અને આ લોકમાં ક્યાંય લેવાય નહિ. પરમ એકાંતિક હોય તે મહારાજની ઇચ્છાથી પૃથ્વી પર દેખાય ત્યારે પ્રથમ મુમુક્ષુને દર્શન થાય. પછી તેમના સાથે હેત થવાથી તેમને મોટા પુરુષ જાણે. એમ કરતાં કરતાં હેત વધતું જાય ત્યારે તેમનો વિશ્વાસ આવે. પછી તેમના પાસેથી જ્ઞાન સાંભળીને તેને એમ થાય જે આ પરમ એકાંતિક વિદેહી મુક્તા છે, પછી પોતે પણ એવો થાય. અને અનાદિ મુક્તા હોય તે તો મહારાજની મૂર્તિમાં અખંડ રહે છે એમ વાત કરીને મુમુક્ષુઓને મહારાજને વિષે હેત કરાવે. પછી તે હેતે સહિત મૂર્તિનું જ્ઞાન તેને આપીને અનાદિ મુક્તાની સ્થિતિ ઓળખાવે ત્યારે તે મુમુક્ષુને હેત અને વિશ્વાસથી એમ જણાય જે અનાદિ મુક્તા તો મૂર્તિમાં જ સદાય રહે છે એટલે મહારાજ દેખાય છે અને મને ઉપદેશ કરી મહારાજે અનાદિ મુક્તાની

સ્થિતિ ઓળખાવી. આમ જોગ કરતાં કરતાં અનાદિની સ્થિતિ થયા પછી મૂર્તિમાં રહેલા અનાદિ મુક્તને દેખે ત્યારે ખરી રીતે અનાદિ દેખ્યા કહેવાય ને પોતે પણ અનાદિ મુક્ત થયો કહેવાય.

## ૧૨

મહારાજ અને મુક્ત એકદેશીથકા સર્વદેશી છે તે કેવી રીતે? તો મહારાજ તો એકદેશીથકા સર્વદેશી છે જ અને મુક્તને તો મહારાજની મૂર્તિ એ જ દેશ છે, તેથી જ્યાં મહારાજ હોય ત્યાં એ મુક્ત હોય જ; માટે મુક્ત પણ એ રીતે સર્વદેશી કહેવાય. સ્વરૂપાનંદ સ્વામી લીંમડા તળે સભાએ સહિત મહારાજને દેખતા હતા તેમની દષ્ટિમાં બીજું કાંઈ નહોતું તે એક દેશ. આવી સ્થિતિવાળાને મૂર્તિ વિના બીજું કાંઈ હોય જ નહિ અને સુખભોક્તામાં તો દેશનું અનુસંધાન પણ ન રહે મૂર્તિમાંથી સુખની સરર સરર શેડ્યું છૂટે છે અને સુખભોક્તા જે મુક્ત તે રસબસ રહ્યા થકા ભોગવે છે. માટે મૂર્તિના સુખમાં ઊતરવું. જ્યાં સુધી એ સુખમાં ઊતરે નહિ ત્યાં સુધી રાગરંગ ન ટળે. મૂર્તિ વિના સુખ ન હોય. જેમ ભમરો સુગંધ ભોગવે છે પણ પુષ્પ વિના સુગંધ હોય નહિ, તેમ મૂર્તિ વિના સુખ હોય નહિ. માટે મૂર્તિ મૂકે તો સુખ ન મળે.

## ૧૩

સ્વામી શ્રી નિર્ગુણદાસજીએ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીને કહ્યું, કે સ્વામી! તમે બીજાને સમાધિ કરાવો છો તેમ મને પણ સમાધિ કરાવો તો ઠીક. ત્યારે શ્રી ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે તમોને ઓરી સમાધિ કરાવાય નહીં; અને જો ઠેઠની સમાધિ કરાવીએ તો તમે પાછા આવો નહિ. તેથી અહીં ઘણા જીવોને તમારાથી સમાસ છે તે બંધ થઈ જાય.

માટે તમોને સમાધિ કરાવતા નથી. એમ મોટા મુક્ત સુખમાં જોડાઈ જાય તો પાછા આવે જ નહિ.

૧૪

ભગવાન તો બહુ જ મોટા નાણાવટીને ઠેકાણે છે. તેમની સાથે ભાગ રાખે તો ન્યાલ કરે, પણ જયાં ત્યાં ફરતો ફરે તો કાંઈ ન મળે. વનમાં દવ લાગ્યો ત્યારે અનેક જીવ જંતુઓ ઊગરવા આમ તેમ દોડવા લાગ્યા, પણ એક શિયાળ તો ઊભે માર્ગે ભાગ્યું અને એમ બોલ્યું જે "કરોડ મત કડકડી, લાખ મત લડબડી; સો મત સડસડી, એક મત આપડી – તે ઊભા માર્ગે મેલ્યા તાપડી;" તે બચી ગયું. તેમ બીજી દોડાદોડ મૂકી મૂર્તિ રૂપ એક મતમાં જોડાવું તો સર્વે વાત સંપૂર્ણ થઈ જાય. તે વિના પૂરું થાય નહિ.

૧૫

સાધુ તો ઘણાય હોય પણ મહારાજના સુખે સુખિયા હોય તે ખરા સાધુ. એવા સાધુ આ લોકમાં રસાસ્વાદ આદિમાં લેવાય નહિ. એમ કહી પુરાણી કેશવપ્રિયદાસજી તથા તેમના સાધુ શ્રીરંગદાસજી અને ભૂજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજીની વાત કરી કહ્યું જે એવા વૃત્તાંતવાળા જોતાં ન મળે. મહારાજના સંબંધે એવા થવાય. મૂર્તિ વિના બીજું તાન રહે તેને મોટપ કયાંથી વધે? જેમ બે મિત્ર જમતા હતા પણ વાતોના તાનમાં શું જમણ જમ્યા તેની ખબર ન રહી, તેમ સત્સંગ કરીએ પણ બીજી વાતોમાં તાન જતું રહે તો બળ ન આવે. માટે આપણે બીજી વાતોનો ત્યાગ કરી મહારાજના સુખરૂપ જમણની જ વાતો કરવી તો જમ્યાનું સુખ આવે.

૧૬

કોઈ સમુદ્રમાં નહાવા ઊતરે તે વહાણ સાથે દોરડું બાંધીને ઊતરે તો નહાઈને પાછો આવે, પણ જો દોરડું છૂટી જાય તો તણાઈ જાય અને મોટા મગરમચ્છ ખાઈ જાય.

તેમ ભવસાગર પાર ઊતરવા ખરા ખબરદાર થઈ શ્રીજીમહારાજની મૂર્તિરૂપ દોરડું ઝાલી રાખવું, નહિતર કામ, ક્રોધ, લોભ, માન આદિ મગરમચ્છ ખાઈ જાય.

૧૭

જેમ ચંદ્રમાંથી સર્વે ઔષધીનું પોષણ થાય છે – બાજરી, ઘઉં આદિમાં રસ ચડે છે, અને સૂર્ય તેને પકવે છે પણ જો વાદળાં આડાં આવે તો તેવો દાણો ન પાકે, તેમ મહારાજની કૃપા વડે જીવમાં મુક્તાતા આવે છે; પણ વચમાં છળકપટ, દગા, પ્રપંચરૂપ વાદળાં ન હોય તો મુક્તાતા આવે, નહિ તો ન આવે. આ સિદ્ધાંત વાત છે.

૧૮

આપણે મોટા મુક્ત તથા સંત હરિભક્ત એ બધાયને ઘરના જાણવા, કેમકે બધાયમાં કર્તા એક મહારાજ છે; તેથી તેમને સેવાએ રાજી કરવા. આ સત્સંગ રૂપ બગીચો શ્રીજીમહારાજનો કરેલો છે તેની પુષ્ટિ કર્યા કરવી. જેમ બગીચામાં કોઈ નવાં નવાં ઝાડ નાખે તેણે બગીચાની પુષ્ટિ કરી કહેવાય તેમ શ્રીજીમહારાજની પ્રસન્નતા માટે જે કાંઈ સેવા થાય તે સત્સંગરૂપ બગીચાની સેવા કરી કહેવાય.

૧૯

એક સમયે સ્વામી શ્વેતવૈકુંઠદાસજી સભામાં વચનામૃતની કથા વાંચતા હતા, તેમાં "ઈન્દ્રિયોના દોર્યા દોરાય તે વેશ્યાના ગળામાં હાથ નાંખ્યા જેવું ગણાય," એમ વાત આવી. ત્યારે શામજીભાઈએ પ્રશ્ન પૂછ્યો જે કેમ હોય ત્યારે ઈન્દ્રિયોના દોર્યા દોરવાણા કહેવાય? ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, મહારાજના સંબંધ વિનાના તથા આજ્ઞા વિનાના બીજા વિષયમાં મન તથા ઈન્દ્રિયોને પ્રવર્તવા દે એ દોરવાણા કહેવાય. જે મહારાજની આજ્ઞામાં વર્તે છે તે દોરવાણો ન કહેવાય.

૨૦

આગળ મોટા સંત કહેતા કે ધન મળશે, વૈભવ મળશે, સંતોનાં મંદિર થશે પણ ધર્મ રાખવો કઠણ પડશે. આપણે એવા મોટા સંતના વચનને વિચારતા રહેવું તો ધર્મ રહે. જીવને એવા ઢાળ પડી ગયા છે કે કથા-વાર્તા કરે, સેવા કરે, મહિમા કહે, પણ પોતાપણું મુકાય નહિ. જ્યાં સુધી પોતાપણું મૂકે નહિ ત્યાં સુધી મોટાના આશીર્વાદ મળે નહિ. માટે પોતાપણું મૂકી દેવું, તો મહારાજ તથા મોટા રાજી થાય.

૨૧

અધો ઉર્ધ્વ પ્રમાણરહિત તેજના સમૂહને મધ્યે મહારાજની મૂર્તિ છે તે મૂર્તિમાં મહારાજે મને કૃપા કરી રાખ્યો છે, એમ જ્યારે સાક્ષાત્કાર થાય ત્યારે જ સુખિયો કહેવાય. મૂર્તિના સુખભોક્તા અનાદિ મુક્ત છે તેને મૂર્તિના જેવું જ જાણપણું હોય છે. તે જાણપણું શું? તો એક સુખજ. તેને તો એક મહારાજ જ દાતા અને પોતે સુખના ભોક્તા –એટલું સ્વામીસેવકપણું થયું. એક મહારાજ વિના બીજો કોઈ ધણી ન મળે. કલ્યાણ કરવું તે પણ એ ધણીનું જ કામ. પોતાને તો એ દિવ્ય સુખમાં પૂર્ણ થવાતું જ નથી.

૨૨

જેમ પાકશાસ્ત્રના પટારા ભર્યા હોય તે જમવા ટાણે આગળ મૂકે અને તેમાંથી પુસ્તકો કાઢી કાઢીને વાંચ્યા કરે તોપણ પેટ ભરાય નહિ. એ તો જ્યારે રસોઈ કરીને જમે ત્યારે જ ભૂખ ભાંગે. તેમ સમજ્યા વિના કથા-વાર્તા પાંચ વખત કરે ને આખો દિવસ વાંચ્યા કરે તે નવરો જ ન રહે, પણ જો મૂર્તિના સુખમાં ન ઊતરે તો કથાની કાંઈપણ અસર તેનામાં આવી ન કહેવાય. તે તો પાકશાસ્ત્રના પટારા ભરી રાખ્યા જેવું થયું. પણ જમ્યા વિના એ શું કામમાં આવ્યા?

૨૩

કેટલાક સત્સંગ કરતા જણાય છે, પણ તેને, કામ, ક્રોધાદિક દોષ કેમ ટળતા નથી? તો તેનું તો એમ છે જે એને મૂર્તિનો યોગ થયો નથી. જો મૂર્તિનો યોગ થાય તો એ દોષ તુરત જતા રહે. સત્સંગ તે શું? તો સત્ય એવા જે ભગવાન તથા સત્ય એવા જે મુક્ત અને સત્ય એવો જે આત્મા તેનો યોગ તે સત્સંગ કહેવાય. જો બધેયથી વૃત્તિ ઉખાડી મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવાય તો મૂર્તિનું સુખ મળે અને દોષમાત્ર તુરત ટળી જાય. એ વિના તો બીજો દેહનો વ્યવહાર, નાતનો વ્યવહાર તથા સત્સંગનો વ્યવહાર કહેવાય; પણ એકલા વ્યવહારમાં જ રહે અને મૂર્તિનો સંબંધ ન રાખે તો ઘાણીના બળદ જેવું થાય. ને તેણે કરીને પંથ ન કપાય. તેમ મૂર્તિના સંબંધ વિના સુખની પ્રાપ્તિ ન થાય. કેટલાક માળા ફેરવે, કથા કરે, પણ મૂર્તિનો સંબંધ ન હોય તો કાંઈ નહિ.

૨૪

ચરાડવામાં દરબાર વિભોજીભાઈ હતા, તેમણે સદ્‌ગુરુ અવદાતાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવ્યાં અને મહિમાની વાતો સાંભળી. પછી તો એવો કેફ આવી ગયો તે જાણે પૃથ્વીએ પગ જ મંડાતા નથી, અધ્ધર ઉડાય છે. માટે એવા આપનાર અને લેનાર જોઈએ તો તરત દિવ્યભાવ આવી જાય અને દિવ્ય સ્થિતિ થઈ જાય, પણ લોચાપોચાથી કાંઈ ન બને.

૨૫

કોઈ આંબો વાવીને પાછો ઉખેડી જુએ તો તે આંબો ન થાય. તેમ મોટા મુક્તના જોગ સમાગમે કરીને મહારાજનો નિશ્ચય કર્યો હોય તે પાછો કોઈના વચને ઉખેડીને આઘો પાછો ફરે તો તેનો નિશ્ચય ન રહે. અને એમ માને જે મારા

જેવો બીજાને નિશ્ચય નથી તો પણ ઉખેડયો કહેવાય, માટે એમ ન કરવું.

૨૬

ત્યાગી થઈને મહારાજના વચન પ્રમાણે ન વર્તાય તો બહુ જ મોટી ખોટ આવે. મહારાજ પાસે પહોંચવું હોય તેને આવો વિચાર કરવો જોઈએ કે હું કયા આશ્રમમાં છું. એવું ન વિચારે ને હું ત્યાગી છું એમ માની જેટલું પ્રથમ રાખતો હતો તેટલું ને તેટલું રાખી રહે તો પછી શું ત્યાગ્યું? તેનો વિચાર રાખવો.

૨૭

મહારાજની અખંડ સ્મૃતિ કેમ રહે? તો હાલતાં ચાલતાં, ખાતાં પીતાં, ન્હાતાં ધોતાં, સર્વ ક્રિયામાં મૂર્તિનું મનન કરવું. એમ કરતાં કરતાં સ્વપ્ન પણ મહારાજ સંબંધી જ આવે તેથી આનંદ વધતો જાય. પછી એમ જાણવું જે મને મૂર્તિરૂપ દિવ્ય ચિંતામણિ મળી છે અને તેમાં જ બહુ સુખ છે, બીજે તો દુઃખ ડોકાં કાઢી રહ્યાં છે. એવી સમજણ દૃઢ થાય તો અખંડ સ્મૃતિ રહે.

૨૮

સવિકલ્પ અને નિર્વિકલ્પ કેવી રીતે? તો કોઈ માણસ બે ગાઉ ઉગમણો દોડે અને બે ગાઉ આથમણો દોડે એમ ઘણા કાળ દોડયા કરે પણ પંથ ન કપાય અને કહે કે લાખો ગાઉ દોડયો – તેના જેવો સવિકલ્પ કહેવાય અને તેની બહુધા વૃત્તિ કહેવાય. જે એક જ દિશાએ દોડતો હોય તેનો પંથ કપાય અને મુકામ આવે તે નિર્વિકલ્પ કહેવાય; તેની એક જ વૃત્તિ કહેવાય. એવી રીતે સાધનદશાવાળા ભક્તને ઘડીક પુરુષોત્તમરૂપે ને ઘડીક દેહરૂપે વર્તાય તો ઉગમણા આથમણા દોડયા જેવું ગણાય. અને કેવળ પુરુષોત્તમરૂપે જ વર્તવું તે

એક જ દિશાએ દોડ્યા જેવું ગણાય. અને તેને મૂર્તિનો સાક્ષાત્કાર થાય; એ મુકામે પહોંચ્યો કહેવાય.

૨૯

ધર્મ–અધર્મના સર્ગની વાત નીકળી ત્યારે સ્વામી કહે કે ધર્મનો સર્ગ તો મહારાજમાંથી ચાલ્યો અને અધર્મનો સર્ગ માયામાંથી ચાલ્યો. તેથી મહારાજને ધર્મધુરંધર કહ્યા છે, માટે બીજે ક્યાંય સુખ નથી. મૂર્તિનું સુખ તો સમુદ્રના જળ જેવું અપાર છે અને બીજે તો સુખાભાસ કહેવાય. તે પણ ઝાંઝવાના જળ જેવું છે.

૩૦

વડનગરનો એક હરિભક્ત હતો, તેણે વડોદરાના રાજાનું કાંઈક કામ રાખ્યું; તેમાં વીશ હજાર રૂપિયા નફો મળ્યો; તે રૂપિયા તેણે બારોબાર કોઈને ત્યાં વ્યાજે મૂક્યા. પછી જેને ત્યાં રૂપિયા મૂક્યા હતા તે આસામી ખૂટ્યો, તેથી એક પાઈ પણ ન આપી; તેથી તેણે ફરિયાદ કરી. તેમાં વડોદરા અને વડનગર વચ્ચે આંટા ખાઈખાઈને કેટલુંક ઘરના પૈસાનું ખર્ચ કર્યું તો પણ કાંઈ વળ્યું નહિ. પછી થોડા દિવસ તો એ રૂપિયા માટે દુઃખ બહુ લાગ્યું પણ વિચારતાં વિચારતાં જ્ઞાન થયું ત્યારે મંદિરમાં સંતો પાસે આવીને કહેવા લાગ્યો કે હવે હું બહુ સુખી થયો; કેમકે એ રૂપિયા ફક્ત નજરે જોયા હતા એટલામાં જ આટલું દુઃખ થયું તો એ મારા પાસે રહ્યા હોત તો કેટલું દુઃખ થાત? માટે સમજણ કામની છે. જ્ઞાને કરીને સુખી અને જ્ઞાન ન હોય તો દુઃખી.

૩૧

ટંટા બધા અજ્ઞાનના છે. એક ઉમેદો કરીને ખેડુ હતો તેને કોઈક સાથે ટંટો થયો, પણ વિચારીને વાત પડી મૂકી. તેને કોઈએ પૂછ્યું કે તમે લડતા લડતા કેમ બંધ

રહ્યા? ત્યારે તે કહે કે પહેલાં હું સમજ્યો નહોતો, પણ પછીથી સમજ્યો. તેમ ટંટા માત્ર સમજ્યા વિનાના છે.

૩૨

વચનામૃતમાં એમ આવ્યું જે માંહી સંતના શબ્દ રહ્યા છે તેને બહારના સંતના શબ્દે કરીને પોષણ થાય છે. એમ કરતાં કરતાં સિદ્ધ થાય, ત્યારે બહારનો ભાવ ટળ્યો, એટલે પોતે માંહીલા સંતરૂપ થયો – ત્યારે જ સુખિયો થયો. બહારનો ભાવ ટળ્યો ત્યારે પોતે સિદ્ધ થયો, કહેતાં માંહીલા સંતરૂપ એટલે મૂર્તિરૂપ થયો અને મૂર્તિનો સુખભોક્તા થયો.

૩૩

જેની પાસે ભગવાન હોય તે કલ્યાણ કરે, પણ જેની પાસે ભગવાન ન હોય તે શું કલ્યાણ કરે? એમ કહી બાવાના બે ચેલાની વાત કરી જે તેને ગાદીએ બેસાડવાનું થતું હતું ત્યારે મોટે ચેલે તકરાર કરી કે ગાદીનો હકદાર હું ગણાઉં! પછી ગામના માણસોએ એ વાતનો નિર્ણય કરવા તે બેયને એક એક નાળિયેર આપીને કહ્યું કે કોઈ ન હોય ત્યાં આ વધેરી આવો. તે વખતે મોટો ચેલો જે ભગવાનને અંતર્યામી જાણતો ન હતો તે તો થોડેક છેટે જઈને કોઈ માણસ ન દેખે ત્યાં વધેરી આવ્યો. નાનો ચેલો જે એમ જાણતો હતો કે ભગવાન સર્વ ઠેકાણે છે અને અંતર્યામી થકા સર્વમાં છે તેણે તો ભગવાન વિના ક્યાંય ખાલી જગા દેખી નહિ તેથી નાળિયેર લઈ પાછો આવ્યો. ત્યારે ગામના માણસોએ તથા તેના ગુરુએ જાણ્યું કે જેને મતે ભગવાન નથી તે બીજાનું શું ભલું કરશે? અને આને તો ભગવાન છે તેથી કેટલાયના મોક્ષ કરશે, માટે આને ગાદીએ બેસાડો. પછી એને જ ગાદી આપી. આમ જેને મને ભગવાન ન હોય તેની કિંમત જ નહિ. માટે ભગવાનના ભક્તને ભગવાનની મૂર્તિનું નિશાન રાખવું.

## ૩૪

મહારાજ વિના બીજું બધું કાઢી નાખવાનું છે. તેથી જો રોજ રોજ એક એક ઓછું કરતા રહીએ તોય થોડા દિવસમાં બધું નીકળી જાય. એક દિવસે પૃથ્વી, બીજે દિવસે જળ, એવી જ રીતે તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ એ બધાં કાઢતાં કાઢતાં નીકળી જાય. કરવા માંડીએ તો બધુંય થાય. માટે કામ, ક્રોધ, લોભ, માન, રસાસ્વાદરૂપી કાંટા કાઢવા માંડો તો શું ન થાય? કોઈ કહે કાંટા કેમ નીકળે? તો મહારાજ અને સંતના વચનરૂપ કાંટા કાઢવાના ચીપિયા ઘણા છે, પણ શોધે તો હાથ આવે. કેટલાકને સાઠ સિત્તેર વર્ષ થઈ ગયાં હોય તોય કાંટા કાઢ્યા વિના નીકળતા નથી અને એ કાંટા માંહી રહીને પાક્યા કરે છે, એટલે દુઃખ થાય છે. ત્યારે એ કહે છે કે હવે આ ક્યારે નીકળે? જુઓને! લક્ષ્મણજીને શલ્ય વાગ્યા હતા, તે વિશલ્યકરણી ઔષધી પાઈ એટલે શલ્ય ઓગળી પાણી થઈને નીકળી ગયા. તેમ આપણે મહારાજ અને મોટા મુક્તના વચનરૂપ વિશલ્યકરણીનું પાન કરવું તો એ કાંટા નીકળી જાય.

## ૩૫

આપણે સત્સંગ કરીએ પણ જો હૃદય ધખતું હોય તો સંત હરિભક્તોનો અભાવ આવે; તેથી સત્સંગમાં સુખ ન આવે. મચ્છુનો પાણો ઘણા કાળ પાણીમાં રહ્યો હોય પણ ટચકો મારો એટલે દેવતા ખરે. તેમ જીવ જ્યાં સુધી દેહરૂપ મટ્યો નથી અને સત્સંગનું ફળ જે મહારાજની મૂર્તિ તે હાથ આવી નથી ત્યાં સુધી મચ્છુના પાણા જેવો છે. લાખ વર્ષ સુધી સત્સંગ કરે પણ જ્યાં સુધી મૂર્તિના સાક્ષાત્કારવાળા સંત સાથે હેત નથી થયું ત્યાં સુધી એવો ને એવો રહે. માટે એવા મોટા સંત સાથે હેત કરવું, તો વૃદ્ધિ પમાય. જેનાં મૂળ પાતાળ સુધી ઊંડાં ન પહોંચ્યાં હોય તેને સૂકાઈ જવાનું રહે

અને એ વંડીનાં તૃણ જેવો ગણાય, માટે પાતાળના પાણી સુધી ઊંડાં મૂળ ઘાલવાં, તો તે ક્યારેય સૂકાય નહિ એટલે ઠેઠ મૂર્તિ સુધી પહોંચ્યો, તેનું સત્સંગરૂપ ઝાડ લીલું રહે.

૩૬

આજ સત્સંગમાં મુક્ત થાય તેને માયારૂપી નદી માર્ગ દે છે તે કેવી રીતે માર્ગ દીધો કહેવાય? તો મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ જીવમાં હા પડે એટલે માર્ગ દીધો કહેવાય. અત્યારે તો એવું છે કે આંખો મીંચીને બેઠા કે ધામમાં પેઠા. તેમાં જનારને દાખડો નહિ તેમ લઈ જનારને પણ દાખડો નહિ. એ તો જેમ સૂર્યની કિરણો જળ ખેંચે છે તેમ મહારાજના તેજે કરીને ચૈતન્ય ખેંચાઇ જાય છે, એટલે ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચે છે. પણ જો મૂર્તિ વિના જીવને બીજે રાગ રહ્યા હોય તો મૂર્તિનું સુખ પ્રાપ્ત ન થાય.

૩૭

કાણોતરમાં બાપુભાઈ હતા, તેમણે બાપાશ્રીને બહુ રાજી કર્યા હતા. તેમને કોઈક સંતે સભામાં પરોક્ષનાં દૃષ્ટાંત દઈને વાતો કરવા માંડી. ત્યારે બાપુભાઈ બોલ્યા કે સ્વામી! આપણા ઘરની વાતો કરજો, બીજા કોઈનાં બારણાં ઠેલશો નહિ. તે કેવી ચોખ્ખી સમજણ કહેવાય? માટે આપણે પણ મૂર્તિ વિના બીજું કાંઈ સંભારવું નહિ. એ બાપુભાઈના પિતા બોઘાભાઇ પંચાતિયા હતા, પણ આ વાત સમજાણી એટલે પંચાત પડી મૂકી; પછી તો વગડે ને વગડે રહી ધ્યાન કરતા, તેમ આપણે કરવું.

૩૮

મહારાજની મૂર્તિમાં જોડાઈ રહેવાથી બહુ ભારે કામ થાય છે. તે વિષે ચંદ્રકાન્ત મણિની વાત કરી જે, એ મણિ જેને મળ્યો હતો તેણે શરદપૂનમની રાત્રિએ અગાશીમાં મૂકીને પૂજ્યો. એ વખતે ચંદ્રની કિરણો મણિ ઉપર પડી કે

તરત જ મણિમાંથી સોનાની શેડચો છૂટવા માંડી. તે ગામ અને ગામના ફરતા દેશમાં વ્યાપી ગઈ. તે સોનું જેણે જેણે લીધું તે સુખિયા થઈ ગયા. એ ટાણે ખાવા પીવાનું અને સૂવાનું પણ કોઈ સંભારે નહિ. તેમ આપણને અત્યારે એવો વખત છે. આવે વખતે આળસ રહે તો બહુ ખોટ રહી જાય. જેમ કોઈને પીધાની આળસે અમૃત ઢળી ગયું, તેમ આવ્યું સુખ જતું રહે. અત્યારે 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવો વખત જાય છે. આપણને મૂર્તિરૂપ ચિંતામણિ જેવી મહા-મોંઘી વસ્તુ મળી છે; તેથી હવે મળવાનું કે પામવાનું કાંઈ બાકી નથી.

## ૩૯

સ્વામીએ દેવરાજભાઈને પૂછ્યું, જે આ વખત કેવો જણાય છે? ત્યારે એ કહે જે સ્વામી! આ સમય તો બહુ દુર્લભ છે, કદિયે મળે નહિ તેવો છે; પણ આ વાતની અત્યાર સુધી કળ નહોતી પડી એટલે ભૂલ રહી ગઈ. અહોહો! આ તે શી વાત! ભારે કામ થઈ ગયું! બાપાશ્રી આવા મોટા છે તે વાત જાણ્યા વિના અત્યાર સુધી બધા દિવસ ખોટમાં કાઢ્યા, પણ હવે આ વાતની સમજણ પડી ત્યારથી એમ થાય છે કે ખરેખરો સત્સંગ હાથ આવ્યો. હવે તો આવા સંતના પ્રતાપે કૃતાર્થ થઈ ગયા.

## ૪૦

બ્રહ્માંડમાં યુગયુગ પ્રત્યે એક જ વાર શ્રી પુરુષોત્તમનો અવતાર થાય છે એમ કહ્યું છે, તે બ્રહ્માંડ અને યુગનું કેમ સમજવું? તો જેના આત્માને મહારાજે મુક્ત કરી મૂર્તિમાં રાખ્યો, તેના દેહરૂપ બ્રહ્માંડને કાઢી નાખીને શ્રી પુરુષોત્તમ સ્વયં પ્રગટ થયા, એટલે એ બ્રહ્માંડને કાઢી નાખ્યું. પછી એ મુક્તને મતે એક પુરુષોત્તમ વિના બીજું કાંઈ રહેતું જ નથી. અને યુગયુગ પ્રત્યે કહ્યું છે તે રાત્રિ–દિવસ તે યુગ કહેવાય,

જે સમયે તથા જે ઘડીયે સમજાયું તે યુગ થયા. આવી સમજણ થઈ તેને પુરુષોત્તમ છે, છે, ને છે જ. પછી એને માટે બીજી વાર પ્રગટ થવાનું બાકી ન રહ્યું.

૪૧

સ્વામીએ દેવરાજભાઈને પૂછયું જે દેહનો અંત કયારે કહેવાય ? ત્યારે તે બોલ્યા જે ત્રણ દેહથી જુદો પડીને મૂર્તિમાં જોડાઈ ગયો એટલે દેહનો અંત આવ્યો. ત્યારે સ્વામી કહે પછી એ શું કરે? ત્યારે દેવરાજભાઈ બોલ્યા જે મૂર્તિમાંથી સુખ લીધા કરે. પછી સ્વામી કહે બરોબર ઉત્તર કર્યો, દેહનો અંત તો ત્યારે જ આવ્યો કહેવાય. તે વિના ગમે તેટલાં ખોળિયાં બદલે, પણ દેહનો અંત તો ન આવે.

૪૨

સત્સંગમાં કેટલાક કહે છે કે અમને સુખ નથી આવતું તેનું શું કારણ? તો એ સત્સંગ કરે છે પણ વૃત્તિ અધરપધર રાખે છે, માટે જ્યાં સુધી વૃત્તિ સ્થિર થાય નહિ ત્યાં સુધી સુખ આવે નહિ અને વૃત્તિ જ્યાં ત્યાં ફર્યા કરે; એ તો વાંદરાના સ્વભાવ જેવું છે માટે એવા સ્વભાવ ટાળવા સારુ પોતાને પુરુષ પ્રયત્ન કરવો જોઈએ અને મોટા પુરુષને વિષે હેત તથા વિશ્વાસ પણ રાખવો જોઈએ.

૪૩

જેમ ઝાડને પાણીનો જોગ થાય એટલે પાધરા કોંટા ફૂટે છે, તેમ જ્યાં સુધી પોતાપણું માને છે ત્યાં સુધી જન્મ-મરણ ટળતું જ નથી અને હું આમ કરું છું, મેં આમ કર્યું, એમ રહે છે તે જ અજ્ઞાન છે પણ તેની જીવને ખબર પડતી નથી તેથી એમ કર્યા કરે છે. માટે સમાગમ કરીને એવી અણસમજણનો ત્યાગ કરી દેવો.

૪૪

મહારાજની મૂર્તિરૂપી ફળ હાથ આવ્યું એટલે પોતે મહારાજને લઈને દિવ્ય થયો અને મૂર્તિનો સુખભોક્તા થયો. વીજળીનો સંચો ચાલે છે પણ જ્યાં ઢાંકેલી બત્તી હોય ત્યાં અજવાળું થતું નથી અને જ્યાં ઉઘાડી બત્તી હોય ત્યાં પ્રકાશ થાય છે, તે ઉઘાડી અને ઢાંકેલી બત્તી કેમ? તો કહેનારનો વિશ્વાસ હોય તો ઉઘાડી બત્તી જેવું છે અને કહેનારનો વિશ્વાસ ન હોય તો ઢાંકેલી બત્તી જેવું છે.

૪૫

મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એવું જ સર્વે ક્રિયામાં અખંડ અનુસંધાન રહે અને દેહ હાલે ચાલે છે તે તો બીજાને દેખવા માત્ર છે પણ તેના કર્તા મહારાજ છે, એમ જ્યારે સમજાય ત્યારે જન્મ બદલાણો કહેવાય. અને એમ જાણવું જે મહારાજ હોય ત્યાં દેહ ન હોય અને જ્યાં દેહ હોય ત્યાં મહારાજ ન હોય. એ તો જેમ રાત્રિદિવસ ભેગા રહેતા નથી તેમ. માટે દેહભાવ મૂકી દેવો, ને મહારાજ રાખવા.

૪૬

મોક્ષનું કામ તથા વ્યવહારનું કામ બધું શબ્દોથી જ થાય છે, તેથી શબ્દે શબ્દે આગળ ચાલ્યા જવું. તે શબ્દ ક્યાંથી નીકળે છે? શું કરે છે? કરવાનું કરીને પાછો ક્યાં જાય છે? એમ જો શબ્દ ભેગા ચાલે, તો ખબર પડે. જેમ માછલાં પાણીની ધારા સામે ચાલે છે તો જ્યાંથી એ ધારા નીકળે છે ત્યાં જઈ શકે છે અને ત્યાં ટકે છે તેમ આપણે પણ કહેનારાના શબ્દ ભેગા ચાલીએ તો તે શબ્દ જ્યાં વિરામ પામે છે ત્યાં જઈ શકાય. તેમ મૂર્તિમાંથી જે શબ્દ નીકળે છે તે શબ્દ તો મૂર્તિમાં જઈને જ વિરામ પામે છે, એ રીતે ત્યાં સહેજે પહોંચી જવાય અને મૂર્તિનું સુખ આવે. માટે શબ્દ ભેગા ચાલવાની લટક મોટા પાસેથી શીખી લેવી.

૪૭

મહારાજની મૂર્તિ છે તે સદાય સુખરૂપ છે, રસરૂપ છે, તેમાં જમનારા શું જમે? તો સુખ જમે. તે મહામુક્ત સળંગ મૂર્તિમાં ભેગા રહીને સુખ જમ્યા જ કરે છે અને એ સળંગ મૂર્તિના સુખભોક્તા છે. જેમ દૂધમાં સાકર નાખી હોય તે સાકર હેઠે, અઠખે પટખે એમ હોય નહિ, એ તો સર્વત્ર સાકર કહેવાય, તેમ મુક્ત સર્વત્ર સળંગ મૂર્તિમાં રહી સુખ લીધા જ કરે છે. તેને જ એ સુખની ખબર પડે છે જે અહોહો! આટલું બધું સુખ મહારાજ મને ભોગવાવે છે, બીજાને ન પડે.

૪૮

સ.ગુ.શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં "એક એક મુનિમાં અનેક મુનિના વૃંદ" કહ્યાં છે તે કેવી રીતે? તો જે આ વાત સમજે તે પોતે મૂર્તિમાં અને દેખાવ મહારાજનો. આવા જેટલા મૂર્તિના સંબંધને પામેલા તે સર્વે તેમાં હોય. તેથી એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ કહેવાય છે.

૪૯

આપણે મહારાજને તથા મોટા મુક્તને અર્પણ કરીએ તો તે આપણને પરભાવમાં મળે પણ દેહરૂપ રહેના હોય તેને અર્પણ કરીએ તો ન મળે. આપણને ભગવાન કોણ મેળવી આપે? તો જેના ભેળા મહારાજ હોય તે. મહારાજ જેને મુક્ત કરીને મૂર્તિમાં રાખે તેને બોલનાર, ચાલનાર મહારાજ પોતે જ થયા, તેથી એને મહારાજનો સમાગમ થયો. એટલે મેળવી આપનાર પણ મહારાજ થયા – જેમ હીરે હીરો વેંધાય તેમ – પણ બીજાથી આ કામ ન બને.

૫૦

જ્યારે મૂર્તિમાં ટકાય ત્યારે સુખ આવે અને ત્યારે જ ઉપશમ થાય. પછી તેને મૂર્તિ વિના બીજું કાંઇ નજરમાં જ ન આવે અને વર્તમાન પણ ત્યારે જ પળે. તન, મન, ધન અર્પણ કર્યા પછી પોતાના મનાય નહિ ત્યારે વર્તમાન ધાર્યા કહેવાય. જો દેહરૂપે વર્તાય અથવા ભગવાન વિના સંકલ્પ થાય કે ભગવાન વિના બીજી કોઈ જાતની વાસના રહે કે ઐશ્વર્યમાં રાગ રહે તે વર્તમાન પાળ્યા કહેવાય નહિ.

૫૧

સત્સંગ કોને કહેવાય ને કુસંગ કોને કહેવાય? તો દેહનો સંગ છે ત્યા સુધી કુસંગ ને મૂર્તિનો સંગ થાય એટલો સત્સંગ. જ્યારે દેહ નથી ને મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એવું મનાય એટલે મુક્ત થયો કહેવાય અને દેહરૂપ હોય ત્યાં સુધી તો ભક્ત કહેવાય. હવે આપણે કઈ સ્થિતિમાં છીએ તે જોવું. જેને પોતાની સ્થિતિની ખબર ન હોય તેને સત્સંગની શું ખબર પડે? માણસને હાથ, પગ, નાક, કાન છે તેથી કાંઈ માણસ કહેવાય છે? ના, ના, એ તો જ્ઞાને કરીને સત્ય અસત્યનો વિવેક સમજે તો જ માણસ; નહિ તો પશુ.

૫૨

આપણે સત્સંગ કરીએ છીએ તેના ફળરૂપ મૂર્તિ મળી છે. લોકો ખેતી કરે છે તેને મૉલ સામી અને અનાજના ઢગલા સામી દષ્ટિ રહે છે, તેમ આપણે સાધન કરીએ પણ ફળ જે મહારાજની મૂર્તિ તે સામી દષ્ટિ રાખવી. જો તે ન રહી તો પછી તેને શું પ્રાપ્ત થાય? કારણ કે જેને પામવા છે તેને તો એ જાણતો નથી માટે મૂર્તિ સામી દષ્ટિ રાખવી, એ કરવાનું છે.

## ૫૩

મહારાજ જીવના કર્મને બાળે તો જ પાર આવે, પણ ભોગવાવે તો પાર ન આવે. જેમ ખેડુ સૂડ કાઢે છે, પછી તેને બાળે ત્યારે જ પાર આવે છે. આવું સમજે ત્યારે જ મહારાજનો મહિમા સમજાણો કહેવાય. જીવના ગુરુ તો પોતાને જ થાવું. આપણે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે અને આ પળમાં ને આ ઘડીમાં મરી જાવું છે એવું જાણપણું રાખવું. તે મહારાજે કહ્યું છે કે અમારે સદાય અંત અવસ્થા જેવું વર્તે છે તેમ એ જાણપણું રાખવું.

## ૫૪

જેને સત્સંગ થયો છે તેને પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં છે. તે જ્યારથી વર્તમાન ધરાવ્યાં ત્યારથી એ સ્વામિનારાયણનો થયો. પછી શ્રી સ્વામિનારાયણ ભગવાન કાંઈ હોય તેવો રહેવા દે? ન રહેવા દે. તે તો પોતા જેવો કરી નાખે, તેમને કાંઈ એવું નથી જે આમ દિવ્ય ન કરી શકે. તે તો ધારે તેમ કરે. જેમ ભમરી ઈયળને ઝાલીને ચટકો ભરીને ગુંજારવ કરે છે એટલે ઈયળનું એકેય અંગ રહેતું નથી, ભમરી જેવી જ ભમરી થઈ જાય છે તેમ એ પણ દિવ્ય થઈ જાય.

## ૫૫

આપણે મૂર્તિમાં જોડાણા એટલે મહારાજ જ છે. પછી કોઈ વિક્ષેપને લઈ મૂર્તિ ભૂલાય તો શું મૂર્તિ જતી રહે? ન જતી રહે. મંદિરમાં ઠાકોરજી પધરાવ્યા પછી ઠાકોરજી શું જતા રહે? ન જતા રહે. પણ ઘડી ઘડી સ્થાપન ઉત્થાપન ન થાય. જેમ આપણે ઊંઘી ગયા એટલે શું માણસ મટી ગયા? ન મટી ગયા. તેમ ભૂલ પડે તો પછી જાણીને સંભાળી લેવું. આવી સિદ્ધતા થઈ એટલે પૂરું પછી કાંઈ બાકી નહિ.

૫૬

માંહીલા મંદવાડવાળા મૂર્તિના સુખને લઈ શકે નહિ કેમકે તેને પોતાના ડહાપણનો ડોડ હોય, તેથી મોટા સત્પુરુષના વચનનો વિશ્વાસ આવે નહિ તે મંદવાડ જાણવો. તે મંદવાડ જ્યારે મટે ત્યારે આ દિવ્ય સુખ પમાય. આ લોકની વિદ્યાનો પાર નથી તો મહારાજના મહિમાનો પાર તો ક્યાંથી જ હોય? અને પોતાની બુદ્ધિએ સમજવા જાય તેને તો મહારાજનો મહિમા સંપૂર્ણ સમજાય જ નહિ, કારણ કે તે સુખ તથા મહિમા અપાર છે તે સત્પુરુષના યોગે કરીને જ જણાય.

૫૭

વચનામૃતની કથા વંચાતી હતી તેમાં એમ વાત આવી કે જેમ કૂવો જળે કરીને પૂર્ણ ભરાઈ ગયો હોય તેમ આત્મ-સુખવતે પૂર્ણ રહેવું. તે સાંભળીને સ્વામીએ પૂછ્યું કે આત્મસુખવતે પૂર્ણ રહેવું કે મૂર્તિવતે પૂર્ણ રહેવું? પછી પોતે જ બોલ્યા જે મૂર્તિના સુખે પૂર્ણ રહે ત્યારે પૂર્ણ કહેવાય, કેમકે જીવના જીવન ભગવાન કહેવાય. એટલે આત્મસુખે પૂર્ણ ન થવાય. મૂર્તિના સુખે પૂર્ણ થયો તેને કોઈ દિવસ બહારના વિષયનો પાશ ન લાગે. જો મહારાજ છેટા હોય તો બહારનો પાશ લાગે. વાયુને દુર્ગંધનો પાશ લાગે છે પણ અગ્નિને ન લાગે. તેમ મહારાજે જેને મૂર્તિમાં રાખ્યા હોય તેને પાશ ન લાગે. એવી રીતે રહે તો પૂર્ણ રહ્યા કહેવાય.

૫૮

દેહ બાળી નાખો કે સુકાઈ જાઓ પણ મહારાજને અને મોટા મુક્તાને રાજી કર્યા વિના મને મહારાજે મૂર્તિમાં રાખ્યો છે એ ભાવ ન આવે. જેના અંતરમાં ઉછરંગ હોય, તેના ઉપર મોટા મુક્ત રાજી થઇ જાય છે તેથી એનો સત્સંગ દિવસે દિવસે વધતો જાય છે. જે ખપવાળો હોય તે તો એવા

મોટાના જોગ સમાગમે આનંદ પામે છે, માટે ખપ કરવો. જેને ખપ ન હોય તે તો મોટા મોટાને વિષે ખોટયો કાઢે છે તેણે કરીને પોતાને આગળ જવાતું નથી, ને બીજાને પણ એ અંતરાયરૂપ થાય છે. માટે મોટાને જોગે સત્સંગવૃદ્ધિ પમાડવો અને મૂર્તિના સુખનું જાણપણું રાખવું.

૫૯

વેદ છે તે તો વૈરાટનારાયણનો મહિમા કહે છે પણ તેથી પરનો મહિમા કેવી રીતે કહી શકે? કેમકે વૈરાટથી પર પ્રધાન પુરુષ, તેથી પર પ્રકૃતિ પુરુષ, તેથી પર વાસુદેવ બ્રહ્મ, તેથી પર અક્ષર અને એ સર્વેથી પર મહારાજની મૂર્તિનો પ્રકાશ છે તેમાં મહારાજ બિરાજે છે. માટે એ મૂર્તિનો મહિમા વેદ ક્યાંથી કહી શકે? મહારાજનો મહિમા તો અતિ અપાર છે તે તો શ્રીમુખનાં વચનરૂપી વેદ તે થકી જ સમજાય છે. આપણે પણ પુરુષોત્તમનો મહિમા એવી જ રીતે જાણીએ છીએ તેથી એ મૂર્તિ જ નજરમાં આવે છે અને બીજા કોઈનો ભાર રહેતો નથી. જ્યાં જોઈએ ત્યાં મહારાજ દેખાય છે.

૬૦

મહારાજે મને મૂર્તિમાં રાખ્યો છે એમ ઘેડચ બેઠી તે જ્ઞાનમાર્ગ. એ પ્રકારે સદાય મૂર્તિમાં નિમગ્ન રહેવાય એ જ્ઞાનમાર્ગનું ફળ છે. એ તો નેવાનું પાણી મોભે ચડયું કહેવાય. અનેક પ્રકારના જ્ઞાનોપદેશાદિક મહારાજ કરે છે. તેનું જેટલું અનુસંધાન રહે તેટલી સાધનદશા કહેવાય અને ત્યાં સુધી ભક્તિમાર્ગ કહેવાય. એ ભક્તિમાર્ગનું અનુસંધાન ન રહે અને મૂર્તિમાં જ નિમગ્ન રહેવાય તે સિદ્ધદશા જાણવી અને તે ભક્તિ, જ્ઞાનાદિકની ફળરૂપ પ્રાપ્તિ કહેવાય.

૬૧

ભગવાનને ઓળખ્યા વિના અને જાણ્યા વિના દિવ્ય

ભાવ આવે નહિ અને દિવ્ય ભાવ આવ્યા વિના માયિક ભાવ ટળે નહિ. જ્યાં સુધી દિવ્ય ભાવ ન આવે ત્યાં સુધી વાચ્યાર્થ કહેવાય. એ વાચ્યાર્થપણું ક્યારે ટળે? તો ભગવાનને ભગવાન જાણે ત્યારે ટળે. જ્યારે આપણે વર્તમાન ધાર્યા અને તન, મન, ધન ભગવાનને ચરણે મૂક્યાં ત્યારે અનેક જન્મનાં કર્મ બળે છે, કેમકે ભગવાન પ્રગટ થયા પછી તો કર્મ બળતા પણ વાર ન લાગે. એ જ્ઞાન સિદ્ધ થવાનું કારણ તો મોટાના આશીર્વાદ. એ વિના બીજી સેવાએ થાય નહિ.

૬૨

સભામાં સંતો પરસ્પર વાતો કરતા હતા ત્યારે સ્વામી કહે આપણે એક શબ્દ રાખવો: મહારાજ અને મુક્ત. જેમ સૂર્યના તેજમાં અંધારું ન પેસે તેમ મહારાજ અને મુક્ત પાસે બીજું પેસે જ નહિ. આ વાત મહારાજ અને મુક્ત બે જ જાણે. બીજા તો "દેહદર્શી દેખે પોતા જેવા સંસારી" આ વિના બીજું બધુંય ભૂલવાનું. 'પુણ્યપાપે વિધૂય' પુણ્ય અને પાપની સ્મૃતિ જ કાઢી નાખવી. મૂર્તિ વિના બીજું કાંઈ સંભારવું જ નહિ. "આ કર્યું છે," "આ કરવું છે" એવું સંભારે તોય મૂર્તિ ભુલાય. આટલું દાન પુન્ય કર્યું, આટલી સેવા પૂજા કરી તે સંભારે તોય ભગવાન ભુલાવે. નિર્વિકલ્પ થયો તેને તો મૂર્તિનું સુખ જ લેવું.

૬૩

આપણે બીજા સામી દષ્ટિ ન રાખવી. નિશાન ચૂકવું નહિ ને મુકામ મૂકવું નહિ. નિશાન શું? તો મહારાજ મુકામ શું તો મૂર્તિમાં રહેવું તે.

૬૪

એક સમયને વિષે સ્વામીશ્રીએ વાત કરી જે જીવને કાર્યમાં બહુ તાન છે પણ કારણ મૂર્તિ વિના કારણ શરીર ટળે નહિ માટે ધ્યાન ભજનનો આગ્રહ રાખવો. મંદવાડમાં

જેમ તણાઈ જવાય છે તેમ સર્વે ક્રિયામાં મૂર્તિમાં વૃત્તિ રાખવી. મોટાને વિષે હેત, વિશ્વાસ અને મહિમા હોય તો બહુ કામ થાય. જેમ વહાણમાં બેસે તેને સમુદ્ર તરવો પડે નહિ, વગર દાખડે સહેજે ઉલંઘી જવાય. તેમ મોટા પુરુષનો આશરો કરે તેને કાંઈ કરવું બાકી રહે નહિ. મોટા પુરુષ ઊંચી પદવીને પમાડે છે.

૬૫

સ્વામીશ્રીએ ચુનીલાલભાઈને પૂછ્યું જે નિવૃત્તિમાં સુખ છે કે પ્રવૃત્તિમાં? ત્યારે તે બોલ્યા કે સ્વામી, એ તો તમે સમજાવો. પછી સ્વામીએ કહ્યું કે નિવૃત્તિમાં સુખ નથી પણ પ્રવૃત્તિમાં સુખ છે. પ્રવૃત્તિ તે શું? તો મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી તે મૂર્તિનું સુખ ભોગવવું એ પ્રવૃત્તિ છે. તેમાંથી તૂટક થવું તે નિવૃત્તિ છે માટે મૂર્તિના સુખમાંથી પાછા વળી નવરા થઈને બેસી ન રહેવું પણ સુખ લેવા રૂપ અખંડ પ્રવૃત્તિમાં રહેવું. જુઓને! અનાદિકાળના માયામાં હતા ત્યારે નિવૃત્તિમાં જ હતા પણ એમાં શું વળ્યું? માટે આપણે તો આવી પ્રવૃત્તિમાં જ સુખ ને આનંદ છે એમ જાણવું.

૬૬

સર્વે સાધનમાં મૂર્તિમાં જોડાવું એ સાધન સર્વોપરી છે. એમ કહીને સ્વામીશ્રીએ એક હરિભક્તને પૂછ્યું જે તમને મહારાજનાં દર્શન થાય છે? ત્યારે તે કાંઈ બોલ્યા નહિ. પછી સ્વામીએ કહ્યું જે મહારાજે મૂર્તિમાં રાખ્યા પછી તો એક મહારાજ જ છે. ક્યાં દર્શન બાકી રહ્યાં? એ તો છે જ. આપણે તો સુખભોક્તા જ છીએ માટે મહારાજ ક્યાં હશે ને ખોળવાનું નહિ અને દેહ પડ્યા કેડે પ્રાપ્તિ થવી તે વાત જ ખોટી છે. દેહ છતાં જ આ જ્ઞાન થયું ત્યારથી જ દેહ પડ્યો ને મહારાજના ધામમાં પહોંચ્યા માટે સમજણે કરીને

દેહભાવ જશે, પણ સ્થૂળ દેહ પડે તેણે કરીને દેહભાવ નહિ જાય, માટે સમજણ દૃઢ કરવી તો સુખ આવે ને દેહભાવ જાય.

૬૭

જીવને વાસના ટાળવી એ બહુ કઠણ કામ છે પણ મહારાજના સાથે જીવ જોડે તો વાસના તૂટે. પછી એમ જાણે જે મહારાજ વિના કાંઈ છે જ નહિ, ત્યારે વાસના નિર્મૂળ થઈ જાણવી. મહારાજ વિના બીજે જેટલી જેટલી સારપ રહે છે અને મૂર્તિ વિના બીજું કાંઈક છે અથવા બીજે પણ સુખ છે એવું મનાય છે એ જ વાસના છે. અને જેને જેટલો મૂર્તિના સુખનો અનુભવ થયો તેને તેટલી બીજેથી સારપ ટળે પણ તે વિના ઉપરથી જોગ કરે તો સારપ ન જાય. જેમ ચિતારા મૂર્તિઓ કરે છે તે મૂર્તિ તદાકાર દેખે છે, વર્ણન કરે છે પણ વાસના ટળતી નથી. એ તો જ્યારે મૂર્તિના સુખમાં જોડાય ત્યારે વાસના ટળે, પણ મૂર્તિનું ચિંતવન કર્યા વિના તથા મોટાને રાજી કર્યા વિના કલ્યાણ થતું નથી.

૬૮

મહારાજ સિવાય જેટલું બીજે હેત તેટલો માયામાં બંધાણો. પછી મહારાજથી તો લાખો ગાઉનું છેટું થઈ જાય, માટે વિચાર કરવો કે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે? "અવતાર ધર્યો છે રે, કે તમને ભજવાને" એ કરવાનું છે. પણ વસ્તુ ફેંકી દીધી તેથી જીવ વિષયમાં હેરાન થાય છે અને અહે દ્વારકાં કરી બેઠો છે. તે ઉપર દૃષ્ટાંત દીધું કે ભરવાડનો સંઘ દ્વારકાં જતો હતો તે અમદાવાદ આવ્યો. ત્યાં સારું સારું ખાવા પીવાનું મળ્યું. પછી બીજા કહે ચાલો દ્વારકાં, તો તે કહે કે મારે તો અહે દ્વારકાં છે, તેમ ન કરવું. "નિષ્કુળાનંદ નિશ્ચે કર્યું સુખ તો સદ્ગુરુ પાસ" માટે મૂર્તિમાં નિમગ્ન સંત છે ત્યાં જ સુખ છે એમ જાણી ત્યાં રહી સુખ ભોગવવું તે જ ખરું સુખ જાણવું.

૬૯

સ્વામી કહે બાપાશ્રીએ મને કહ્યું જે મહારાજના ચરણ-કમળના જમણા અંગૂઠામાંથી તેજ છૂટે છે. તેનો શબ્દ કેવો થાય છે? તો પૃથ્વી જેવડી ઝાલર હોય, મેરુ જેવડો ડંકો હોય ને વૈરાટ જેવા અનંત વગાડનારા હોય તેવો શબ્દ શ્રી પુરુષોત્તમનારાયણના જમણા ચરણાર્વિંદમાંથી નીકળે છે. પછી મેં કહ્યું જે એ કેમ ખમાય? ત્યારે બાપાશ્રી કહે કે એવો શબ્દ સાંભળે ત્યારે તે સાંભળનારો પણ તેવો મોટો પાત્ર થયો. તેને તો જેમ આપણે અહીં આરતી થાય છે ને શબ્દ થાય છે તેવો શબ્દ લાગે, માટે પાત્ર પ્રમાણે દેખાય ને પછી ખમાય.

૭૦

સ્વામીશ્રી કહે વચનામૃતમાં મહારાજે પોતાની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાની આજ્ઞા કરી છે તે માટે એ મૂર્તિનું મનન કરવું, મૂર્તિરૂપ ચિંતામણિનું ચિંતવન કરવું, એ પહેલો પાઠ જાણવો. અને મ. પ્ર. ૧૩મા વચનામૃતમાં તેજના સમૂહને મધ્યે શ્રીજીમહારાજ સદાય બિરાજે છે. એ મૂર્તિને ફરતા મુક્ત મંડળ ભરાઈને બેઠા છે. તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ મહારાજે કહ્યું છે. તે પ્રમાણે અખંડ અનુસંધાન રાખવું અને સર્વે વાતમાં એ વાતનું બીજ લાવવું તથા દેહ રહે ત્યાં સુધી એ વાત કરવી અને ભાગવતીતનુએ એટલે મૂર્તિરૂપ થયા પછી પણ એ જ વાત કરવાની છે એમ વર્તવાનું તાન રાખવું, એ બીજો પાઠ જાણવો. અને છે૦ પ્ર૦ ૩૯મા વચનામૃતમાં આત્મા પરમાત્માનો વેગ લગાડી દેવાનું કહ્યું છે એ વાતનો વેગ લગાડવો. આ વાત રગરગમાં ઉતારવી, આ ત્રીજો પાઠ જાણવો. આવું ભણતર ભણે તેને શ્રીજી-મહારાજ દયા કરી પોતાની મૂર્તિમાં રાખે છે. શ્રીજીમહારાજના આશ્રિત સર્વને આવું ભણતર ભણી મોક્ષ માર્ગ સિદ્ધ કરી લેવો.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
# શાને માટે ?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે—

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ—બહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો—ઔષધાલયો સ્થાપવાં—ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતા મંદિરો, સત્પુરુષોના સ્મારક કેન્દ્રો, વગેરેના નિર્માણ–નિભાવ–વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસ-કાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં—ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વ સમન્વય સધાય એવા સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાન વિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં; અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું.

અને એ રીતે :


(૧) સમાજજીવનની આધારશિલાસમા સદાચાર અને નીતિના ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદયભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ જનસમુદાય ઊર્ધ્વગામી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

*



સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૯

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ ૩૮૦ ૦૧૩